રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક



## 'સર્વોદય' વિશેષાંક

સૌજન્ય
સર્વોદય સહકારી પ્રકાશન સંઘ

વિશેષાંક સંપાદક
શ્રી ભદ્રાયુ વછરાજાની

વર્ષ: ૭૫ અંક : ૦૬ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૨

# સર્વોદયનો દિવ્ય ઉદ્ભવ અને પ્રચાર-પ્રસાર



# કોડિયું

સર્વોદય વિશેષાંક : સંપાદકશ્રી ભદ્રાયુ વછરાજાની

**વર્ષ : ૭૫** **જાન્યુઆરી : ૨૦૨૨** **અંક : ૦૯**


## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૦૧ | શાસ્ત્રમાં સર્વોદય : શ્રી રામ અને સર્વોદય | - મોરારિબાપુ | ...૨૯૦ |
| ૦૨ | શાસ્ત્રમાં સર્વોદય : 'શ્રીમદ્ ભાગવતમાં સર્વોદય' | - ભાઈશ્રી રમેશભાઈ ઓઝા | ...૨૯૧ |
| ૦૩ | સર્વોદયની સમજ : મહોબતનો પયગામ | - વિનોબાજી | ...૨૯૩ |
| ૦૪ | મહાત્મા ગાંધીની લડત અહિંસક હતી તેથી... | - ગુણવંત શાહ | ...૨૯૫ |
| ૦૫ | સર્વોદયનું અધ્યાત્મ | - ભાણદેવજી | ...૨૯૮ |
| ૦૬ | જ્યાં પરાયાપણું ત્યાં ડર | - દાદા ધર્માધિકારી | ...૩૦૦ |
| ૦૭ | સર્વોદય સમાજ એટલે પરિવારનો વિસ્તાર | - ઝવેરભાઈ પટેલ | ...૩૦૩ |
| ૦૮ | અમ્માની તળાવ : સત્ય ઘટના | - સુધા મૂર્તિ | ...૩૦૫ |
| ૦૯ | સાહિત્ય અને 'સર્વોદય' વિચારધારા : થોડાક સંકેતો | - મણિલાલ હ. પટેલ | ...૩૦૭ |
| ૧૦ | बिनोबाजी का जीवन औऱ सर्व के उदय की भावना | - कंचन | ...૩૧૧ |
| ૧૧ | સર્વોદય અને આજનું શિક્ષણઃ થોડાં વિચારબિંદુઓ | - ભરત જોશી | ...૩૧૬ |
| ૧૨ | જુ.કાકા : કેળવણી દ્વારા અનાસક્તિ યોગ | - ભદ્રાયુ વછરાજાની | ...૩૧૯ |
| ૧૩ | सर्वोदय की भावना | - गुरु दयाल मल्लिक | ...૩૨૧ |
| ૧૪ | ઈશનું રાજ્ય છે આખું... સર્વોદય અને ગાંધીજીવન | - સોનલ પરીખ | ...૩૨૨ |
| ૧૫ | ટેક્નૉલૉજી અને સર્વોદયવિચારનું ભવિષ્ય | - સંજય ચૌધરી | ...૩૨૮ |
| ૧૬ | આત્માની એકતાનો વિચાર | - ઉષા | ...૩૩૪ |
| ૧૭ | સેવક કેવો હોય | - વિનોબાજી | ...૩૩૬ |
| ૧૮ | સર્વોદય વિચારધારાનું નખદર્પણ | - કાન્તિ શાહ | ...૩૩૯ |
| ૧૯ | સર્વોદયનો ખ્યાલઃ લોકજીવનમાં અને લોકસાહિત્યમાં | - નિરંજન રાજ્યગુરુ | ...૩૪૧ |
| ૨૦ | વૈશ્વિક સ્તરે સર્વોદયની હાજરી | - વિપુલ કલ્યાણી | ...૩૪૫ |
| ૨૧ | સામ્યવાદ અને સર્વોદય વચ્ચે ફરક | - કિશોરલાલ ઘ. મશરૂવાળા | ...૩૪૮ |
| ૨૨ | પ્લાનિંગની સાચી દિશા | - વિનોબાજી | ...૩૫૦ |
| ૨૩ | સર્વોદયની કેળવણી | - મનુભાઈ પંચોળી દર્શક | ...૩૫૫ |
| ૨૪ | સહજીવન સિદ્ધિ ઉપનિષદ | - મહેન્દ્ર ચોટલિયા | ...૩૬૦ |
| ૨૫ | 'અનટુ ધિસ લાસ્ટ' | - દર્શના ધોળકિયા | ...૩૬૪ |
| ૨૬ | સંસ્થામાં સર્વોદય : બ્રહ્મવિદ્યા મંદિર અભિનવ પ્રયોગ | - જ્યોત્સ્ના | ...૩૬૮ |
| ૨૭ | ગાંધી-વિનોબાનાં વિસ્તરતાં પગલાં | - રમજાન હસણિયા | ...૩૭૪ |
| ૨૮ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ...૩૭૮ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)

**સંપાદક-મંડળ:**
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ.,ડિમાન્ડડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

વાર્ષિક રૂ. ૧૫૦/-

## તંત્રી સ્થાનેથી...

### હેપ્પી સર્વોદય!

વિધિવત રીતે 'સર્વોદય'નું સ્વપ્ન ભલે રસ્કિન, મહાત્મા ગાંધી અને વિનોબાજીના વૈચારિક આંદોલનથી ગતિમાન થયું પણ જે વૈશ્વિક ચેતના આપણા સૌમાં વસે છે, એ સૂક્ષ્મ પણ મક્કમ રીતે એ જ શ્રદ્ધા ધરાવે છે કે આખરે તો 'સૌના ભલામાં જ મારું ભલું છે.' રાજકીય અને વ્યાપારિક 'ગ્લોબલાઇઝેશન' આપણે જોયું, પણ હજુ આપણે માનવીય અને પર્યાવરણીય 'ગ્લોબલાઇઝેશન' જોવાનું બાકી છે. મૂળભૂત રીતે જે પરસ્પરાવલંબન આ ચૈતન્યસભર સૃષ્ટિને ટકાવે છે અને ચલાવે છે એ જ સૂરમાં આપણે આપણું ગાણું ગાવાનું છે. આપણે એટલે પ્રત્યેક વ્યક્તિ, જ્ઞાતિ, જાતિ, સમુદાય અને રાષ્ટ્ર. 'સર્વોદય'નો મનોરથ સૌથી પ્રથમ દરેક કુટુંબમાં અને જનસમુદાયમાં આત્મસાત થાય તો આપણી દીકરીઓ, આપણા વંચિતો, અને કોઈપણ વ્યવસ્થામાં શોષાતાં આપણાં બંધુ-ભગિનીઓને જીવનની પ્રસન્નતા મળશે.

જેને જ્યાં જેટલી સત્તા મળે, એણે એનું વધુમાં વધુ વિકેન્દ્રીકરણ કરીને 'રાજનીતિ'ને 'લોકનીતિ'માં રૂપાંતરિત કરવાની છે. સત્ય, અહિંસા, બંધુત્વનાં આપણાં સાંકૃતિક મૂલ્યોને પુસ્તકોની કેદમાંથી છોડાવીને જીવન-વ્યવહારો બનાવવાના છે. એ માટે 'સર્વોદય-સાધ્ય'ને લક્ષ્ય સામે રાખીને દેશ-કાળ પ્રમાણેનાં સાધનો બદલાતાં રહેવાનાં છે. ટેક્નૉલૉજીએ અનેક સમસ્યાઓના બળકટ ઉકેલો આપ્યા છે, ત્યારે આ જ ટેક્નૉલૉજીનો ઉપયોગ આપણા સમાજ જીવનમાં સમરસતા લાવવા માટે કરવાનો છે. પ્રકૃતિએ હંમેશા 'એકરૂપતા'નો બહિષ્કાર કરીને 'વૈવિધ્ય'ની ઉજવણી કરી છે, એ ન્યાયે આજે સોશ્યલ-મીડિયા અને અન્ય સમૂહમાધ્યમોમાં એક જ વિચારધારાનો ધસમસતો પ્રવાહ ક્યાંક આપણું પ્રકૃતિગત 'વૈવિધ્ય' છીનવી ન લે એના માટે સર્વોદયના સૈનિકોએ શાંત-ક્રાંતિ આદરવાની છે. 'ડિજિટલ-સરમુખત્યારશાહી'ને ઓળખીને તેનો પ્રતિકાર કરી શકે એવા નાગરિકો પેદા થાય એવાં શાળા-ધરૂવાડિયાં બનાવવાનાં છે. પ્રત્યેકને ઉત્કર્ષની તક મળે એ પ્રમાણે સ્વતંત્રતા અને સમાનતાને દરેક તબક્કે વિચારપૂર્વક ગોઠવતી જવાની છે. ખાનગીકરણનાં ઉત્તમ પાસાંઓને પડેલાંને બેઠાં કરવા માટે સક્રિય કરવાનાં છે અને એટલે જ આપણે 'પબ્લિક-પ્રાઇવેટ-પાર્ટનરશિપ'નો એક એવો જબરદસ્ત નમૂનો તૈયાર કરવાનો છે કે જેનો એક માત્ર ઉદ્દેશ્ય આર્થિક-રાજકીય-સામાજિક સ્વાર્થનો ત્યાગ કરીને સામૂહિક ઉત્થાન માટે 'સ્વ'નું સમર્પણ કરવાનું છે. શૂમાખરના 'સ્મોલ ઇઝ બ્યુટીફૂલ'ના વિચારને માનવના પ્રત્યેક વર્તનની સમાંતરે વિચારવાના છે. આ જ અર્થમાં 'દર્શક' સમજવતાં કે આપણા પ્રત્યેક વર્તનની ત્રણ અસર થાય છેઃ (૧) આપણા પોતાના પર (૨) આપણા સમાજ પર અને (૩) પ્રકૃતિ પર.

સર્વોદયની શરૂઆત કરવી રીતે કરીશું? મહાત્મા ગાંધીએ આનો કીમિયો આપ્યો છે અને કહ્યું છે, 'મેં મારી જાતને ન્યાયની ફૂટપટ્ટી પર તોળી છે.' બસ, આ એક જ વિધાનમાં આપણું સર્વોદય-આયોજન આવી

જાય છે. કારણ કે હવે દરેક વ્યક્તિને 'આત્મ-શોધન' કરતાં કરવા માટે એવી કેળવણીપદ્ધતિ વિકસાવવી પડશે કે જેની નીપજરૂપે એવા જાગૃત વૈશ્વિક નાગરિકો તૈયાર થાય, જે એક-એક ડગલે પોતાની જાતને 'ન્યાયની ફૂટપટ્ટી' વડે તોળે અને પૂછે: શું મારા આ વર્તનમાં કોઈનું શોષણ થાય છે? શું આમાં કોઈ જીવ પર હિંસા થાય છે? શું આ વર્તન મને સત્યના માર્ગ પર વધુ શ્રદ્ધાવાન બનાવે છે? મારા આ વર્તનથી સમાજના છેવાડાના માણસને ઉપર આવવામાં કંઈ મદદ મળી? કોઈ ઉપદેશ ક્યારેય સામૂહિક ચેતનાનું ઊર્ધ્વીકરણ કરી શકતો નથી. પણ, જ્યારે નાનાંનાનાં એકમો ધીમેધીમે એક જ દિશામાં પ્રામાણિક પુરુષાર્થ કરે ત્યારે 'સર્વોદય' જેવા વિચારો જીવાતા હોય છે. એ અર્થમાં આપણે આપણાથી જ શરૂ કરીને એવું અસ્સલ જીવન જીવી બતાવીએ કે આપણને જોઈને જ બે-ચાર લોકો આ દિશામાં ચાલવા માંડે.

નાનાં એકમોમાં વ્યક્તિ અને કુટુંબ બાદ ગામડાંઓ આવે છે. આપણાં ગામડાંઓમાં જ્યાં કાચો માલ બને છે ત્યાં જ પાકો માલ બને તેવાં આયોજનો હવે ધીમેધીમે વધી રહ્યાં હોય એવું લાગે છે. 'પ્રાકૃતિક-ખેતી' આંદોલન એ પર્યાવરણના અને આર્થિક અસમાનતાના દૈત્યોને નાથવા માટેનો એક રામબાણ ઇલાજ છે. આ આંદોલનમાં જન, જમીન, જળ, જંતુ, જાનવર અને જંગલ એમ દરેક જૈવિક-ઘટકોમાં સર્વોદયનો વિચાર કેન્દ્ર-સ્થાને છે. કદાચ પ્રથમ વખત, એક એવા વ્યવસાયને તેના 'આર્થિક' પાસાંઓથી પર જઈને વિચારવામાં આવી રહ્યો છે. અરે, માસાનોબુ ફુકુકાનું 'વન સ્ટ્રો રીવોલ્યૂશન' વાંચીએ ત્યારે ખબર પડે છે કે પ્રાકૃતિક જગતમાં કેવું અદ્ભુત અખંડતાનું દર્શન એ માણસને થયું છે; જેના લીધે થઈને એણે આ વિચારને આધ્યાત્મિક ઊંચાઈ આપી છે. અલબત્ત, ભારતીય સંસ્કૃતિમાં પણ આ જ વિચાર ઘૂંટાયેલો છે; પણ, હવે એ મૂલ્ય વૈશ્વિક સ્તરે વધુ સ્વીકૃત થયું છે.

સર્વોદય વિચારની આધુનિક ગ્લોબલ આવૃત્તિ એટલે 'સસ્ટેનેબલ ગોલ્સ'. ૧૯મી અને ૨૦મી સદીમાં વ્યાપક બનેલા ઔદ્યોગીકરણની આંધળી દોટથી સામાજિક અને આર્થિક અસમાનતાઓ તો વધી જ, પણ એના કરતાં પણ વધુ પર્યાવરણનું નિકંદન નીકળી ગયું. એટલે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા એક મોટા પાયાનું આયોજન કરવામાં આવ્યું છે; જેમાં, વિશ્વની મોટી ચિંતાઓને પહોંચી વળવા માટેના કાર્યક્રમો ઘડવામાં આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા નક્કી કરવામાં આવેલાં કુલ સત્તર ધ્યેયોને આપણે ૨૦૩૦ સુધીમાં સિદ્ધ કરવાનાં છે; જેને, ત્રણ મોટા ભાગોમાં વહેંચવામાં આવ્યા છે: (૧) સામાજિક (૨) આર્થિક અને (૩) પર્યાવરણીય ધ્યેયો. આ સત્તર ધ્યેયોને જોડતી એક જ કડી છે કે 'આ પર્યાવરણ અને સામાજિક સમરસતા જળવાય રહે એવો આર્થિક વિકાસ કરીએ.'

સર્વોદય, સસ્ટેનેબલ ગોલ્સ, માનવીય-પર્યાવરણીય-ગ્લોબલાઇઝેશન, પ્રાકૃતિક વૈવિધ્ય અને શોષણવિહીન સમાજ રચનાની ખેવના જેવા વિચાર-આંદોલનો આપણે સામૂહિક રીતે જીવતા રહેવાની ગરજે ચલાવવાં પડશે અને એ જ રસ્તે આપણે સત્યની પ્રાપ્તિ કરીશું એ શ્રદ્ધા સાથે સૌને હેપ્પી સર્વોદય!

— [signature]

## સંપાદક પરિચય...

**ભદ્રાયુ વછરાજાની : મોરારિબાપુ જેમને કલમ અને કાયાથી ગણપતિ કહીને નવાજે છે**

પૂજ્ય શ્રીમોરારિબાપુ જેમને કલમ અને કાયાથી ગણપતિ કહીને નવાજે છે અને જાણીતા ચિંતક શ્રી ગુણવંત શાહ જેને 'તેજસ્વી અને ઓજસ્વી શિક્ષણકાર' કહીને સન્માને છે, તે પ્રા.ડૉ. ભદ્રાયુ વછરાજાની, બેંક ઓફ બરોડાની કાયમી નોકરી છોડી શિક્ષણની કેડીએ વળ્યા છે. બેંક છોડી પ્રાથમિક શિક્ષક થઈને છત્રીસ વર્ષે તેઓ ઉચ્ચ શિક્ષણના ટોચના સ્થાનેથી સ્વૈચ્છિક નિવૃત્ત થયેલ છે. કે.જી.થી પી.જી. સુધીની ડૉ. ભદ્રાયુ વછરાજાનીની આ શિક્ષણયાત્રા બહુ જ રસપ્રદ અને જ્ઞાનવર્ધક રહી છે.

૧૯-૧૧-૧૯૫૫માં જન્મેલા ડૉ. ભદ્રાયુ વિનાયક વછરાજાનીની શિક્ષણ-કારકિર્દી તેજસ્વી રહી છે. પ્રથમ વર્ગ સાથે જીવવિજ્ઞાનના સ્નાતક અને શિક્ષણશાસ્ત્રના અનુસ્નાતક થયા બાદ તેમણે બી.એડ્. અને એમ.એડ્. પણ પ્રથમ વર્ગ સાથે કર્યા અને તરુણાવસ્થામાં જાતીય શિક્ષણ પર સંશોધન કરી ડૉક્ટરેટ કર્યું. જાતીય શિક્ષણ(સેક્સ એજ્યુકેશન)ના ક્ષેત્રના તેઓ પ્રથમ ભારતીય ડોક્ટરેટ છે. તેઓ પીએચ.ડી.ના માર્ગદર્શક છે. બાર સ્કોલર્સ તેઓના માર્ગદર્શન હેઠળ ડોક્ટરેટ કરી ચૂક્યા છે, જેમાં વિદેશના સ્કોલર્સ પણ છે. મદદનીશ શિક્ષક(૧૯૮૦થી ૧૯૮૯), વ્યાખ્યાતા(૧૯૮૯થી ૧૯૯૨), પ્રોજેક્ટ ઓફિસર(પ્રૌઢ શિક્ષણ) (૧૯૯૨થી ૧૯૯૫), આસિ. પ્રોફેસર(૧૯૯૫થી ૧૯૯૮), એસો. પ્રોફેસર (૧૯૯૮થી ૨૦૦૦) અને પ્રોફેસર (૨૦૦૦થી ૨૦૧૩); આમ ત્રણ વર્ષ પ્રાથમિક શિક્ષક, નવ વર્ષ માધ્યમિક શિક્ષક, ચોવીસ વર્ષ પ્રાધ્યાપક રહી ૩૨ વર્ષ, ૦૯ મહિના અને ૨૦ દિવસની પેંશનપાત્ર સેવા બાદ ડૉ. ભદ્રાયુએ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી અને બાર વર્ષ યુ.જી.સી.ની ઇન્ટર-યુનિવર્સિટી ઇન્સ્ટિટ્યૂટના પ્રોફેસર અને ડાયરેક્ટર રહ્યા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા નિયામક તરીકે વધારાનો હવાલો સંભાળી ડૉ. ભદ્રાયુએ પરીક્ષા સંદર્ભે વિક્રમજનક સુધારાઓ કર્યા, જેની સમગ્ર દેશે નોંધ લીધી હતી. સ્વૈચ્છિક નિવૃત્તિ બાદ તેમણે અદાણી ફાઉન્ડેશન, અમદાવાદના એડ્વાઈઝર-એજ્યુકેશન તરીકે સાડા ત્રણ વર્ષ વંચિત બાળકોના નિઃશુલ્ક શિક્ષણ માટે રાષ્ટ્રીય સ્તરે પ્રદાન કર્યું છે.

ડૉ. ભદ્રાયુ વછરાજાની ઉત્તમ વક્તા છે અને પ્રભાવક શૈલીથી વાતને રજૂ કરનાર લેખક છે. તેમનાં પાંત્રીસથી વધુ પુસ્તકો પ્રકાશિત થયાં છે. તેમનું પુસ્તક 'હૈયું-મસ્તક-હાથ' ૨૦૧૦નું અને માનવ વર્તનના ઘડવૈયાઓ વિશેનું તેમનું પુસ્તક 'નાની પાટીમાં શિલાલેખ' ૨૦૧૨નું બેસ્ટસેલર પુસ્તક છે. તેમનું 'મુઠ્ઠી ઊંચેરા ૧૦૦ માનવરત્નો' ૨૦૧૫નું બેસ્ટ સેલર માઈલ સ્ટોન પુસ્તક છે, ગુજરાતી પ્રકાશનની દુનિયામાં પહેલો ગ્રંથ છે જે બે ધુરંધર પ્રકાશકોએ સાથે મળીને પ્રકાશિત કરેલ છે. તેઓને 'પૂજ્ય મોટા રિસર્ચ પેપર ઍવૉર્ડ' એનાયત થયેલ છે. તેઓ ગુજરાતી 'દિવ્યભાસ્કર', 'ફૂલછાબ' અને 'કચ્છમિત્ર' વર્તમાનપત્રોના ખ્યાત કટાર લેખક છે. પુષ્કળ વાંચવું, અમાપ વિહરવું અને ભરપૂર જીવવું એ ભદ્રાયુ વછરાજાનીના નિજાનંદો છે.

## સંપાદકીય...

**... એ રસ્કિન,... એ પુસ્તક,... એ ગાંધી,... અને સર્વોદય!!**

'કોડિયું' હરહંમેશ આથમતા સૂર્યનું કાર્ય ઉપાડી લેનાર બન્યું છે. ઝાકમઝોળ પ્રકાશ ફેંકતી લાઇટ બે મિનિટ જતી રહે ત્યારે યાદ આવે એક કોડિયું!! અને એ કોડિયું આપણને પ્રકાશથી મારગ કરી આપે એ પણ નક્કી.

આપણા કેળવણી-સર્જક-દાદાઓ દ્વારા સમાજમાં જ્યારે મારગ ન સૂઝે તેવો અંધકાર હતો ત્યારે 'કોડિયું' પ્રગટાવવામાં આવ્યું અને તે ઘટનાને આજે પંચોતેર વર્ષ થયાં!! ચોતરફથી ઝંઝાવાતી પવન આવા દીવડાઓને બુઝાવવા માટે જ જાણે ફૂંકાતો હોય ત્યારે પણ 'કોડિયું' સીના તાનકે પ્રજ્વલ્લિત રહ્યું એ ભારે રાજીપાની વાત છે.

'એક કોડિયું' પંચોતેર વર્ષનું થાય ત્યારે તો ઉત્સવ ઉજવવો જ જોઈએ ને!! એ ઉત્સવ એટલે ''કોડિયું'ના ચાર વિશેષ-અંકો. આ વિચાર જ કેટલો હોંશભર્યો છે, નહીં? ચારેય નોખી નોખી થીમ અને ચારેયના નોખા નોખા સંપાદકો.. 'હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા...'નો મર્મ આત્મસાત કરનાર શ્રી અરુણભાઈ દવેની વાત તો મને આવકારવી ગમે જ. 'કોડિયું-ટોળી' જ બીજાને સોંપવાનું વિચારી શકે. તેઓએ શકટનો થોડોક ભાર ઊંચકવા અમને નોતર્યા અને મને એક અંકના સંપાદક બનવાનો લ્હાવો આપ્યો અને વળી તેનો કેન્દ્રીય વિષય રાખ્યો 'સર્વોદય'... 'દોડવું હતું ને ઢાળ મળ્યો' જેવું થયું. ગાંધીજી અને વિનોબાજી બંને મારા ચિત્તનો કબજો કરીને વર્ષોથી બેઠા છે અને એમાં વિચારવાનું મળ્યું 'સર્વોદય' અંગે... કેટકેટલા વિચારકો અને લેખકોનો સંપર્ક કર્યો અને 'કોડિયું ટોળકી'એ આપેલા ધોરણો જાળવીને તૈયાર કર્યો કોડીયુંનો આ 'સર્વોદય-વિશેષ-અંક'... આ અંક અને તેનો શબ્દે-શબ્દ ગાંધી-વિનોબાજીના ચરણે અર્પણ કરું છું...

મને સંપાદક તરીકે બહુ અનુકૂળતા તો 'કોડિયું ટીમ' દ્વારા મળેલા પહેલા જ પત્રમાં રહેલી સ્પષ્ટતાએ કરી આપી. સંપાદક પાસેથી ક્યારે-શું-કેમ અપેક્ષિત છે તે સઘળું કહેવામાં આવ્યું હતું. તેથી હું છ મહિનાથી આ અંકની તૈયારી શરૂ કરી શક્યો અને 'સર્વોદય'ને સુ-સ્પષ્ટ કરી આપે તેવો અંક પેશ કરી શક્યો. મેં પસંદ કરેલા લેખકોએ બહુ સકારાત્મકતાથી મારું નોતરું સ્વીકાર્યું અને સમયસર લેખ મોકલી આપ્યા. બે વ્યક્તિઓએ પહેલેથી જ પોતાની અનુકૂળતા ન હોવાનું કહી મારો માર્ગ મોકળો કરી આપ્યો. હું મારા લેખકશ્રીઓ પ્રત્યે અહોભાવ વ્યક્ત કરું છું. મને કમ્પ્યૂટર-કાર્યમાં મદદ થનાર મારી ઓફિસનાં મારાં સાથીદાર ભક્તિએ પોતાનું કાર્ય ભક્તિપૂર્વક પૂર્ણ કર્યું. આ બધી અનુકૂળતા કરી આપવા બદલ અસ્તિત્વનો ઋણસ્વીકાર કરું છું.

સર્વોદય વિષે શક્ય બને તેટલી માહિતી આપવાનો પ્રયાસ થયો છે અને ક્યાંક વિગતનું પુનરાવર્તન થાય તો પણ સર્વના ઉદયની વાતનું દૃઢીકરણ ભલે થાય તેવું સ્વીકાર્યું છે. સર્વોદય વિષે હું વધુ ઉમેરવા માંગતો નથી પરંતુ ગાંધીજીના શબ્દો અવશ્ય નોંધવાનું પસંદ કરીશ.

સર્વોદયનો નિર્ધાર ગાંધી આ શબ્દોમાં ઉદ્ઘોષિત કરી ગયા છે –

"આખી દુનિયા તેનાથી('હિંદ સ્વરાજ'ના દર્શનથી) વિપરીત દિશામાં જઈ રહી હોય એમ લાગે છે. મને તેનો ભય નથી. કેમ કે પતંગિયું જ્યારે એનો અંત નજીક આવી રહ્યો હોય, ત્યારે દીવાની ચારે તરફ વધુ ને વધુ ચક્કર-ચક્કર ઘૂમવા લાગે છે. સંભવ છે, પતંગિયા જેવી આ હાલતમાંથી ભારતને આપણે ઉગારી ન શકીએ. તેમ છતાં ભારત અને તેની મારફત આખાયે વિશ્વને આ નિયતિમાંથી બચાવવાની છેલ્લા શ્વાસ સુધી કોશિશ કર્યે રાખવી, એ મારો ધર્મ છે."

આજની વર્તમાન પરિસ્થિતિમાં ખોટાં મૂલ્યો, વિકાસના વિપરીત ખ્યાલો અને ભૌતિકવાદી જીવનદર્શનને સર્વોદય ધરમૂળથી પલટાવવા માગે છે.

એટલે સાંપ્રત પરિસ્થિતિના સંદર્ભમાં સર્વોદયનો પડકાર છે–

● ઉડાઉ ને આડંબરી રહેણી-કરણી સામે તથા જેને કદીયે ધરવ નથી એવા અકરાંતિયા ને અમર્યાદ ભોગવાદ સામે.
● પૈસાને જ પરમેશ્વર માનતી હીન, પામર મનોદશા સામે તથા સ્વાર્થ માટેની આંધળી ઉંદર-દોડ અને ગળાકાપ સ્પર્ધાવૃત્તિ સામે.
● ઉપલા વર્ગોના એશ-આરામને પોષતી, ગરીબો-દલિતોની સદંતર ઉપેક્ષા કરતી તથા સમાજમાં વિષમતાની ખાઈને પહોળી કરતી જતી વિકાસની વિપરીત તરાહ સામે.
● ગામડાંને ભાંગતા અને માણસને મૂળસોતો ઉખેડી મૂકતા અંધાધૂંધ ઉદ્યોગીકરણ સામે તથા માનવીય સંબંધો પર વિપરીત અસર કરતી ટેક્નૉલૉજીની વિવેકહીન ઘેલછા સામે.
● આવતી પેઢીઓનુંયે બધું ઓહિયાં કરી જતી યયાતિ વૃત્તિ સામે તથા હવા-પાણી-જમીનમાં ઝેર ફેલાવતા અને પર્યાવરણની ધૂળધાણી કરી મૂકતા વિકાસવાદ સામે.
● માણસને નગણ્ય ને નિમાણો બનાવી મૂકતા અતિ કેન્દ્રીકરણ સામે તથા જીવનને રફેદફે કરી નાખતાં ને માણસને હરાયો બનાવી મૂકતા શહેરીકરણ સામે.
● કલ્યાણરાજને નામે પ્રજાજીવનમાં વધતા જતા રાજ્યના પગપેસારા સામે તથા પ્રજાના હિતનો દ્રોહ કરતા આપમતલબિયા ભ્રષ્ટ રાજકારણ સામે.
● માનવધર્મના દ્રોહ સમા સંકીર્ણ સાંપ્રદાયિક ઝનૂન સામે તથા માણસને માટે કલંકરૂપ એવી ધર્મના નામે આચરાતી લોહીતરસી હિંસાખોરી સામે.
● દુનિયાને વિશ્વ બજારમાં પલટી નાખવા માગતા તથા દુનિયા આખીને પોતાના આર્થિક સકંજામાં જકડી લેવા માગતા આજના કહેવાતા વૈશ્વીકરણની મોહક ભ્રમજાળ સામે.

સૌનો ઉદય, સૌનું કલ્યાણ એ દાળભાત જેવું નથી, કેટલાક લોકોનો ઉદય થઈ શકે છે. ઘણા બધા લોકોનો ઉદય થઈ શકે છે. પરંતુ બધા જ લોકોનો ઉદય થાય તેના માટે આ વાત આપણા મસ્તિષ્કમાં ઘૂસવી જરૂરી છે. સર્વોદય માને છે કે સૌનો ઉદય એ કોરું સ્વપ્ન, કોરો આદર્શ નથી. આ આદર્શ વ્યવહારીય છે, એને અમલમાં મૂકી શકાય એમ છે. સર્વોદયનો આદર્શ ઊંચો છે એ વાત સાચી, પરંતુ ન તો તે અપ્રાપ્ય છે કે ન તો અસાધ્ય. હા, એ પ્રયત્ન સાધ્ય છે.

વિનોબાજી સર્વોદયના બે નિયમો બહુ સ્પષ્ટ ભાષામાં સમજાવે છે.

'એક સાદી વાત આપણે સમજી લેવાની જરૂર છે તો સહુનું હિત સાધી શકાશે.

૧. દરેક વ્યક્તિ બીજાની ચિંતા રાખે ૨. સાથેસાથે એ પોતાની ચિંતા એવી રીતે ન રાખે કે જેથી બીજાને તકલીફ થાય. હકીકતમાં બસ આ સર્વોદય છે.'

માનવતા, સમાનતા, સદ્વ્યવહારના તત્ત્વ ઉપર સર્વોદયનો વિશાળ મહેલ ઊભો છે. આજના કલુષિત વાતાવરણમાં ચોતરફ બે જ પ્રશ્નોની ફેંકાફેંક થાય છે અને તે છેઃ '...એમાં મારે શું?' અને '...એમાં મારું શું? Point of No Return જેવો માહોલ રાષ્ટ્રમાં અને સમગ્ર વિશ્વમાં બની ગયો છે ત્યારે જ 'સર્વોદય'નો નાદ ફરી ગજાવવાની આવશ્યકતા છે.

માર્ગરેટ મીડ દ્વારા કહેવાયેલાં ભાવિ-કથનને વિશ્વ પર સફળ થવાની પ્રતીક્ષા એ જ આજની આપણી પ્રાર્થનાઃ

વિચારવાન ને સમર્પિત માણસોની એક નાનકડી બિરાદરી દુનિયા આખીને પલટી નાંખી શકશે,
એ વિષે કદીયે શંકા સેવશો નહીં.
ખરેખર તો દુનિયાને જો કોઈ પલટી નાંખી શકશે, તો એક માત્ર તેઓ જ તેમ કરી શકશે.

(પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪, અમીન માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૧ :: મો.: ૯૮૯૮૯ ૨૦૩૩૩)
**- ભદ્રાયુ વછરાજાની**

## ૦૧. શાસ્ત્રમાં સર્વોદય : શ્રી રામ અને સર્વોદય

### મોરારિબાપુ

'મારી દૃષ્ટિએ સર્વોદયના વિચારનાં પરોક્ષ અપરોક્ષ દર્શન થયાં જ છે. પરસ્પર પ્રીતિ એ સર્વોદય માટે ઘણી ભૂમિકામાં એક ભૂમિકા છે. જ્યારે માણસ પરસ્પર પ્રેમ કરશે ત્યારે એકાબીજાનો અસ્ત થાય એવું કોઈ દિવસ નહીં ઇચ્છે, બધાનો ઉદય થશે એવું જ ઇચ્છશે. અને મારી દૃષ્ટિએ સર્વોદય પૂર્ણરૂપેણ તો નહીં કહી શકું, પણ પરનિંદા, પરધન, પરઅપવાદ, પરનારી આ બધાની સાથે જ્યારે સાધકનો સત્ય, પ્રેમ અને કરુણામયી વ્યવહાર થશે... નિંદાની વાત નથી કરવાની, પણ એની સાથે સત્ય, પ્રેમ અને કરુણાથી વાત કરી, અને પરનિંદાથી આપણે દૂર રહેવાનું છે. પરધન એની સાથે પણ આ વ્યવહાર. પરઅપવાદ, પરનારી આવા જે મુદ્દા શ્રી રામે મૂક્યા એ મને એમ લાગે છે કે સર્વોદયના મંદિરની દીવાલો છે. અને નીંવ મજબૂત હોય, દીવાલો

> **કેન્દ્રમાં યંત્ર-હાથ બંધાયેલો નિમાણો માણસ. કેન્દ્રમાં માનવ - સ્વતંત્ર ને ઉલ્લાસિત મુક્ત માણસ. કેન્દ્રમાં યંત્રને બદલે માનવીને મૂકીને આખીયે રચના નવેસરથી ગોઠવીએ.**

મજબૂત હોય અને એ મંદિરનો સ્લેબ બરાબર ન હોય, એ મંદિરનું જો શિખર બરાબર ન હોય તો વળી પાછું બરાબર નહીં. એટલે હું એમ માનું કે વિશ્વાસનો લોકો ગમે તે અર્થ કરે, એ સૌની દૃષ્ટિ છે. પણ આ બધાની ઉપર વિશ્વાસનું એક શિખર હોય તો વિશ્વના મંગલની ધજા ફરકી શકે. આ 'સર્વોદય'ની વાત મહામુનિ વિનોબાજીએ કરી, બાપુએ પણ કરી એટલે આ બીજ છે એ કોઈ વિષયી-સાધક અને સિદ્ધે બોયું નથી, એક સુત મહામુનિએ બોયું છે. અને તેથી ક્યાંક ભૂમિ બરાબર ન મળે, ક્યારેક સિંચાઈ બરાબર ન મળે. ક્યારેક સંરક્ષણ બરાબર ન મળે, ક્યારેક સૂરજનો લાભ બરાબર ન મળે, ક્યારેક હવા બરાબર ન મળે તો થોડીક વાર લાગે, પણ આ બીજ કોઈ દિવસ બગડશે નહીં. અને દસકો દસકોએ, શતાબ્દી શતાબ્દીએ એનું સંવર્ધન કરનારી કોઈને કોઈ વ્યક્તિ આવતી રહેશે, વિચારકના રૂપમાં કોઈ ચેતના આવતી રહેશે અને આવા વિચારોથી 'કોડિયું' સદૈવ દીપાવલીનું કોડિયું બની રહેશે.'

(શ્રી મોરારિબાપુ... જેમના શ્વાસે શ્વાસે શ્રી રામનામ છે અને જેઓ જગતભરને 'સત્ય-પ્રેમ-કરુણા'નું રટણ કરાવી રહ્યા છે.

ચિત્રકૂટધામ, તલગાજરડા, મહુવા)

> માણસનો ઇતિહાસ જોઈને હું ઘોર નિરાશાવાદી છું
> માણસનો ઇતિહાસ બતાવે છે કે,
> માણસ ઝટ શીખતો જ નથી,
> એકની એક ભૂલ વારંવાર કર્યા કરે છે,
> અંદરોઅંદર લડ્યા-ઝઘડ્યા જ કરે છે.
> પરંતુ માનવીની ઉત્ક્રાંતિ જોઈને હું ભારોભાર
> આશાવાદી છું.
> ઉત્ક્રાંતિનો ઇતિહાસ બતાવે છે કે,
> ગુફાવાસી અને શિકાર માટે અહીં-તહીં ભટકતો માણસ
> પ્રગતિ કરતો કરતો
> આજે કેટલી બધી સુસંસ્કૃત અવસ્થાએ પહોંચ્યો છે!
> સમયના સ્કેલનો સવાલ છે.
> ગુફાવાસી માણસને કૃષિ સંસ્કૃતિ સુધી પહોંચતાં
> ૩૦ હજાર વરસ લાગેલાં!
> \- આર્નોલ્ડ ટૉયનબી

## ૦૨. શાસ્ત્રમાં સર્વોદય : 'શ્રીમદ્ ભાગવતમાં સર્વોદય'

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

श्री हरिम परमानंदं उपदेष्टारमैश्वरं व्यापकं
सर्व लोकानां कारणम् तम नमाम्यहं ।
સર્વેડત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખભાગ ભવેત્

સર્વના ઉદયનો ભાવ, સર્વની ઉન્નતિનો વિચાર એ સનાતન ધર્મમાં પણ છે અને સનાતન ધર્મનો મહત્ત્વપૂર્ણ ગ્રંથ જેના પ્રત્યે કરોડો લોકોની શ્રદ્ધા છે, આસ્થા છે અને ભાવપૂર્વક, શ્રદ્ધાપૂર્વક જે ગ્રંથનું લોકો વર્ષોથી શ્રવણ કરતા આવ્યા છે અને વક્તાઓ જેનું ગાન કરતા આવ્યા છે એવો ગ્રંથ છે 'શ્રીમદ્ ભાગવત.' ઘણી વાર ચર્ચા થાય ત્યારે લોકો પૂછે કે ભાગવતના સંદેશને સંક્ષેપમાં કહેવો હોય તો શું કહી શકીએ? આટલા વર્ષોના શ્રીમદ્ ભાગવતના અભ્યાસ પછી, સતત સતત આટલા વર્ષોની કથા પછી અને અનેક સંતો-મહાપુરુષોને ભાગવત વિશે સાંભળ્યા અને એમના વિચારોને વાંચ્યા પછી જે ત્રણ સ્પષ્ટ સંદેશ જે હું કહીશ કે એમાં 'સર્વોદય'ની ભાવના છે, એ શ્રીમદ્ ભાગવત દ્વારા પ્રાપ્ત થાય છે. ત્રણ જ વાત મુખ્ય રૂપે કરીશ.

(૧) મનુષ્યોનો વ્યવહાર મનુષ્યો સાથે કેવો હોવો જોઈએ? (૨) મનુષ્યોનો વ્યવહાર મનુષ્યેતર જે જીવસૃષ્ટિ છે એની સાથે કેવા પ્રકારનો હોવો જોઈએ? અને (૩) મનુષ્યોનો વ્યવહાર માતા પ્રકૃતિ સાથે કેવો હોવો જોઈએ? આ ત્રણ વસ્તુને સરખી રીતે સમજાવે અને એનું આચરણ કરી સમજ્યા પછી વાઈડર ટર્મમાં એનું નામ જ ધર્મ. સનાતન પરંપરામાં ઋષિઓએ પ્રબોધેલો જે ધર્મ છે તે આ છે.

પહેલી વાત, મનુષ્યોનો વ્યવહાર મનુષ્યો સાથે કેવો હોવો જોઈએ? એક વાત વિચારવા જેવી છે કે ક્યારેક એક કલ્પના કરવાની કે માણસ પૈસા માટે થઈને, વસ્તુઓ માટે થઈને જ્યારે માણસ માણસનું ગળું કાપે, માણસ માણસ સાથેના સંબંધ બગાડે, માણસ માણસને છેતરે ત્યારે થોડી વાર ઊભા રહી શાંત મનથી ક્યારેક માત્ર કલ્પના કરી જુઓ કે આ પૃથ્વી ઉપર તમે એકમેવ મનુષ્ય છો જે અસ્તિત્વમાં છે. સ્વાભાવિકપણે સંપૂર્ણ પૃથ્વી તમારી, તમે એના માલિક, કોઈ સરહદો નહીં, જેટલી સંપત્તિ છે આ પૃથ્વી ઉપર એ બધી તમારી. પછી પોતાની જાતને પ્રશ્ન કરવાનો કે સંપૂર્ણ પૃથ્વીનો માલિક હોવા છતાં શું હું સુખી હોઈશ? જવાબ હશે ના. માણસને એકલું ગમતું નથી. શ્રીમદ્ ભાગવત અનુસાર અને આપણા ઉપનિષદો પ્રમાણે પરબ્રહ્મ પરમાત્માને પણ એકલું ન ગમ્યું, ભાગવત કહે છે કે જ્યારે કાંઈ નહોતું ત્યારે એ પરમ અસ્તિત્વ જ હતું. જેને આપણે બ્રહ્મ કહીએ જેના સિવાય કશું નહોતું. ન દ્રષ્ટા કે ન દશ્ય હતું. કારણ કે દશ્ય જ નહોતું તો દ્રષ્ટા ક્યાંથી હોય? ત્યારે એણે પોતાની જાતને અસહ્ય માની અને એણે નક્કી કર્યું, એવી કામના કરી एकोहं बहुस्यामि बहुस्याम प्रजायेय હું એકમાંથી અનેક થાઉં અને એકમાંથી અનેક થયા પછી એણે પોતે પોતાની સાથે જે ક્રીડા કરી, નરસિંહ મહેતાની ભાષામાં સતત ચાલતી જે રાસલીલા છે, 'ચિત્ત, ચૈતન્ય, વિલાસ તદરુપ છે બ્રહ્મ લટકા કરે, બ્રહ્મ સામે' અને એ લીલામાંથી જે આનંદ ઊભો થાય છે એ આનંદ એક રસની સૃષ્ટિ ઊભી કરે છે. હકીકતમાં એને લઈને જ જીવન, જીવન લાગે છે. તમે એકલા હશો તો તમને આનંદ નહીં આવે, ઈશ્વરને પણ આનંદ ન આવ્યો એટલે એ એકમાંથી અનેક થયા અને માત્ર તમે નહીં તમારો એકમેવ પરિવાર આ પૃથ્વી ઉપર રહેતો હોય અને એવી કલ્પના કર્યા પછી પણ જાતને પ્રશ્ન કરવો કે સંપૂર્ણ વસુધાનો માલિક છે, તમારો પરિવાર પણ શું તમે, તમારાં પત્ની, તમારાં બે-ચાર બાળકો ખુશ હશે? પ્રસન્ન હશે? જવાબ હશે, ના... સામે એક સત્ય ઊભરીને સ્પષ્ટરૂપે આવશે અને તે એ કે મનુષ્યને સૌથી વધારે મનુષ્યની જરૂર છે. કદાચ મનુષ્ય ઈશ્વર વગર

ચલાવી શકે, તો ચલાવી શકે પણ મનુષ્ય મનુષ્ય વગર ચલાવી નહીં શકે. અને એટલા માટે મનુષ્યે મનુષ્યની સાથે કેવી રીતે રહેવું? परहित सरीस धर्म नहीं भाई परपीड़ा सम नहीं अधमाई આવા સરળ અને ચોટ્ટુંક શબ્દોમાં રામચરિત માનસમાં મનુષ્યનો વ્યવહાર મનુષ્ય સાથે કેવો હોવો જોઈએ એ તુલસીદાસજીએ સ્પષ્ટ કર્યું.

બીજી વાત, મનુષ્યનો વ્યવહાર મનુષ્યેતર જીવસૃષ્ટિ સાથે કેવો હોવો જોઈએ? ભાગવતમાં જ્યારે આ પ્રશ્ન આવ્યો ત્યારે એનો બહુ સુંદર જવાબ વ્યાસજીએ લખ્યો છે કે મનુષ્યએ મનુષ્ય સિવાયની જીવસૃષ્ટિ સાથે કેવી રીતે વર્તવું, કેવી રીતે વ્યવહાર કરવો? તો કહે, જેવો વ્યવહાર મા-બાપનો પોતાનાં સંતાનો પ્રત્યેનો હોય છે, એ સંતાનનું રક્ષણ, એ સંતાનનું પોષણ અને એ સંતાનનું જીવન કેવી રીતે ઉન્નત થાય એનું સતત ચિંતન. મા-બાપ રૂપે મા-બાપની આ ફરજ છે, મા-બાપનો આ ધર્મ છે. અને એટલા માટે મનુષ્યોએ આ રીતે મનુષ્યેતર જીવસૃષ્ટિ સાથે વ્યવહાર કરતાં કરુણાપૂર્ણ બની સમગ્ર જીવસૃષ્ટિનું પોષણ, રક્ષણ અને કલ્યાણ થાય એવું કરવું તે ભાગવત ધર્મ છે.

ત્રીજી વાત, મનુષ્યોનો વ્યવહાર પ્રકૃતિ, પર્યાવરણ સાથે કેવો હોવો જોઈએ? *सर्वं खल्विदं*ની ભાવનાથી અને આ જે કાંઈ જડ, ચેતન, સ્થૂળ સૂક્ષ્મ જગત આપણા મન, બુદ્ધિ અને ઇંદ્રિયોના ભાવમાં આવી રહ્યું છે, એ તો નક્કર, ઠોસ હકીકત સામે ઊભી છે. ત્યારે એ બધું બ્રહ્મમય છે. *सर्वं खल्विदं ब्रह्म* આ ભાવના રાખવાની છે. આ વિરાટ ભગવાનનું સ્વરૂપ છે. ભાગવતમાં તો દ્વિતીય સ્કંધમાં વિરાટના ધ્યાનની વાત આવે છે અને ત્યારે કહે છે पातालम् तस्य ही पादम् मोलम् पठन्ति पार्ष्णि प्रपदे रसातलम् પાતાળ છે એ ભગવાનના પગની પાની છે અને ત્યાંથી લઈ અને સત્યલોક એ ભગવાનનું મસ્તક છે. સાત પાતાળ અને સાત સ્વર્ગ એ ચૌદ લોક ભગવાનની અંદર કલ્પાયેલા છે. સમગ્ર માનવજાત, એનાં ચારેય વર્ણો એ વિરાટ નારાયણનું મસ્તક છે. ક્ષત્રિયો એની ભૂજા છે, વૈશ્યો એના ઉરૂ છે, શુદ્ર એના ચરણરૂપ છે. માણસને માટે બધાં જ અંગો મહત્ત્વપૂર્ણ છે. એક પણ અંગ ઓછું હોય તો વિકલાંગ અથવા દિવ્યાંગ અત્યારની ભાષામાં આપણે એને કહીએ છીએ. અને તેથી સમાજના બધા જ વર્ગો એ ભગવાન વિરાટ નારાયણના અંગરૂપ છે. આ ભાવના રાખી અને નદીઓ છે તે ભગવાનની નાડીઓ છે, સમુદ્ર છે તે ભગવાનનું ઉદર છે, આ વૃક્ષો છે તે ભગવાનનાં રુવાડાં છે, રોમ છે આવી વાત શ્રીમદ્ ભાગવત કરે છે. ત્યારે એ નદીઓ પ્રદૂષિત ન થાય એ જોવાનું, આપણે નદીઓને માતા માની, આપણે નદીઓની પૂજા કરી. જેમાં બધી જ નદીઓ મળે છે; ગંગા, યમુના, સરસ્વતી, કાવેરી, ગોદાવરી સૌ એ સમુદ્રને આપણે સર્વતીર્થ સ્વરૂપ માનીએ છીએ અને એટલા માટે સમુદ્ર સ્નાનનું પણ એટલું જ મહત્ત્વ છે. આપણે છોડમાં રણછોડની ભાવના કરીએ છીએ, આપણે તુલસી ઇત્યાદિ છોડની પૂજા કરીએ છીએ, આપણે પીપળા જેવા વૃક્ષોની પૂજા કરીએ છીએ, આપણે પર્વતોની પૂજા કરીએ છીએ, આપણે ગિરિરાજ ગોવર્ધનની પરિક્રમા કરીએ છીએ, આપણે ગિરનારની પરિક્રમા કરીએ છીએ, આપણે કામતગીરીની પરિક્રમા કરીએ છીએ, हिमालयोनाम नगाधिराज એમ કહીને આપણે હિમાલયનું મહિમામંડન કરીએ છીએ. એટલે પર્વતો હોય, નદીઓ હોય, વનસ્પતિ વૃક્ષો હોય આ બધાના પ્રત્યે એક સદ્ભાવથી યુક્ત થઈ અને આપણે પ્રકૃતિની સાથે સંવાદિતા સાધવાની વાત શ્રીમદ્ ભાગવત શીખવાડે છે. અને આ રીતે સમગ્ર સૃષ્ટિમાં એક સંવાદિતાનું સંગીત ગૂંજતું થાય અને એ સંવાદિતાને કારણે સમગ્ર વિશ્વનું જીવન, વિશ્વ માનવતા, સદ્ભાવ અને શાંતિપૂર્વક રહેતી થાય, સૌનો ઉદય થાય આવા ભાવથી શ્રીમદ્ ભાગવતે આપેલા આ જે મુખ્ય ત્રણ સંદેશ છે એને સર્વોદયની ભાવનાથી જોતાં જોતાં ફરીથી એ જ કામના સર્વેઽત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખભાગ ભવેત્

(વિશ્વભરમાં શ્રીમદ્ ભાગવતના કથાગાન દ્વારા ચિંતન-દોહન રૂપે ભગવાન શ્રી કૃષ્ણનો ધર્મ-સંદેશ પહોંચાડનાર પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા રાષ્ટ્રધર્મના દ્યોતક છે. ઋષિકુળ પરંપરાથી તેઓશ્રી સાંદીપનિ વિદ્યાનિકેતન દ્વારા ધર્મ-પરંપરાને સંવર્ધિત કરી રહ્યા છે.

સાંદીપનિ વિદ્યાનિકેતન, પોરબંદર)

## ૦૩. સર્વોદયની સમજ : મહોબતનો પયગામ

વિનોબાજી

### વિનોબાજીની કશ્મીરયાત્રા

('યજ્ઞ પ્રકાશન' વર્ષોથી વિનોબાજીના વિચારોને લોકો સુધી પહોંચાડતું રહ્યું છે. તેમનાં જમ્મુ-કશ્મીરની ભૂદાનયાત્રા(૨૨-૫-૧૯૫૯થી ૨૦-૯-૧૯૫૯)ના પ્રવચનોનું આ પુસ્તક 'મહોબ્બતનો પૈગામ' કશ્મીરના સંદર્ભે તો ખરું જ પરંતુ અન્યથા પણ દેશમાં સંવાદિતાના જે તાણા-વાણા વિખાઈ રહ્યા છે, ત્યારે વધુ ઉપયોગી થશે એવી આશા સાથે પુસ્તકમાંથી કેટલાક સંકલિત અંશો અહીં પ્રકાશિત કરેલ છે.)

ઈશ્વર જે ઇચ્છે છે, તે જ થાય છે. અત્યાર સુધી મેં મારો તમામ ભાર અથવા જીવન એમને જ સોંપ્યું છે. મારે માટે ક્યારેય એવી કોઈ વસ્તુ બની નથી, જે મારે માટે અને દેશને માટે લાભકારક ન હોય. મારો એમની ઉપર પૂરો વિશ્વાસ છે. તે જે ઇચ્છશે તે જ થશે. એટલા માટે જો ઈશ્વરે ધાર્યું હશે, ઈન્શાઅલ્લાહ! તો હું ત્રણ વાતો કહેવા માગું છું: (૧) હું જોવા ઇચ્છું છું (૨) હું સાંભળવા ઇચ્છું છું (૩) હું પ્રેમ કરવા ઇચ્છું છું. ઈશ્વરે મને પ્રેમ કરવાની જેટલી તાકાત આપી છે, એ તમામનો હું અહીં ઉપયોગ કરવા ઇચ્છું છું. અને જો એ તમામ તાકાત પૂરી થઈ જાય તો હું ઈશ્વર પાસે વધુ તાકાત માગીશ. જો મારે પરાણે બોલવું પડે તો માત્ર પ્રેમ કરવા માટે જ બોલીશ. વધુ નહિ બોલું. બોલવા પર મને વિશ્વાસ નથી. આપણે હૃદયપૂર્વક ઈશ્વરને પ્રાર્થના કરીએ. એમની કૃપાથી જ બધું થાય છે.

મેં લૂઈ પાશ્ચરની એક તસવીર જોઈ હતી. એની નીચે એક વાક્ય લખ્યું હતું, ફ્રેંચ, અંગ્રેજી અને હિંદીમાં પણ! 'મારે તમારો ધર્મ કયો છે, તે નથી જાણવું. તમારા વિચારો શું છે, તે પણ જાણવા નથી માગતો. હું માત્ર એ જ જાણવા માગું છું-તમારાં દુઃખો શું છે? તે દૂર કરવામાં હું મદદ કરવા ઇચ્છું છું. એવાં કામો કરવાવાળાઓ માનવની ફરજ નિભાવે છે.' આ વચનોની મારી ઉપર ઊંડી અસર થઈ છે. હું એવા જ પ્રયત્નો કરી રહ્યો છું.

### ભારતનું મસ્તક સર્વોદયનું મસ્તક બને

અમને જમ્મુ-કાશ્મીરમાં ઘણું બધું જોવા, જાણવા, સાંભળવા અને શીખવા મળ્યું. ખૂબ જ આનંદ થયો. અહીંના તમામ વર્ગોના લોકો સાથે અમારી મુલાકાતો થઈ. તમામ લોકો અમને નિઃસંકોચ મળતા હતા. વિવિધ પક્ષોના લોકો અમને પોતપોતાની વાતો કહેતા હતા. અમે જોયું કે પોતાની વાતો કહેતી વખતે એમને અંદરની કે બહારની કોઈપણ પ્રકારની રૂકાવટ નહોતી. બધાએ ખુલ્લા દિલે વાતો કરી. વિવિધ સંગઠનો સાથે પણ અમારી વાતો થઈ અને ઔપચારિક રીતે પણ વાતો થઈ. એ બધાની અને અહીં અમે જે કંઈ જોયું તેની અમારા પર ખૂબ જ ઊંડી અસર થઈ.

### પ્રેમમય ક્રાંતિનાં ચિહ્નો

હું એવું સમજ્યો છું કે આ રાજ્યમાં શાંતિ અને પ્રેમ દ્વારા એક શાંત ક્રાન્તિ થવા જઈ રહી છે. અને પોતાના ભાઈઓને પોતાની સાથે લેવા માટે લોકોનાં હૃદય ખૂલી રહ્યાં છે. આપણા દેશના હૃદયમાં હમેશાં માટે એક વાત રહી છે કે આપણે આપણા પાડોશીને પ્રેમ કરીએ. બધા મળી સંપીને રહીએ. એમની સાથે લડાઈ-ઝઘડા ન કરીએ. આ વાત પહેલેથી જ આપણી સંસ્કૃતિમાં છે. જો કે ક્યારેક ક્યારેક માણસોના દિલમાં ખરાબી આવી જાય છે. પણ તે ટકતી નથી. માણસના સ્વભાવમાં જે સારપ છે, એ જ કાયમ ટકે છે. ક્યારેક ક્યારેક વાતાવરણ ડહોળાઈ જવાને કારણે ખરાબી આવી જાય છે.

મેં જોયું કે અહીંના લોકો દરિયાવદિલ છે અને આફતના સમયે પણ તેઓ મસ્તીથી જીવે છે. અહીં કાયદાને કારણે માલિકો પાસે જમીન થોડીક જ રહી છે. પણ તેઓ તેમાંથી પણ પોતાનો પ્રેમ પ્રગટ કરવા કંઈક ને કંઈક આપે છે. જ્યાં આવી ઝિંદાદિલી હોય, દિલમાં પ્રેમ હોય, રહેમ હોય, હમદર્દી હોય, ત્યાં માણસ અને માણસાઈ મહોરી ઊઠે છે. લોકોના હૃદયમાં આ ગર્ભિત શક્તિ પડેલી જ છે. એને બહાર લાવવાની જરૂર છે. અહીં કુદરત ખૂબસૂરત છે. તો માણસ પણ બદસૂરત ન હોઈ શકે. પણ અહીં અમે જેટલાં સુંદર સ્થળો જોયાં, એટલી જ ગરીબાઈ પણ જોઈ. ત્યાંની બ્યુટી મારા દિલને આકર્ષિત ન કરી શકી. ગરીબી દૂર કરવાનો પ્રશ્ન આપણા સૌની સામે ઊભો છે. માત્ર કાશ્મીરની સામે જ નહિ, સમગ્ર ભારતની સામે અને લગભગ અડધી દુનિયાની સામે ઊભો છે. આ વાત આપણે ખૂબ સારી રીતે સમજવી પડશે કે જો આપણે એક નહિ થઈએ તો એનો સામનો નહિ કરી શકીએ.

**ભેદભાવો દૂર થવાથી જ વિશ્વને શાંતિ મળશે**

ધર્મ, જાતિ, ભાષા વગેરે તમામ ભેદભાવોને એક બાજુ મૂકીને આપણે આપણા દિલોને વિશાળ-વ્યાપક બનાવીએ. તો જ કાશ્મીર અને ભારતની તાકાત વધશે. અને આ એક એવી તાકાત હશે જેનાથી વિશ્વનો પ્રત્યેક માણસ શાંતિનો અનુભવ કરશે.

હું ઇચ્છું કે કાશ્મીર આખી દુનિયાને જોડનારી એક કડી બને. આજે કાશ્મીર પોતે જ એક પ્રશ્ન બની ગયું છે. થવું તો એવું જોઈતું હતું કે કાશ્મીરનો કોઈ પ્રશ્ન જ ન હોય અને એ દુનિયાના પ્રશ્નો ઉકેલે. આટલા સુંદર પ્રદેશમાં ઝઘડા શું કામ હોય? અહીં જે રાજકીય ઝઘડાઓ ચાલી રહ્યા છે, એને બંધ કરો, તો તાકાત વધશે. એટલા માટે હું ઇચ્છું કે શ્રીનગરના પ્રત્યેક ઘરમાં સર્વોદયનાં પુસ્તકો પહોંચે, શ્રીનગરમાં એવું કોઈ ઘર બાકી ન હોવું જોઈએ, જ્યાં આ 'શ્રી' ન પહોંચી હોય. વિચારોથી વિશેષ બીજી કોઈ શ્રી, શોભા, શણગાર ન હોઈ શકે. અહીં જે ૫૦ હજાર ઘરો છે, એ તમામે તમામ ઘરોમાં તમે સર્વોદય સાહિત્ય પહોંચાડી દેશો તો તમારી અને મારી મૈત્રી કાયમ માટે રહેશે. હું એવી આશા રાખું છું કે શ્રીનગર સર્વોદય નગર બની જાય. અને કાશ્મીર સર્વોદય રાજ્ય બની જાય. કાશ્મીર ભારતનું મસ્તક છે, એટલે એ સર્વોદયન મસ્તક પણ બને.

**નિષ્પક્ષ કાર્યકરો જોઈએ**

લોકોની સેવા કરવા માટે નિષ્પક્ષ કાર્યકરો હોવા જોઈએ. ભારતમાં આજે આ વાત અઘરી લાગે છે. કેમ કે લોકોનાં મગજ રાજકારણમાં અટવાયાં છે. દેશમાં નવા નવા રાજકીય પક્ષો ઊભા થઈ રહ્યા છે. આને કારણે દેશ જીવંત છે એવું લાગે છે. એટલે મને ગમે પણ છે. પણ આખરે દુનિયાના પ્રશ્નોનો ઉકેલ આ લોકો નહિ લાવી શકે. તમે વૃક્ષ પરથી નીચે ઊતરશો તો જ વૃક્ષ કાપી શકશો. એટલે થોડાક લોકો એવા નીકળે, જેઓ પક્ષીય રાજકારણથી અલગ થઈને કામ કરે. શાંતિસેનામાં આવા લોકો જ આવી શકશે. બીજા બીજા લોકો આવશે તો પહેલેથી જ લોકોના મનમાં શંકા ઊભી થશે કે આ પક્ષોવાળા કોણ જાણે શુંયે કરશે? શું પક્ષીય રાજકારણથી અલગ થઈને, બધાની સેવા કરવાવાળા, સૌને સમાન પ્રેમ કરવાવાળા લોકો કાશ્મીરમાં નહિ મળે?

મારી એવી માગણી છે કે કાશ્મીર ઘાટીમાં દરેક પાંચ હજાર લોકોની પાછળ એક કાર્યકર્તાના હિસાબે ચારસો કાર્યકર્તાઓ મળવા જોઈએ. એમની તાલીમ વગેરેની વ્યવસ્થા કરો અને કહો કે આ ઋષિમુનિઓનો, પેગંબરોનો દેશ છે. તો જ તમારી વાતમાં તાકાત આવશે.

(વિનોબાજીનું પુસ્તકઃ મહોબતનો પયગામ - વિનોબાની કશ્મીરયાત્રાઃ પ્રકાશનઃ ઓક્ટોબર, ૨૦૨૧; યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર હુજરાતપાગા, વડોદરા– ૩૯૦૦૦૧)

## ૦૪. મહાત્મા ગાંધીની લડત અહિંસક હતી તેથી...

ગુણવંત શાહ

દસ-પંદર વર્ષ પહેલાંની વાત છે. અમેરિકાના પ્રતિષ્ઠિત અખબાર 'વોશિંગ્ટન પોસ્ટ'માં કોઈ ગાંધીભક્તનો લેખ પ્રગટ થયેલો અને મારા વાંચવામાં આવેલો. મારી કોલમમાં એ લેખના ઉલ્લેખ સાથે મેં એક લેખમાં સાર આપીને એના લેખની પ્રશંસા પણ કરી હતી. બધી ફાઇલો ફેંદી વળ્યો તોય મારું લખાણ ન મળ્યું તે ન જ મળ્યું! કેવળ યાદદાસ્તને આધારે એ અભ્યાસપૂર્ણ લેખની મુખ્ય વાત અહીં પ્રસ્તુત છે. સાંભળોઃ

(૧) લડત વળી અહિંસક હોઈ શકે? જ્યાં લડત હોય ત્યાં હિંસા હોવાની જ! ગાંધીએ હેન્રી ડેવિડ થોરો પાસેથી 'સવિનય કાનૂન ભંગ'નો વિચાર અપનાવ્યો અને પોતાની બધી લડતોને અહિંસા સાથે જોડી, તેમાં ક્રાંતિનું તત્ત્વ હતું. સત્યાગ્રહો ગાંધીએ ઘણા કર્યા, પરંતુ એ સત્યાગ્રહોમાં અહિંસાને જ કેન્દ્રમાં રાખી હતી.

(૨) જગતની બધી લડતોમાં હિંસા કેન્દ્રમાં હતી, ત્યાં મહાત્માએ પોતાની લડતોમાં અહિંસાના તત્ત્વને કેન્દ્રમાં મૂકી આપ્યું તે વાત મૌલિક હતી અને વળી અભૂતપૂર્વ પણ હતી.

(૩) પરિણામ શું આવ્યું? જગતે ઇતિહાસમાં પ્રથમ વાર થોડાક આશ્ચર્ય સાથે જોયું અને સ્વીકાર્યું કે લડતમાં પણ અહિંસાને સ્થાન હોઈ શકે છે.

(૪) લેખમાં અહિંસક લડતોને કારણે કેટલી મોટી સંખ્યામાં મનુષ્યો મરતાં બચ્યા તેના આધારભૂત આંકડા રજૂ કરીને વિદ્વાન લેખકે સાબિત કરી આપ્યું કે લડતના કેન્દ્રમાં અહિંસા હોવાને કારણે લાખો-કરોડો મનુષ્યોની જાનહાનિ ટળી શકી, એ મહાત્મા ગાંધીની અહિંસક સંપ્રાપ્તિ ગણાય. એ સંપ્રાપ્તિ જેવી તેવી ન ગણાય. શબ્દે શબ્દે લેખકની ગાંધીભક્તિ પ્રગટ થતી હતી.

મને વિશ્વાસ છે કે મારી ફાઇલોમાંથી મને એ યાદગાર લેખનો મેં કાઢેલો સાર ક્યારેક મળી આવશે તો ફરીથી એ 'કોડિયું' માટે મોકલી આપીશ અને લેખકને ન્યાય પણ જરૂર આપી શકીશ. જૂની ફાઇલો ક્યારેક કરુણાપૂર્વક મારી ઇચ્છા પૂરી કરતી હોય છે.

માનવજાત સદીઓથી એક મોટી ભૂલ જાણી જોઈને કરતી આવી છે.

સ્તાલિને કહ્યું હતુંઃ 'એક મનુષ્ય રોગને કારણે મરે તો એ દુઃખદ ઘટના ગણાય, પરંતુ યુદ્ધમાં લાખો મનુષ્યો મરે, તો તે 'સ્ટેટિસ્ટિક્સ' કહેવાય.' ચર્ચિલ જ્યારે સ્તાલિનને મળવા ગયો ત્યારે ખુદ સ્તાલિને જ ચર્ચિલને કહ્યું હતુંઃ 'ક્રાંતિમાં એક કરોડ મનુષ્યોની હત્યા થઈ હતી. બીજો કોઈ ઉપાય ન હતો.' (લે. માર્ટિન ગિલ્બર્ટ, રોડ ટુ વિક્ટરીઃ વિન્સ્ટન ચર્ચિલ'માંથી સાભાર) સ્તાલિનના ડાઇનિંગ ટેબલ પર બેઠેલા ચર્ચિલને સ્તાલિને પોતે આ વિગત આપી હતી.

અરે! આ તો યુદ્ધ વિનાની હત્યાનો એક સ્થૂળ આંકડો થયો! પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધમાં અસંખ્ય મનુષ્યોની હત્યા થઈ એની વાતો સંવેદનશીલ હૃદયોને રડાવનારી છે. ભયંકર બાબત તો એ છે કે યુદ્ધમાં માણસો મરે તે તો હકીકત ગણાય, પરંતુ યુદ્ધમાં લાખો માણસો હણાય તેની ટ્રેજડી જ ખતમ કરી નાખે છે! યુદ્ધ હિંસાને કારણે થતી હિંસા એક આંકડો બનીને જ થીજી જાય તે જ ખરી 'ટ્રેજડી' ગણાય!

મને એક નવી બાબત સમજાય છે. અહિંસા જ્યારે આદર્શના ગોખલામાંથી બહાર નીકળીને વ્યવહારના ચોકમાં પ્રગટ થશે ત્યારે યુદ્ધ નહીં હોય. અહિંસાનું ભવિષ્ય શું? એ જ કે હિંસા અવ્યવહારુ આદર્શ મટીને શાંતિ માટેની વ્યવહારુ વ્યૂહરચના બનશે ત્યારે જ યુદ્ધ ટળશે અને માનવજાતને અહિંસાનું મહત્ત્વ સમજાશે. કદાચ એકવીસમી સદીના ઉત્તરાર્ધમાં આવું શાણપણ ઊગે એ અશક્ય નથી.

અહિંસાને વ્યવહારુ(operational) સ્તર પર અજમાવી જોવાનો પ્રારંભ થશે. આજે પરિસ્થિતિ શું છે? યુદ્ધ આપણી વાસ્તવિકતા છે અને શાંતિ આપણું સમણું છે. આ વાત પલટાઈ જાય, તો શાંતિ કેટલી વ્યવહારુ બાબત છે તે આપણને સમજાય એમ બને. ગાંધીજીએ એક મહાન ગુનો કર્યો હતો અને તે એ છે કે તેઓ થોડાક વહેલા આવી પહોંચ્યા! હવે પછીના દાયકાઓ મહાત્માની ઝંખના પૂરી કરનારા ગણાય તો આશ્ચર્ય ન થવું જોઈએ. મનુષ્યનો જન્મ રીંગણાં-બટાટાની માફક કપાઈ મરવા માટે થોડો થયો છે? જીવનથી અધિક મૂલ્યવાન એવી અન્ય કઈ બાબત હોઈ શકે? ગાંધીજી જો આવો સવાલ કોઈ શાણા મનુષ્યને પૂછી બેસે તો જવાબ આપવામાં ભોંય ભારે પડી જાય એમ ન બને? હા, એમ જ બનવાનું છે, પરંતુ એ નિહાળવા માટે લાંબું જીવવું પડે! મારું આયખું પૂરું થવા આવ્યું છે, બાકી માનવજાતની માનસિકતાનો ઉપકારક યૂટર્ન મને ઝાંખા અજવાળામાં સ્પષ્ટ દેખાઈ રહ્યો છે એ નક્કી!

એક બૉમ્બ બરાબર કેટલાં ડૂસકાં? એક ડૂસકું બરાબર કેટલાં મિલિલિટર આંસુ? અરે! એક બૉમ્બ બરાબર કેટલી યુદ્ધ વિધવાઓ? કેટલાં અનાથ બાળકો? કેટલાં ઘાયલ મનુષ્યો? દુનિયામાં આજે પણ ક્યાંક ને ક્યાંક યુદ્ધ ચાલતું જ હોય છે. થોડાક દિવસો પર યુક્રેન અને અઝરબૈજાન જેવા બે નાના દેશો વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું. તેમાં થોડા જ દિવસો પછી કામચલાઉ સંધિ(truce) થઈ, પરંતુ તે તૂટી પડી અને યુદ્ધ ફરીથી શરૂ થઈ ગયું! એ બે દિવસો દરમ્યાન કેટલા પરિવારોને રાહત મળી? કેટલાં બાળકો બચી ગયાં? કેટલી માતાઓનાં ડૂસકાં માંડ શાંત પડ્યાં? શું આવી હંગામી રાહત પણ ઓછી મૂલ્યવાન ગણાય? તમારા ઘર પર બૉમ્બ પડે તેવી કલ્પના તો કરી જુઓ! થથરી ઊઠશો. પોતાની નજર સામે પત્ની, સંતાનો, માતાપિતાને એક જ ક્ષણમાં ખતમ થતાં જોવાં એમાં કયું વ્યવહારુપણું અને કયું શાણપણ? '*યુદ્ધસ્ય કથા રમ્યા*' જેવું અત્યંત બીભત્સ અને મૂર્ખતાથી છલોછલ એવું વિધાન મને હજી જડતું નથી. યુદ્ધની કથા રમ્ય ત્યારે જ લાગે, જ્યારે તમે દૂરદૂર તમારા ડાઇનિંગ ટેબલ પર બેસીને ચાના કપમાં બ્રેડ ઝબોળીને નિરાંતે ચાની મજા માણી રહ્યાં હો! મહાભારતના યુદ્ધમાં શકુનિની હત્યા સહદેવ દ્વારા થઈ હતી. શકુનિ બધી રીતે નાલાયક હતો, પરંતુ જીવનની છેલ્લી ક્ષણે એને પણ યુદ્ધની નિરર્થકતાનો અણસાર જરૂર આવી ગયો હશે. મરણ પામનારા મનુષ્યની જુબાની નથી લઈ શકાતી, બાકી...! જો હત્યા વાજબી હોય, તો હિટલરની પૂજા થતી હોત અને નરકાસુર, બકાસુર અને શકટાસુરની આરતી ઊતરતી હોત! આ સંદર્ભે ગાંધીજીના શબ્દો યાદ કરવા જેવા છેઃ

જ્યારે નિરાશામાં ડૂબી જાઓ
ત્યારે યાદ રાખજો કેઃ
સમગ્ર ઇતિહાસમાં સત્ય અને પ્રેમનો જ
વિજય થયો છે.
જુલ્મ કરનારાઓ થોડાક સમય માટે
અપરાજેય જણાયા છે ખરા,
પરંતુ છેવટે તો તેઓ હંમેશાં પડ્યા જ છે.
આ વાત પર કાયમ વિચારતાં રહેવું.

ખુશવંત સિંગના પુસ્તક, 'The Khushwantsing Treasury'(પેંગ્વિન) પુસ્તકમાં પણ આ અવતરણ અંગ્રેજીમાં લેવાયું છે એટેન્બરોની યાદગાર ફિલ્મ 'ગાંધી'માં પણ ઉપવાસ પર ઉતરેલા મહાત્માએ નબળા પડી ગયેલા અવાજમાં આ જ શબ્દો પથારી પાસે ઊભેલાં મીરાંબહેનને કહ્યા છે.

જો હિંસા વ્યવહારુ હોય તો, હિટલર, સ્તાલિન, મુસોલિની જેવા દમનકારી લોકોની પૂજા થતી હોત. આ બધા નેતાઓ હિરણ્યકશ્યપ, બકાસુર, નરકાસુર, અઘાસુર અને શકટાસુર જેવા અસુરોના વંશજો ગણાય. દુનિયા રામને યાદ કરે છે, રાવણને શા માટે કરે? કંસને અને શિશુપાલને યાદ શા માટે કરે? હિટલરે દસેક લાખ યહુદીઓને ગૅસ ચૅમ્બરમાં ગુંગળાવીને મોતને ઘાટ ઉતાર્યા હતા. એ હિટલરના જીવનના આખરી કલાકોનું વર્ણન મેં વિગતે વાંચ્યું છે. હિટલરે આત્મહત્યા કરી તે પહેલાં પોતાની પ્રિયતમા સાથે ઝટપટ લગ્ન કર્યાં હતાં. એ બંકર, મેં પૂર્વ બર્લિન ગયો

ત્યારે બહારથી જોયું હતું. મોટા રાક્ષસની કેવી અવદશા? સ્તાલિનની પત્નીએ આપઘાત કર્યો હતો. કારણ શું? સ્તાલિનની દીકરી સ્વેતલાનાએ પોતાના પુસ્તક, 'Twenty Letters to a Friend'માં વિગતે આ વાત કરી છે. એ પુસ્તકનો અનુવાદ સુભદ્રાબહેન ગાંધીએ ગુજરાતીમાં કર્યો છે. સ્તાલિને પત્ની પર એક પાર્ટીમાં શરાબ પીવા માટે દબાણ કર્યું હતું. બીજે દિવસે સવારે શ્રીમતી સ્તાલિનનો મૃતદેહ જોવા મળ્યો હતો. પાછળથી રશિયન સરકારે સ્તાલિનની કબર પણ ઠેકાણે રહેવા દીધી ન હતી!

હિરોશિમા પર અણુબૉમ્બ પડ્યો ત્યારે બે-ત્રણ સેકન્ડમાં જ આખું શહેર રાખોડી બની ગયું. એ ઘટનાની પચાસમી પુણ્યતિથિએ ત્યાંના પીસ પાર્કમાં પ્રાર્થનાનું આયોજન થયું તેમાં દુનિયાના બધા દેશોમાંથી કેળવણીકારો અને વિચારકો આવ્યા હતા. જે સ્થાને અણુબૉમ્બ પૃથ્વીને અડ્યો હતો તેને 'એપિસેન્ટર' કહેવામાં આવે છે. એ એપિસેન્ટરની સમીપે અમે પ્રાર્થના કરી હતી. પરિષદમાં પછીથી બૉમ્બ પડ્યો ત્યારે દાઝી ગયેલાં, માંડ બચી ગયેલાં સ્ત્રી-પુરુષો સાથે વાત કરવાની તક પણ મારા ડેલિગેશનના સોળ મિત્રોને મળી હતી. બૉમ્બ ઝિંકાયો તે ક્ષણે બૉમ્બ બનાવનારી એક ટીમમાં કામ કરનારા એક અણુવિજ્ઞાનીએ શબ્દો ઉદ્‌ગાર્યા હતાઃ 'આજથી આપણે સૌ કૂતરીના પેટના કહેવાઈશું!' ઓપનહાઈમર જેવો અણુવિજ્ઞાની ગીતાભક્ત હતો. બૉમ્બ પડ્યો ત્યારે જે સર્વનાશ થયો તેથી એણે ગીતાનો શ્લોક ઉચ્ચારીને કૃષ્ણના શબ્દો ઉદ્ગાર્યાઃ

कालोपस्मि लोकक्षयकृत्रवृद्धो
लोकान्समाहर्तुमिह प्रवृत्तः
(ગીતાઃ અધ્યાય ૧૧, શ્લોક- ૩૨)

બીજા વિશ્વયુદ્ધનો અંત આવો કરુણ હતો. આજે પણ જાપાનમાં પીસ પાર્કના પ્રવેશદ્વારે એક વિશાળ ટેબલ પર બે ફોટાઓ જોવા મળે છે :

(૧) અણુબૉમ્બ ઝિંકાયો તેની આગલી ક્ષણે હિરોશિમા કેવું દેખાતું હતું?

(૨) અણુબૉબ ઝિંકાયો તેની પ્રથમ ક્ષણે હિરોશિમા કેવું બની ગયું?

આ બે ફોટાઓ વચ્ચેની અડધી જ ક્ષણમાં હિંસા અને અહિંસા વચ્ચે જે સર્વનાશ થયો તેમાં એક પ્રશ્ન બળી મૂઓ! કોણ કહે છે કે અહિંસા આદર્શ છે અને વ્યવહારુ નથી? કોણ કહે છે કે હિંસા અનિવાર્ય છે? કોણ કહે છે કે ગાંધીજીની અહિંસા નબળાની અહિંસા હતી? માર્ટિન લ્યૂથર કિંગ જુનિયરની યાદગાર રેલી વખતે મોખરે રહીને ગીતો ગવડાવનારી જહોન બાયઝ કહે છેઃ

અહિંસા એક છબરડો છે,
પરંતુ
હિંસા તો વળી એથીય મોટો છબરડો છે!

(પદ્મશ્રી-સાહિત્યરત્ન-ગુજરાતનો ગુણવંતી ટહુકો શ્રી ગુણવંત શાહ ગુજરાતી સાહિત્યના શીર્ષસ્થ ચિંતક અને સર્જક છે. તેઓશ્રી વિનોબાજી સાથે પદયાત્રા પણ કરવાનું ભાગ્ય ધરાવે છે.

ટહુકો, ૧૩૨ - વિનાયક સોસાયટી, જે.પી.રોડ વડોદરા)

'આ શું થયું?આ કોઈ આકસ્મિક ઘટના છે કે તેની પાછળ કોઈક સંકેત છે? આવી રીતે મા જમીન મળશે?'

'તને પરમ શક્તિમાં વિશ્વાસ છે કે? જેણે બાળકના પેટમાં ભૂખ રાખી છે, તેણે માતાના સ્તનમાં દૂધ પણ રાખ્યું છે. એ અધૂરી યોજના નથી કરતો. શ્રદ્ધા રાખ અને ભાગતો જા.'

'આવી રીતે હિંદુસ્તાનમાં બધા ભૂમિહીનોને જમીન અપાવવી હોય તો જમીન જોઈએ પાંચ કરોડ એકર! આવડું મોટું કામ ઉપાડવાની શક્તિ મારામાં છે શું?'

'આમાં ડરીશ કે શંકા રાખીશ, તો તારો અહિંસા ઉપર જે વિશ્વાસ છે, તે તારે છોડવો પડશે. આ જે ઈશારો તને મળ્યો છે, તે પકડી લેવાની તારી તૈયારી ન હોય, તો અહિંસામાંનો તારો વિશ્વાસ તારે છોડી દેવો જોઈએ.'

## ૦૫. સર્વોદયનું અધ્યાત્મ

ભાણદેવજી

અધ્યાત્મ એટલે શું ?

માનવીની શોધનાં આઠ કેન્દ્રો છે-

(૧) શાંતિ (૨) શક્તિ (૩) જ્ઞાન (૪) આનંદ (૫) પ્રેમ (૬) સૌંદર્ય (૭) સ્વતંત્રતા (૮) અમરત્વ.

માનવીની સમગ્રવૃત્તિઓ અને પ્રવૃત્તિઓનું પ્રેરકબળ આ આઠમાંના જ કોઈકની શોધ હોય છે. સભાનપણે કે અભાનપણે પરંતુ માનવીની સમગ્ર શોધના પ્રેરકબળ તરીકે આ આઠ તત્ત્વો હોય છે.

એવું કયું તત્ત્વ છે, જ્યાં આ આઠેય તત્ત્વો કેન્દ્રિત થયા છે? એવું કયું તત્ત્વ છે, જેને પામવાથી આ આઠેય તત્ત્વોની પ્રાપ્તિ આપોઆપ થઈ જાય છે! આ સર્વ તત્ત્વોનું કેન્દ્રસ્થ અને સર્વ કેન્દ્રોનું કેન્દ્ર છે-આત્મા.

સચ્ચિદાનંદ આત્મા જ વ્યક્તિનું મૂળ સ્વરૂપ છે. સચ્ચિદાનંદ આત્માની પ્રાપ્તિમાં તેની બધી ખોજની પરિપૂર્ણતા છે. તેની પ્રાપ્તિ માનવીને પરમ શાંતિ, પૂરણ શક્તિ, ચરમ સૌંદર્ય, વિશુદ્ધ આનંદ, સંપૂર્ણ જ્ઞાન, સર્વોચ્ચ પ્રેમ, યથાર્થ સ્વતંત્રતા અને અમરત્વ પ્રદાન કરે છે.

સચ્ચિદાનંદની પ્રાપ્તિનો જે પથ છે, તે અધ્યાત્મ પથ છે. અધ્યાત્મ=અધિ+આત્મ. અધિ એટલે ની તરફ. તેની વિદ્યા, તે અધ્યાત્મવિદ્યા છે.

સર્વોદય એટલે શું?

ગાંધીજી, વિનોબાજી અને તેમના અનેક સાથીઓ દ્વારા ભારતમાં સર્વે લોકોના કલ્યાણ માટે, સર્વના ઉદય માટે એક ખૂબ વ્યાપક અને વિશાળ ચક્રપ્રવર્તનનો પ્રારંભ થયો છે. આ ચક્રપ્રવર્તનનાં પ્રધાન લક્ષણો આ પ્રમાણે છે.

(૧) સર્વ જનો માટે છે. (૨) જીવનનાં સર્વ પાસાંઓને આવરી લે છે. (૩) સત્ય, અહિંસા આદિ મહાવ્રતોનો આધાર છે. (૪) સર્વનો સર્વ રીતે વિકાસ, ઉદય હેતુ છે. (૫) નાત, જાત, ધર્મ, સ્ત્રી-પુરુષ આદિ ભેદભાવને સ્થાન નથી. (૬) આ ચક્રપ્રવર્તનના કેન્દ્રમાં ધર્મ અધ્યાત્મ છે,

આ ચક્રપ્રવર્તન તે જ છે - સર્વોદય.

સ્વામી વિવેકાનંદજીએ અમેરિકા અને યુરોપના દેશોમાં ધર્મ, અધ્યાત્મ અને ભારતીય સંસ્કૃતિનો અનેરો ઝંડો ફરકાવ્યો. ભારતમાં પણ સેવાના અનેક માર્ગો પ્રસ્થાપિત કર્યા. રામકૃષ્ણમિશન અને રામકૃષ્ણમઠ દ્વારા આ કાર્યો અદ્યાપિ પર્યંત સુચારરૂપે ચાલી રહ્યાં છે.

એકવાર સ્વામી વિવેકાનંદજીને કોઈએ કહ્યું-

"સ્વામીજી! આપે માનવસેવાનું એક મહાન અનેરું કાર્ય સિદ્ધ કર્યું છે!"

સ્વામીજી એ તુરત જ ઉત્તર આપ્યોઃ "મેં માનવીની સેવા નથી કરી."

"તો?"

"મેં માનવીમાં બેઠેલા નારાયણની સેવા કરી છે! હું સંન્યાસી છું અને સંન્યાસીઓની દૃષ્ટિ સંસાર તરફ નહીં. પરંતુ નારાયણ તરફ હોય છે. અમે માનવીમાં નારાયણના દર્શન કરીને, તેમાં બેઠેલા નારાયણની સેવા કરીએ છીએ!"

આ છે - સર્વોદયનું અધ્યાત્મ!

આપણે અસ્તિત્વમાં બે ભાગ જોઈએ છીએ - લૌકિક અને અલૌકિક! જેને આપણે લૌકિક ગણીએ છીએ તે શું છે તે ક્યાંથી આવે છે? આ લૌકિક પણ અલૌકિકમાંથી આવે છે. આ લૌકિક પણ અલૌકિકનું એક સ્વરૂપ છે. આ લૌકિક પણ અલૌકિકની એક અભિવ્યક્તિ છે. લૌકિકમાં અલૌકિકના દર્શન અને લૌકિકના માધ્યમ દ્વારા અલૌકિકની સેવા!

આ છે - સર્વોદયનું અધ્યાત્મ!

વર્તમાનકાળમાં સર્વોદય સમાજ, સર્વોદય વિચારધારા અને સર્વોદયનાં કાર્યોના જનક કોણ છે? ગાંધીજી અને વિનોબાજી! તેમના અંતર જીવનને જુઓ! તેમનું અંતરજીવન અધ્યાત્મથી લબાલબ ભરેલું છે.

ગાંધી વિનોબાના અંતર જીવનમાં જે અધ્યાત્મ તત્ત્વ છે, તેમાંથી પ્રગટ થયું છે - સર્વોદય!

સર્વનો ઉદય એટલે કોનો ઉદય? માનવ, પશુ, પંખી, વનસ્પતિ, જીવજંતુ આ સર્વનો ઉદય, એ જ છે સર્વોદય! આ સર્વમાં સમાન તત્ત્વ કયું છે? સમાન તત્ત્વ છે - આત્મા, ચૈતન્ય! આ સર્વની સેવા તે સર્વમાં બિરાજમાન ચૈતન્યની સેવા છે. આ છે - સર્વોદયનું અધ્યાત્મ.

વિનોબાજી પવનારમાં રહેતા, ત્યારની ઘટના છે. વિનોબાજી આજુબાજુનાં ગામડાંઓમાં સેવા અર્થે જતા હતા. આ નિત્યક્રમ પ્રમાણે વિનોબાજી એક ગામ જવા નીકળ્યા. ચોમાસાના દિવસો હતા. ખૂબ વર્ષા થઈ. વચ્ચે એક પાણીનું વહેણ આવે છે. વરસાદને કારણે આ વહેણમાં પાણી ખૂબ વધારે હતું. ગામ સામે કિનારે હતું. વહેણ પાર કરીને જઈ શકાય એમ નહોતું. વહેણના આ કિનારે ઊભા રહીને હાથ જોડીને વિનોબાજી કહે છે - ગ્રામજનોને ઉદ્દેશીને!

**તેની પ્રાપ્તિ માનવીને પરમ શાંતિ, પૂરણ શક્તિ, ચરમ સૌંદર્ય, વિશુદ્ધ આનંદ, સંપૂર્ણ જ્ઞાન, સર્વોચ્ચ પ્રેમ, યથાર્થ સ્વતંત્રતા અને અમરત્વ પ્રદાન કરે છે.**

'ક્ષમા કરજો! આજે તમારો ભક્ત તમારી સેવા માટે આવી શકે તેમ નથી!"

આ છે - સર્વોદયનું અધ્યાત્મ!

સર્વોદયની વિચારધારા તે કોઈ આર્થિક વિચારધારા જ નથી. સર્વોદયની વિચારધારા તે કોઈ રાજકીય વિચારધારા પણ નથી. સર્વોદયની વિચારધારા કોઈ સામાજિક વિચારધારા નથી. તો સર્વોદય વિચારધારા શું છે? સર્વોદય અધ્યાત્મકેન્દ્રી જીવન વિચારધારા છે!

આ છે - સર્વોદયનું અધ્યાત્મ!

ગાંધીજીના પ્રિય ભજનની પહેલી પંક્તિ આ પ્રમાણે છેઃ

વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે..

અહીં માત્ર પરાઈ પીડ જાણવાની જ વાત નથી. અહીં એ પણ વાત છે કે આ પરાઈ પીડને દૂર કરવામાં તેમની સહાય કરવામાં આવે!

આ છે - સર્વોદયનું અધ્યાત્મ!

આ જ ભજનમાં નરસિંહ મહેતા લખે છે -

"સકળ લોકમાં સહુને વંદે" અને

'રામનામશું તાળી લાગી"

અને મહાત્માજીએ "રામ" નામનો જપ કદી છોડ્યો નહીં. અરે! મહાત્માજીના અંતિમ શબ્દ શું છે? "હે રામ!"

આ સર્વોદયનું અધ્યાત્મ છે!

ભગવાન શ્રી કૃષ્ણ શ્રીમદ્ ભાગવતગીતામાં કહે છે -

अहमात्मा गुडाकेश सर्वमुताशयस्थितः ।

अहमादिस्व मध्य च भूतानामन्त एव च ॥

श्रीमद भागवतगीता, ३०-२०

"હે નિદ્રાને જીતનાર અર્જુન! હું સઘળા ભૂતોના હૃદયમાં રહેલો સૌનો આત્મા છું તથા સર્વ ભૂતોનો આદિ, મધ્ય અને અંત પણ હું જ છું."

આમ સર્વભૂતોનાં હૃદયમાં બેઠેલો આત્મા પરમાત્માનો અંશ છે. તદનુસાર સર્વભૂતોની સેવા પરમાત્માની જ સેવા છે.

આ છે - સર્વોદયનું અધ્યાત્મ!

હવે વર્તમાન પરિસ્થિતિમાં આપણી સમક્ષ એક પ્રશ્ન છે -

સર્વોદયમાંથી અધ્યાત્મની બાદબાકી થઈ જશે તો? તો સર્વોદય નહીં રહે?

સર્વોદય બીજું કાંઈક બની જશે! સાવધાન!

સર્વોદય એટલે માત્ર ખાદી નહીં,

સર્વોદય એટલે માત્ર ગોપાલન નહીં,

સર્વોદય એટલે માત્ર પ્રાકૃતિક ચિકિત્સા નહીં,

સર્વોદય એટલે માત્ર વ્રતપાલન નહીં,

સર્વોદય એટલે માત્ર નઈ તાલીમ નહીં,

સર્વોદય એટલે માત્ર અંત્યોદય નહીં,

સર્વોદય એટલે માત્ર સ્ત્રીશક્તિકરણ નહીં,

સર્વોદય એટલે આ બધું જ ને તેના પાયામાં અધ્યાત્મ!

(વેદ અને વેદાંતના સાધક, શ્રી માના ઉપાસક અને હિન્દુ શાસ્ત્રોના પરમ વિચારક શ્રી ભાણદેવજી પોતાના ગમતીલા ખૂણામાં પ્રકૃતિની પ્રાર્થના કરી રહ્યા છે.

આનંદનિકેતન આશ્રમ - જોધપર નદી, મચ્છુ ડેમ પાસે, મોરબી)

## ૦૬. જ્યાં પરાયાપણું ત્યાં ડર

### દાદા ધર્માધિકારી

આચાર્ય દાદા ધર્માધિકારી એ અનેક શાસ્ત્રોના વિદ્વાન વ્યાખ્યાતા છે. તેઓની વિનોદભરેલી અને ઉદાહરણસભર શૈલી કોઈપણ વિષયને અતિ સ્પષ્ટ કરી આપે છે. સર્વોદયના કોઈપણ મુદ્દા એમાં છૂટતા નથી. સૌનો ઉદય એ એમની વાણીમાં હંમેશા જોવા મળે છે. તેઓ સત્ય અને અહિંસા, અસ્તેય અને અપરિગ્રહ, બ્રહ્મચર્ય અને અસ્વાદ સર્વધર્મસમન્વય અને શ્રમની પ્રતિષ્ઠા કરનારા વ્યાખ્યાતા અને લેખક છે.

बृहदारण्यक ઉપનિષદમાં વર્ણન આવે છે કે આત્મા પહેલાં એકલો હતો. एकाकी न रमते એકલાપણામાં એનો જીવ લાગતો ન હતો. જેલમાં અમને જ્યારે ડરાવવાના અને ધમકાવવાના હોય ત્યારે સુપરિન્ટેન્ડેન્ટ કહેતા હતા કે એકાંત કોટડીમાં તન્હાઈમાં તમને મોકલી દેવામાં આવશે. તમને એકલા રાખવામાં આવશે જ્યાં કોઈની સાથે મળવાનું શક્ય નહીં બને. આ વાત સાંભળીને બહુ ડર લાગતો હતો કે એકલા રહીશું તો શું કરીશું? એનો અર્થ એવો થયો કે પોતાની સાથે રહેશું, જાત સાથે રહેશું તો શું થશે? મનુષ્યને સૌથી મોટો ડર હોય તો એ છે કે હું મારી પોતાની સાથે રહીશ તો હું કેવી રીતે જીવીશ? સંગતિની ઇચ્છા, તેની બહુ મોટી આકાંક્ષા છે.

एकाकी न रमते એકલા એકલા બરાબર તબિયત લગતી નથી, બીજાની જરૂર પડે છે. જ્યાં સુધી બીજો નથી ત્યાં સુધી આપણને ચેન પડતું નથી. કદાચ આને મનુષ્યની સામાજિકતા પણ કહે છે. ઉપનિષદોએ પોતાની ભાષામાં લખ્યું, સમાજશાસ્ત્રીઓએ પોતાની ભાષામાં લખ્યું; પણ આ સ્વભાવ છે કે મનુષ્યને એકલા હોય ત્યારે સારું નથી લાગતું અને એને સતત બીજાની જરૂર હોય છે, અન્યના સાન્નિધ્યની અને બીજા સાથે સંગતિની આકાંક્ષામાં મનુષ્યનું ચારિત્ર્ય, મનુષ્યની સભ્યતા અને મનુષ્યની સામાજિકતાનો આરંભ થાય છે.

બીજું એક વાક્ય बृहदारण्यक ઉપનિષદમાં છે. વાક્ય આ રીતે શરૂ થાય છે કે, આત્મા પહેલાં એકલો હતો હવે એને શું ડર છે! હું એકલો તો છું જ ને, કોઈ બીજું અહીંયા નથી ને! કેમ द्वितीयाद् वयं भयं भवति. બીજો છે તો મને ડર લાગે છે. કોઈ છોકરાને કહો કે અંધારામાં એકલો જા તો તે કહેશે એકલો નહીં જાઉં. કેમ? : તો પૂછે છે ત્યાં કોઈ બીજું હશે? એમને ડર લાગે છે કે ત્યાં કોઈ બીજો હશે. પહેલાં તો તબિયત લાગતી ન હતી કે કોઈ બીજો નહીં હોય અને હું એકલો હોઈશ. પરંતુ હવે ડર છે કે ત્યાં બીજો કોઈ નહીં હોય. બંને તરફની પ્રવૃત્તિ અહીં જોવા મળે છે. પહેલાં આકાંક્ષા હતી કે બીજો હશે, બીજી એ છે કે ક્યાંક કોઈ બીજો હશે તો શું થશે? આજની આંતરરાષ્ટ્રીય સમસ્યા બીજા સ્વરૂપની છે. એનું વર્ણન આપણે ત્યાંના દાર્શનિક અને રાષ્ટ્રના ઉપાધ્યક્ષ ડો. રાધાકૃષ્ણને કર્યું છે. તેમણે કહ્યું છે કે આજનો જમાનો હથિયારબંધ કાયરતાનો છે. કાયરતાના હાથમાં હથિયાર છે. ભીરુતા નખશિખાંત હથિયારોથી લાદી દેવામાં આવી છે.

બીજી ચીજ છે द्वितीयाद् वयं भयं भवति બંને જગ્યાએ અલગ અલગ વ્યક્તિ હોય એવું જરૂરી નથી. આજે હું કહું છું કે નારાયણ દેસાઈ નથી. એમની તબિયત બરાબર નથી. કાલે નારાયણ દેસાઈની સાથે મારો ઝઘડો થઈ જાય તો નારાયણ દેસાઈ છે એનો મને ડર લાગવા માંડશે. નારાયણ દેસાઈ તો એ જ છે પરંતુ એની તરફ મારો જે રૂખ હતો તે હવે બદલાઈ ગયો છે. ઉપનિષદના ઋષિએ એ સંકેત આપ્યો છે કે પરાયાપણાની ભાવના જ્યાં હોય છે ત્યાં ડર પેદા થાય છે. જ્યાં અલગતાની ભાવના નથી હોતી જ્યાં બીજો આપણો છે એવું લાગે છે ત્યાં જીવન દ્વિગુણિત થઈ જાય છે, સંપન્ન થઈ જાય છે અને જ્યાં બીજો આપણો નથી અથવા બીજો

બીજો છે, અલગતા અથવા બીજાપણાની ભાવના જ્યાં છે, ત્યાં એ બીજો આપણા દુઃખનું કારણ બને છે અને જીવન વિપન્ન થઈ જાય છે. જ્યાં મનુષ્યમાં અલગાવની ભાવના ઓછી થતી જશે અથવા બિલકુલ નહીં હોય ત્યાં જીવન સંપન્ન હશે. અને જ્યાં બીજાપણાની ભાવના વધુ હશે, તીવ્ર હશે ત્યાં જીવન વિપન્ન બનતું જશે.

સર્વોદય શબ્દ ભલે નવો હોય પણ તેનો અર્થ સૌનું જીવન સાથે સાથે સંપન્ન બને એટલો જ છે. જીવનનો અર્થ છે વિકાસ, અભ્યુદય અથવા ઉન્નતિ. સૌનો સાથે વિકાસ એટલે સર્વોદય. પરંતુ જૂના જમાનામાં અભ્યુદય શબ્દનો પ્રયોગ ઐહિક વૈભવના અર્થમાં સીમિત રહેતો હતો તેથી ગાંધીજીએ કેવળ ઉદય શબ્દનો પ્રયોગ કર્યો. એકી સાથે સમાનરૂપથી સૌનો ઉદય હોય એ સર્વોદયનો ઉદ્દેશ્ય છે. સૌ જીવે અને એકબીજા સાથે સાથે મળીને જીવે. શાસ્ત્રીય પરિભાષામાં જીવનનો વિકાસ અને જીવનનો વધુથી વધુ વિસ્તાર હોવો જોઈએ. આપણે જીવનને પરમમૂલ્ય માન્યું છે, એમાં કોઈ ઝઘડો નથી. પ્રત્યેક વાદ અનુસાર આ પરમમૂલ્ય હોઈ શકે. દુનિયામાં જીવનનો વિકાસ અને વિસ્તાર કરવાનો છે. આ વિષયમાં કોઈ આસ્તિક કે નાસ્તિક, અર્થવાદી કે ભૌતિકવિજ્ઞાનવાદી કે રાજનીતિજ્ઞ કોઈને પણ કશી આપત્તિ નથી.

આપણે ઇચ્છીએ છીએ કે સૌનું જીવન સંપન્ન હોય-સો ટકા જીવન સંપન્ન હોય. અહીં આજ સુધી સિદ્ધાંતવાદીઓ અને વિચારકોમાં મૂળભૂત અંતર રહ્યું છે. બીજા સિદ્ધાંતવાદી કહે છે કે થવું તો એમ જ જોઈએ કે સો ટકા ભલાઈ હોય પરંતુ આ વ્યવહારુ નથી તેથી તમારો સર્વોદય ઇચ્છા અથવા આકાંક્ષા હોઈ શકે પરંતુ તેનો વ્યવહારમાં વિનિયોગ કરવો અસંભવ છે. પરંતુ અમે એવો દાવો કરીએ છીએ કે સર્વોદય જીવનના એક કેવળ દર્શન કે વૃત્તિ નથી એ વ્યવહારની નીતિ પણ છે. એ દર્શન છે, મનોવૃત્તિ છે અને વ્યવહારની નીતિ પણ છે. તેથી જો આ આક્ષેપ કરવામાં આવે કે સૌ સમાનરૂપે સુખી થાય, સંપન્ન થાય એ અસંભવ છે તો એમનો વિચાર ગંભીરતાપૂર્વક કરવો જોઈએ. મનુષ્યના આદર્શ કે સંકલ્પમાં સૌનો સમાવેશ હોવો જોઈએ. સંકલ્પ આંશિક અથવા નાનો ન હોય સમગ્ર હોય. સૌનું ભલું થાય સૌનું કલ્યાણ થાય સોમાંથી ૯૯ કે ૯૮નો નહીં પરંતુ सर्वेपि सुखिनोसन्तु આ સંકલ્પ હોવો જોઈએ એને આદર્શ કહે છે. મનુષ્યનો આદર્શ એની પહોંચમાં હોય છે એની પકડમાં નહીં. તેથી પ્રગતિ ઉપર તેની અસર થાય છે.

પ્રગતિ શું છે? કેવળ ગતિ એ પ્રગતિ નહીં, વિશિષ્ટ દિશામાં કદમ માંડવા અને પોતાના મુકામ તરફ ડગલાં આગળ વધારવા એ પ્રગતિ છે. જવું હોય સ્ટેશન તરફ અને તો ડગલાં જેલ તરફ આગળ વધે તો એને પ્રગતિ ન કહેવાય. વ્યવહારના આદર્શની તરફ આગળ વધવું તે પ્રગતિ છે. આદર્શની વિરુદ્ધ ગતિ હોય છે તો એને પ્રતિગતિ કહેવામાં આવે છે. પ્રગતિશીલ અને પ્રતિગામી શબ્દ વારંવાર બોલાય છે તેથી પ્રગતિશીલ અને પ્રતિગામીનો અર્થ પણ સમજી લેવો જોઈએ. પ્રગતિશીલની ઓળખાણ શું? જવાબ મળે છે કે અમારી ચોપડીમાં જે લખ્યું છે એમને જે અનુકૂળ છે તો પ્રગતિશીલ અને જો પ્રતિકૂળ છે તો તે પ્રતિગામી. જે મારું છે તે ધર્મવિચાર અને જે અન્યનું છે એ પાખંડ. ભાષાથી અસંમત યુષ્મત પ્રત્યય કાઢી નાખવો જોઈએ. મેં આ શબ્દ શંકરાચાર્યના ભાષ્યમાંથી લીધો છે. તેમણે લખ્યું છે કે અસંમત યુષ્મત પ્રત્યય જ પરમાર્થ ભાવમાં બાધા ઊભી કરે છે.

આદર્શ શું છે? એ જ કે દુઃખી કોઈ ન હોય સૌ સુખી હોય. આ પ્રાપ્ય નથી અસાધ્ય પણ નથી, પણ પ્રયત્ન સાધ્ય છે. પ્રયત્ન સાધ્ય છે, કારણ કે આચરણની આવશ્યકતા છે એવો પ્રયત્ન જ સદાચાર છે. સ્વર્ગ-નર્ક, પુણ્ય-પાપની કલ્પના છોડીને વિચાર કરીએ. મનુષ્ય માત્રનું સુખી થવું એ આપણો સંકલ્પ છે. એમની તરફ જે લઈ જાય છે તે સદાચાર છે અને એનાથી વિરુદ્ધ જે લઈ જાય છે તે દુરાચાર અથવા તો અનાચાર છે.

ડાર્વિને કહ્યું કેઃ જીવવા માટે થઈને જે સૌથી વધુ યોગ્ય હશે તે જ જીવશે. એવું સમજાવવામાં આવે છે કે સૌથી યોગ્યનો અર્થ એવો કે જે સૌથી તાકાતવાન હશે. આને

મત્સ્યન્યાય કહે છે, જેમાં મોટી માછલી નાની માછલીને ખાઈ જાય છે. પરંતુ વસ્તુસ્થિતિ અને સિદ્ધાંતમાં ફરક હોય છે. વસ્તુસ્થિતિ જીવનના સિદ્ધાંત નથી બની શકતી. વસ્તુસ્થિતિની સિદ્ધાંતની દિશામાં પ્રગતિ જ સંસ્કૃતિ છે. પ્રાણીઓમાં એકવાર મનુષ્ય ઉપર અનુકંપા પ્રગટ કરવા માટે એક સભા યોજાઈ. વાઘે કહ્યું: એ બિચારા પાસે નથી નાક, નથી નખ, નથી તો દાંત. ભગવાને એને કેટલો બિચારો હથિયાર વગરનો બનાવ્યો છે. પક્ષીએ કહ્યું એની પાસે ચાંચ પણ નથી અને પાંખ પણ નથી અને ઊડી પણ શકતો નથી. હરણે કહ્યું મારાં જેવાં સુંદર શીંગડાં પણ એની પાસે ક્યાં છે! નથી તેજ દોડી શકે તેવા પગ! મનુષ્યને ભગવાને આવો કેમ બનાવ્યો?

ભગવાને બીજા પ્રાણીઓને બનાવવામાં પોતાની કલાનો પરિચય આપ્યો છે, પરંતુ મનુષ્યને બનાવવામાં તેણે બિલકુલ લાપરવાહી વર્તી છે. મનુષ્ય કોઈ પણ નૈસર્ગિક સાધન સંપન્ન નથી. છતાં પણ મનુષ્ય હાથી પર સવારી કરે છે. હાથી મનુષ્ય ઉપર સવારી કરતો નથી. હાથી ઉપર મનુષ્ય ચડે છે તો પછી આપ તો કહો છો કે આ સ્વાભાવિક છે, બરાબર જ થઈ રહ્યું છે. જો તેનાથી ઉલટું થાય તો લોકો એને દુર્ઘટના કહે છે, પહેલી વાત સ્વાભાવિક છે, બીજી દુર્ઘટના. એવા સમાજમાં જો માણસ એવું કહે કે જીવવાને યોગ્ય તો તે જ છે કે જે સૌથી વધુ તાકાતવાન છે, તગડો છે તો પછી એને બુદ્ધિની બલિહારી નહીં તો બીજું શું કહીશું?

વિજ્ઞાન એક ડગલું આગળ ચાલ્યું. એણે કહ્યું કે મનુષ્યથી સમાજ બને તેથી માત્ર તગડા હોવાથી કામ નહીં ચાલે. તે જ લોકો જીવે છે જે અન્યને જીવવા દે છે. આમ આપણી સમક્ષ બે સિદ્ધાંત આવ્યા. (૧) અન્યને ખાઈને જીવવું અને (૨) જીવો અને જીવવા દો. આ છે સહઅસ્તિત્વનો સિદ્ધાંત. હોસ્પિટલમાં એક સ્ત્રીને બાળક જન્મ્યું તે રડી રહ્યું હતું. મા એની તરફ પીઠ ફેરવીને સૂતી હતી નર્સે આવીને પૂછ્યું આ શું છે? તો એમણે કહ્યું મેં સમાજશાસ્ત્ર ભણ્યું છે કે જીવો અને જીવવા દો. હું ક્યાં કોઈ હસ્તક્ષેપ કરું છું? આ સિદ્ધાંત ભાવરૂપ નથી તેથી એ સમાજ ધારણાના સિદ્ધાંત ક્યારેય બની નહીં શકે.

હવે એક ત્રીજો સિદ્ધાંત આવ્યો કે તમે અન્યને જીવડાવવા માટે જીવો. હું જ્યારે બીજાને જીવન આપવા માટે જીવું છું અને બીજો મને જીવંત રાખવા માટે જીવે ત્યારે સૌનું જીવન સંપન્ન થાય છે અને જીવડાવવા માટે જીવો ચરિતાર્થ થાય છે. હકીકતમાં આ સર્વોદય છે. અન્ય લોકો જીવે એટલે તમે જીવો અહીં સામાજિકતાના શ્રીગણેશ છે. શું આ વિજ્ઞાનની વિરુદ્ધ છે? અવૈજ્ઞાનિક છે? વિજ્ઞાન શું કહે છે? જુલિયન હક્સલેએ પોતાના 'મેન ઇન ધ મોર્ડન વર્લ્ડ' નામના પુસ્તકમાં લખ્યું છે કે માત્ર મનુષ્યનો જ સમાજ એવો હોય છે કે જેમાં વૃદ્ધ નેતા બની શકે છે સિંહ, ભેંસ વગેરે પશુઓમાં ક્યારેય બુઢ્ઢો નેતા બનતો નથી. પરંતુ મનુષ્યના સમાજમાં એંશી વર્ષનો ચર્ચીલ, લંગડા-લૂલા રૂઝવેલ્ટ નેતા બની શક્યા, ગાંધી નેતા બની શકે છે, વિનોબા નેતા બની શકે છે, નહેરુ નેતા બની શકે છે આ લોકો બહુ મોટા અને તગડા હતા? એ લોકો કોઈ કિંગકોંગ હતા? એનામાંથી કોઈને ખરેખર જીવવાનો અધિકાર હતો? પણ આ મનુષ્યની જીવ વિજ્ઞાનની દૃષ્ટિની વિશેષતા છે કે એમાં વૃદ્ધ પણ નેતા બની શકે છે. મનુષ્યની વિશેષતા બુદ્ધિ છે અને મનુષ્યની શક્તિની સ્થૂળતા બુદ્ધિ છે બુદ્ધિર્સ્ય બલમ્ તસ્ય આ આત્મશક્તિ, મનોબળ અથવા બુદ્ધિબળ વસ્તુતઃ એક જ ચીજ છે. આ શરીરશક્તિથી ભિન્ન બાહુબળથી ભિન્ન એક અસીમ અમર્યાદ શક્તિ છે જે શરીરની સાથે ક્ષીણ થતી નથી. આ દેહ નશ્વરવાદની વાત નથી પ્રાણીશાસ્ત્રના સિદ્ધાંતની વાત છે. હા, સારા, સુંદર, સુડોળ શરીરની આવશ્યકતા છે એનું મહત્ત્વ છે કારણ કે શરીર શક્તિનું મકાન છે. અધિષ્ઠાન એટલે કે આધાર નથી, એ તો એક મકાન છે જેમાં શક્તિ રહે છે. વિજ્ઞાને અહીં સુધી લાવીને સ્પષ્ટતા કરી આપી છે.

( જેમની વાણીમાં 'સૌનો ઉદય' કાયમ રહ્યો તેવા ગાંધીયુગના સારસ્વત - સંત એટલે દાદા ધર્માધિકારી. દાદા આપણી વચ્ચે નથી.

સર્વ સેવા સંઘ - પ્રકાશન, વારાણસી, પ્રકાશિત હિન્દી પુસ્તક 'સર્વોદય-દર્શન'માંથી...

(અનુવાદ : ભદ્રાયુ વછરાજાની )

## ૦૭. સર્વોદય સમાજ એટલે પરિવારનો વિસ્તાર

ઝવેરભાઈ પટેલ

સર્વોદય સમાજનું પ્રથમ અને પાયાનું લક્ષણ એમાં વ્યાપેલી પરિવારની ભાવનાનું છે. આ સમાજમાં વ્યક્તિ અને સમાજ વચ્ચે પરસ્પર સંબંધ એવો હોય જેવો વ્યક્તિ અને પરિવાર વચ્ચે હોય છે. આ સંબંધ પ્રેમ અને સેવાનો હોય છે, સોદાનો નહીં. એવા વાતાવરણમાં પરિવારની દરેક વ્યક્તિ પોતાના વિકાસ માટે તથા પરિવારની સેવા માટે સહજ ઊર્મિથી પુરુષાર્થ કરતી હોય, પુરુષાર્થ માટે એને કોઈ જાતની કૃત્રિમ પ્રેરણાની જરૂર ન હોય.

પરિવારમાં વ્યક્તિના પુરુષાર્થ માટે સહજ પ્રેરણાની પરિસ્થિતિ પ્રવર્તે છે. માબાપ કે પાલક બાળકના પુરુષાર્થનો લાભ લેવાની ભાવના નથી રાખતાં, બાળકના વિકાસનું જ લક્ષ્ય રાખે છે. એક દ્રષ્ટિએ પૂરો પરિવાર બાળકના વિકાસની પ્રવૃત્તિમાં રત રહે છે. **p5at\ [C7t\praj ym**ની ભાવના પરિવારમાં કામ કરતી હોય છે. શરીર, મન અને આત્માની સંપત્તિમાં બાપ કરતાં બેટો સવાયો થાય એ જ હેતુથી બાળકના બધા ઉછેર અને એની તાલીમની વ્યવસ્થા કરવામાં આવે છે. બાળકને કોઈ કામ સોંપવામાં પણ એવી તાલીમની જ તક આપવામાં આવે છે. અહીં કામનું સ્વરૂપ જ બદલાઈ જાય છે. કામ પેટની કમાણીનું સાધન ન રહેતાં હૃદય અને મગજની તાલીમનું સાધન બની જાય છે અને તેથી માબાપ બાળકને એવું કામ સોંપે છે જે એના ગજા પ્રમાણેનું હોય, બલ્કે એની શક્તિ વધારનારું નીવડે. આવી પ્રેમની ભૂમિકામાં બાળકને પોતાની સર્જનશક્તિ વધારવાની પરિસ્થિતિ મળી રહે છે.

પરિવારની ભાવના પર રચાયેલો સર્વોદય સમાજ પણ પોતાની દરેક વ્યક્તિની સર્જનશક્તિ વધારે તેવી પરિસ્થિતિ નિર્માણ કરવા ઈચ્છશે. સર્જનશક્તિ માટેની અનુકૂળ પરિસ્થિતિનાં બે પ્રધાન લક્ષણો હોય છે (૧) પ્રેમની ભૂમિકા (૨) ઉત્કૃષ્ટ સાધન-સામગ્રીની વિપુલતા. જો સમાજમાં પરિવારની ભાવનાનો વિસ્તાર થતો હોય તો પરિવાર કરતાં સમાજ વ્યક્તિને સાધનસામગ્રીની વધારે સગવડો સહેલાઈથી મેળવી આપી શકે છે, આજના જમાનામાં જ્યારે વિજ્ઞાને ઘણી પ્રગતિ કરી છે ત્યારે તો વિશેષ કરીને. આ રીતે સર્વોદય સમાજનું પ્રથમ લક્ષણ એ હશે કે તેમાં કામ સર્જનશક્તિને વધારાનું સાધન બનેલું હોય.

એ પરિસ્થિતિમાં વ્યક્તિ વ્યક્તિનું શોષણ કરે તેવા પ્રસંગો જ નહીં આવે. આ ધ્યેયને પાર પાડવા માટે કામની વ્યવસ્થા એવી રીતે ગોઠવવી જોઈએ કે માણસ કાં તો સ્વરોજી (Self-employment)ના ધોરણે કામ કરતો હોય કે કાં તો સહકારી ધોરણે કરતો હોય; માલિક-મજૂરના સંબંધે કામ થતું જ ન હોય. આજના આયોજનના યુગમાં આર્થિક પ્રવૃત્તિનાં કાર્યક્ષેત્રો નક્કી કરવામાં આવે છે. સર્વોદય સમાજમાં પણ સ્વરોજી અને સહકારના સિદ્ધાંતો પ્રમાણે પ્રવૃત્તિનાં ક્ષેત્રો નક્કી કરવાં પડશે.

કામનો ઉદ્દેશ વ્યક્તિનો વિકાસ સાધવાનો છે, તેના શ્રમનો લાભ ઉઠાવવાનો નહીં. એટલા માટે તેના કામનો બોજો હળવો કરવાના ખ્યાલથી તથા તેનું ગૌરવ વધારવાના ખ્યાલથી તેને કામ કરવાનાં ઉત્તમ સાધનો પૂરાં પાડવામાં આવશે. એ કામ ખેતીવિષયક હોય, ઉદ્યોગવિષયક હોય કે ઘર સંભાળવાનું હોય, તેમાંથી વૈતરાનું તત્ત્વ નીકળી જવું જોઈએ. આજે આપણાં ગામડાંમાં બધાં જ કામો કેવળ પેટની કમાણી માટેની સ્થૂળ ક્રિયાઓ બની ગયાં છે. એટલા માટે જેમને વિકાસની ભૂખ છે એવા ભણેલા નવજુવાનો

પોતાના બાપદાદાનો ધંધો છોડતા જાય છે. ભણેલી સ્ત્રીઓ ઘરકામ છોડતી જાય છે. આ પ્રવાહને રોકવાનો એક જ ઈલાજ એ છે કે આ બધાં જ કામ નવી તાલીમની પદ્ધતિએ કરવાની યોજના કરવામાં આવે. ખેડૂત માત્ર પેટની કમાણી માટે નહીં, બલ્કે વ્યક્તિત્વના વિકાસ માટે ખેતી કરી શકે એવી વ્યવસ્થા પેદા કરવી જોઈએ. જેવી રીતે કૃષિવિદ્યાપીઠોમાં કૃષિસંબંધી બધી શાખાઓનું શાસ્ત્ર શીખવાનું મળે છે તેવી જ રીતે ખેડૂતને પણ શીખવાની તક મળવી જોઈએ. સુધારેલાં તૈયાર બીજ આપવા કરતાં બીજ સુધારવાની પદ્ધતિ ખેડૂતને શીખવવી જોઈએ. એ જ રીતે કારીગરોને કેવળ સુધરેલાં ઓજારો પૂરાં ન પાડતાં આધુનિક યંત્રવિદ્યા જ શીખવવી જોઈએ, જેથી તેઓ પોતે જ સુધારેલાં ઓજાર બનાવી શકે. સ્ત્રીઓને ગૃહવિજ્ઞાનના ધોરણે ગૃહકાર્ય કરતાં શીખવવું જોઈએ. માત્ર સ્વાદિષ્ટ ભોજન પકવવા કરતાં શરીરવિજ્ઞાન અને આહારશાસ્ત્રને અનુસરતી ભોજનકળા તેમને શીખવવી જોઈએ. આ રીતે વિજ્ઞાનપૂત દ્રષ્ટિએ ગામડાંનાં બધાં કામો થાય તો તે વ્યક્તિના વિકાસનાં સાધન બની શકે.

સર્વોદય સમાજનું આ પ્રધાન લક્ષણ રહેશે, કેમ કે એથી જ સમાજના વર્ગો નાબૂદ થશે અને વર્ગવિગ્રહને સ્થાને પરિવારની પ્રેમભાવના સ્થાપિત કરવાની ભૂમિકા તૈયાર થશે. આજની સ્થિતિમાં કામ જ વર્ગભેદની જડ બની ગયું છે. શ્રમજીવી બુદ્ધિજીવીનો ભેદ, પ્રતિષ્ઠિત અને અપ્રતિષ્ઠિત કામનો ભેદ, ઓછી અને વધારે કમાણીનો ભેદ, માલિકમજૂરનો ભેદ, સ્ત્રીપુરુષનાં કામોનો ભેદ – આ બધા ભેદોના મૂળમાં કામના સ્વરૂપનો અને કામ પ્રત્યે સમાજના વલણનો જ સવાલ રહેતો હોય છે. એ રીતે કામ જ સમાજને વર્ગોમાં વિભક્ત કરે છે. સર્વોદયની વર્ગવિહીન સમાજરચના માટે કામને જ ઠીક કરવું પડશે. તેને ઉન્નત, રસપ્રદ અને શિક્ષાપ્રદ બનાવવું પડશે.

અમેરિકામાં ગાયોને ભેટવાનો અને ગાય સાથે રહેવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. આને 'કાઉ કડલિંગ થેરપી' કહે છે. સ્ટ્રેસ અને એન્ઝાયટીમાં રાહત આપતી આ થેરપી હૉલેન્ડમાં શોધાઈ અને ત્યાંથી અમેરિકામાં આવી. કોરોના મહામારી દરમિયાન એનો પ્રચાર-પ્રસાર વધ્યો છે. કોરોનામાં માણસ માણસને ભેટી શકતો નહોતો, પણ ગાયને તો ભેટી શકાતું હતું. ગાય સંવેદનશીલ પ્રાણી હોવાથી પ્રતિભાવ પણ આપે. અમુક થેરપી-સંગઠનો નહીં નફો, નહીં નુકસાનના ધોરણે કામ કરે છે તો અમુક વ્યાવસાયિક ધોરણે ૧ કલાકના ૨૦૦ ડૉલર લઈ ગાયની વ્યવસ્થા કરી આપે છે ને એમાંથી થતી આવક ગાયોના નિભાવ પાછળ જ વપરાતી હોવાનો દાવો કરે છે. ગાય જેવા પશુને ભેટવાથી જે હૉર્મોનલ ફેરફાર થાય છે તે આરામ અને શાંતિનો અનુભવ આપે છે. દર અઠવાડિયે એક કલાક ગાય સાથે રહેવાથી લાંબા સમયથી ચાલતું ડિપ્રેશન મટી જાય છે એવો કાઉ કડલિંગ થેરપીસ્ટોનો મત છે.

રોજ સો વખત હું મારી જાતને યાદ અપાવું છું કે આજે હું જે આંતર-બાહ્ય જીવન જીવી રહ્યો છું તે આજે જે હયાત છે અને હયાત નથી એવા હજારો મજૂરો અને અન્ય લોકોના ઉપકારને કારણે જીવી રહ્યો છું. અમે જે મળ્યું છે તે અને હમણાં જે મળે છે તે તથા હું જે ચીજોનો ઉપભોગ કરી રહ્યો છું તેની પાછળ અનેક માનવીઓનો પરિશ્રમ ભળેલો છે. મેં જે મેળવ્યું છે તેનો ફાયદો મારા માનવબંધુઓને થાય તો જ મારું જીવન સાર્થક થયું ગણાય. તેથી મારું કર્તવ્ય છે કે મને જેટલા પ્રમાણમાં મળ્યું છે અને મળી રહ્યું છે તેને નાણાં અથવા બીજી કોઈપણ રીતે પાછું આપવું જોઈએ.

- આલ્બર્ટ આઈન્સ્ટાઈન

## ૦૮. અમ્માની તળાવ : સત્ય ઘટના

### સુધા મૂર્તિ, અનુવાદ : જેલમ હાર્દિક

ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સમયની વાત છે. એ વખતે આપણા પર અંગ્રેજોનું રાજ હતું. કોલાર પાસે અમ્માની નામની એક અભણ સ્ત્રી રહે. એ ગાયો—ભેંસો રાખે ને આસપાસનાં લોકોને દૂધ પહોંચાડે. કોલાર સૂકો પ્રદેશ એટલે ગમે ત્યારે દુષ્કાળ પડી જાય. એવા સમયે અમ્માની લોકોને પાણી માટે હેરાન થતા જોઈ રહે. એ આનો કોઈ કાયમનો હલ શોધવા ઇચ્છતી હતી.

એક દિવસ એણે સાંભળ્યું કે ગામ નજીક અંગ્રેજો એક છાવણી નાખી રહ્યા છે. અંગ્રેજી અને કન્નડ ભાષા જાણતો હોય એવો એક વચેટિયો અંગ્રેજ સિપાહીઓને દૂધ, દહીં, ઘી, માખણ પૂરું પાડી શકે એવા કોઈની શોધમાં ગામમાં આવ્યો. સમાચાર મળતાં જ ગામનાં દરેક લોકો દૂધ, દહીં વેચવાની ઇચ્છા સાથે તેમની પાસે પહોંચી ગયા.

પણ અમ્માનીએ એ માણસ રામપ્પા પાસે એક અજબ જ પ્રસ્તાવ મૂક્યો, હું સિપાહીઓને બધું જ આપીશ, પણ માત્ર એક શરતે. હું એના પૈસા નહીં લઉં...

રામપ્પાને પહેલાં તો લાગ્યું કે સાંભળવામાં એની કાંઈક ભૂલ થઈ છે. હેં! શું તું એમ કહે છે કે આ ફિરંગીઓને તું બધું મફત આપીશ ? આ ગોરાઓને ? આ વિદેશીઓને? વિદેશીઓને ત્યારે સ્થાનિકો ફિરંગી કે ગોરા તરીકે સંબોધતા.

એવું મેં ક્યારે કહ્યું ? હું કહું પણ નહીં ને, ગરીબ છું એટલે...

અરે, અત્યારે તું જથ્થામાં વેચવાની છો એટલે સારું એવું કમાઈ લેવાય. આ સરકારી ખાતું છે, ખાનગી નહીં. આમાં રૂપિયા મળવાની ખાતરી છે. લક્ષ્મી ચાંદલો કરવા આવી છે ત્યારે કપાળ ધોવા ન બેસાય. વાતને સમજવાની કોશિશ કર.

તમે મને સમજ્યા નથી. હું વેચવા જ માગું છું, પણ એ પૈસા મને દર મહિને નથી જોઈતા. એ અંગ્રેજ અમલદારોએ જ રાખવાના. તમે હમણાં જ કહ્યું ને કે આ સરકારી લોકો ભરોસાપાત્ર છે ?!

એટલે તું શું એમ કહે છે કે એ પૈસા તું છેક છેલ્લે લઈશ? મને કાંઈ સમજાતું નથી.

પણ અમ્માની તો અડી રહી આ વાત પર. આખરે રામપ્પાએ જઈને અંગ્રેજ અમલદાર સાથે વાત કરવાનું નક્કી કર્યું.

બીજે દિવસે રામપ્પાએ એક અંગ્રેજ અમલદાર જ્યોર્જને કહ્યું, એક બહુ વિચિત્ર સ્ત્રી આ ગામમાં રહે છે. એ દૂધ ,દહીં, ઘી બધું આપવા તૈયાર છે પણ એને પૈસા નથી જોઈતા. જ્યોર્જને કુતૂહલ થયું. એ સ્ત્રીને અહીં લઈ આવ. હું એની સાથે વાત કરીશ.

પછીના દિવસે અમ્માની જ્યોર્જને મળવા ગઈ. એ દિવસોમાં ફિરંગીઓનો ખોફ હતો. ભારતીયો તેમનાથી ખૂબ ડરતા. રખેને કોઈ વાંક વગર એમને સજા ફટકારી દે. એ રંગે જુદા, રૂપે જુદા, એમની ભાષાએ જુદી. ત્યારે ભારત અંગ્રેજ કોલોની હતું. પણ અમ્માનીને શેનોય ડર નહોતો. એ અંગ્રેજી ન જાણતી, પણ એ જાણતી હતી કે એણે કહેવાનું શું છે. છાવણીએ પહોંચીને એ જ્યોર્જને મળી, સાહેબ, તમે જે માગો એ હું લાવી આપીશ. શરત માત્ર એટલી કે એના પૈસા અત્યારે તમારે રાખવાના છે. હું પછીથી લઈ જઈશ.

બેંક જેવું ત્યારે કાંઈ નહોતું ને જ્યોર્જને લાગ્યું કે અમ્માની આટલા પૈસા ઘરમાં રાખતાં બીતી હશે. તું એકલી રહે એટલે તને બીક છે કે ચોર—લૂંટારા કે કોઈ સંબંધી તારે ત્યાંથી પૈસા લઈ જશે ?

એણે હસીને કહ્યું, ના સાહેબ, એવું કોઈ કારણ નથી.

તો પછી વાત શી છે ?

એ હું તમને પછી કહીશ. મને ખાતરી છે કે તમે મારી વાતનું માન રાખશો.

જ્યોર્જને અમ્માની ગમી ગઈ ને એણે એની વિનંતી માન્ય રાખી. પછી તો અમ્માની દૂધ, ઘી, માખણ પહોંચાડવા લાગી. બીજાના કરતાં એના માલની ગુણવત્તા વધારે સારી હતી ને એ સમયની પણ પાબંદ. જો કે અંગ્રેજો પાસેથી પૈસા ન લેવાની બાબતે એ ગામ લોકોમાં હાંસીપાત્ર બની હતી.

એણે અંગ્રેજોની સાથેસાથે નજીકના ગામનાં લોકોને પણ દૂધ, ઘી વેચવાનું ચાલુ જ રાખ્યું. અંગ્રેજોના પૈસા ન આવતાં હોવા છતાં એ પોતાના ખર્ચની સગવડ કરી લેતી.

આમ ને આમ વર્ષો પસાર થતાં ગયાં. અમ્માની એની પ્રામાણિકતા અને વસ્તુઓની ગુણવત્તાને લીધે અંગ્રેજ છાવણીમાં જાણીતી થઈ ગઈ. પહેલાં તો એના સિવાય ગામના બીજા લોકો પણ અંગ્રેજોને દૂધ, ઘી વેચતા, પણ સમય જતાં એ બધાનું સ્થાન અમ્માનીએ લઈ લીધું. હવે એ એકલી જ આખી છાવણીની જરૂરિયાતોને પહોંચી વળતી. દરેક અમલદાર એના મિત્ર જેવો બની ગયો હતો.

એક દિવસ ઓફિસર જ્યોર્જે અમ્માનીને બોલાવી. અમ્માની, હવે તારે પૈસા લઈ જવા જોઈએ. આટલી મોટી રકમ લાંબો સમય મારી પાસે રહે એ યોગ્ય નથી. એકાદ વર્ષમાં કદાચ અમે છાવણી પણ બદલીએ. અમને તારી પ્રામાણિકતા પર માન છે અને અમે પણ એ જ પ્રામાણિકતાથી તને બધું આપી દેવા માગીએ છીએ.

સાહેબ, મને અગાઉથી જાણ કરવા માટે તમારો ખૂબ આભાર. આ પૈસાની સાથે મને તમારા સૌની થોડી મદદ જોઈએ છે.

અરે બોલ…બોલ… તારે શું મોટો બંગલો બાંધવો છે ? જ્યોર્જે હળવાશમાં કહ્યું.

ના સાહેબ, મારે એક તળાવ બંધાવવું છે.

શું ? જ્યોર્જને ખૂબ નવાઈ લાગી, આવા ખડકાળ વિસ્તારમાં તળાવ ખોદવું કેટલું અઘરું છે, તેનો તને ખ્યાલ છે ? એના માટે માત્ર પૈસા પૂરતા નથી, ઘણા બધા માણસો પણ જોઈએ.

સાહેબ, હું તમને આજીજી કરું છું. આ જ કારણે મેં અત્યાર સુધી પૈસા નહોતા લીધા. એ પૈસા જો મેં લઈ લીધા હોત તો અત્યાર સુધીમાં તો એ વપરાઈ પણ ગયા હોત અથવા તો હું વિધવા છું એટલે મારા બધા સગા મારી પાસેથી જબરદસ્તીથી એ પડાવી ગયા હોત. સાહેબ, આટલા આકરા તાપમાં સ્ત્રીઓને કેવી મુશ્કેલી પડે એ તમને નહીં સમજાય. તમને બે હાથ જોડું, સાહેબ, કરી દ્યો ને મારે ખાતર…

જ્યોર્જ વિચારમાં પડ્યો. ખરેખર આ ખૂબ અઘરું કામ હતું. એને અમ્માનીની સચ્ચાઈ અને ગામલોકો માટેની ફિકર ઉપર માન થઈ આવ્યું. એણે કહ્યું, એક વાર મને મારા સાહેબ સાથે વાત કરી લેવા દે. કદાચ એ બધા સિપાહીઓને સેવાભાવે આ કામ કરવા કહી શકે. છેવટે ભલા માણસ જ્યોર્જ ને બધા સિપાહીઓએ મળીને એક તળાવ ખોદી આપ્યું. એ તળાવ આખા ગામ માટે પીવાના પાણીનો એક સ્રોત બની રહ્યું. એ દિવસ પછી ક્યારેય ગામલોકોને પીવાના પાણી માટે દૂર જવાની જરૂર ન પડી. આજે પણ એ તળાવ અમ્માની તળાવ તરીકે ઓળખાય છે.

જૂના જમાનામાં ગામડાંઓની નજીક જો કોઈ નદી ન હોય તો એનો પાણી માટેનો બધો જ આધાર તળાવ પર રહેતો. એટલે જ ગામવાસીઓ એના તળાવનું કુટુંબના એક સભ્ય જેટલું ધ્યાન રાખતા. વરસે દહાડે આખા તળાવમાંથી કચરો કાઢીને ચોખ્ખું કરવામાં આવતું. કુટુંબદીઠ એક સભ્ય આ સફાઈ અભિયાનમાં મદદ કરાવતું. તળાવ આખા ગામની માલિકીનું હોતાં આ કામ માટે કોઈને એક પણ પૈસો ચૂકવાતો નહીં. ગામવાસીઓ દર વર્ષે ભેગા થઈને આ તળાવનાં પાણીની પૂજા કરતા. એમને માટે તો આ પાણી જ એમની જીવાદોરી, એટલે એને લોકો ગંગા જેટલું પાવન ગણતાં.

તળાવનાં એનાં પાણી મુજબ જુદા–જુદા પ્રકારો હોય. કેટલાંકનો ઉપયોગ ખેતીમાં થાય, કેટલાંકનો પીવાના પાણી તરીકે થાય, તો કેટલાંક બેય ખપમાં લઈ શકાય. જો તળાવ મોટું હોય કે એનો બીજો કિનારો ન દેખાતો હોય, તો એ સમુદ્ર કે દરિયા તરીકે ઓળખાતું, એનાં શાંતિસમુદ્ર કે વ્યાસસમુદ્ર જેવાં નામ પડતાં. સામાન્ય રીતે કોઈ રાજા, રાણી, મોટા સિપાહી, ધનવાન વેપારી કે એવા જે કોઈએ તળાવ બંધાવ્યા હોય, એમના નામ પરથી જ તળાવનાં નામ રખાતાં.

ભારતમાં હું જ્યાં જ્યાં ફરી છું, મેં અનુભવ્યું છે કે એકેએક તળાવ એ ગામડાં માટે પૂજનીય હોય છે અને હોય છે એ દરેકના ઉદ્ભવની એક વાર્તા. જો કે એના મૂળમાં એક વાત તો અચૂક હોય જ છેઃ ગંગામાતાએ ધરતીના પેટાળમાંથી પ્રગટીને તળાવરૂપે દર્શન દીધાં છે, જેથી અમારી તરસ છિપાય…! એટલે જ પાણીને પવિત્ર ગંગાજળ માનવામાં આવે છે.

(ઈન્ફોસિસ ફાઉન્ડેશનનાં ચેરપર્સન અને લોકપ્રિય લેખિકા સુધા મૂર્તિ મોટાં દાન માટે પણ જાણીતાં છે તેમજ અનેક પુરસ્કારોથી સમ્માનિત થયાં છે.

ઈમેઈલઃ snm@infosys.com)

## ૦૯. સાહિત્ય અને 'સર્વોદય' વિચારધારા : થોડાક સંકેતો

મણિલાલ હ. પટેલ

સમાજ વિના કલાઓનું સર્જન અસંભવ છે. સમાજ, સાહિત્યકલાની જન્મભૂમિ છે-વિહારભૂમિ છે. સમાજ અને સાહિત્ય બંનેના કેન્દ્રમાં 'માણસ' છે. એટલે જે સમાજમાં બને છે-હોય છે, તે રૂપાંતરિત થઈને સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં પ્રગટ થાય છે. સમાજ અને સાહિત્ય બંનેનો મૂળ ઉદ્દેશ 'માણસનું કલ્યાણ' કરવાનો છે. સમાજમાં પરિવર્તનો આવતાં રહે છે, નવીનવી વિચારધારાઓ પણ આવતી હોય છે. સાહિત્યમાં આનો પડઘો વધતે-ઓછે અંશે પડ્યા વિના રહેતો નથી. ઘણીવાર સાહિત્યમાંથી પણ સમાજ શીખતો હોય છે.

'સર્વોદય'નો સાદોસીધો અર્થ આમ દર્શાવી શકાયઃ મનુષ્ય માત્રને પ્રાથમિક જરૂરિયાતો ખાવા-પીવાનું, કપડાં અને માથું ઢાંકવા છત મળવી જોઈએ. એના સ્વાસ્થ્ય માટે થોડું વૈદું મળે અને કમાવાની/કામ કરવાની તક મળે. સમભાવ હોય અને ભેદભાવ નહિવત હોય! બસ, આટલાં વાનાં 'સર્વોદય' વિચારણા પાયામાં હોવાં જોઈએ. ગાંધી પૂર્વે પણ આવું વિચારનારા હતા જ. 'સરસ્વતીચંદ્ર'ના ચોથા ભાગમાં ગોવર્ધનરામે 'કલ્યાણગ્રામની યોજના' આલેખી છે. એમાં પણ સમાનતા, પ્રેમ અને કલ્યાણની વાત છે. આ બધું સામૂહિક જવાબદારી લઈએ ત્યારે સંભવે છે. જડ રૂઢિઓ છોડીને મોકળા મને વિચારવાથી, મને જે મળ્યું છે એમાં અન્યનોય ભાગ છે એવું આચરણ કરવાથી સર્વના સુખ માટેનો માર્ગ ખૂલતો દેખાશે. આ પૃથ્વી પર જે સંસાધનો-વસ્તુઓ છે એના પર બધાનો અધિકાર છે. આપણે કશાના 'માલિક' નથી, પણ 'ટ્રસ્ટી' છીએ. રસ્કિનનું 'અનટુ ધ લાસ્ટ' ગાંધીજીને પોતાના વિચારોને વ્યક્ત કરતું લાગે છે. એમણે એનો 'સર્વોદય' નામે અનુવાદ કર્યો. વિનોબા વગેરે એને 'ભૂદાન' દ્વારા જનકલ્યાણ સુધી લઈ ગયા! સાહિત્યમાં આનાં સીધાં જ આલેખનો તો ન જ હોય, પણ આ વિચારધારાને ચીંધતા-સંકોરતા લેખનો-આલેખનો મળવા સહજ છે.

કિશોરલાલ મશરૂવાળા, નરહરિ પરીખ, આનંદશંકર ધ્રુવ, કાકાસાહેબ કાલેલકર અને સ્વામી આનંદના લેખો-નિબંધોમાં સમમૂલક સમાજ માટે પ્રજાહિતનાં કાર્યોની અનિવાર્યતા પર ભાર મૂકાયેલો પમાશે. સ્વામી આનંદે 'ધનીમા' ચરિત્રનિબંધમાં ધનીમાનું જીવન આલેખ્યું છે. મોરારજી શેઠના વિધવા ધનીમા 'ચીનાબાગ'ને સેવાના મિશનથી વધુ કીર્તિવંત બનાવે છે. પશુ પંખીઓનો કબીલો, મજૂરો-શ્રમિકો-સેવકો બધાના પરિવારોને બધી જ અનિવાર્ય જરૂરિયાતો પૂરી પાડનારા ધનીમા પગાર ઉપરાંત, પર્વે-પ્રસંગે સર્વને મદદ કરતાં હાજર રહેતાં ને આનંદમાં સહભાગી થતાં. રૂપિયો જે લોકો કમાવી આપે છે એમાં એમનો પણ હક્ક છે.

ગાંધીજીએ ૧૯૨૦માં ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપી, કાલેલકર એના પ્રથમ આચાર્ય થયેલા. સુન્દરમ્- ઉમાશંકર ત્યાં રહે છે - લખે છે. ગાંધીની 'નવી કેળવણી' સર્વાંગીણ અને સહજ વિકાસને ચીંધે છે. છાત્ર ભણે, શ્રમ કરે, કપડાં-વાસણ જાતે ધુએ, રાંધતા શીખે, ખેતીમાં જોડાય, પશુપાલન સમજે, બાગાયતી વૃક્ષો ઉછેરે... થોડી કમાણી કરે ને એમ જ્ઞાનપ્રાપ્તિ સાથે જીવનનો માર્ગ સરળ કરી શકે. 'માણસ' થવું અઘરું છે. 'સર્વોદય'ના પાયામાં 'માણસાઈ' જરૂરી છે. જરૂરથી વધુ ન લેવું, બીજાને આપવું. પ્રેમ અને સાચને જીવી બતાવવા! આ 'સર્વોદય મંત્ર' કવિતારૂપે ઉમાશંકરના 'વિશ્વશાંતિ'માં વારેવારે દેખાય છે. ૧૯૨૯માં એ કાવ્ય વિદ્યાપીઠવાસ વેળાએ અવતરેલું :

'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવીઃ

પશુ છે, પંખી છે, પુષ્પો-વનોની છે વનસ્પતિ.'

આવા મોટા ફલક પર સર્વનો સમાવેશ કરવા 'માનવતા' અને 'પ્રકૃતિપ્રેમ' જોઈએ : ઉ.જો. કહે છેઃ

"વ્યક્તિ મટીને, બનું વિશ્વમાનવી,

માથે ધરું, ધૂળ વસુંધરાની..."

અપાર પ્રકૃતિ પ્રેમ હોવા સાથે કવિવર ટાગોરે માણસને સૌથી ઉપર મૂક્યા હતા. ઉ.જો. એમના કાવ્યમાં કહે છે :

૧. ભલે! શૃંગો ઊંચા, અવનિતલ વાસો મુજ રહો!

૨. ગમે શૃંગો કિન્તુ જનરવભરી ખીણ મુજ હો!

નિરંજને ગાયેલું — 'મને તો ધરતીની પ્રીત રે... મારી મનમોરલીમાં ધરતીની ધૂળના ગીત રે...' ઉ.જો. પણ શિખરે નહીં, તળેટીમાં જે સામાન્યજનોની ઝૂંપડીઓથી શોભે છે - ત્યાં અવનિતલે વાસો ઝંખે છે. સૌંદર્ય ગમે પણ હૈયું માણસોના અવાજોથી ભરેલું રહે! પૃથ્વી પર તો રાગ-દ્વેષ ને યુદ્ધો પણ છે, કવિ કહે છે - હું તો પ્રેમથી સહુને વશ કરીશ ને વશ થઈશ. પ્રેમ કશું સંગ્રહી રાખતો નથી. એ તો આપે છે...! આપીને પામવું એ રીત પ્રેમની છે.

"બધોથી આકંઠ પ્રણય! ભુવનોને કહીશ હુંઃ

મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું!"

પીડિતોને આપો પ્રેમ, અભાવગ્રસ્તોને સગવડ ને હૂંફ આપો!

અવનિનું અમૃત એટલે સર્વના કલ્યાણમાંથી મળતો આનંદ!

સમાજ બે ભાગમાં વહેંચાયેલો જોવા મળશેઃ (૧) 'હેવમોર સોસાયટી' (૨) 'સર્વહારા વર્ગ'!! 'હેવમોર' - માનવતા દાખવે, જતું કરે અને એ 'સર્વહારા' વર્ગની જરૂરિયાતોમાં વપરાય તો એમાં 'સહુનો ઉદય' છે. આ માટે સુન્દરમ્ કહે છે એમઃ 'હું માનવી માનવ થાઉં તો ઘણું' - 'માણસ' બનીને આગળ આવવાનું છે.

મેઘાણી 'ઘણ અને એરણ'નો સંવાદ રજૂ કરે છે. જાણે સત્તાધીશોને, રાજસત્તાને, અસદના સંવર્ધકોને કહે છે કે હવે યુદ્ધો બંધ કરો... તોપ-બંધુક-તલવારનું રાજ સંકેલી લ્યો! ચાલો, છેવાડાના માણસ માટે દાતરડું ઘડીએ. દાતરડું નિંદામણ કરશે ને ગાય-બકરી માટે ઘાસ કાપશે. ઊભા મોલ લણશે ને છોકરાં રોટલા ભેગા થશે!

"ઘણ રે બોલે ને એરણ સાંભળે... રે હો એરણબહેની!

બહુ દિન ઘડી તોપ ને તલવાર...

હવે ઝીણી દાતરડીના રાજ..."

સુવાવડી નારના ઢોલિયા ઘડો... ને બાળકોના પારણાં ઘડો! યુદ્ધોથી સર્વનો ઉદય શક્ય નથી. એ તો શ્રમિકોની સાથે ચાલવાથી શક્ય બનશે! ગાંધીજીએ પણ ૧૯૩૬માં ગુજ. સા. પરિષદના પ્રમુખપદેથી કહેલું કે ખેતરમાં કોસ હાંકતા ખેડૂત માટે એ સમજે એવું સાહિત્ય રચાવું જોઈએ. મહત્ત્વના માણસો હાંસિયામાં ધકેલાઈ જશે તો સમાજમાં સમાનતા નહીં વિકસે.

જે સમાજમાં વર્ણભેદ-વર્ગભેદ હોય અને અસમાનતાની ખાઈ વધતી જતી હોય ત્યાં સર્વહારા વર્ગનો ઉદય અશક્ય છે. મેઘાણીએ કોદાળીવાળો, બીડીવાળો વગેરે વિષે સહાનુભૂતિથી લખ્યું હતું. ભેદભાવ મિટાવીને, જૂનું ને જડ છે તેને તોડીફોડીને નવું સર્જન કરવા કવિઓએ ઓતરાદા વાયરાનાં તોફાનો તથા વૈશાખી દાવાનળને આહ્વાન કર્યું હતું! એ સમાજ કેવો? કે જ્યાં શેઠાણીના કફનનું ગવન ગરીબડીએ દીકરાની જાનમાં હોંશે હોંશે પહેરેલું સ્વાભાવિક ગણાતું હોય?? સુન્દરમે લખ્યું છેઃ

"શેઠાણી ઓઢે રંગચૂંદડી રે જ્યારે નીકળે એના પ્રાણ,

ભંગડી ઓઢે રંગચૂંદડી રે જ્યારે નીકળે એના છૈયાની જાન!"

આ જ વાત કવિ નીરવ પટેલે વધુ કઠોર વ્યંગમાં કહી છે.

'ભૂખ્યા જનોનો જઠરાગ્નિ' જાગ્યો નહીં ને સર્વનો ઉદય થયો નહીં.

સુન્દરમે '૧૩-૭ની લોકલ' કાવ્યમાં સર્વહારા વર્ગનું ચિત્રણ કર્યું... ગામડાંગામનું રેલવે સ્ટેશન છે. અહીં મેલ-જનતા-ફાસ્ટ તો થોભતાં નથી. બપોરે ગરીબડા લોકોની

લોકલ આવે છે. એય બિચારી મેલ-ફાસ્ટને જગ્યા આપવા દબાતી ચંપાતી છેક ત્રીજી લેનમાં ઊભી રહે છે... ગામને રસ્તે દરબાર-બાપુ નીકળે ત્યારે ગરીબડી પ્રજાએ વાડમાં દબાઈને ઊભા રહી જવાનું! બાપુ બે ગાળ દે તેય સાંભળવાની! ગાંધી વિનોબાનો સર્વોદયવિચાર લાખ સારો હોય તો પણ આપણી એકલપેટી પ્રજામાં કામ નથી આવ્યો!

પ્રિયકાન્ત મણિયાર 'એ લોકો' કાવ્યમાં કાળાબજાર કરીને ગરીબોને રિબાવતા - અનાજ/દવા/કાપડના વેપારીઓને 'નોટોને ખાઈને ઉછરતી ઉધઈ' કહ્યા છે. કવિ જંતુનાશક દવા બનવાનું પસંદ કરે છે! કવિ અહીં નાકામ પુરવાર થાય છે. ગરીબો માટે કરેલી કોઈપણ સારી યોજનામાં વગદાર અનિષ્ટો ઘૂસી જાય છે. આની વાર્તા-કવિતા મળે છે. પણ 'સર્વ ઉદય'ની વાત તો દૂરની દૂર જ જતી દેખાય છે. અસદ - દુરિતની સામે લડવા સદ સંગઠિત થાય છે - એમ 'સપ્તપદી' માં ઉમાશંકર કહે છે. વાત સાચી! પણ પછી એ સંગઠિત સદ સ્થાપિત જીત બનીને ઉપેક્ષિતોનું જ શોષણ કરે છે! શોષણ શોષકો જ સર્વોદયનો રસ્તો રોકી રાખે છે - વર્ષોથી!! દર્શકની નવલકથાઓ 'પ્રેમ અને શાંતિ'ની વાત માંડે છે. યુદ્ધ અને દ્વેષ નહીં જોઈએ. દરેકને એને જોઈતું અને હક્કનું મળવું જોઈએ. ભૂખ્યો સૂતો માણસ તમારા ઐશ્વર્યને અનિષ્ટમાં ફેરવી દે છે. જરૂરથી વધારે તો પશુપંખી પણ નથી સંગ્રહ કરતાં!

ધનિકોને ભર્યા ભંડાર છતાં સંતોષ નથી. જ્યારે છેવાડાનો માણસ જે મળ્યું એનાથી રાજી થઈને જીવન રોડવી લે છે. રમેશ પારેખ કહે છે; બલ્કે વ્યંગ કરે છેઃ

"તારો વૈભવ સોનુંરૂપું: નોકરચાકર ધાડું:
મારે આંગણ ચકલી બેસે એ મારું રજવાડું!"

બીજા કવિ કહે છે કે આપનારો તો ઉપર બેઠો છેઃ

'ઉપરવાળી બેંક બેઠી છે, આપણી માલામાલ;
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ.
નોટ ને સિક્કા નાખ નદીમાં ધૂળિયે મારગ ચાલ!"

પરંતુ ગરીબીની વ્યથા-કથા જાણતા મેઘાણીભાઈ કવિને પણ ઠપકો દે છેઃ

"પ્રભુહીન આકાશેથી આગ ઝરે,
મૂઠી ધાન વિના નાનાં બાળ મરે.
કરોડ કરોડ ગરીબોના પ્રાણ
ધનિકોને હાથ રમેઃ
ત્યારે, હાય રે હાય કવિ!
તને પૃથ્વી ને પાણીના ગીત શાને ગમે?"

ર.વ. દેસાઈની 'ગ્રામલક્ષ્મી'(૧થી ૪ ભાગ) નવલકથાનો નાયક ઇજનેરી વિદ્યા ભણીને ગ્રામોદ્ધાર માટે નગર-નોકરીને જતાં કરે છે. ગાંધી વિચારને જીવી બતાવતો અશ્વિન આખા ગામને(અન્યોને પણ) સર્વને માટે સમાન ભાવથી જીવતા તથા સાથે મળીને બધાંનું કલ્યાણ થાય એવાં કાર્યો શીખવે છે. દિલીપ રાણપુરાની 'આંસુભીનો ઉજાસ' નવલકથાનો શિક્ષક નાયક જાતે વેઠીને ગ્રામશિક્ષણના અને સમાનતાના પથ અમલમાં મૂકે છે. આવાં આદર્શો અને મૂલ્યવાન ભાવનાઓ સમાજમાં છે. એને આચરી બતાવનારાની જરૂર છે. ખાટલે મોટી ખોડ છે તે આપણી બદમાશ અમલદારશાહીની સંવેદનહીનતા અને નપાવટ નેતાઓનો ભ્રષ્ટાચાર! આઝાદી મળી એ જમાનાની બે વાર્તાઓ છેઃ (૧) લાઇનદોરી (૨) નેશનલ સેવિંગ્સ! બંને પન્નાલાલે લખી છે. 'લાઇનદોરી' ભ્રષ્ટ અમલદાર નેતાના સ્વાર્થને પોષવા, ગરીબ પરિવારની જીવાદોરી બનેલો વિશાળ મહુડો, સડક વચ્ચે બતાવીને કાપી નાખે છે. ગરીબની આજીજીને એ હૃદયહીન લોકો આજે પણ નથી સમજતા. 'નેશનલ સેવિંગ્સ'માં પૈસાદારોને બચતપત્રો આપવાને બદલે ગરીબડી પ્રજા પર ત્રાસ ગુજારે છે. આપણો 'સર્વોદય' વિચાર સમજેલા લેખકો મુશ્કેલીઓ તરફ સંકેતો કરે છે. સાહિત્ય સમસ્યાઓ ઓળખાવે છે, એને દૂર કરવાનું કામ રાજ્યનું છે ને સમાજનું પણ છે.

આજે એક વિચિત્ર સ્થિતિ વકરતી જોવા મળે છે. જેની પાસે છે. 'હેવમોર' નહીં તો પૂરતા પ્રમાણમાં છે - એવા લોકો-ખેડૂતો-નોકરિયાતો વાતે વાતે સરકાર પાસે

ભીખ માંગ્યા જ કરે છે. સહેજ કંઈ બન્યું કે તરત 'વાટકો લઈને ઊભા થઈ જાય છે.' વર્ગ-વર્ણ-પક્ષાપક્ષીના રાજકારણમાં ડૂબેલી સરકારો અને પ્રજા બધાં 'ભેગું કરી લેવાની' ફિરાકમાં જ સતત હોય છે ને એટલે અસંગઠિત સર્વહારા વર્ગ તો હતો ત્યાંનો ત્યાં જ મજૂરી કરતો જ જોવા મળે છે. એની કવિતા-વાર્તા પણ લખાઈ છે. પરંતુ સાહિત્યમાં આપણે ત્યાં પ્રતિબદ્ધતા નહિવત છે. એટલે સમભાવ-સમાનતા-માનવતાની હજી આપણે રાહ જોવાની રહે છે.

(ગુજરાતી ભાષા-સાહિત્યના અગ્રીમ પ્રાધ્યાપક ડૉ. શ્રી મણિલાલ હ. પટેલ ગુજરાતી સાહિત્યના ટોચના સર્જક છે અને શિસ્તબદ્ધ સાહિત્યની ઉપાસના કરી રહ્યા છે.

સહજ બંગલો, બાકરોલ રોડ વલ્લભ વિદ્યાનગર.)

૧૮ એપ્રિલ ૧૯૫૧ વિનોબા પદયાત્રા કરતા સવારમાં પોચમપલ્લી પહોંચ્યા. મુકામે પહોંચીને વિનોબા ગામમાં ફરવા નીકળ્યા. પહેલાં ગયા હરિજનવાસમાં. એક એક ઘરમાં જઈને લોકોની હાલત નજરે જોઈ. હરિજનોએ પોતાનું દુઃખ કહ્યું: "અમે બહુ ગરીબ છીએ, બેકાર છીએ. અમને થોડી જમીન અપાવો તો તેના પર મહેનત કરીને પેટ ભરી શકીએ."

વિનોબાએ પૂછ્યું, "કેટલી જમીન જોઈએ?"

"અમારાં ૪૦ કુટુંબ છે. અમને ૮૦ એકર મળે તો ઘણું."

ક્ષણભર વિનોબા કાંઈક અંતર્મુખ થઈ ગયા. સરકાર સાથે વાત કરીને આમને જમીન અપાવવા પ્રયત્ન કરું? પરંતુ નિરાશ્રિતોના પુનર્વસવાટનું કામ કરવા દિલ્હી ગયેલા ત્યારનો સરકારનો અનુભવ કાંઈ સારો નહોતો. એકાએક એમને ત્યાં કેટલાક ગામલોકો હતા તેમને પૂછવાનું સૂઝ્યું, "તમારામાંથી કોઈ આ હરિજન ભાઈઓને મદદ કરી શકે કે?"

વિનોબાએ પોતાની વાત હજી મૂકી નથી ત્યાં રામચંદ્ર રેડ્ડી નામના એક ભાઈ ઊભા થઈ ગયા અને નમ્રભાવે બોલ્યાઃ "મારા પિતાજીની ઇચ્છા હતી કે અમારી ૨૦૦ એકર જમીનમાંથી અડધી જમીન સુપાત્રને વહેંચી આપવી. હું મારી અને મારા પાંચ ભાઈઓ તરફથી ૧૦૦ એકર જમીન તમારા દ્વારા આ લોકોને દાનમાં આપું છું."

વિનોબા ભાવવિભોર થઈ ગયા. સાંભળનારાઓને પોતાના કાન પર વિશ્વાસ નહોતો બેસતો. રામચંદ્ર રેડ્ડીએ તુરત લખી આપ્યું કે હું ફલાણા ગામની અમુક જમીન હરિજનોને દાનમાં આપું છું.

વિનોબા વિચારમાં પડી ગયા. તે રાતે એમને ઝટ ઊંઘ ન આવી. ચિત્તમાં ભારે મંથન ચાલ્યું. અંતરતમ સાથે સંવાદ ચાલ્યો. એ ઈશ્વર હતો કે કોણ હતો, ખબર નહીં. પણ સીધી વાતચીત થઈ.

એ પોતે પ્રકાશની શોધમાં હતા. અહિંસક સમાજરચનાની દિશામાં કઈ રીતે આગળ વધી શકાય? તે માટેની અહિંસક કાર્યપદ્ધતિ કઈ? ત્યાં આ સહજ ઘટનામાં પ્રકાશની એક ઝલક મળી. જાણે અંદરથી આદેશ મળ્યો.

બસ, મનમાં નિશ્ચય થઈ ગયો છે, જે અહિંસાનું ખોજનશોધન આગળ વધારવું હોય, તો આ જે એક ઈશારો મને મળ્યો છે, તેને પકડી લેવો જોઈએ?

## १०. बिनोबाजी का जीवन और सर्व के उदय की भावना

**कंचन**

विनोबाजी के जीवन की मूल बैठक आत्मज्ञान में थी। उनके प्रत्येक कार्य, चिंतन और विचार के पीछे उसी का बल था। आत्मज्ञान के कारण ही 'मैं' सर्व में हूं और मुझमें सर्व हैं', इस एकत्व की अद्भुत, अनूठी अनुभूति उनमें सहज प्रकट थी। उसके कारण सबका हित हो, सबका कल्याण हो, सबका श्रेयस् हो, यह छटपटाहट उनमें सदा रही। आत्मज्ञान अव्यक्त और अंदर की वस्तु है, सेवा उसीका बाह्य और प्रकट रूप है। वे मानते थे कि परमेश्वर ने सेवा के लिए ही मानवदेह बनाया है और हमसे सेवा लेने के लिए ही वह विविध रूपों में नट रहा है। हम भले अपनी शक्ति की सीमा तक ही किसी खास स्थान व व्यक्ति की सेवा करते हों, फिर भी सारे विश्व व विश्वेश्वर के सेवक हैं। कोई भी हमसे जुदा नहीं, भिन्न नहीं। सर्वभूतांतरात्मा एक ही है, इसलिए हम ही हमारी सेवा करते हैं। इस व्यापक आत्मदर्शन की दृष्टि से ही उन्होंने विविध प्रकार की सेवा की।

विनोबाजी को हमेशा लगता था कि सारे समाज में समरसता लानी हो, साम्य की स्थापना करनी हो तो मानव का जीवन शरीरश्रम पर प्रतिष्ठित होना चाहिए। श्रम की उपासना करने से ऊंच-नीच, धनी-गरीब, मालिक-मजदूर आदि सब प्रकार के भेदों का स्वतः निरसन हो जायेगा। समाज से शोषण-अन्याय मिटेगा। खासकर जिन्हें सत्य-अहिंसा की साधना करनी हो, उनके लिए यह सर्वश्रेष्ठ साधन है। उससे आंतरिक कषाय-दोषों की निवृत्ति होती है। श्रम का आध्यात्मिक रहस्य ध्यान में लेकर ही उन्होंने ब्रह्मविद्या-मंदिर के लिए एक अनिवार्य मूल्य रखा — 'मजदूरी के क्षेत्र में ब्रह्मविद्या'।

श्रम की महिमा गाते हुए वे कभी अघाते नहीं थे। १९२६में नागपुर के विद्वत् समाज के सामने उनके कुछ ओजस्वी व अप्रतिम प्रवचन हुए थे। वहां उन्होंने शुरू में ही कहा- ''आप लोगों को मैं उपनिषदों का सार सुनाऊं या उसके बदले आपसे निवेदन करूं कि आप लोग पोथी एक बाजू रखकर कुदाली और कुल्हाडी हाथ में लें। मैं आपसे कहना चाहता हूं कि आप सबको पोथीजीवी जीवन से परे जाकर उत्पादक श्रमजीवी जीवन स्वीकार करना चाहिए। तब आपका सर्वांगीण विकास होगा। आज आप मानवीय दृष्टि से विकलांग हैं। आपके व्यक्तित्व के एक अंग को पक्षाघात हो गया है।'' विनोबाजी की उस आर्षवाणी को सुनकर उन विद्वानों में नवीन चिंतन की लहर दौड गयी थी।

विनोबाजी की वाणी से ऐसे शब्द इसलिए निकल सके, क्योंकि उन्होंने अपनी जीवन-रचना ही वैसी की थी। आध्यात्मिक पुरुष होते हुए भी सर्वहारा के साथ एक रूप हो गये थे। जवानी के ३२ वर्ष उन्होंने ऐसे कामों में बिताये, जिनकी समाज में बहुत आवश्यकता है लेकिन फिर भी कोई नहीं करना चाहता। पवनार से तीन मील दूर 'सुरगांव' में वे भंगी काम के लिए सूर्यनारायण की तरह नियमितता से जाते थे। सुबह होते ही कंधे पर फावडा रखकर निकल पड़ते थे। मातृवात्सल्य के साथ रास्ते का मैला उठाकर खेतों में सावधानी से गाडते थे, जिससे सोनखाद मिले। पांच-छः घंटे उस काम और आने-जाने में जाते थे।

एक बार जोरदार बरसात हुई। रास्ते में कमर तक पानी था। बीच में एक नाला भी पडता था, उसे पार करना संभव नहीं था। फिर भी नाले तक विनोबाजी गये, क्योंकि उनके लिए वह उपासना थी। वहां जाकर नाले के किनारे खडे गांव के एक आदमी को पुकार कर कहा- ''मंदिर में भगवान को बता दो कि गांव का भंगी आया था, पर नाले में पानी होने से गांव में नहीं आ सका।''

विनोबाजी सारे समाज के उन्नयन की दृष्टि से, सर्व के उदय की भावना से वैज्ञानिक की तरह प्रयोग से चिंतन और चिंतन से प्रयोग करते रहते थे। उनके ध्यान में यह बात थी कि आज की सारी समस्याओं, अशांति, हिंसा के मूल में एक बडा कारण है आर्थिक विषमता। जब तक समाज पैसे के आधार पर चलेगा, तब तक उसमें सुधार नहीं हो सकता। अतः १९२४में 'दो आने आहार' योजना का प्रयोग किया। उन दिनों देश में प्रतिव्यक्ति निम्नतम आय डेढ-दो आने थी, तो विनोबाजी ने दो आने में गुजारा किया। १९३५में निश्चय किया कि दिनभर में जितनी आय होगी, उतने में निर्वाह करना। गांव के मजदूर के जितनी अपनी मजदूरी तय की और साथियों के साथ प्रयोग करना शुरू किया। रोज अपराह्न चार बजे हिसाब लगाया जाता कि हमारे दिनभर के श्रम की मजदूरी कितनी हुई। कम होने पर आहार से उतनी चीजें निकाल देते या शाम को फांका करते। कभी साथियों को लगता कि शाम को भोजन चाहिए तो अधिक काम करते। उसके बाद 'कांचनमुक्ति' का प्रयोग शुरू हुआ। बिना पैसे का उपयोग किये जीना। जो चीज पैसे से खरीदनी पडे, उसे बंद किया। जो उत्पन्न होता, वही खाते। तीनों समय के आहार में कभी एक ही चीज रहती। विनोबाजी को लगा कि जो सब्जियां हम खाते हैं, उनकी पत्तियां खाने में हर्ज नहीं तो गवार, कद्दू, लौकी, शक्करकंद, गाजर की पत्तियों की सब्जी बनने लगी। संतरे और नीबू के छिलके भी सब्जी में डालकर पकाये जाते। विनोबाजी उसका गुणगान करते कि इसमें भरपूर पोषक तत्त्व हैं, यह सब बेकार चला जाता है, समाज की इतनी संपत्ति नष्ट होती है।

कम खेतीवाले किसान अक्सर साधनहीन होते हैं। बैल रखना भी उनको नहीं पुसाता। ऐसे किसानों की दृष्टि से ऋषिखेती का विनोबाजी का प्रयोग काफी मार्गदर्शक कहा जा सकता है। उसमें उपज भी अच्छी आयी। विनोबाजी ने खेतों में पानी देने के लिए कुएं पर रहंट लगायी। प्रार्थना भी रहंट चलाते हुए करते। उन्हीं दिनों जेपी. विनोबाजी से मिलने आये थे। वे भी रहंट चलाने में शरीक हुए और कहा कि 'मैंने यहां प्रकाश की किरण देखी।'

विनोबाजी ने कताई के भी बहुत प्रयोग किये। तुनाई-धुनाई से लेकर कताई-बुनाई तक एक तरह से पूरा शास्त्र ही विकसित किया। आठ-नौ घंटे तक कातते। कभी खडे होकर, कभी बैठकर, कभी दायें हाथ से, कभी बांये हाथ से, रोज करीब चार गुंडियां कातना। बापू को विनोबाजी के इस प्रयोग की बात मालूम हुई। उन्होंने पूछताछ की कि ''चरखासंघ के हिसाब से कितनी मजदूरी होती है?'' ''दो, सवा दो आने रोज।'' ''तुम्हारा खर्च कितना आता है?'' ''आठ आने।'' तब बापू ने व्यथित होकर कहा कि ''इसका मतलब है, पूरा दिन कातनेवाला अच्छा कारीगर भी इस पर अपनी आजीविका नहीं चला सकता!''

इस प्रकार विनोबाजी समाज की मूलभूत आवश्यकता देखकर विविध प्रयोग करते थे और उसमें अपने साथियों को तो शामिल करते ही थे, ग्रामवासियों को भी शामिल करते थे। पवनार के मजदूरों को सुझाया कि सब लोग अपनी मजदूरी इकट्ठा करके समान बंटवारा करो। और उन्होंने सहर्ष मान्य किया। सबका हित सधे

और सब एक-दूसरे के कल्याण में सहभागी हों, इस दृष्टि से आश्रम में कताई-बुनाई के लिए आनेवाले बच्चों से कहा कि यहां तुम्हें अधिक मजदूरी मिलती है तो घास बेचने के लिए गांव की जो बहनें आती हैं, उन्हें अधिक पैसे देकर घास खरीदो। बच्चों ने वैसा ही किया और बहनों को अधिक पैसे देकर घास लोगों को भी खरीदने पडे। एक बार विनोबाजी स्वयं आश्रम के लिए कंबल खरीदने पवनार के बाजार में गये। कंबल बेचनेवाली बहन ने दाम बताया डेढ़ रुपया। विनोबाजी ने उससे भेडें पालने से लेकर बुनाई तक के सारे खर्च पूछे। और हिसाब लगाकर बताया कि यह कंबल पांच रुपये से कम में नहीं पडेगा, फिर तुम डेढ रुपये में कैसे बेच रही हो? वह कहने लगी, ''पांच रुपये कैसे बताऊं? डेढ कहने पर सवा में मांगते हैं।'' विनोबाजी ने वह कंबल लेकर पांच रुपये दिये। वह आश्चर्य से विनोबाजी की ओर देखती ही रही!

ऐसे समाज की दृष्टि से विविध प्रयोगों की विनोबाजी को धुन ही लगी थी। वे उसमें तन्मय हो गये थे, मानो नित्य समाधि में हों। नित्यनूतन उपनिषद उनकी प्रज्ञा से प्रसवित हो रही थी। उसी समय देश आजाद हुआ और गांधीजी का निर्वाण हुआ। अपने आगे के कार्यक्रम के बारे में विनोबाजी का तीव्र मंथन चलने लगा। और ईश्वर ने राह सुझा दी। उन्हीं दिनों १९५१में अप्रैल के प्रथम सप्ताह में तेलंगाना के शिवरामपल्ली में सर्वोदय सम्मेलन था। उसमें शामिल होने के लिए पवनार से कुछ साथियों के साथ विनोबाजी पैदल निकले। सम्मेलन के बाद तेलंगाना में पैदल घूमने लगे, वहां कम्यूनिस्टों ने काफी आतंक मचाया था। १८ अप्रैल १९५१को पोचमपल्ली गांव में प्रवेश किया। जहां हरिजनों ने ८० एकड जमीन की मांग की और एक भाई श्रीरामचंद्र रेड्डी ने ईश्वर से प्रेरित होकर सौ एकड जमीन दान में दी। उस रात विनोबाजी का साक्षात् ईश्वर से संवाद चला कि ''क्या मांगने से जमीन मिल सकती है?'' और उत्तर मिला कि ''अगर इसमें शंका रखेगा तो तेरा अहिंसा का दावा छोडना होगा। इसलिए श्रद्धा रख और मांगता जा। ईश्वर कभी अधूरी योजना नहीं बनाता।'' इस प्रकार भूदान की गंगोत्री प्रकट हुई। जो आगे प्रचंड प्रवाह के रूप में पूरे देश को आप्लावित करती रही।

भूदान के बारे में बात करते समय अक्सर लोग उसमें जमीन कितनी मिली, कितनी बंटी आदि आंकडे ही जानना चाहते हैं। लोग इतना ही मानते हैं कि उसमें अमीरों से लेकर गरीबों को जमीन दी गयी। लेकिन यह एकांश में ही सच है। भूदान में मिली सिर्फ जमीनों को देखें तो वह भी असंभव आंकडा है। लेकिन भूदान को विनोबाजी ने आंदोलन नहीं आरोहण कहा। जिसमें व्यक्ति का, समाज का ही नहीं, पूरी मानवता का आरोहण हुआ। लेने के बदले देने की हवा चली। हर मनुष्य के पास कुछ न कुछ है, जो वह समाज को दे। किसी के पास जमीन है, किसी के पास संपत्ति है, किसी के पास बुद्धि है, किसी के पास श्रम है, वह उसका मालिक नहीं, ट्रस्टी है। जिसे समाज को समर्पित करना है। इस प्रकार मानवता के विकास के इतिहास में एक विशिष्ट प्रकरण ही लिखा गया।

उन दिनों रोज ही ऐसी घटनाएं घटती थीं, जो मानव-हृदय के उदात्तता को बयां करती थीं। छोटी-बडी रियासतों के राजा-महाराजा, जमींदार आदि ने हजारों-लाखों एकड जमीन दी। उनसे विनोबाजी कहते थे कि अब आप भूदान के कार्यकर्ता बन जाइये और लोगों से भी मांगिये। तब उन्होंने वह काम भी किया। विनोबाजी कभी भी जमीनवालों से यह नहीं कहते थे कि आप बडे जमीनवाले हैं, उपकार करके बेजमीनों को दें। बल्कि कहते थे कि ''हम सब भाई-भाई हैं। आपके घर

में पांच लोग हैं तो मैं गरीबों का प्रतिनिधि छठ्ठा हूं।" नाकाफी दान हो तो वापस भी कर देते थे।

गरीबों से भी छठ्ठा हिस्सा ही मांगते थे। लेकिन बहुत बार लोग अपनी पूरी जमीन दे देते थे। सागर जिले का आखिरी पडाव था। रास्ते में एक गांव के ग्रामीणों ने विनोबाजी को रोका और दानपत्र भरे। एक वृद्ध ने अपनी पूरी ६ एकड जमीन अर्पित की। उसकी जानकारी ली गयी तो उसने बताया कि मैं राज हूं। उसकी मजदूरी से थोडा बचाकर यह जमीन खरीदी थी। किसी ने पूछा कि बच्चों के लिए कुछ नहीं रखेंगे? तुरंत उस भाई ने कहा कि जी नहीं, मैं उन्हें आलसी नहीं बनाना चाहता। वे मेहनत करके जीयेंगे। वैसे ही होशंगाबाद जिले की कुंवरबाई के पास दो एकड जमीन थी। उसने वह पूरी दान कर दी। 'अब गुजारा कैसे होगा' पूछने पर कहा कि 'दूध-दहीं बेचकर आजीविका चला लूंगी।' कई बार सभाओं में दान देने की होड लग जाती। कई बार कार्यकर्ताओं को, कभी स्वयं विनोबाजी को समझाना पडता। कभी तो दाता रोने लगता कि हम गरीब हैं, इसलिए नहीं ले रहे हैं? आप कहते हैं कि यह भूदान यज्ञ है, फिर हमें क्यों इस यज्ञ से वंचित कर रहे हैं? ऐसे अनेक शबरियों ने बेर और सुदामाओं ने अपने तंदुल दिये।

नैनीताल के कालडूंगी गांव में विनोबाजी का पडाव था। आसपास के गांव के लोगों ने प्रवचन सुना और दान दिये। एक दूर के गांव की बहन ने भूदान के बारे में सुना और तुरंत चल पडी। पडाव पर पहुंची तो रात के ११ बज चुके थे। यात्रीदल के सभी लोग सो चुके थे। वह ठंड में रातभर दरवाजे पर बैठी रही कि ये लोग चले न जायें। सुबह यात्रीदल के लोग उठे तो अपनी जमीन व मकान दान करके ही गयी। कुछ ऐसी ही कहानी मुरादाबाद जिले के अंधे रामचरण की है। पडोस के गांव में विनोबाजी का पडाव था। उसने लोगों से चर्चा सुनी कि एक फकीर गरीबों के लिए जमीन मांगता है। वह तुरंत बैलगाडी से पडाव पर पहुंचा। आधी रात हो गयी थी। संयोग से एक भाई उठे तो उन्हें अपनी सारी जमीन दान में देकर प्रसन्नतापूर्वक लौट गया। दूसरे दिन विनोबाजी को वह बात बतायी गयी तो उन्होंने गदगद कंठ से कहा: "वह अंधा नहीं था। स्वयं परमेश्वर ही हमें आशीर्वाद देने आये थे।" इस तरह विनोबाजी जगह-जगह हरिदर्शन करते थे।

देने का चारों तरफ ऐसा माहौल बना था कि लोग हल, बैल, गाय, बीज, कुआं, मकान भी दान देते थे। लेकिन एक युवा मां ने तो अद्भुत दान दिया। पूर्वी पाकिस्तान(बांगलादेश) में विनोबाजी की यात्रा चल रही थी। बहुत सारे लोग जमीन देने के लिए लाइन में खडे थे। उसमें वह मां भी खडी थी। जब उसका नंबर आया तो उसने कहा कि "आपके मुल्क में आपको बहुत जमीन मिली है, यहां भी मिलेगी। लेकिन आपको देने लायक मेरे पास कुछ नहीं है। मेरा यही एक बच्चा है, इसे मैं आपको सौंपती हूं।" यह कहकर आंसुओं के साथ उसने बच्चे को विनोबाजी की गोद में डाल दिया। विनोबाजी ने उस सर्वस्व समर्पण करनेवाली मां के बच्चे को प्यार से सहलाकर फिर मां को सौंपते हुए कहा कि "मेरी ओर से इसकी परवरिश करो और इसे अच्छा इन्सान बनाओ।" ऐसे कितने ही मार्मिक प्रसंग होते थे, जो मानव-हृदय की ऊंचाई को व्यक्त करते थे। जमीन कितनी मिली, इसका उतना महत्त्व नहीं है, बल्कि भावना का महत्त्व है। विनोबाजी कहते थे – "जिसने मुझे मांगने की प्रेरणा दी, वह लोगों को देने की भी देगा।"

भूदान का अगला चरण ग्रामदान का था। जिसका उद्देश्य था पूरे गांव का परिवार बनाना और सर्व में एकत्व की अनुभूति करना। पूरे देश में लाखों ग्रामदान

हुए। उत्कल के कोरापुट जिले में ग्रामदान की बाढ़ आ गयी। उसमें पूरे गांव की जमीन ग्राम की मानी जाती थी और आवश्यकता अनुसार जमीन खेती करने के लिए बांट दी जाती थी। जिसके पास ४० एकड जमीन थी, उसके परिवार की जरूरत कम हो तो ५ एकड दी जाती। किसी के पास कुछ भी नहीं थी, लेकिन जरूरत ज्यादा थी तो २ एकड भी दी जाती। ऐसे दृश्य अक्सर देखने को मिलते। इस प्रकार सर्व के उदय की भावना को विनोबाजी ने गांव-गांव में फैलायी। सब अपनी ही चिंता न करें, बल्कि सबकी चिंता करें, ऐसी सामुदायिकता की भावना लोगों में दृढ़ की।

उस दृष्टि से विनोबाजी ने अनेक विचार दिये और कार्यक्रम दिये। उसी मेंसे उनका 'गणसेवकत्व' का विचार निकला। सब मिलकर सबका सामूहिक नेतृत्व हो, किसी व्यक्ति का नहीं। उसके लिए सारे समाज का चित ऊपर उठाना होगा। ज्ञान-विज्ञान के कारण लोग अकेले नहीं, समूहरूप में काम करेंगे और एक-दूसरे के गुणों की पूर्ति करेंगे। तब सबके गुणों का योग होकर गुणों का समुच्चय होगा, वही नेतृत्व करेगा। विनोबाजी कहते थे कि हिंदुस्तान में हिमालय की ऊंचाई के अनेक महापुरुष हो गये लेकिन आम जनता का स्तर नीचे ही रहा। मुझे भी अपने लिए पहाड सरीखा ऊंचा होना सुखकर नहीं लगता। मेरी मिट्टी आसपास की जमीन पर फैल जाये, इसी में मुझे आनंद है... इसलिए 'जय-जगत' का मंत्र देनेवाले विनोबाजी किसी खास स्थान व देश के निवासी नहीं थे, वैसे ही किसी एक शरीर तक ही सीमित नहीं थे। वे तो व्योम की तरह सबको व्यापनेवाले थे। अत: सर्वभूतहिते रता: उनका जीवन रहा।

उनके सभी प्रयोगों में, भूदान-ग्रामदान जैसे कार्यक्रमों में सर्व के उदय की उनकी भावना दीखती ही है। लेकिन साधना के क्षेत्र में भी वही भावना रही। वे स्पष्ट रूप से कहते थे कि हवा, पानी, सूरज की रोशनी अगर सबके लिए है तो क्या साधना, भक्ति, मुक्ति, अहिंसा सबके लिए नहीं हो सकती? इसलिए ब्रह्मविद्या मंदिर में सामूहिक साधना, सामूहिक समाधि और सामूहिक मुक्तिका अभिनव दर्शन रखा। यह अन्चार्टेड सी' है। इसलिए आज भले ही असंभव दीखता है लेकिन भविष्य का दर्शन है। व्यक्तिगत साधना, समाधि, मुक्ति का अनुभव हिंदुस्तान में अनेकों ने लिया लेकिन अब उसके आगे जाना होगा। समूहरूपेण दर्शन, साक्षात्कार करने का जमाना आया है। सब ओर एक ही आत्मा व्याप्त है, यह किसी एक को नहीं, सबको अनुभव आये। वह है सामूहिक समाधि। देहभाव न रहे, यह मोक्ष है। इस मोक्ष का इसी देह में, इन्हीं आंखों से अनुभव आ सकता है। इसका मतलब है, सब विश्व का उद्धार होगा, उसके साथ ही हमारा उद्धार होगा। ऐसी बहुत विशाल कल्पना विनोबाजी ने रखी है।

(कंचनबहन विनोबाजीके ब्रह्मविद्या मंदिर, पवनार की जीवन-सेविका हैं।

कंचन, ब्रह्मविद्या मंदिर, पवनार)

ગાંધી: આ વખતે તમારી સેવાનો મારે ખપ છે. પણ તમે નવરા છો કે નહીં તેની મને ખબર નથી. કારણ તમે નિરંતર કંઈ ને કંઈ ગૂંથાયેલા જ હો છો. પણ હમણાં આપણે વ્યક્તિગત સત્યાગ્રહ આદરવો છે, અને હું ઇચ્છું છું કે તમે જો ખાસ મુશ્કેલી વિના કામમાંથી ફારેગ થઈ શકો તેમ હો, તો પહેલા વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે તૈયાર થઈ જાઓ.

વિનોબા: આપનું તેડું અને યમરાજનું તેડું મારે મન સરખાં છે. એ પાછું ઠેલવાનો પ્રશ્ન હોય જ નહીં. એટલે મારે હવે અહીંથી પાછા પવનાર જવાનીયે જરૂર નથી. અહીંથી જ સીધો એ કામ માટે જઈ શકું છું.

## ૧૧. સર્વોદય અને આજનું શિક્ષણઃ થોડાં વિચારબિંદુઓ

ભરત જોશી 'પાર્થ મહાબાહુ'

શિક્ષણ જ્ઞાનોદય માટે હોય. વ્યક્તિનો જ્ઞાનોદય છેવટે સમાજના ઉદયમાં પરિણમે. એટલે કે શિક્ષણ સમાજના ઉદય માટે હોય. ઉદિત થયેલો બીજાનો ઉદય કરી શકે. છેવટે સર્વનો ઉદય થાય. સર્વોદયનો તાત્ત્વિક અર્થ આવો થાય.

★

સર્વોદય એક આંદોલનના સ્વરૂપે પણ જોવા મળે. તે અર્થમાં તેનો સંબંધ જહોન રસ્કિનના 'અનટુ ધિસ લાસ્ટ' સાથે બંધાય. અંત્યોદયનો આ વિચાર ગાંધીજી પાસે આવે અને તત્ત્વજ્ઞાનનું રૂપ લે અને પરિષ્કૃત થઈ સર્વોદય બની જાય; તે પછી વિનોબા તેને ઝગમગાવે. ભારતીય સંસ્કૃતિ 'સ્વ'ની નહીં 'સર્વ'ની ખેવના કરે છે. 'સર્વેત્ર સુખિનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ, સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિદ દુઃખમાપ્નુયાત' એવું ગાવાવાળી સંસ્કૃતિ 'વસુધૈવ કુટુમ્બકમ્' કે 'યત્ વિશ્વ ભવત્યેકનીડમ્'માં દઢ વિશ્વાસ ધરાવે છે. ભારતીય સંસ્કૃતિનો પ્રાણ જ સર્વ સમાવેશનો વિચાર છે. તેથી જ તે સર્વોદયી છે. આ અર્થમાં સર્વોદય ફિલસૂફી છે.

★

શિક્ષણ શું છે? શિક્ષણ કોના માટે છે? શિક્ષણથી શું થાય? શિક્ષણ કેવું હોય? કાલનું, આજનું અને આવતી કાલનું શિક્ષણ જુદુંજુદું હોય? શિક્ષણનું સ્વરૂપ બદલાય તેવું હોય? આવા જ્ઞાનમીમાંસીય પ્રશ્નોનો સાદો ઉત્તર કેવો હોય? કદાચ આવોઃ શિક્ષણ જેણે મેળવવું હોય તેના માટે હોય. તે કાયમથી એકસરખું જ હોય. તેનું સ્વરૂપ કદી ન બદલાય, માત્ર શિક્ષણ વ્યવસ્થા બદલાતી રહે. 'આજનું શિક્ષણ' એમ જ્યારે કહીએ ત્યારે શિક્ષણનો અર્થ શિક્ષણ વ્યવસ્થા થાય. નિર્ધારિત પ્રક્રિયાની ફલશ્રુતિના અર્થમાં તો અધ્યયનને શિક્ષણ કહેવાય. વ્યવસ્થાના અર્થમાં શિક્ષણ પ્રમાણમાં મૂર્ત જણાય, અધ્યયનના અર્થમાં અમૂર્ત જણાય. અધ્યયન સતત હોય; વ્યવસ્થા સમયાનુસાર હોય. આજનું શિક્ષણ એટલે આજની શિક્ષણવ્યવસ્થા.

★

સર્વોદય એટલે સૌના ભલામાં આપણું ભલું તેમ સ્વીકારી વર્તવું. સર્વોદય એટલે સૌને આજીવિકાનો સમાન અધિકાર. સર્વોદય એટલે પરિશ્રમયુક્ત જીવન. 'ભલું' એટલે વિકાસ, ઉદય કે કલ્યાણ. વ્યક્તિનું ભલું ક્યારે અપેક્ષિત ન હતું? સમાજનું ભલું ક્યારે અપેક્ષિત ન હતું? વ્યક્તિના ભલાથી સમાજના ભલા સુધી પહોંચાય. વ્યક્તિના વિકાસથી સમાજના વિકાસ સુધી પહોંચાય. વ્યક્તિ અને સમાજ અવિભાજ્ય કે અભિન્ન છે. વ્યક્તિના અભાવમાં સમાજ કે સમાજના અભાવમાં વ્યક્તિની કલ્પના નિરર્થક છે. સમાજ ત્યારે જ વિકસ્યો કહેવાય જ્યારે વ્યક્તિઓ વિકસી હોય. વ્યક્તિનો વિકાસ સમાજના વિકાસમાં ન પરિણમે તો તે વ્યક્તિ વિકાસ સર્વોદય સિદ્ધ ન કરી શકે. સૌનું ભલું પહેલાં છે, આપણું ભલું તેમાં સમાયેલું છે. સિદ્ધ કરવાની બાબત 'સૌનું ભલું' છે. તેથી વ્યક્તિનું ભલું અને સમાજનું ભલું એક જ હોય, અલગ અલગ નહીં.

★

શિક્ષણ એ સમાજ દ્વારા અસ્તિત્વમાં આવેલી દિશા નિર્ધારિત વિકાસની વ્યવસ્થા છે. અધ્યયન કોઈ વ્યવસ્થાનું ઓશિંગણ નથી. વ્યક્તિ ગમે તે પરિસ્થિતિમાં શીખી લે છે તેથી શીખવાની દિશા નિર્ધારિત કરવા શિક્ષણની વ્યવસ્થા ઉપયોગી થઈ શકે. આ માટે શિક્ષણની વ્યવસ્થાનો હેતુ સૌથી મહત્ત્વનો બને. સામાન્ય રીતે શિક્ષણ વ્યવસ્થા સામાજિક હેતુ જ ધરાવતી હોય છે. ઘણી વાર ધાર્મિક,

આર્થિક, રાજનૈતિક કે સામુદાયિક હેતુવાળી શિક્ષણ વ્યવસ્થા જોવા મળે તેવું બને. આમાં પણ અંતિમ હેતુ તો સામાજિક જ હોય છે. તેની પાછળનું કારણ સમાજ છે. સમાજ યાને લોકો થકી જ વ્યક્તિ ટકેલી છે વ્યક્તિનું 'લાલન-પાલન' સમાજ દ્વારા જ થાય છે. વ્યક્તિનો ઉછેર સમાજ કરે છે. સમાજ વ્યક્તિને પોતાના એકમ તરીકે ઉછેરે છે. વ્યક્તિ આ રીતે પોતાને સમાજના એકમ તરીકે વિકસાવે તેને તેનું સામાજિકીકરણ કહેવાય છે. સામાજિકીકરણ વ્યક્તિને સમાજ પ્રત્યે જવાબદાર બનાવે છે. સમાજ વ્યક્તિનું સશક્તિકરણ કરે છે તો વ્યક્તિ સમાજનું સશક્તીકરણ કરે છે. આ જવાબદારી ઉભયપક્ષે છે. જ્યારે કોઈ એક પક્ષ આ જવાબદારીથી ફગે છે ત્યારે સમસ્યા અનુભવાય છે- વ્યક્તિને અને સમાજને પણ. સમાજ વ્યક્તિને જે માવજત આપે તેનાથી વ્યક્તિની સમાજ પ્રત્યેની માવજત નક્કી થાય છે. સમાજે વ્યક્તિના વિકાસને પોષણ આપ્યું હોવાથી વ્યક્તિની સમાજને પોષણ આપવાની જવાબદારી બને છે. તેથી ગાંધીજીએ સંસારને ત્યાગી જનારા શક્તિશાળી લોકોને સંસારમાં રહી તેમની સમાજ પ્રત્યેની જવાબદારી અદા કરવાની ભલામણ કરી હતી. સંસારને ત્યાગી જનારાઓ સમાજ તરફથી જે કાંઈ પ્રાપ્ત થયું છે તેનું ઋણ ચૂકવવાની જવાબદારીમાંથી ભાગી છૂટે છે. આમ કરવાથી વ્યક્તિને લાભ હોઈ શકે; સમાજને તો નુકસાન જ છે. સર્વોદયની સિદ્ધિ આ રીતે શક્ય ન બની શકે. શિક્ષણનો સમાજ સાથેનો સંબંધ વિશિષ્ટ છે. વ્યવસ્થા તરીકે શિક્ષણ ઇચ્છિત દિશામાં વ્યક્તિનું ઘડતર કરે અને તેમ સમાજને પોષક વ્યક્તિઓનું નિર્માણ થાય. તો બીજી તરફ સમાજ ઇચ્છિત દિશામાં વ્યક્તિનું ઘડતર કરે તેવી શિક્ષણ વ્યવસ્થાનું નિર્માણ કરે. 'યથા રાજા તથા પ્રજા' જેવો સમાજ અને શિક્ષણનો સંબંધ છે. જેવો સમાજ તેવું શિક્ષણ અને જેવું શિક્ષણ તેવો સમાજ.

★

શિક્ષણની આજ સર્વોદયના સંદર્ભમાં રાજી કરે તેવી નથી. સર્વોદય સૌનો વિચાર કરવાથી સંભવે, જ્યારે આજનું શિક્ષણ સ્વકેન્દ્રિતા શીખવે છે, મોટા પેકેજ માટેની હરીફાઈ શીખવે છે અને પરિશ્રમથી દૂર લઈ જાય છે. ઓછામાં ઓછા શરીરશ્રમથી વધુમાં વધુ ભૌતિક સુખ મેળવનારી વ્યક્તિનું નિર્માણ આજની શિક્ષણ વ્યવસ્થાનું પરિણામ હોય છે. સર્વોદય માટેનું શિક્ષણ સમાજને જરૂરી હોય તેવા ચારિત્ર્યવાન વ્યક્તિનું ઘડતર કરે. ગાંધીજી તો શિક્ષણના ધ્યેયોમાં સર્વ પ્રથમ ચારિત્ર્યઘડતરને જ મૂકે છે. અક્ષરજ્ઞાન નહીં થાય તો પણ ચાલશે પરંતુ ચારિત્ર્યઘડતર થવું જોઈએ, તેવો તેમનો શિક્ષણ સંદર્ભે સ્પષ્ટ મત હતો. સર્વોદયના સિદ્ધાંતોને ચરિતાર્થ કરે તેવા ચારિત્ર્યવાન લોકોનો સમાજ શિક્ષણ દ્વારા રચી શકાય. શિક્ષણવ્યવસ્થાને આ દૃષ્ટિકોણથી જોવાની અને ગોઠવવાની આવશ્યકતા છે. સર્વોદયનાં મૂલ્યોનું વાવેતર અને જતન કરે તેવા શિક્ષણની જરૂર છે. શિક્ષણથી સર્વોદય સુધી પહોંચવા માટે શિક્ષણના હેતુ અંગેની સ્પષ્ટતા અનિવાર્ય છે. શિક્ષણની રચના જો સર્વોદયના પાયા ઉપર કરવાની હોય તો શિક્ષણનો હેતુ પણ તે મુજબ જ હોવો અનિવાર્ય ગણાય.

★

શિક્ષણના હેતુના સંદર્ભે અભ્યાસક્રમ પણ નવેસરથી રચવાની જરૂર ઊભી થાય. આપણાં પાઠ્યપુસ્તકો અને વર્ગખંડ પ્રક્રિયા ગાંધીજીનાં શૈક્ષણિક તત્ત્વજ્ઞાનનાં ધોરણ પ્રમાણે ગોઠવવાં પડે. ગાંધીજી તો પાઠ્યપુસ્તક તરીકે શિક્ષકને જ જુએ છે. વિદ્યાર્થી શિક્ષકમાંથી શીખે છે. શિક્ષક જ ચારિત્ર્યઘડતરનું સાચુકલું પાઠ્યપુસ્તક છે તેમ ગાંધીજીનું સ્પષ્ટ માનવું હતું. અભ્યાસક્રમના આધુનિક વિદ્વાનો પણ એક વાતનો તો સ્વીકાર કરે જ છે કે શિક્ષક અભ્યાસક્રમના ક્રિયાન્વયનમાં ફિલ્ટરનું કાર્ય કરે છે. તેથી સર્વોદય સમાજની રચના માટેના શિક્ષણમાં શિક્ષકની અનેરી ભૂમિકા સ્વીકારવી રહી.

★

ગાંધીજીની જીવનરીતિ દર્શાવે છે કે તેમને મન જીવનનું અંતિમ લક્ષ આધ્યાત્મિક છે. તેમણે આત્મકથાની

પ્રસ્તાવનામાં આ વાત કરતી વખતે સાક્ષાત્કારનો ઉલ્લેખ કર્યો છે. ગાંધીજીની આધ્યાત્મિકતા સામાજિક માર્ગેથી સંચરે છે. સત્ય, અહિંસા, પ્રેમ અને ન્યાયના પાયા ધરાવતો સમાજ ગાંધીજીને મન આધ્યાત્મિક સમાજ છે. તે સમાજમાં શોષણને સ્થાન નથી. તેમાં વ્યક્તિનું સન્માન છે; વ્યક્તિનો ઉપયોગ કરી લેવાની વૃત્તિ નથી. વ્યક્તિસન્માન એટલા માટે છે કે તેમાં સર્વનો વિચાર છે અને સર્વનો વિચાર જ સર્વોદય છે. ગાંધીજીનો આધ્યાત્મિક સમાજ સત્તાની લાલસાથી મુક્ત છે. જ્યાં સત્તાની સાઠમારી હોય ત્યાં સર્વોદયનો સંભવ નથી. ગાંધીજી તેથી જ એવા શિક્ષણની ભલામણ કરે છે જેનાથી વ્યક્તિમાં સર્વોદયની ભાવના પ્રગટે. આજના શિક્ષણમાં આ લક્ષણ ક્યાંય ગોત્યુંયે જડે તેમ નથી. સત્તાની ઘેલછા અને સંપત્તિનું કેન્દ્રીકરણ આજના શિક્ષણનું પરિણામ છે. આજના શિક્ષણના ધ્યેયો ભૌતિકવાદને પ્રાધાન્ય આપે છે. આવું શિક્ષણ સર્વોદયથી ઊલટી દિશામાં ગતિ કરનારો સમાજ સર્જે. 'બોયા પેડ બબુલ કા, આમ કહાં સે હોય!' સર્વોદય સુધી પહોંચવા માટે વિકેન્દ્રીકરણને મજબૂત કરનારું શિક્ષણ અનિવાર્ય ગણાય. સત્તા અને સંપત્તિથી અંજાઈ જનારાઓ સર્વોદયની ભાવનાથી યોજનો દૂર હોય છે; પછી ભલે તે ખાદી પહેરતા હોય, રેંટિયો કાંતતા હોય, નિયમિત પ્રાર્થના કરતા હોય અને ગાંધી સૂચિત ભજનો ગાતા હોય. આજનું શિક્ષણ આપણને સર્વોદય પ્રતિ લઈ જનારું જણાતું નથી અને એટલે જ સખેદ કહેવાનું પ્રાપ્ત થાય છે કે ૧૯૩૭માં ગાંધીજીએ સૂચવેલી શિક્ષણવ્યવસ્થા તેના ખરા સ્વરૂપે આપણે ક્યાંય અમલી બનાવી શક્યા નથી.

(ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના શિક્ષણશાસ્ત્ર ભવનના સિનિયર પ્રાધ્યાપક અને ડીન ડૉ. ભરત જોશી ઊંડાણથી ઝીણું કાંતીને વાતને મૂકે છે. તેઓ 'પાર્થ મહાબાહુ'ના નામથી સુંદર કવિતાઓ રચે છે.

સિનિયર પ્રોફેસર, ડીન અને હેડ, શિક્ષણ વિદ્યાશાખા, ગૂજરાતવિદ્યાપીઠ, અમદાવાદ

ઈમેઈલઃdrbhjoshi@gmail.com મોબાઇલઃ ૯૮૨૫૬૮૪૪૫૪)

આપણે કોઈ દેશના અભિમાની નથી, કોઈપણ સંપ્રદાય કે જાતિવિશેષમાં બંધાયેલા નથી.

વિશ્વમાં પ્રાપ્ત સદ્‌વિચારોના બાગમાં વિહાર કરવો એ આપણો સ્વાધ્યાય, સદ્‌વિચારોને આત્મસાત્ કરવા એ આપણો ધર્મ, વિવિધ વિશેષતાઓમાં સમન્વય સ્થાપિત કરવો, વિશ્વવૃત્તિનો વિકાસ કરવો એ આપણી વૈચારિક સાધના.

૦ વિનોબા ૦

સર્વોદયનો નિરધાર ગાંધી આ શબ્દોમાં ઉદ્ઘોષિત કરી ગયા છે –

"આખી દુનિયા તેનાથી('હિંદ સ્વરાજ'ના દર્શનથી) વિપરીત દિશામાં જઈ રહી હોય એમ લાગે છે.

મને તેનો ભય નથી.

કેમ કે પતંગિયું જ્યારે એનો અંત નજીક આવી રહ્યો હોય, ત્યારે દીવાની ચારે તરફ વધુને વધુ ચક્કર ચક્કર ઘૂમવા લાગે છે.

સંભવ છે, પતંગિયા જેવી આ હાલતમાંથી ભારતને આપણે ઉગારી ન શકીએ. તેમ છતાં ભારત અને તેની મારફત આખાયે વિશ્વને આ નિયતિમાંથી બચાવવાની છેલ્લા શ્વાસ સુધી કોશિશ કર્યે રાખવી, એ મારો ધર્મ છે."

## ૧૨. જુ.કાકા : કેળવણી દ્વારા અનાસક્તિ યોગ

ભદ્રાયુ વછરાજાની

સર્વોદયની કેળવણી કેવી હતી એ જાણવા માટે આપણે ૮૨ વર્ષે અડીખમ જુસ્સાદાર નારીને મળીએ. એ નિરંજનાબહેન મુકુલભાઈ કલાર્થી. એમના સ્વપ્નિલ પરિસર સરદાર કન્યા વિદ્યાલય, સ્વરાજ આશ્રમ, બારડોલીમાં તેમને મળવું એ લ્હાવો છે.

નાની કંઈ ગોઠવીને ભણ્યાં નથી, ભણવું જોઈએ એટલેય ભણ્યાં નથી, પણ સહજતાથી જીવતાં જીવતાં શીખતા ગયાં અને બસ તે જ નાનીનું ભણતર.

વિનોબાજીએ કહ્યું તે નાનીએ કર્યું. વિનોબાજી કહે છેઃ જાવી જિવેત તાવી સિખેત... જીવતાં જીવતાં શીખવાનું છે, નાનીએ બરાબર આ માર્ગ પર જ ચાલવાનું પસંદ કર્યું. કાળક્રમે જે કંઈ બનતું ગયું કે જે કંઈ મળતું ગયું કે જે કશુંક ગોઠવાતું ગયું તે કંઈ, કોઈ કે કશુંકમાંથી જે અનુભવ્યું તે આત્મસાત થયું તે નિરંજનાને નાની કે મા કે બા બનાવતું રહ્યું. અને એટલે આજે નાની પાસે અનુભૂતિઓનો કુબેરભંડાર છે. સંવેદનાનો દરિયો છે. વિષયશિક્ષણને વિષયીજીવનને મૌલિકતાથી અતિક્રમી જવાનું સહજ રહ્યું છે, નાની માટે! જીવનશિક્ષણ કે જીવતું જાગતું જીવન આપણને નાનીના મુખારવિન્દ પર તેજ બનીને ચમકતું દેખાય છે...

કહોને કે ચાર ધોરણ સુધી તો ઔપચારિક શિક્ષણ લીધું જ નહીં. ભુવાસણ આશ્રમમાં રહેતાં રહેતાં જે પાયા તે ભણ્યા ગણો. આશ્રમ પરિવારમાં નાના—મોટા ઘણા માર્ગદર્શકો. એ કંઈને કંઈ શીખવતા ગયા. સૌથી મોટા શિક્ષક તો પિતાશ્રી જ. તે દિવસભર નવરા પડવા જ ન દે ને! ઘરમાં—આશ્રમમાં— પરિસરમાં કંઈક ચીંધ્યા કરે. આ કરો ને તે કરો. તમને સૂઝે તેમ કરો. ખુદ સ્વચ્છ રહો અને બધું સાફસુથરું રાખો. શું કરવું તે ભલે વડીલો કહેતા પણ કેમ કરવું તે તો નાનીએ નક્કી કરવાનું. એમ કરતાં ભૂલ થાય તો શી ભૂલ થઈ તે શોધવાનું તમારે અને એ ભૂલ કેમ સુધારવી તેનો રસ્તો પણ શોધવાનો તમારે. કરતાં જાવ અને શીખતાં જાવ.

ધોરણ પાંચ—છ—સાતથી જુગતરામ કાકાનું સાન્નિધ્ય સાંપડયું. રહેવાનું જ વેડછી. જુ'કાકા તો સાક્ષાત દેવશિક્ષક. ભાવનગર બાજુ ગિજુભાઈ બધેકા જે વિચારે તેની પ્રયોગશાળા એટલે જુ'કાકા! મૂછાળી મા કહે તે આ મૂછાળા બાપ અમલમાં મૂકે! નાનીને અહીં રહીને ભણવાનું હતું એટલે તેને તો દોડવું હતું ને ઢાળ મળ્યો, જેવો લાભ થયો. નારાયણ દેસાઈ, મોહન પરીખ તો અહીં ખરા, વળી નાનાભાઈ ભટ્ટને કવિ પિનાકિન ત્રિવેદી ને કવિવર ઉમાશંકર જોશી સૌની નિયમિત અવરજવર. આ મહાન શિક્ષકો પધારે એટલે બધું પડતું મૂકીને સૌ એમને વીંટળાઈ વળે. અડક અધ્યયનની ઘોષણા જુ'કાકા કરી દે પણ જાહેરાતથી બધા ઝૂમી ઊઠે, એટલા માટે નહીં કે ભણવામાં રજા પડી, પરંતુ એટલા માટે કે સ્વૈરવિહારી થઈ શીખવા મળશે. કવિરાત્રી થાય અને તેમાં પ્રેમાનંદ, દલપતરામ, દયારામની રચનાઓ ગવાય, એનું ભાષ્ય થાય અને રસદર્શનનું પ્રભાત ઊઘડે. ક્યારેક રાત્રિશાળાની ઘોષણા થાય. રાત્રે જાગવાનું ને આકાશદર્શન કરવાનું. પાંચ—સાત દિવસો સુધી જુ'કાકા આકાશની દુનિયામાં સફર કરાવે. એમાં વળી વ્યાધના તારાને જોવો તો જુકાકા પેલી વાર્તા કરવા લાગે. એક શિકારી આખી રાત બિલિપત્ર અજાણતાં જ ફેંકી રહ્યો છે તે તો શિવજીનો અભિષેક બની રહેલ છે. જો ધ્રુવનો તારો ભાળે તો જુ'કાકા પૂછેઃ બોલો, આ ધ્રુવની વાર્તા કોણ કહેશે ? અને ખુલ્લા આકાશ નીચે ધરતીની ભીનાશ પર આળોટતાં બાળકો શીતળ લહેરો વચ્ચે ધ્રુવ આખ્યાન માણવા લાગે. જુ'કાકા આમ તો કાયમ હસતાં રમતાં ને સતત પ્રવૃત્ત, પણ કોઈક વાર બહુ મૂડમાં હોય તો પોતે ટાગોર બને ને પછી ડાકઘર ભજવે. તો ક્યારેક દૂર દૂરના ડુંગરા પર લઈ જઈ કહેઃ ચાલો, ટેકરીવાર્તા શરૂ કરીએ.

ટેકરી પર ચડવાનું શરૂ કરો ત્યારે વાર્તા કહેવાનું શરૂ કરવાનું ને ટેકરી ઊતરો ત્યારે વાર્તા પૂરી કરવાની. આમાં પછી બધાનો વારો આવે જ એટલે માત્ર સાંભળવાની નહીં પણ મનમાં વાર્તા કહેવાની તૈયારી પણ કરવાની. જુ'કાકા ખો દેતા જાય ને તમારો વારો આપતા જાય. નાનીએ શીખવે તે શીખ્યું જ નહીં, જીવનભર માટે કેળવે તે કેળવણી પણ આત્મસાત્ કરી..!

વિદ્યાર્થીઓને ખ્યાલ ન આવે કે હું ભણું છું અને શિક્ષકને ખબરેય ન રહે કે હું શીખવું છું, તેવી જીવનલક્ષી જુગતરામકાકાની કેળવણી! નાની ભાગ્યવાન હતાં કે એમને જુ'કાકા પાસે કેળવાઈને જીવનભરનું ભાથું ગાંઠે બાંધવાની દિવ્ય તક મળી. કદાચ તમને ત્યારે ન સમજાય પણ પછીના જીવનમાં તે એટલું ઉપયોગી નીવડે કે ન પૂછો વાત. નાની આજેય કબૂલે છે કે આજે એંસીના દસકામાં પણ ભરપેટ વાંચવાની ટેવ છે તે જુ'કાકાએ પાડી છે. પોતે સામે બેસાડે અને મારી કવિતાઓ કે ટાગોરની વાર્તાઓ કે એવું કશુંક પોતે વાંચે. રસ પડે તો તો માંગીને આગળ વાંચી લઉં પણ ન રસ પડે તોય જુ'કાકા ચોપડી હાથમાં પકડાવી દઈ કહેઃ લે, હવે તું પૂરું કરી લેજે! બસ, આમ ટેવ પડી ગઈ વાચનની. એમાં લેખકો—કવિ—સાધકો આવે અને તે લાખો લાખોના જીવન ઊંડાણની વાતો કરે ત્યારે એમ થાય કે ઓહો, આપણે કેટલું વાંચ્યું છે! જુ'કાકા તો લખતાં પણ એટલું બધું. જ્યારે બેઠેલા ભાળો ત્યારે કાં તો વાંચતા હોય ને કાં તો લખતા હોય. વેડછીનો એ પરિસર— વડલો એમનું વિચારવૃક્ષ. વડલાના ટેકે બેસી લેખિની ચાલે. નાની કહે છે કે આ ઘરમાં સાડા ત્રણસોથી વધારે પુસ્તકો લખાયાં હશે.

એકવાર જુ'કાકાએ સ્વયંસેવકોની ટુકડી પાડી કામ સોંપ્યું. કામ સહેલું ન હતું, પણ વિદ્યાર્થી છાત્રો માટે પરિશ્રમ સાથે પ્રસન્નતાનું હતું. કૂવો ખોદવાનો હતો. સૌ લાગી પડ્યા, થોડા મહેનતુઓ મદદે આવ્યા. હસી-મજાક થતી જાય, ગીતો ગવાતાં જાય, હાકલા—પડકારા થતાં જાય, સુખડી—મમરા ખવાતાં જાય અને કૂવો ખોદાતો જાય. વેડછી પરિસરમાં વસતા આબાલવૃદ્ધ સૌ માટે જાણે શ્રમયજ્ઞ. કૂવો ખોદાઈ જવા આવ્યો, ત્યાં કોઈએ જુ'કાકાને પૂછ્યુંઃ કાકા, કૂવાને નામ શું આપીશું ? બધાને એમ હતું કે જુ'કાકા કોઈ મહારથીનું નામ જોડશે, આ કૂવા સાથે. કાકા તો મલક્યા ને મૂછો પર તાવ દેતાં બોલ્યાંઃ કૂવો ખોદવાનું શરૂ કર્યું એ પહેલાંથી નામ મનમાં નક્કી જ છે. સૌ પરિશ્રમીઓ વધુ વિચારે ચડ્યા ને એ જોઈ કાકા મલક્યાં. કહેઃ જુઓ, આ કૂવાનું નામ શિવરામકૂવો રાખીએ તો! આપણા મૂળ દહેગામના ગાંધીપંથી શિવાકાકાને જળાશય હારે જોડીએ તો ? બધાએ હર્ષથી તાલીઓ પાડીને નામકરણ વધાવી લીધું. વેડછી પરિવારને અહેસાસ થયો કે શિવાકાકાના હૃદયમાં જે સેવાજળ સતત વહ્યાં કરે છે તે આ કૂવાના નિર્મળ જળ જેવા જ છે અને એટલે કાકાએ શિવરામ કૂવો નામ પાડ્યું છે. હા, કોઈકે કાકા એકલા પડ્યા ત્યારે વહાલથી કાનમાં કહેલું કે, અમને તો હતું કે આ કૂવા સાથે જુ'કાકાનું નામ જોડીશું. કાકા વાતને અવગણતા બોલ્યાંઃ આપણે પાણીથી કામ છે કે નામથી ? જાવ, આનંદ કરો.

જુગતરામકાકાનું વેડછી આજે સારા રસ્તાથી જોડાયું છે, પણ ત્યારે તો ગાડા માર્ગનાં ય ઠેકાણાં ન હતાં. ચોતરફ વનરાઈ ઝૂલે, ફરતાં ખેતરો ઝૂમે, રસ્તે બત્તીઓ નહીં જ. મારગ પણ ઉબડ-ખાબડ. જુગતરામકાકા માનતા કે સરકાર મોટાં કામ કરે, આપણાં કામ તો આપણે કરી લેવાનાં હોય. વેડછીથી વાલોડનો રસ્તો બનાવવાનો નિર્ણય લીધો કાકાએ. જરૂરી માલસામાનની સગવડ થઈ કે સર્વે લાગી પડ્યા શ્રમયજ્ઞમાં. જુ'કાકાએ સમયપત્રક જ એવી રીતે ગોઠવ્યું કે એકએક છાત્ર વર્ગ ભરતો ગયો ને પાછો શ્રમદાનમાં જોડાતો ગયો. વેડછીથી વાલોડ રસ્તા પર છાત્રસેના દિવસ—રાત એક કરી લાગી પડી અને રસ્તો પૂરો થવા આવ્યો ત્યાં સૌએ સાથે મળી આયોજન કરી જુ'કાકા પાસે વાત મૂકીઃ કાકા, અમારા સૌની એવી ઇચ્છા છે કે આ નવા બની રહેલા માર્ગને 'દવે માર્ગ' નામ આપીએ. જુ'કાકા પોતાની લાક્ષણિકતા પ્રમાણે થોડીવાર મૌન રહી બોલ્યાઃ તમે આ રસ્તાને 'દવે માર્ગ' નામ આપો એટલે તમારે મને રસ્તે સુવડાવીને માથે માથે મોટરગાડીઓ ચલાવવી છે, એમ ?

કોઈ કાંઈ કેવી રીતે બોલે ? સૌને ખ્યાલ આવી ગયો કે જુ'કાકાના અનાસક્તિ યોગને અતિક્રમવો શક્ય નથી. નાની વિશે ક્યાંય કોઈ વાતે કે વખાણે ત્યારે એમને ઓછું આવે. લાગે તેને જુ'કાકા સાંભર્યા છે.

## १३. सर्वोदय की भावना

गुरु दयाल मल्लिक

सारे संसार में सूर्य को सत्य का भास्कर प्रतीक माना जाता है। इसी लिए सत्य के हर पहलू में सूर्य की उज्ज्वल दीप्ति और सीमाहीनता, साथ ही निर्विशेष उदारता और व्यापकता का कुछ न कुछ अंश होता ही है।

'सर्वोदय' की भावना में भी सूर्य की यही महिमा अनुरंजित है। वह सब के मंगल का प्रतीक है। धनी हो या निर्धन, पंडित हो या अपढ़, ऊँचे-नीचे, दीन और गरवीले, मालिक और सेवक, स्त्री अथवा पुरुष, पापी एवं निष्पाप सभी को जिस तरह सूर्य पक्षपातहीन आलोकित करता है; हिमालय के नभ-चुंबी शिखरों से लेकर मनुष्य की स्नेहशून्य दीन-हीन झोंपड़ियों तक-उसी प्रकार इसमें सब के कल्याण की कल्पना छिपी है।

इसी प्रकाश न्याय मनुष्य का प्राप्य पुरस्कार भी है और एकान्त प्रयोजन भी। जैसा कि किसी ज्ञानी ने कहा है—निष्पक्ष न्याय संसार का नियामक है। यह न्याय दो पहलुओं वाला सत्य है। मनुष्य के प्रति न्याय होना चाहिए, और न्याय का कर्तव्य मनुष्य पर भी है। प्राय: इसमें से पहले पर तो कुछ ध्यान दिया जाता है। बाइबिल के उस साहूकार का ख़याल आता है जो दूसरों के कर्ज़ जोर देकर वसूल करा लेता है, लेकिन कर्ज़ चुकाने की जिसे कभी फिक्र नहीं होती थी।

बस्तुत: न्याय के प्रवर्तक का अर्थ ही मानव के अन्तर में निवास करनेवाले भगवान् के प्रति अपना विश्वास व्यक्त करना है। और चूँ कि मनुष्य अपने अन्तर की भगवत्-सत्ता को अपने धर्म के द्वारा ही व्यक्त करता है, इसलिए, जीवन के नियत कर्म के प्रति भी श्रद्धा होनी चाहिए। इसीलिये कवि ने कहा था 'सेवा का हर कार्य परम सेवित भगवान् की दृष्टि में समान है।'

सर्वोदय का आदर्श इसी निष्पक्ष न्याय की भावना पर खड़ा है। दीनतम और दरिद्रतम के प्रति भी। व्यवहार में इसका अर्थ है सहयोग—सहकारिता-समभाव। मनुष्य का मनुष्य के प्रति न्याय-विचार सृष्टि में धर्म के चक्र का प्रवर्तन करता है। यद्यपि मनुष्य इस चक्र की व्यापक गति को सर्वदा नहीं देख पाता है कि धर्म का यह कल्याण चक्र चल रहा है। फलस्वरूप सर्वोदय की प्रेरणा से चलनेवाला अपने अधिकार के स्थान पर अपने कर्तव्य और दायित्व का सदा ध्यान ही रखता है। उसका विश्वास पहाड़ के समान अचल होता है। वह जानता है की यदि अपनी जीवन-बाती के दोनों कोरों को वह जलाता है तो इससे एक ऐसे प्रकाश का उदय होगा, जिसे स्वर्ग का आशीर्वाद प्राप्त है। उसका आह्वान उन सर्व के चरणों में होता है।

('चाचाजी' के प्यारे नामसे पुकारे जानेवाले संत कोटिके साधक अनेकविध विद्याओंमें पारंगत थे । चाचाजी विद्यमान नहीं है)

चाचाजी की पुस्तक 'दिलकी बात से'...)

## ૧૪. ઈશનું રાજ્ય છે આખું... સર્વોદય અને ગાંધીજીવન

સોનલ પરીખ

૧૯૦૪માં એક ઘટના બની, જેણે ગાંધીજીવનને ધરમૂળથી પલટી નાખ્યું.

મોહનદાસની ઉંમર ત્યારે ૩૫ વરસની. એકાદ વરસથી એમણે 'ઇન્ડિયન ઓપિનિયન' નામનું સાપ્તાહિક શરૂ કરેલું. તે ડરબનથી નીકળતું. તેના કામ માટે જોહાનિસ્બર્ગથી ડરબન જવાનું હતું. ચોવીસ કલાકની ટ્રેનની મુસાફરી હતી. એમના પરમ અંગ્રેજ મિત્ર મિ. પોલાક સ્ટેશને મૂકવા આવેલા. પોલાક સાથે એમની ઓળખાણ એક વેજિટેરિયન રેસ્ટોરાંમાં થઈ હતી. પોલાક ત્યારે જોહાનિસ્બર્ગના છાપા 'ધ ક્રિટિક'ના સહતંત્રી હતા.

'આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય એવું છે. તમને ગમશે.' કહી 'અનટુ ધિસ લાસ્ટ' નામનું પુસ્તક એમણે ગાંધીના હાથમાં મૂક્યું. ટ્રેન ચાલી. મોહને પુસ્તક હાથમાં લીધું. 'આ પુસ્તકને લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી લીધો. ટ્રેન સાંજે ડરબન પહોંચતી હતી. પહોંચ્યા પછી આખી રાત ઊંઘ ન આવી. મેં પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો ઇરાદો કર્યો.'

ગાંધીજીવનની પહેલી સર્વોદય ઘટના આ. તેમના મનમાં સર્વોદયનું બીજ જો કે પહેલાં જ વવાઈ ચૂકેલું. ૧૮૯૩માં દક્ષિણ આફ્રિકાના કિનારે પગ મૂકતાં જ મોહનદાસને સમજાયું કે તેઓ એવી ધરતી પર આવી ચડ્યા છે, જ્યાં પોતાના દેશબાંધવો ભયંકર યાતના અને અન્યાયોના શિકાર છે. તેઓ ગિરમિટિયા કહેવાતા, તેથી ગાંધીજી પોતાને 'ગિરમિટિયો' તરીકે ઓળખાવવા લાગ્યા એટલું જ નહીં, તેમને માટે લડવા અને એમને એમાંથી મુક્ત કરવા એમના જેવા થઈને રહ્યા અને ૨૧ વર્ષ રોકાઈ પણ ગયા.

'આત્મકથા'માં 'રાયચંદભાઈ' પ્રકરણના અંતે ગાંધીજી લખે છે, 'મારા જીવન ઉપર ઊંડી છાપ પાડનાર આધુનિક મનુષ્યો ત્રણ છેઃ રાયચંદભાઈએ તેમના જીવનસંસર્ગથી, ટૉલ્સ્ટૉયે તેમના 'વૈકુંઠ તારા હૃદયમાં છે' નામના પુસ્તકથી, ને રસ્કિને 'અનટુ ધિસ લાસ્ટ'-સર્વોદય નામના પુસ્તકથી મને ચકિત કર્યો.'

૧૯મી સદીમાં વિશ્વે ધરખમ રાજકીય, સામાજિક પરિવર્તનો જોયાં. વૈજ્ઞાનિક શોધખોળો થઈ. જીવનશૈલી, જીવનની દિશા બદલાઈ. મૂલ્યો બદલાયાં. પ્રગતિ ને સગવડો વધ્યાં. સાથે ભૌતિકવાદ વધ્યો, આર્થિક અસમાનતા વધી. વીસમી સદીમાં શોધખોળો અને યુદ્ધો, સિદ્ધિઓ અને કુકર્મો સાથોસાથ ચાલ્યાં. અગાઉ ક્યારેય કલ્પનાયે ન કરી હોય એટલી સાધન-સમૃદ્ધિ અને વૈભવ માણસને આ સદીમાં ઉપલબ્ધ થયાં અને છતાં લાખો માણસો માનવસર્જિત દુકાળમાં ભૂખમરાથી આ સદીમાં જ મર્યા.

આ બધા પર વિચાર કરનારા જહોન રસ્કિન, ગાંધીજી અને કાર્લ માર્ક્સ જેવા ચિંતકો પણ આ જ સમયે આવ્યા. કાર્લ માર્ક્સ ૧૮૧૮માં જન્મ્યા. રસ્કિન ૧૮૧૯માં. ગાંધીજીનો જન્મ તે પછી પચાસ વર્ષે ૧૮૬૯માં. રસ્કિને પોતાની સંપત્તિ ગરીબોમાં વહેંચી દીધી હતી. 'અનટુ ધિસ લાસ્ટ' લખવાનો હેતુ, સમાજને છેવાડાના માણસ પ્રત્યે સંવેદના જાગે એ હતો. ૧૯મી સદીના વૈચારિક પરિવર્તનમાં રસ્કિનનો મોટો હાથ હતો.

રસ્કિન મૂળે તો કલાવિવેચક અને ચિંતક. કલાકારે સત્ય અને પ્રકૃતિને હંમેશા વફાદાર રહેવું જોઈએ એમ તેઓ માનતા. ૧૮૬૮માં એમનું 'અનટુ ધિસ લાસ્ટ' પુસ્તક 'કૉર્નહિલ' નામના મેગેઝિનમાં હપ્તાવાર છપાવા લાગ્યું. એમાં એમણે તત્કાલીન અર્થશાસ્ત્રની એટલી બધી ટીકા કરી કે વાચકો તેને જીરવી શક્યા નહીં. અધવચ્ચેથી પ્રકાશન બંધ કરવું પડ્યું. બે વર્ષ પછી રસ્કિને ચારે લેખોની એક

પુસ્તિકા પ્રગટ કરી. આ લેખો હતા (૧) ધ રૂટ્સ ઑફ ઓનર (૨) ધ વેઈન્સ ઑફ વેલ્થ (૩) ક્યુઇ જ્યુડિકેટિસ ટેરમ(શ્રીમંત-ગરીબ વચ્ચેનું અંતર ઓછું કરવું) (૪) એડ વેલોરેન(નીતિ અને મૂલ્યો અનુસાર જીવન). છેલ્લો નિબંધ રસ્કિનને ખૂબ ગમતો. તેણે કહ્યું છે કે દરેકને શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને આશ્રયનો અધિકાર છે અને સમાજનું માળખું એવું હોવું જોઈએ કે છેક છેવાડે ઊભેલા માણસને પણ આ અધિકાર મળે. આવી વ્યવસ્થા માટે કેળવાવું જોઈએ, કમિટેડ થવું જોઈએ, છોડતાં શીખવું જોઈએ.

રસ્કિને ઘણું લખ્યું હતું, પણ 'અનટુ ધિસ લાસ્ટ' એમના ચિંતનનો પરિપાક હતું. મૂડીવાદનું ચલણ વધી રહ્યું હતું અને ઇંગ્લૅન્ડ મૂડીવાદમાં મોખરે હતું એ વખતે આ અંગ્રેજ ચિંતકે એની ટીકા કરી અને એનો ઉપાય પણ બતાવ્યો. તેમણે કહ્યું કે શાંતિમય સમાજ રચવો હશે તો આજના અર્થકારણના કેન્દ્રમાં પૈસો છે તે જગ્યાએ માનવીય ન્યાય મૂકવો પડશે. શ્રમિકના શ્રમને પ્રતિષ્ઠિત કરવો જોઈએ. ખરી સંપત્તિ જીવન જ છે અને જીવનને ભોગે જે સંપત્તિ ઊભી થતી હોય તે વિપત્તિ છે. સારો સમાજ, સમાજના હિત ખાતર સ્વાર્થનો ત્યાગ કરી શકે તેવી વ્યક્તિઓથી જ બને.

ગાંધીજીની ફિલોસોફી પર એની ખૂબ અસર થઈ. 'સર્વોદય'માં તેઓ લખે છે, 'આ પહેલાં મેં રસ્કિનનું એકે પુસ્તક વાંચેલું નહીં, તેણે મારી જિંદગીમાં તત્કાળ મહત્ત્વનો ફેરફાર કરાવ્યો.' 'જે વસ્તુ મારામાં ઊંડે ભરી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું તેથી તેણે મારા પર સામ્રાજ્ય જમાવ્યું અને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો.'

એમણે પહેલાં તો મિ. વેસ્ટને વાત કરી. મિ. વેસ્ટ 'ઇન્ડિયન ઓપિનિયન' સંભાળતા. પ્રેસને એક ખેતર પર લઈ જવું. ત્યાં સૌ ખાધાખર્ચ પૂરતો ઉપાડ કરે. સૌ પોતાની ખેતી કરે ને બચેલા સમયમાં ઇન્ડિયન ઓપિનિયનનું કામ કરે. તેમની સંમતિ મળી એટલે ગાંધીજીએ જમીન માટે જાહેરખબર મૂકી. સાત દિવસમાં ૨૦ એકર જમીન ખરીદી. તેમાં નાનકડો ઝરો અને કેરી અને નારંગીના થોડાં ઝાડ હતાં. થોડા દિવસમાં સાથેનો ૮૦ એકરનો ટુકડો પણ લઈ લીધો. રુસ્તમજી શેઠે એક પાડી નાખેલા ગોડાઉનનાં મોટાં પતરાં મોકલ્યાં તેમાંથી એક મહિનામાં ૭૫ ફૂટ લાંબું ને ૫૦ ફૂટ પહોળું મકાન બન્યું. તેર માઈલ દૂરની એ જગ્યાએ ગાડારસ્તે સામાન પહોંચ્યો. તંબૂ નાખી સર્પોનું જોખમ છતાં બધા રહ્યા. થોડા વખતમાં પ્રેસ ધમધમવા લાગ્યું. બધા આસપાસ ૩-૩ એકરના ટુકડા પર ઘર બાંધી રહેવા લાગ્યા. પોલાકે પણ પોતે આપેલી ચોપડીનું આવું સુંદર પરિણામ આવેલું જોઈ ઝંપલાવ્યું. આ ફિનિક્સ આશ્રમમાં એક વાર ચોર ઘૂસી આવ્યો, પકડાયો. ગાંધીજીએ તેને બેસાડ્યો અને નાસ્તો આપ્યો! પછી કહ્યું, 'જો ભાઈ, ચોરી ન કરાય. તેં જો ગરીબાઈને કારણે ચોરી કરી હોય તો આશ્રમમાં કામ આપીશું.'

ગાંધીજીએ ડરબનના પોતાના ઘરમાં પણ ફેરફાર કર્યા. હાથે કામ કરવાનો શોખ વિકસાવ્યો. ઘરમાં જ બ્રેડ બનાવે અને તેનો લોટ પણ ઘરમાં જ દળે. એક નોકર હતો, તેને ઘરનો સભ્ય ગણવાનો. સંડાસની સફાઈ જાતે જ કરવાની. તેને માટે સાધનો વસાવ્યાં. સ્વચ્છતા ને આરોગ્યના નિયમો તેમ જ સાદાઈ અપનાવ્યાં.

તેમણે 'અનટુ ધિસ લાસ્ટ'નો સંક્ષિપ્ત અનુવાદ કર્યો અને ઇન્ડિયન ઓપિનિયનમાં છાપ્યો. તેને 'સર્વોદય' નામ આપ્યું. તેમણે ચારે નિબંધોનાં ગુજરાતી શીર્ષક આ પ્રમાણે આપ્યાં છેઃ (૧) સાચનાં મૂળ (૨) દોલતની નસો (૩) અદલ ન્યાય અને (૪) ખરું શું? મૂળ પુસ્તકની પીડીએફ અને સર્વોદય બન્ને ઇન્ટરનેટ પર ઉપલબ્ધ છે. ગાંધીજીએ કરેલો ગુજરાતી તરજૂમો 'ઇન્ડિયન ઓપિનિયન'માં ૧૬-૫-૧૯૦૮થી ૧૮-૭-૧૯૦૮ દરમ્યાન પ્રગટ થયો હતો, આજથી ૧૧૩ વર્ષ પહેલાં! પછી તેની પુસ્તિકા તૈયાર થઈ. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ દરમ્યાન ગાંધીજીનાં પુસ્તકો જપ્ત થયાં હતાં તેમાં 'સર્વોદય' પણ હતું.

'આત્મકથા'માં ગાંધીજીએ લખ્યું છે, રસ્કિનના પુસ્તકમાંથી મેં તારવ્યું કે (૧) બધાના ભલામાં આપણું ભલું

છે. (૨) વકીલ અને વાળંદ બન્નેના કામની કિંમત એક સરખી હોવી જોઈએ કેમ કે આજીવિકાનો બન્નેનો હક્ક સરખો છે અને (૩) સાદું, શ્રમભર્યું જીવન એ જ ખરું જીવન છે.

ગાંધીજી કહે છે, આમાંનું પહેલું પોતે જાણતા હતા. બીજું ઝાંખું જોતા હતા. ત્રીજાનો તો એમણે વિચાર જ નહોતો કર્યો, પણ પહેલામાં બીજી બેય વાતો તેમને સમાયેલી લાગી.

ત્યાર પછી ગાંધીજીનું સમગ્ર જીવન સર્વોદયના પર્યાયસમું બની ગયું. એમનું કોઈ કાર્ય સર્વોદયભાવ વિનાનું ન રહ્યું. લડતો, સત્યાગ્રહો, આશ્રમજીવન, સ્વૈચ્છિક ગરીબી, અહિંસા, બ્રહ્મચર્ય, આશ્રમો, વ્રતો, રચનાત્મક કામો(ખાદી, રેંટિયો, ગ્રામોદ્ધાર), સ્વરાજની સંકલ્પના, નોઆખલી-બિહારમાં ફરવું, હિંદુ-મુસ્લિમ એકતા, નઈ તાલીમ — એવું કયું કામ છે જેમાં સર્વોદયવિચાર ન હોય?

દક્ષિણ આફ્રિકા ગયા ત્યારે ગાંધીજી સૂટમાં હતા. ત્યાં તેમણે થોડો વખત દક્ષિણ ભારતીય મજૂરો પહેરતા એવો પોષાક ધારણ કર્યો હતો. ૧૯૧૫માં ભારત આવ્યા ત્યારે કાઠિયાવાડી અંગરખું, ધોતી, ખેસ પાઘડી વગેરે પહેર્યું હતું. એ પછી ભારતના ગરીબોને જોઈ તેમણે અડધી ધોતી અને ચાદર એવો પોષાક ધારણ કર્યો. ગોળમેજી પરિષદમાં ગયા ત્યારે લંડનમાં, રાજવી સમારંભમાં પણ એ જ પહેરીને ગયા. દેશના છેવાડાના માણસ સુધી પહોંચવાની તેમની તાલાવેલી એવી હતી કે તેઓ જે પણ બોલતા કે લખતા તે એ માણસને સમજાય તેવું હોય, તેને દેશને માટે કંઈક કરવાનો ઉત્સાહ આપે તેવું હોય અને દેશનું જે પણ ભલું થાય તેમાં તેનો હિસ્સો હોય એવો સતત તેમને આગ્રહ રહ્યો.

સેવાગ્રામની શરૂઆત થઈ ત્યારે બધા એક જ મોટા રૂમમાં રહેતા. બહેનોને અને બા રહેવા આવ્યા ત્યારે બાને અડચણ પડે. બાપુએ બાના કહેવાથી એક આડ કરાવી, પછી બજાજે બા માટે એક કુટિર બનાવી આપી. હરિજનો વગેરે આવે તો બાપુ બાને કહે, 'આમને તારી કુટિરમાં સૂવાનું ગોઠવી આપીશ?'

બા બાપુને ચીડવે, 'તમારા દીકરા છે, સુવાડોને તમારા ઓરડામાં!'

બાપુ હસતાં હસતાં કહે, 'મારા દીકરા તે તારા પણ દીકરા ખરા કે નહીં?' અને બા પોતાની કુટિરમાં વ્યવસ્થા કરી આપે.

એક વાર બાની પેટીમાંથી કંઈક ચોરાયું. બાપુ કહે, 'કોઈને ચોરી કરવાનું મન થાય એવું રાખો છો શા માટે?'

૧૯૪૧માં બા મરોલીથી સેવાગ્રામ આવવાના હતા. એક માર્ગ લાંબો, ભાડુ સસ્તું. બીજો ટૂંકો, પણ ભાડું વધારે. બાપુ કહે, 'બા ગરીબોની બા હશે તો સસ્તા ભાડાવાળા રસ્તે હેરાન થતી આવશે.' અને ખરેખર બા તેમાં જ આવ્યાં! એ જ અરસામાં બાપુનો જન્મદિન હતો. પ્રાર્થના વખતે બાપુએ જોયું કે એક ઘીનો દીવો બળે છે. તેમણે પૂછ્યું, 'કોણે દીવો કર્યો છે?'

'મેં કર્યો છે' બાએ કહ્યું, 'તમારો જન્મદિન છે તેથી.'

'ગરીબોને એમના રોટલા પર ચોપડવા ઘી મળતું નથી ને મારા જન્મદિવસે એને આમ બાળવાનું! મને ન ગમે.'

ગાંધીજી ભારત આવ્યા તે પછી તરતની વાત. તેઓ મુંબઈ ઊતર્યા, પછી રાજકોટ અમદાવાદ થઈ પૂના ગયા અને ગોખલેના ભારત સેવક સમાજના સભ્યોને મળ્યા. તેમનાં કામોમાં 'અસ્પૃશ્યતાનિવારણ' જોઈ ગાંધીજીએ પૂછ્યું, 'આને માટે શું કરો છો?'

'એમના મહોલ્લામાં જઈએ, શિખામણ આપીએ, ભાષણ કરીએ.'

'એ ન ચાલે. આપણે તો પ્રાયશ્ચિત કરવાનું છે. એ રહે ત્યાં રહીએ અથવા એમને આપણે રહીએ ત્યાં રાખીએ ને તેઓ કરે છે તે કામમાં ભાગ પડાવીએ.' સેવક સમાજના સભ્યો કચવાયા અને ગાંધીજીને સભ્ય બનાવવા કે નહીં તે અંગે દ્વિધામાં પડ્યા. એ વખતે ગાંધીજી પોતાના દક્ષિણ આફ્રિકાના સાથીઓને વસાવવા અને ભારતમાં કામ ઉપાડવા કોઈ સ્થળ શોધતા હતા. પૂના એમને ગમ્યું પણ હતું. પણ તેઓ આ મુદ્દે સમાધાન કરવા તૈયાર ન થયા.

પોતાને પહેરણ આપવા માગતા એક છોકરાને તેમણે

કહ્યું હતું કે મારા તેત્રીસ કરોડ ભાઈઓને પહેરણ મળે તો મારાથી પહેરણ પહેરાય એ જાણીતી વાત છે. એ બાળકના મનમાં સર્વોદય સંસ્કારનું કેટલું સુંદર સિંચન થયું હશે! રેંટિયા અને ખાદીની શોધ, અભણ ગરીબ માણસને સાવ ઓછા રોકાણે એ જ્યાં હોય ત્યાં રોજી પૂરી પાડવાના વિચારમાંથી જ જન્મી હતી ને!

મનુબહેને પણ આવા અનેક પ્રસંગ નોંધ્યા છે. એક વાર એમણે ગાંધીજી માટે ત્રણચાર કેરીનો રસ કાઢ્યો. કેરી મોંઘી હતી તેથી ગાંધીજી કચવાયા. એવામાં એમને મળવા એક ગરીબ બહેન આવી. ગાંધીએ રસ તેનાં બાળકોને આપી દીધો, 'આટલો મોંઘો રસ હું કેમે ખાઈ ન શકત. ઈશ્વરે ઉપાય શોધી આપ્યો.' તેઓ હળવા થઈ ગયા.

સંપત્તિ પોતાનામાં ખરાબ ચીજ નથી, પણ એની પાછળ અસમાન વિતરણ અને એકની તંગી અને ગરજ પર અન્યની સત્તા આવે જ છે. તેથી એમણે ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત આપ્યો કે તમને મળેલી સંપત્તિના તમે માલિક નહીં પણ ટ્રસ્ટી છો અને તેનો યોગ્ય ઉપયોગ કરવાની જવાબદારી તમારી છે. યોગ્ય ઉપયોગ એટલે ન્યાયી વહેંચણી. અંગ્રેજી શિક્ષણવ્યવસ્થા સંવેદનહીન કારકુનો ને બૌદ્ધિકો પેદા કરતી હતી એ જોઈને એમણે નઈ તાલીમની વિભાવના આપી, જેમાં સ્પર્ધામુક્ત અને સહકારયુક્ત, ગામડે ગામડે પહોંચતો અને છેવાડાના માણસને પણ શક્તિશાળી બનાવતો એવો સર્વાંગી વિકાસ મુખ્ય છે.

આશ્રમમાં તેમને દેશના સેવકો અને અહિંસક લડતના સૈનિકો તૈયાર કરવા હતા. ત્યાં પળાતા અગિયાર વ્રતોની પાછળ સર્વોદય અને અંત્યોદયની ભાવના જ હતી. ગાંધીજીનાં તમામ સત્યાગ્રહો અને આંદોલનો દેશના ગરીબ લોકો માટે હતાં એટલું જ નહીં તેમનું આત્મબળ જગાડનારાં હતાં. દાંડીકૂચ તો ગરીબોને ત્રાસરૂપ થનાર અન્યાયી મીઠાવેરા સામે જ હતી. એમણે ચીંથરેહાલ ખેડૂતો અને મજૂરોમાં હિંમત અને આત્મવિશ્વાસનું સિંચન કર્યું અને એમને અન્યાયની સામે ઊભા કરવા સાથે વિરોધીને મારતા નહીં, પણ એનામાં રહેલી માણસાઈને જગાડતા શીખવ્યું.

ગાંધીજીએ પુસ્તક વાંચ્યું ત્યારે રસ્કિન જીવતા ન હતા. ગાંધીજીએ રસ્કિનમાં સોક્રેટિસના વિચારોનું એક્સટેન્શન જોયું હતું. એમને ખાતરી થઈ ગઈ હતી કે મનુષ્ય જ્યાં સુધી પોતાને સ્વેચ્છાએ સૌથી છેલ્લો ન મૂકે ત્યાં સુધી એની મુક્તિ નથી. ઘરમાં મા-છોકરાં બધાને ભૂખ લાગી હોય, પણ મા વધારે જોરાવર હોવાથી પોતે વધારે ખાઈ જતી નથી. તે જ પ્રમાણે માણસો વચ્ચેના સંબંધમાં સમજવું પડે. ગાંધીજીની નજર તેથી જ નબળાં, વંચિત અને છેવાડાના માણસ પર જઈને હંમેશાં ઠરતી. સ્વતંત્રતાની લડત હોય કે રચનાત્મક કામો, દરિદ્રનારાયણ એક ક્ષણ માટે પણ ભુલાયો નથી. ગાંધીજી લોકો સાથે અત્યંત એકરૂપ હતા. સમાજના છેવાડે ઊભેલો ગરીબ ગાંધીજીને મન ઈશ્વર હતો. તેઓ કહેતા, 'મારા સ્વપ્નનું ભારત એ ગરીબનું સ્વરાજ છે. માનવજીવનનો અંતિમ હેતુ ઈશ્વરનો સાક્ષાત્કાર છે. તેનો માર્ગ સેવા છે. મારા જીવનનું ધ્યેય દરિદ્રનારાયણોની સેવા છે. હું તો દરિદ્રનારાયણનો વાણોતર છું.'

૨૨-૧૦-૧૯૨૫ના 'યંગ ઇન્ડિયા'ના એક અંકમાં ગાંધીજીએ સાત સામજિક પાપો અંગે બુદ્ધિથી આગળ જઈ મનોમંથન કરવા વાચકોને સૂચવ્યું હતું. તે હતાં સિદ્ધાંતવિહીન રાજનીતિ, શ્રમવિહીન સંપત્તિ, નીતિવિહીન વ્યાપાર, ચરિત્રવિહીન શિક્ષણ, માનવતાવિહીન વિજ્ઞાન, વિવેકવિહીન વિલાસાનંદ, અને ત્યાગવિહીન પૂજા. આ સાત પાપોનો એક છેડો પેલા દરિદ્રનારાયણને અડે છે.

સર્વોદય કહે છે કે કોઈપણ ધંધાદારીને પોતાના નફા તરફ નહીં પણ કામ તરફ, ફરજ તરફ ધ્યાન આપવાનું છે. જરૂર પૂરતું એમાંથી મળવાનું જ છે. વેપારીએ માલ પૂરો પાડવો, છેતરવું નહીં ને હાથ નીચેના માણસ સાથે માયાથી વર્તવું. વાજબી મૂલ્ય અપાય ત્યારે એક જણ પાસે નકામી દોલત એકઠી થતી નથી, મોજમજાને ઓછો અવકાશ રહે છે અને વાજબી મેળવનાર બીજાને પણ વાજબી આપવા પ્રેરાય છે. આમ ન્યાયનું વહેણ ચાલુ રહે છે.

આ છેવાડાની વાત સમજવા સારુ, જોન રસ્કિનકૃત 'અનટુ ધિસ લાસ્ટ'નો બાઈબલ-સંદર્ભ પણ સમજવો જોઈશે.

આ ગ્રંથને ગુજરાતીમાં ઉતારનાર ચિત્તરંજન વોરા લખે છે તેમ, આ રસ્કિનકૃત ચોપડીના મથાળાનો ગુજરાતીમાં અર્થ પૂરેપૂરો રજૂ કરવો હોય તો લખવું જોઈએ કે 'વેતનમાં ન્યાય પામવાનો હક્ક જેટલો પહેલાનો છે, તેટલો જ છેલ્લાનો પણ છે.' ૧૯૪૬ના 'હરિજન'માં મહાત્મા ગાંધી કહે છે, 'અનટુ ધિસ લાસ્ટ' શબ્દોનો જે આશય છે તેને હું વળગી રહું છું. આ સિદ્ધાંત પાળવાનું ને તેનો અમલ કરવાનું ખાસ જરૂરી છે તેમ હું માનું છું. એ સિવાય માનવજાતિ તેના બંધુતા અને સમાનતાના ધ્યેયને જીવનમાં ઉતારી શકે નહીં અને આગળ વધી શકે નહીં.'

**ઘરમાં મા-છોકરાં બધાને ભૂખ લાગી હોય, પણ મા વધારે જોરાવર હોવાથી પોતે વધારે ખાઈ જતી નથી. તે જ પ્રમાણે માણસો વચ્ચેના સંબંધમાં સમજવું પડે.**

સત્ય ગાંધીજીનો ઈશ્વર છે અને અહિંસા તેની શોધનો માર્ગ છે. અહિંસા તેના સર્વોચ્ચ રૂપમાં પ્રેમ છે. તેઓ કહેતા કે સબસે પહલી હિંસા, દૂસરે કો દૂસરા માનને સે શૂરુ હોતી હૈ. એટલે અહિંસાનો માર્ગ તેમને સેવાના માર્ગે લઈ ગયો. જનસેવા એ જ ધર્મ. 'મને આ પૃથ્વીના અશાશ્વત રાજ્યની કામના નથી. મારો પ્રયાસ તો ઈશ્વરના ધામમાં પહોંચવાનો એટલે કે મોક્ષ મેળવવાનો છે. એ મોક્ષ સ્વદેશની ને જગતની અવિરત, અવિશ્રાંત સેવા કરવાથી જ મળી શકે. હું જીવમાત્ર સાથે એકતા સાધવા માગું છું. જીવમાત્ર સાથે એકતા સાધવી એટલે તેને દુઃખે જ્ઞાનપૂર્વક દુઃખી થવું, તેના દુઃખનું નિવારણ કરવું. તેથી જ તેમણે ઈશ્વરને ભાંગીતૂટી ઝૂંપડીમાં દીનહીન રૂપે બેઠેલો જોયો. 'હે નમ્રતા કે સમ્રાટ, તેરી અપની નમ્રતા દે...'

દુનિયાએ મૂડીવાદી શાસન, સામ્યવાદી શાસન, સરમુખત્યારશાહી શાસન, એકહથ્થુ નિરંકુશ શાસન તેમ જ મૂડીવાદી લોકશાહી શાસન જોયાં છે, તેમાંથી પસાર થઈ છે અને તે દરેકમાં છેવાડાના માણસની ચિંતા થઈ હોય તેમ દેખાયું નથી. રસ્કિન-ગાંધી વિચારધારામાં છેલ્લામાં છેલ્લા ને તરછોડાયેલા વર્ગ તરફ કર્તવ્યની સભાનતા છે. એ જ તેને વિશ્વભરની પ્રજાઓનાં કલ્યાણ માટે શાશ્વત પ્રસ્તુત બનાવે છે. અંતરશુદ્ધિપૂર્વક, સાધનશુદ્ધિ જાળવીને સામુદાયિક અન્યાયો નિવારવા સાથે સામા પક્ષ પ્રત્યે પૂર્ણ પ્રેમભાવ જાળવીને અન્યાય-નિવારણની અહિંસક પ્રક્રિયાને તેમણે અમલમાં મૂકી બતાવી એ આ સર્વોદય-મજલમાં ગાંધીજીનું પ્રદાન છે.

તેમણે કહ્યું કે કોઈપણ ધંધાદારીને પોતાના નફા તરફ નહીં પણ કામ તરફ, ફરજ તરફ ધ્યાન આપવાનું છે. જરૂર પૂરતું એમાંથી મળવાનું જ છે. વેપારીએ માલ પૂરો પાડવો, છેતરવું નહીં ને હાથ નીચેના માણસ સાથે માયાથી વર્તવું. નીતિ સાચવે તે લોભમાં ન પડે. ખરા માણસો જ ખરી દોલત છે. સ્વરાજ્યનો ખરો અર્થ એ છે કે પોતાની પર કાબૂ રાખતા આવડવું. આમ તે જ કરી શકે જે નીતિ જાળવતો હોય. છેતરતો ન હોય. સત્ય છોડતો ન હોય. દક્ષિણ આફ્રિકામાં ચાલતી લડત દરમ્યાન તેમણે કહ્યું હતું કે અંગ્રેજો આપણા પર રાજ્ય કરે છે તેનું કારણ આપણે જ છીએ. આપણાં કુસંપ, અજ્ઞાન અને અનીતિ દૂર થાય તો કોઈ આપણા પર શાસન ન કરી શકે.

મહાત્મા ગાંધીએ, સન ૧૯૪૮માં કરેલી કદાચ છેલ્લી નોંધમાંની એકનો ઉલ્લેખ, ૧૯૫૮માં પ્રકાશિત, પ્યારેલાલકૃત 'લાસ્ટ ફેઇઝ'ના બીજા ગ્રંથમાંના ૫૬મા પાન પર થયો છે. 'ગાંધીજીનું તાવીજ' તરીકે તે જાણીતો બન્યો છે. ગાંધીજીની આ નોંધ આમ છેઃ

'હું તમને એક તાવીજ આપું છું. ક્યારેય તમને શંકા થાય કે અહમ્ તમને પીડવા માંડે ત્યારે આ ઉપાય અજમાવવો. જે ગરીબમાં ગરીબ અને લાચારમાં લાચાર મનુષ્યને તમે જોયો હોય તેનો ચહેરો યાદ કરીને તમારી જાતને પૂછો કે તમે જે પગલું ભરવાનું વિચારો છો તે આ મનુષ્ય માટે કોઈ કામનું છે? આનાથી એને કોઈ લાભ થશે? આનાથી એ પોતાના જીવન અને ભાગ્ય પર કાબૂ મેળવી શકશે? આનાથી આપણા દેશના કરોડો ભૂખ્યા પેટ અને

ક્ષુબ્ધ આત્માવાળા લોકોને સ્વરાજ્ય મળશે? ત્યારે તમે જોશો કે તમારી શંકાઓ અને અહમ્ ગાયબ થઈ રહ્યાં હશે.'

એમની હત્યા સમયે જનરલ મેકઆર્થરે કહેલું કે જો માનવજાતને ટકાવવી હોય તો અંતે તો ગાંધીનો સર્વોદયમાર્ગ જ અપનાવવો પડશે. માનવજાતને એ અપનાવતા કદાચ સદીઓ લાગે તો પણ આ સિવાય ઉગારો નથી. પ્રોફેસર દાંતવાલા પણ કહે છે, 'અહિંસા, ઉપભોગ-જરૂરિયાત પર મર્યાદા અને વિકાસથી થતા લાભમાં સામાજિક સહભાગિતા જેવાં મૂલ્ય એ 'અનટુ ધિસ લાસ્ટ'ની વિચારધારાનો પાયો છે. આ વિચારધારા વડે વહેલાં કે મોડાં, કદાચ મોડાં મોડાં પણ માનવજાતિ અવશ્ય સમજશે કે ટેક્નૉલૉજીમાં ગમે તેટલી પ્રગતિ થાય, તેમ છતાં 'અનટુ ધિસ લાસ્ટ'નો કોઈ વિકલ્પ નથી...

(જેમનો સંબંધ-તાંતણો મહાત્મા ગાંધીના કુળ સાથે બંધાયેલ છે તે, સોનલ પરીખ મૃદુભાષી પ્રસ્તુતિ દ્વારા અને સુ-સ્પષ્ટ વિચારોની અભિવ્યક્તિ દ્વારા આપણી વચ્ચે બાપુને જીવંત રાખે છે.

સોનલ પરીખ હાલ લોકભારતી, સણોસરા ખાતે 'ગાંધીભારતી' પ્રકલ્પમાં સેવા આપી રહ્યા છે. )

સોળમી સદીમાં યુરોપમાં એક નવી લહર ઊઠી. પુનરુત્થાન(રેનેસાં) અને ધાર્મિક સુધારા(રિફોર્મેશન)નાં પરિબળોએ એક નવું વાતાવરણ જન્માવ્યું. આરંભમાં તેનું સ્વરૂપ સંસ્થાકીય ધર્મ(ચર્ચ) સામેના વિદ્રોહનું હતું. પણ પછી આર્થિક, સામાજિક, રાજકીય બધાં ક્ષેત્રોમાં તેની અસર ફેલાતી ગઈ. માનવ-મુક્તિનો નારો ઊઠયો. બે-ત્રણ સદીની અંદર આ નવી હવા ચારેકોર ફેલાઈ ગઈ. એક નવો જુવાળ આવ્યો.

જ્ઞાન-વિજ્ઞાનનાં નવાં નવાં ક્ષેત્રો ખેડાવા લાગ્યાં. નવી નવી શોધખોળો થવા લાગી. પૃથ્વીના પટ પર ફરી વળીને નવા નવા પ્રદેશો શોધવાની તમન્ના જાગી. વાહન-વ્યવહાર અને સંદેશવ્યવહારનાં નવાં નવાં સાધનો ઊભાં થવા લાગ્યાં. રાજકીય ક્ષેત્રે લોકશાહીના નવા નવા પ્રયોગો શરૂ થયા. નવી નવી ઊર્જા અને યંત્રસામગ્રી શોધાઈ, જેના પરિણામે ઔદ્યોગીકરણનો એક નવો તબક્કો શરૂ થયો.

અત્યાર સુધી માણસ જાતજાતના અભાવોથી ગ્રસ્ત રહેલો. વિજ્ઞાનની નવી નવી શોધખોળોને કારણે આમાંથી મુક્તિ પામવાનો અવસર સામે આવ્યો. તેને લીધે ધીમે ધીમે આ પૃથ્વી પરની બધી સુખસગવડ પ્રાપ્ત કરવી, એ જ મુખ્ય ધ્યેય બનતું ગયું. માણસ અને તેનું ભૌતિક સુખ, એ જ બધી બાબતનો માપદંડ બન્યો. આની સાથોસાથ પ્રકૃતિ સાથેના માણસના સંબંધમાં જબ્બર પલટો આવ્યો. માણસની સામે બસ માત્ર એક જ ધ્યેય રહ્યું કે નવા નવા વિજ્ઞાનની મદદથી પ્રકૃતિનાં પરિબળો ઉપર વિજય મેળવવો, તેમને પોતાના અંકુશમાં લેવાં અને પ્રકૃતિની બધી સાધન-સંપત્તિનો યથેચ્છ ઉપભોગ કરવો.

ટૂંકમાં, પ્રકૃતિ ઉપર આધિપત્ય જમાવવું અને પ્રકૃતિને લૂંટાય તેટલી લૂંટવી, પ્રકૃતિને માણસની તહેનાતમાં જોતરવી. આમાંથી એક નવી આર્થિક વ્યવસ્થા ઊભી થતી ગઈ. બજારનું એક જટિલ તંત્ર ઊભું થતું ગયું. બજારની જાળ ચારેકોર ફેલાતી ગઈ. એક નવું અર્થશાસ્ત્ર પ્રસ્થાપિત થતું ગયું. આર્થિક પ્રેરણા, વ્યક્તિગત સ્વાર્થ, ગળાકાપ હરીફાઈ, પૈસો, નફાખોરી, વગેરે આ નવા અર્થશાસ્ત્રના મુખ્ય સિદ્ધાંતો બન્યા.

પાછળથી એલ્વિન ટૉફલરે કહ્યું છે તેમ – 'ઇતિહાસમાં સૌથી વધારે હિસાબી, લોભી, વેપારી માનસવાળી અને પૈસા પાછળ પાગલ એવી સભ્યતા આ બજારના અર્થતંત્રે ઊભી કરી. તેણે એક અણઘડ, હલકો, ગમાર ને અભદ્ર ભૌતિકવાદ ફેલાવ્યો, જેણે માણસનાં વિચારો, મૂલ્યો તેમ જ કાર્યોને અત્યંત કઢંગો ઘાટ આપ્યો.'

## ૧૫. ટેક્નૉલૉજી અને સર્વોદયવિચારનું ભવિષ્ય

સંજય ચૌધરી

ટેક્નૉલૉજી એટલે કોઈ પણ વસ્તુના ઉત્પાદન માટે કે લોકોની સેવા માટે જરૂરી કામને પૂરું કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતું સાધન, પ્રક્રિયા, કૌશલ્ય કે રીત. વર્ષ ૧૯૨૪માં રામચન્દ્રે ગાંધીજીને પૂછ્યું હતું કે, "આપ યંત્ર માત્રની વિરુદ્ધ છો શું?" ત્યારે ગાંધીજીએ સ્મિત કરતાં જણાવ્યું હતું કે, "હું કેમ હોઈ શકું? જ્યારે હું જાણું છું કે આ શરીર પણ એક અતિશય નાજુક યંત્ર જ છે. ખુદ રેંટિયો પણ યંત્ર જ છે; નાની દાંત-ખોતરણી પણ યંત્ર છે. મારો વાંધો યંત્રો સામે નહીં, પણ યંત્રોની ઘેલછા સામે છે. આજે તો જેને શ્રમનો બચાવ કરનારાં યંત્રો કહેવામાં આવે છે તેની લોકોને ઘેલછા લાગી છે. શ્રમનો બચાવ થાય છે ખરો, પણ લાખો લોકો કામ વિનાના થઈ ભૂખે મરતા રસ્તા ઉપર ભટકે છે."

ગાંધીજીના મતે યંત્રોનો ઉપયોગ કરીને થોડા ગણ્યા-ગાંઠ્યા લોકો પાસે સંપત્તિનો સંચય થાય કે ધનના લોભથી અમુક વર્ગ થાય માટે તે અયોગ્ય છે. રવિશંકર મહારાજને અંબર ચરખા અંગે કોઈએ પૂછ્યું કે, "શું આ યંત્ર નથી?" તો તેના જવાબમાં મહારાજે કહ્યું હતું કે, "હા, તે યંત્ર છે, પણ એના પર માણસનો કાબૂ છે." આ વિધાન ઘણું જ અર્થસભર છે.

રસ્કિને તેમના પુસ્તક 'અનટુ ધિસ લાસ્ટ'માં અંત્યોદયની વાત કરી અને ગાંધીજીએ અંત્યોદયથી સર્વોદય અંગેની વાત મૂકી. આપણે જાણીએ છીએ તેમ ગાંધીજીએ ચાર મુદ્દા પર ભાર મૂક્યો - અહિંસા, બ્રહ્મચર્ય, સત્યાગ્રહ અને સર્વોદય. તેઓ જાણતા હતા કે રેંટિયો કે હાથશાળના ઉપયોગમાં સૂઝ-સમજ છે. તે વર્ષોમાં રેશમ અને મલમલ ભારતમાં વણાતું હતું. ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ અહીંનું કાપડ ઇંગ્લેન્ડ મોકલી પોલીશ કરીને મોંઘું બનાવ્યું હતું. આજે ટેક્નૉલૉજી તમામ ક્ષેત્રે પ્રવર્તમાન છે. વહેલી સવારે ઉઠાડવાનું કામ ઘરનાં વડીલો કરતાં તે જ કામ આજે મોબાઈલ ફોન પર ઉપલબ્ધ એલાર્મ બહુ જ સરળતાથી કરી શકે છે. વ્યક્તિ પોતાનું કેલેન્ડર ઑન લાઈન રાખી શકે છે તેમ જ મોટા ભાગની માહિતી બલ્કે જ્ઞાન પણ અત્યંત સરળતાથી ઇન્ટરનેટની મદદથી મેળવી શકે છે. કોવિડ મહામારી વખતે જ્યારે શાળા–કૉલેજો બંધ રહ્યાં ત્યારે તેમ જ કર્મચારીઓ પોતાની ઑફિસે ના જઈ શક્યા તે તમામ વિદ્યાર્થીઓ ડિજિટલ ટેક્નૉલૉજીની મદદથી પોતાનો અભ્યાસ ચાલુ રાખી શક્યા તેમ જ કર્મચારીઓ જરૂરી કામ પણ કરી શક્યા. આમ, ટેક્નૉલૉજી માણસના જીવનમાં સંપૂર્ણપણે વણાઈ ગઈ છે અને માણસના જીવનને ટેક્નૉલૉજી વિના કલ્પવી શક્ય નથી લાગતી.

**વિવિધ પ્રકારની ટેક્નૉલૉજી અને તેનો વધતો જતો પ્રભાવ**

વિવિધ પ્રકારની ટેક્નૉલૉજીનો અકલ્પ્ય ગતિએ વિકાસ થઈ રહ્યો છે અને આ દુનિયાનાં તમામ ઘટકો પર તેની વ્યાપક સકારાત્મક અસરો થઈ રહી છે તે જાણવું જરૂરી છે, જે ટૂંકમાં નીચે દર્શાવેલું છે.

**રોબોટિક્સ**

દુનિયામાં ઘણાં બધાં કામ એવાં છે કે જે કંટાળાજનક તેમ જ સતત પુનરાવર્તન પામતા હોય છે, જેમ કે પેઇન્ટિંગ, વેલ્ડિંગ, ઑટોમોબાઇલ મૅન્યૂફેક્ચરિંગ તેમ જ એરોસ્પેસ ઇન્ડસ્ટ્રીઝમાં વિવિધ ભાગોને ભેગા–સંકલન કરવાની કામગીરી, મોટા ગોડાઉનમાં માલસામાન તેમ જ ભાગોની ચકાસણી વગેરે. કેટલાંક કામ માનવ માટે ભયજનક હોય

છે જેમ કે અવકાશમાં કે સમુદ્રમાં તથા પાતાળમાં-ઊંડાણમાં થતા પ્રયોગો, કેમિકલ તથા ન્યૂક્લિયર કિરણો ઉત્પન્ન થતાં હોય તેવાં સ્થળો પરની કામગીરી, યુદ્ધ દરમ્યાન તથા સરહદ બૉમ્બ કે સુરંગોને શોધી કાઢવા, ધરતીકંપ અથવા પૂર જેવી કુદરતી આપત્તિ પછીના દૂરના સ્થળે દવા તેમ જ જીવન જરૂરિયાતની વસ્તુઓ પહોંચાડવી વગેરે. જ્યારે કેટલાંક કામ વધુ ચોકસાઈવાળાં હોય છે જેમ કે માનવશરીરનાં મહત્ત્વનાં અંગો પર થતી સર્જરી, ઇલેક્ટ્રોનિક ટેસ્ટિંગ, પ્રિસીશન મશીનિંગ વગેરે. માણસોની ઉત્પાદન ક્ષમતા વધે તથા વધુ ઝડપથી ગુણવત્તાવાળાં કામો કરી શકે તે માટે યંત્રોની મદદ લેવાય છે. ઉપર દર્શાવેલાં કામો માટે રોબોટ અત્યંત ઉપયોગી છે. રોબોટ એ એવું યંત્ર છે, જેનું પ્રૉગ્રામિંગ કરી શકાય છે એટલે કે તે સમજી શકે તેવા આદેશો આપી શકાય છે. તેની પાસે જે પ્રકારનું કામ કરાવવાનું હોય તેને અનુરૂપ પ્રોગ્રામ અગાઉથી દાખલ કરેલા હોય છે અને તેવા વિવિધ પ્રકારનાં કાર્યો તે કરી શકે છે.

અત્યારે વિવિધ પ્રકારના ઉદ્યોગો, તબીબી વિદ્યા, વિજ્ઞાન, અવકાશ સંશોધન, બાંધકામ, ફૂડ પેકેજિંગ, સર્જરીથી માંડીને લોકોનાં ઘરમાં રમકડાં સ્વરૂપે રોબોટ જોવા મળે છે. રોબોટના ઉપયોગના અનેક ફાયદા છે જેમ કે તે માણસ કરતાં ઘણાં બધાં કાર્યો ઝડપથી, સુરક્ષાથી, બળથી, ચોકસાઈપૂર્વક તથા ઓછા ખર્ચે કરી શકે છે. ઘણા લાંબા સમય સુધી થાક્યા કે કંટાળ્યા વગર કામ કરી શકે છે. માનવીય આંખોને જે ના દેખાઈ શકે તેવું ઘણું બધું રોબોટ જોઈ શકે છે. માનવીય જીવન માટે ભયજનક તેમ જ ખતરારૂપ ક્ષેત્રોમાં કામ કરી શકે છે. એકથી વધુ પાળીમાં સતત કામ કરીને મૂડી રોકાણનું વળતર ઝડપથી મેળવી આપે છે. વિવિધ પ્રકારનાં કામ કરતા રોબોટ આપણને જોવા મળે છે - ખેતરમાંથી નિંદામણ કરતો, ઘરમાં સાફ-સફાઈ કરતો, શેરીમાંથી કચરો ઉપાડતો, ઊંચા મકાનની કાચની બારીઓની સફાઈ કરતો, દર્દી પર સર્જરી કરતો, માણસની માફક હરતો-ફરતો, તેના આદેશ મુજબ ચા-કૉફી પૂરી પાડતો, તેની સાથે ફૂટબોલ રમતો હ્યુમનોઇડ રોબોટ વગેરે.

**રોબોટના ઉપયોગના ફાયદા**

- માનવ કરતાં ઘણાં બધાં કાર્યો ઝડપથી, સુરક્ષાથી, બળથી, ચોકસાઈપૂર્વક તથા ઓછા ખર્ચે કરી શકે છે.
- ઘણાં લાંબા સમય સુધી થાક્યા કે કંટાળ્યા વગર કામ કરી શકે છે.
- માનવીય આંખોને જે ના દેખાઈ શકે તેવું ઘણું બધું રોબોટ જોઈ શકે છે.
- ભયજનક તેમ જ ખતરારૂપ ક્ષેત્રોમાં કામ કરી શકે છે.
- એકથી વધુ પાળીમાં સતત કામ કરીને મૂડીરોકાણનું વળતર પ્રમાણમાં વહેલું મેળવી આપે છે.

**રોબોટના ઉપયોગના ગેરફાયદા**

- માનવબળનો વિકલ્પ તથા બેરોજગારી.
- નવી અને સતત બદલાતી ટેક્નૉલૉજી અને શીખવવા માટેનો તાલીમ ખર્ચ
- છૂપું ખર્ચઃ રોબોટ તૈયાર કરવામાં ઉપયોગમાં લેવામાં આવેલા સામાન તથા તે બગડી જાય તો સમારકામ કે બદલવાનો ખર્ચ—૩થી ૧૦ ગણો હોય છે.
- ભવિષ્યમાં જો માણસો રોબોટને જીવનસાથી તરીકે પસંદ કરે તો સામાજિક વિષમતાનો પ્રશ્ન પેદા નહીં થાય?

રોબોટના ઉપયોગના અનેક ફાયદા છે તો સાથે સાથે કેટલાક ગેરફાયદા પણ છે, જેમ કે તે માનવબળનો સબળ વિકલ્પ પૂરો પાડે છે. તેને કારણે ફેકટરી તથા કામ કરતાં કેટલાક પ્રકારના કર્મચારીઓને બેરોજગાર કરી શકે છે અને તેવું બની પણ રહ્યું છે. રોબોટની નવી અને સતત બદલાતી

ટેક્નૉલૉજી માટે વિશેષ તાલીમ ખર્ચની જોગવાઈ કરવી પડે છે. માણસની સાથે તુલના કરીએ તો માનવીય આંખો અને હાથનો જે સમન્વય છે તે પ્રકારનો સમન્વય રોબોટ માટે અઘરો છે. રોબોટની માળખાગત રચનાને કારણે તેનાં સાંધાંની ગતિવિધિ મર્યાદિત હોય છે. તેથી માણસનો સંપૂર્ણ વિકલ્પ બની શકે તેમ છે જ નહીં.

યુરોપિયન ઇકોનોમિક રિસર્ચ(ZEW)ના તારણ મુજબ વિકસિત દેશોમાં ભયજનક, કંટાળાજનક અને તબિયત માટે હાનિકારક કામો માટે ઇન્ડસ્ટ્રિયલ રોબોટનો ઉપયોગ કરવામાં આવ્યો પણ તમામ પ્રકારના કામ માટે રોબોટનો ઉપયોગ નથી કરવામાં આવ્યો. ૫% લોકોને રોજગારી બદલવી પડી, પરંતુ તેટલી જ નવી રોજગારી વધી છે. ૨૦૨૧ સુધીમાં યાંત્રીકરણ તેમ જ ડિજિટલાઇજેશનના કારણે ૧.૮% રોજગારી વધશે. ઓછું કૌશલ્ય ધરાવતી નોકરીનું પ્રમાણ ઘટ્યું છે, જે ભારત જેવા વધુ વસતિ ધરાવતા દેશ માટે ચિંતાજનક બની શકે. રોબોટના ઉપયોગના કારણે કંપનીઓમાંથી મધ્ય કક્ષાની રોજગારી ઘટી, તેવા ઓછા કર્મચારીઓની જરૂર પડવા લાગી અને તેને કારણે તેવી કંપનીઓમાં કર્મચારીઓનું સરેરાશ પગારધોરણ સુધર્યું. જો કે ડેવિડ વેઇલ માને છે કે ઇન્ડસ્ટ્રિયલ રોબોટના વધતા જતા ઉપયોગને કારણે મોટી કંપનીઓએ સીધી ભરતી ઓછી કરી અને એકબીજા સાથે ગળાકાપ હરીફાઈ કરતી નાની કંપનીઓમાં આઉટસોર્સનું પ્રમાણ વધાર્યું છે. તેને કારણે પગારો ઘટ્યાં, કલ્યાણકારી યોજનાઓ પર કાપ મુકાયો, આરોગ્ય અને સુરક્ષાનાં ધોરણોને બાજુમાં મૂકવામાં આવ્યા, અને આવકમાં અસમાનતા અનેક ગણી વધી છે. સાથેસાથે ઉત્પાદનના ક્ષેત્રે રોજગારી ઘટતી રહી છે. જે ગતિએ ટેક્નૉલૉજીનો વિકાસ થઈ રહ્યો છે તે જોતાં ભવિષ્યમાં માણસની સાથે રહી શકે – તેનો સંસર્ગ કરી શકે તેવા રોબોટ પણ તૈયાર થશે અને તેને કારણે સામાજિક વિષમતાઓ પણ ઊભી થશે.

રોબોટના ક્ષેત્રે થઈ રહેલો વિકાસ, તેની અર્થતંત્ર, શિક્ષણ અને સમાજ પર પડી રહેલી અસરો વગેરેને ધ્યાનમાં રાખીને વિશેષ વિચાર કરી, રોબોટનો ઉત્પાદન તેમ જ શિક્ષણ ક્ષેત્રે તેના ઉપયોગના સંદર્ભમાં રાષ્ટ્રીય કક્ષાએ નીતિ તૈયાર કરવી જરૂરી છે.

**કમ્યૂનિકેશન**

ઑપ્ટિકલ ફાયબર કેબલ(OFC)ની મદદથી ઝડપી ટેલિકૉમ સંચારણ માટે મૂળભૂત માળખાગત સવલતો પૂરી પાડવામાં આવે છે. આપણા દેશમાં ટેલિકૉમ કંપનીઓએ ગ્રામ્ય વિસ્તારોમાં ફાયબર કેબલની મદદથી પોતપોતાનું નેટવર્ક ઊભું કર્યું છે. બે સ્થળ વચ્ચે લગભગ ફાયબર કેબલ જેટલું ઝડપી સંચારણ, ફાયબર કેબલ વિના ઓછા ખર્ચે બ્રોડબૅન્ડ વાયરલેસ સંચારણ કેવી રીતે થઈ શકે તે માટે સંશોધનનું કાર્ય ચાલી રહ્યું છે, જેને ફ્રી સ્પેસ ઑપ્ટિક્સ(FSO) કહેવામાં આવે છે. આના માટે સ્પેક્ટ્રલ લાયસન્સની જરૂર નહીં રહે તેમ માનવામાં આવે છે. અહીં ઊંચા મકાનના ધાબા પર યંત્રો ગોઠવવામાં આવે છે અને એક મકાનથી લગભગ બે કિ.મી. દૂર આવેલા મકાનને વાયરલેસ સંચારણમાં જોડી શકાય છે. આવનારાં વર્ષોમાં ઑપ્ટિકલ ફાયબર કેબલ, ફિક્સ્ડ લાઇન તથા વાયરલેસ સંચારણનું સંકલન કરીને વિવિધ પ્રકારનાં તેમ જ એકબીજાથી અલગ એવાં નેટવર્કને જોડીને વિશ્વની તમામ ડિવાઇસને એકબીજા સાથે જોડી શકાશે. ઇન્ટરનેટ ઑફ થિંગ્સ( ) પાછળનો મુખ્ય ઉદ્દેશ પણ આ જ છે. આ ખ્યાલના આધારે ઔદ્યોગિક એકમોમાં આવેલાં ભારે યંત્રો કે મશીનો પણ એકબીજા સાથે ડેટાનું સંચારણ કરી શકશે, જેને ઇન્ડસ્ટ્રિયલ ઇન્ટરનેટ કહેવામાં આવે છે.

આવનારાં વર્ષોમાં વધુ ને વધુ નાના કદનાં તેમ જ ઓછા ને ઓછા ખર્ચે તૈયાર થતાં ઇલેક્ટ્રોનિક એકમો બજારમાં આવતાં જશે, તેમ જ ઝડપી ટેલિકૉમ સંચારણ તથા ઇન્ટરનેટ ઑફ થિંગ્સના ખ્યાલના આધારે અત્યારે કાલ્પનિક લાગતાં

એવા વિવિધ વિનિયોગો પ્રચલિત થતા જશે. તાપમાન, ભેજ, આગ, ધુમાડા, પ્રદૂષણ વગેરેને માપવાનાં સેન્સર, સ્માર્ટ ફોન, ટ્રાફિક સિગ્નલ, પાર્કિંગની જગ્યામાં મૂકેલા કન્ટ્રોલર, લાઇટ, મકાનમાં ગરમી-વેન્ટીલેશન-એર કન્ડીશનર માટેનાં એકમો વગેરેને ઇન્ટરનેટ દ્વારા સાંકળી શકાશે. આની મદદથી વ્યક્તિ ઘર, ઑફિસ, ખેતર કે ફેક્ટરીમાં ન હોય તો પણ લાઇટ, ફ્રીજ, ઓવન, એર કન્ડીશનર વગેરેનું નિયંત્રણ પોતાની મોબાઇલ ડિવાઇસ દ્વારા કરી શકશે.

**કૃત્રિમ બુદ્ધિમતા (આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સ–AI)**

વાયરલેસ સંચારણ તથા નેટવર્કમાં કૃત્રિમ બુદ્ધિમતા દાખલ કરીને સંશોધકો કોગ્નેટિવ રેડિયોના ખ્યાલને સંવર્ધિત કરી રહ્યા છે, જેની મદદથી વાયરલેસ નેટવર્ક ઓછામાં ઓછા માનવીય હસ્તક્ષેપથી કાર્યરત રહી શકે તેમ જ નેટવર્કને વધુ કાર્યક્ષમ બનાવી શકે, દા.ત. વાયરલેસ નેટવર્કમાં કન્જેશન અથવા જામ થઈ ગયું હોય તો આપમેળે જ વૈકલ્પિક માર્ગ શોધીને તેના દ્વારા નેટવર્ક ટ્રાફિકને વાળી દેવો, સંચારણ માટે જરૂરી સ્પેક્ટ્રમ ઓળખી તેનો ઉપયોગ કરવો, વાયરલેસ નેટવર્કમાં ઉપયોગમાં લેવાતાં એકમોની બેટરીનો કાર્યક્ષમ ઉપયોગ કરવો વગેરે. ભવિષ્યમાં આ તમામ આવિષ્કારોનો ઉપયોગ ઔદ્યોગિક ક્ષેત્રે વધતો જવાનો જ છે.

નાનાં કદનાં ખેતરો અને અલ્પ મૂડીરોકાણની ક્ષમતા ધરાવતા ખેડૂતો માટે પણ અનેક શક્યતાઓ રહેલી છે. જેમ કે દૂરના સ્થળે બેસીને ખેતરમાં ગયા વગર સિંચાઈનું નિયંત્રણ કરી શકાશે અથવા ડ્રોનની મદદથી ખેતરમાં જીવાત નિયંત્રણ માટે દવા છાંટી શકશે, બજારમાં ગયા વિના જ પોતાનો પાક વેચી શકશે, નજીકના દિવસોમાં આવનાર વરસાદ કે વાવાઝોડાની સચોટ માહિતી મેળવી શકશે. નાના ફલક પર અને લેબમાં સફળ થયેલા આવા અખતરાઓને મોટા પાયે ગામડાં અને ખેતરોમાં અમલમાં મૂકવા માટે સંશોધકો, કંપનીઓ, સરકાર અને ખેડૂતોએ સાથે મળીને સંગઠિત તેમ જ મક્કમ સ્વરૂપે કામ કરવું પડશે.

**બ્લોકચેઇન ટેક્નૉલૉજી**

બ્લોકચેઇન ટેક્નૉલૉજીના ઉપયોગમાં ઇસ્ટોનિયા સૌથી આગળ પડતો દેશ ગણાય છે અને તેને વિશ્વનો સૌથી આધુનિક ડિજિટલ સમાજ પણ કહેવામાં આવે છે. તેણે તેના તમામ નાગરિકોને ડિજિટલ આઈડી કાર્ડ આપ્યું છે જેની કાર્યપદ્ધતિ બલોકચેઇન આધારિત છે. આ કાર્ડની મદદથી તેના નાગરિકો દેશની ૯૯ ટકા જાહેર સેવાઓ જેવી કે આરોગ્યનો વીમો, બેંકના એકાઉન્ટમાં લોગીન કરવામાં, મતદાન વગેરેનો ઉપયોગ ઇ-સેવા તરીકે કરે છે. દુબઈની સરકારે ૨૦૧૬માં તેની બ્લોકચેઇન અંગેની સ્ટ્રેટેજી જાહેર કરી છે. વર્ષ ૨૦૨૦ સુધીમાં દુબઈમાં વિઝા અરજીઓ, બિલની ચુકવણીઓ, ડ્રાઈવિંગ લાઇસન્સ રીન્યૂઅલ વગેરે ડિજિટલી ઉપલબ્ધ હશે અને તેનું સંચાલન બ્લોકચેઇન આધારિત હશે. ભારતમાં નીતિ આયોગ એપોલો હોસ્પિટલ તથા ઓરેકલ કંપની સાથે મળીને બનાવટી દવાઓનું ષડયંત્ર ખુલ્લું પાડવા માટે બ્લોકચેઇન આધારિત પદ્ધતિ તૈયાર કરી રહ્યું છે. તે ભવિષ્યમાં જમીનના દસ્તાવેજો, આરોગ્ય અંગેના રેકોર્ડ, ખાતર પરની સબસીડી વિતરણ વગેરે માટે બ્લોકચેઇનનો ઉપયોગ કરશે.

૧૯૭૬માં અર્થશાસ્ત્રનું નૉબેલ પારિતોષિક પ્રાપ્ત કરનાર મિલ્ટન ફ્રીડમેને પ્રત્યેક સરકારનાં ત્રણ મુખ્ય કાર્યો જણાવ્યા છેઃ

૧. કાયદો અને વ્યવસ્થા

૨. સંરક્ષણ

૩. કરાર અમલીકરણ

અનેક કારણોસર ભારતમાં કરાર અમલીકરણને યોગ્ય મહત્ત્વ આપવામાં નથી આવ્યું. તેના કારણે, વર્લ્ડ બૅંકના વ્યવસાય કે ધંધો કરવાની સરળતામાં ભારત ૭૭મા ક્રમે છે અને કરાર અમલીકરણની બાબતમાં ૧૯૦ દેશમાંથી

ભારતનો ક્રમ ૧૬૩મો છે! અત્યારે ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઍન્ડ ઇન્ટરનલ ટ્રેડનું લક્ષ ધંધો કરવાની સરળતામાં ભારતનો ક્રમ પહેલાં ૫૦માં લાવવાનો છે.

ધંધાકીય સોદા માટે સરકાર સહિત કંપનીઓ એકબીજા સાથે કરાર કરતી હોય છે. કરારના દસ્તાવેજમાં કિંમત, જથ્થો, ગુણવત્તા, ડિસ્કાઉન્ટ, ડિલીવરીનો સમય વગેરે અંગેની શરતો તેમ જ કલમો નોંધવામાં આવતી હોય છે, જેથી તેનું અમલીકરણ સરળ બને અને કોઈ વિવાદ ન થાય. કરારનું પાલન કરવું બધા માટે અનિવાર્ય હોય છે. એકબીજા સાથે ખરીદ વેચાણ કરતી વખતે એક કંપની કરારની કોઈપણ શરત કે કલમનું પાલન ન કરે તો બીજી કંપની તેની વિરુદ્ધ કોમર્શિયલ કોર્ટ કે હાઈકોર્ટના કોમર્શિયલ ડિવિઝનમાં અરજી કરી શકે છે. કાયદાકીય પદ્ધતિની ગૂંચ તથા તેમાં થતા વિલંબને કારણે એક અનુમાન મુજબ ભારતમાં કરાર અમલીકરણ માટેનો કાયદાકીય કેસ ઉકેલ માટે સરેરાશ રીતે ચારેક વર્ષનો સમય લે છે જેથી વર્ષ ૨૦૧૭માં હાઇકોર્ટમાં પાંત્રીસ લાખથી વધારે કેસ અટવાઈ ગયેલા હતા. આની અવળી અસર ઉત્પાદન ખર્ચ, વિશાળ કદના પ્રોજેક્ટના ખર્ચ અને સરવાળે અર્થતંત્ર પર પડે છે.

આર્થિક વ્યવહારો તથા અર્થતંત્રને વેગ આપવા માટે બે કે તેથી વધુ સરકારી કે ધંધાદારી એકમો વચ્ચે થયેલા કરારનું અમલીકરણ અનિવાર્ય છે. ફીડમેને જણાવ્યું છે કે નિયમન અને કાયદાકીય આધારની મદદથી સરકાર કરારના અમલીકરણની જવાબદારી નિભાવે છે અને માટે સરકાર સૌથી મોટી વચગાળાની સંસ્થા છે. અહીં માણસો દ્વારા સંચાલિત કાર્યવાહી માટે સરકારે અનેક સાધનોનું રોકાણ કરવું પડે છે. અહીં સહજ પ્રશ્ન થાય છે કે એવી કોઈ ટેક્નૉલૉજી છે જે માનવીય શ્રમનો ઉપયોગ કર્યા વિના જ સ્માર્ટ કૉન્ટ્રાક્ટ ખ્યાલના આધારે કરાર અમલીકરણ ઝડપી બનાવે?

વિકિપીડિયાની વ્યાખ્યા મુજબ બ્લોકચેઇન એ વિકેન્દ્રિત, વહેંચાયેલ, જાહેર ડિજિટલ લેજર છે જેમાં લેવડદેવડના વ્યવહારોને ટ્રાન્ઝેક્શનના સ્વરૂપે વિવિધ કમ્પ્યૂટર્સ પર રેકોર્ડ સ્વરૂપે એવી રીતે સંગ્રહવામાં આવે છે કે તેમની પર સર્વસંમતિ વિના ફેરફાર કરી શકાતા જ નથી. અહીં બ્લોકચેઇનના ભાગરૂપ તમામ સહભાગી ટ્રાન્ઝેક્શનની ખરાઈ કરી શકે છે તથા તપાસણી કરી શકે છે. બ્લોકચેઇન ડેટાબેઝનું સંચાલન સ્વાયત્ત રીતે થાય છે અને તેના તમામ રેકોર્ડમાં તેની રચના કે તેમાં ફેરફાર કરવામાં આવ્યો હોય ત્યારના સમયની નોંધ હોય છે.

૨૦૧૮ના ડિસેમ્બર મહિનામાં દિવિત નામના બાળકને પશ્ચિમ બંગાળના ન્યૂ ટાઉન કૉલકાતા ડેવલપમેન્ટ ઑથોરીટી દ્વારા બ્લોકચેઇનની મદદથી તૈયાર કરેલું જન્મ નોંધણીનું સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું.

આ પ્રકારે તૈયાર થયેલા સર્ટિફિકેટના ડેટામાં અયોગ્ય ફેરફાર નહીં કરી શકાય. ભારતમાં નાગરિકો માટે બ્લોકચેઇનની એપ્લિકેશનનો આ એક નોંધપાત્ર દાખલો કહી શકાય. આ જ પ્રકારે દેશના નાગરિકોના વિવિધ પ્રકારના સર્ટિફિકેટ તેમ જ દસ્તાવેજને આ પદ્ધતિ હેઠળ આવરી લેવામાં આવે તો ભવિષ્યમાં સામાન્ય નાગરિક સાથે કોઈપણ પ્રકારની છેતરપીંડી નહીં થઈ શકે.

**કોવિડ-૧૯ મહામારી તથા વેક્સીનની શોધ**

વર્ષ ૨૦૨૦ તથા ૨૧ દરમ્યાન કોવિડની જૈવિક મહામારીએ આખી દુનિયાનો ભરડો લઈ લીધો. માત્ર આર્થિક જ નહીં પણ અનેક પ્રકારના સામાજિક, માનસિક તેમ જ રાજકીય પ્રશ્નો પણ ઊભા થઈ ગયા છે. હજી આવનારાં વર્ષોમાં પણ તેની આડઅસરો જોવા મળશે. જૈવિક મહામારી કે રોગના નિરાકરણ માટે વેક્સીન અનિવાર્ય છે. અગાઉ કોઈપણ વેક્સીનની શોધ, તેની લેબથી શરૂ કરી માણસો પરના તબીબી પરીક્ષણો, ઉત્પાદન, વિતરણ, સરકારી કે ખાનગી હોસ્પિટલની મદદથી વેક્સીન આપવાની

પ્રક્રિયા, તે માટે જરૂરી સપ્લાય ચેઇન તથા માળખાગત સુવિધા વગેરે માટે ઉપર દર્શાવેલ ટેક્નૉલૉજીનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ થયો છે.

**ટેકનોલૉજીનો માનવીય ઉપયોગ**

સર્વોદય એટલે ભેદભાવ વિના સર્વનો વિકાસ. ગાંધીજીએ પોતે ટેક્નૉલૉજીની બાદબાકી નહોતી કરી. તેમણે અનાસક્ત ભાવે કાર્યરત રહેવાની વાત કરી અને આચરણ કર્યું. ટેક્નૉલૉજીનો ઉપયોગ નૈતિક હોવો જોઈએ અને બીજાના ભોગે કે પૈસાના ગોટાળા કરીને વ્યક્તિના અંગત સ્વાર્થ માટે ન થવો જોઈએ.

ગાંધીજીએ માનવીય અર્થશાસ્ત્રની વાત કરી, જે આજે ખરા અર્થમાં પ્રસ્તુત લાગે છે. ટેક્નૉલૉજીનો માનવીય દૃષ્ટિકોણથી જ ઉપયોગ થવો જોઈએ નહીં કે માત્ર ઉત્પાદન વધારવા માટે. ટેક્નૉલૉજી ભવિષ્યમાં વધુ ને વધુ સસ્તી બનતી જશે, પણ આપણે તે પણ સુનિશ્ચિત કરવાનું છે કે છેવાડાના માણસ સુધી ટેક્નૉલૉજી પહોંચે. એક એ પણ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ટેક્નૉલૉજી માનવીય સંવેદના કેવી રીતે વ્યક્ત કરી શકશે? માનવ જે રીતે લાગણી કે ભાવ વ્યક્ત કરે છે તે રીતે રોબોટ જેવી ટેક્નૉલૉજી ભાવ વ્યક્ત કરી શકશે ખરી? અત્યારની પરિસ્થિતિને જોતાં એમ પણ લાગે છે કે આજે શ્રમ માટે તમામ સ્તરે વધતો જતો તિરસ્કાર, જીવનની સાચી સમજ વિનાની કેળવણી મેળવીને બેઠાડું જીવનશૈલીને અનુસરતી નવી પેઢી તથા સમાજ માટે જરૂરી મૂળભૂત જવાબદારી તેમ જ કાર્યોની થતી ઉપેક્ષા જોતાં એમ જરૂર થાય કે આવનારો સમાજ કેવી રીતે સ્વસ્થ બની શકશે? આ સંદર્ભમાં એ કહેવું જરૂરી છે કે ધસમસતા પ્રવાહની જેમ વિકસતી જતી ટેક્નૉલૉજીના ઉપયોગનો માનવીય અભિગમ કેળવવા માટે તેમ જ તેની સમાજ પરની સકારાત્મક અસરો માટે પ્રત્યેક દેશ કે સમાજે નીતિ ઘડવી અનિવાર્ય છે.

(શાંતિથી સઘન અભ્યાસ દ્વારા ટેક્નૉલૉજીની નાડ પારખી તેને સમાજ સમક્ષ મૂકવામાં માહિર ડૉ. સંજય ચૌધરી અમદાવાદ યુનિવર્સિટીમાં સિનિયર પ્રાધ્યાપક છે.

ડીન અને પ્રાધ્યાપક, અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ.

ઈમેઇલ : srchaudhary@gmail.com)

રસ્કિને કહ્યું કે નીતિ-અનીતિનો વિચાર કર્યા વિના દોલત એકઠી કરવી એ માણસ માટે નામોશીભર્યું છે. જેમ હરીફાઈ વધે તેમ પ્રજા આબાદ થાય, એ વાત ભૂલભરેલી છે. આ તો માત્ર પૈસો મેળવવાનું શાસ્ત્ર છે. કોઈને ઝેર આપીને પૈસો મેળવવો તેને શું આપણે પૈસાદાર થવાનો હુન્નર કે તેનું શાસ્ત્ર કહીશું? મોટી માછલી નાની માછલીને ખાય છે, ઉદર નાનાં જંતુઓને ખાય છે. તેઓને બીજી સમજ નથી. પરંતુ ઈશ્વરે માણસને સમજ આપી છે, ન્યાયબુદ્ધિ આપી છે. તેની રૂએ તેણે બીજાઓને ખાઈ જઈ, છેતરી અથવા ભિખારી બનાવીને પોતે પૈસાદાર થવાનું નથી. ન્યાયની રીતે પૈસો મેળવવો, એ જ ખરો રસ્તો ગણાય. ખરું અર્થશાસ્ત્ર તો ન્યાયબુદ્ધિનું જ છે. નીતિ જાળવવાનું પ્રજા શીખે, તો જ સુખી થાય. બાકી તો ફાંફાં છે, અને વિનાશકાળે વિપરીત બુદ્ધિ જેવું છે. પ્રજાને ગમે તેમ કરીને પૈસો જ પૈસો મેળવતાં શીખવવું, એ વિપરીત બુદ્ધિ શીખવવા જેવું છે.

રસ્કિને સ્વાર્થી સ્વકેન્દ્રિત, આપમતલબી અને શોષણખોર અર્થવ્યવસ્થા ઉપર આકરા પ્રહારો કરીને તથા તેની વેધક આલોચના કરીને કહ્યું કે, કોઈ પણ ખરું અર્થશાસ્ત્ર ગૃહજીવનના કાયદાઓમાંથી નીપજતું શાસ્ત્ર છે. એટલે કે ગૃહજીવનનો પ્રેમ અને પારિવારિકતાનો કાયદો આખા સમાજમાં અમલમાં લાવો, તો જ તેમાંથી માનવીય અર્થશાસ્ત્ર નીપજશે.

## ૧૬. આત્માની એકતાનો વિચાર

ઉષા

દક્ષિણ આફ્રિકાના કાર્યકાળ દરમ્યાન ગાંધીજીને બે શબ્દોનો સાક્ષાત્કાર થયો. (૧) સર્વોદય (૨) સત્યાગ્રહ. આ બે શબ્દોના આધારે એમની સર્વાંગી જીવનદૃષ્ટિ વિકસિત થતી ગઈ. સર્વોદય જીવનદર્શન છે, સત્યાગ્રહ કાર્યપદ્ધતિ છે. ગાંધીવિચાર ગાંધીદર્શનને સમજવા માટે સર્વોદય જેવો બીજો સમર્થક શબ્દ નહીં મળે. આત્માની એકતા પર સર્વોદય શબ્દ ઊભો છે. વધુમાં વધુ લોકોનું, વધુમાં વધુ ભલું - greatest good of greatest number ના પ્રચલિત સિદ્ધાંતને બદલે સર્વોદયે 'સહુનો ઉદય સહુનું ભલું' સિદ્ધાંત પ્રચલિત કર્યો. સાચા, શુદ્ધ અને પૂર્ણ કહી શકાય એવા વિચારનું સર્વોદય પ્રતિનિધિત્વ કરે છે. સામાજિક, આર્થિક, રાજનૈતિક, ધાર્મિક, આંશિક - બધા જ ક્ષેત્રોમાં નિષેધક અને વિધાયક એવા બંને પાસાંઓ કામ કરતાં હોય છે અને મનુષ્યનું વ્યક્તિગત તથા સમદૃષ્ટિગત જીવન આ બંને પાસાંઓથી પ્રભાવિત થતું આવ્યું છે. સર્વોદય નિષેધક પાસાંઓને દૂર કરી વિધાયક પાસાંઓને આત્મસાત કરવાનું દિશાનિર્દર્શન કરે છે.

સર્વોદય વિચાર અધ્યાત્મવિચાર છે. અધ્યાત્મવિચાર એટલે આત્માની એકતાનો વિચાર. એકતામાં બધા પ્રકારના ભેદોનું નિરસન કરવાની તાકાત છૂપાયેલી છે. ભેદ તોડવાનું કામ કરે છે. સર્વોદય ભેદમાત્રનું નિરસન ઇચ્છે છે. આજે સામાજિક, આર્થિક આદિ બધાં જ ક્ષેત્રોમાં અઢાર પ્રકારની સંકુચિત વિચારધારાઓ નવા નવા જટિલ પ્રશ્નો નિર્માણ કરી રહી છે. જાતિ, ધર્મ, પંથ, પક્ષ, ભાષા, રાષ્ટ્રની સંકુચિત, ભાવના, ઊંચ-નીચ, ગરીબ-અમિર, સ્ત્રી-પુરુષના ભેદ, કેન્દ્રીકરણ, શોષણ, વિષમતા, દલગત રાજનીતિ, મેજોરીટી-માઇનોરિટીની કાર્યપદ્ધતિ - બધે જ ભેદભાવના પોતાનો વ્યાપ ફેલાવી રહી છે. સમાજમાં પ્રવર્તિત આવી અંધાધૂંધ રચનાનો મુકાબલો કરવા ગાંધીજીએ સર્વોદયની વ્યૂહરચનાના બે સક્ષમ મોરચા ચીંધ્યા છે — (૧) વ્રતનિષ્ઠ જીવન (૨) રચનાત્મક કાર્યક્રમ. વ્રતનિષ્ઠ જીવન નૈતિક પૃષ્ઠભૂમિ પૂરી પાડે છે અને રચનાત્મક કાર્યક્રમ વિધાયક શક્તિ નિર્માણ કરવાનું કામ કરે છે. સમાજમાં પરસ્પર હિત-વિરોધ ન હોય, સર્વેષા અવિરોધેણ કામ કરવાની પદ્ધતિ હોય, સમયની ચાહ હોય, સમત્વમની પદ્ધતિ હોય ત્યાં સર્વોદય પોતાના સહકારી ભાવો સાથે સાકાર થાય છે. આ સંદર્ભમાં વિનોબાજી કહે છે કે મારી વિચારધારાના ચાર મુખ્ય અંગ છે - સર્વોદય, સામ્યયોગ, સમન્વય અને સત્યાગ્રહ. આ ચારેય તત્ત્વો પરસ્પર પોષક બની સમાજ જીવનને સમૃદ્ધ કરવાનું કામ કરી શકે છે. સામ્યયોગ, સમન્વય, સત્યાગ્રહ અને સર્વોદયના પ્રયોગવાચી અથવા પોષક તત્ત્વ ગણાવી શકાય.

સંસ્કૃત પ્રાર્થનાનો એક મંત્ર છે.

सर्वेपि सुखिनः सन्तु सर्वे सन्तु निशमयाः ।
सर्वे भद्राणिपश्यन्तु माँ कश्चित दुखमासुयात ।।

બધા જ સુખી હોય, આરોગ્યવાન હોય, મંગળદાયી હોય. કોઈપણ પ્રાણી દુઃખી ન હોય. સર્વોદયની આ પ્રારંભિક ચાહ છે. ત્યાંથી પ્રારંભ કરી સમાજમાં શાંતિ અને સમતાનું સામ્રાજ્ય સ્થાપિત કરવા આગળ વધવાનું છે. તે દૃષ્ટિએ સંત બાપજીનો મંત્ર યાદ આવે છે -

સર્વથા સહુ સુખી થાઓ, સમતા સહુ સમાચરો

સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો.

સમતા અને શાંતિ ખૂબ જ ગહન-ગંભીર ભાવ છે. એ તત્ત્વોમાં સર્વોદયને સાકાર કરવાની ક્ષમતા સંગોપાયેલી છે.

સર્વોદય યુગની માંગ છે. ગાંધી વિનોબાએ પોતાના જીવન અને કાર્યથી તેને મુખરિત કરી છે. વિજ્ઞાનયુગ તેનો સાક્ષાત્કાર કરવાનું સામર્થ્ય ધરાવે છે. જરૂરત છે સર્વોદયના વ્યાપક અને ઊંડા વિચારને વધુ વધુ સમજીએ જીવનમાં આત્મસાત કરવા પ્રતિબદ્ધ બનીએ.

(ઉષાબેન વિનોબાજીના બ્રહ્મ વિદ્યા મંદિર, પવનારનાં જીવનનિષ્ઠ સેવિકા છે.

ઉષા, બ્રહ્મવિદ્યા મંદિર, પવનાર)

જયપ્રકાશજીએ કહ્યું છે તેમ - "સર્વોદયનાં બીજ ભારતની માટીમાં ઊંડાં પડેલાં છે. એ બીજ પેદા કર્યાં હતાં ગાંધીએ, અને પોતાની પદયાત્રા દ્વારા વારંવાર ભારતની ધરતી ખેડીને એ બીજ વાવ્યાં છે વિનોબાએ. હજારો સેવકોએ એ બીજને પાણી સીંચ્યું છે અને હજારોએ એ બીજમાંથી પાંગરતી અભિનવ ક્રાંતિનાં સપનાં સેવ્યાં છે. એ સપનાં સાકાર થશે જ. આવી ક્રાંતિ વિના ભારતનો તેમ જ દુનિયાનો બચાવ દુષ્કર લાગે છે.

આજના અર્થશાસ્ત્રના ખ્યાલોને એક વિજ્ઞાન તરીકે સ્વીકારી લેવા, એ માનવીની બૌદ્ધિકતા માટે લાંછનરૂપ છે. સૌને સૌના ભાગનો રોટલાનો ટુકડો મળી ન રહે અને સૌથી નબળામાં નબળાને તેનો ભાગ મળી ન રહે, તે વળી અર્થનું શાસ્ત્ર કેવું?

'સર્વોદય' શબ્દ વીસમી સદીમાં ઉદ્ભવેલો એક નવો શબ્દ છે. પ્રાચીન સાહિત્યમાં પણ તે કોઈક ને કોઈક સંદર્ભમાં વપરાયો છે, એવું સંશોધન થઈ શકે. પરંતુ આજે જે રીતે તે એક જીવનની ફિલસૂફીના અર્થમાં, એક ચોક્કસ વિચારધારાના અર્થમાં પ્રચલિત છે, એવો તેનો ઉપયોગ તો હજી માત્ર એક સદી જ જૂનો છે.

એ કોઈ શાસ્ત્રીનો, પોતાના અભ્યાસખંડમાં બેઠાં બેઠાં લાંબા ચિંતનમાંથી નીપજેલો શબ્દ નથી, પરંતુ જીવનના એક પરમ ઉપાસકની અપ્રતિમ નિષ્ઠા અને ઉત્કટતાભરી સાધનામાંથી અનાયાસ પ્રસ્ફુરિત થઈ ઊઠેલો શબ્દ છે. તેની આસપાસનું ફિલસૂફીનું કાઠું પણ જીવનની અવિરત ઉપાસનામાંથી બંધાયું છે.

સર્વોદયનો મંત્ર મળ્યો તે દરમ્યાન દક્ષિણ આફ્રિકામાં ગાંધી દ્વારા 'સત્યાગ્રહ' નો આરંભ થઈ ચૂકેલો અને હિંદુસ્તાનના સ્વરાજ અંગેનું ચિંતન પણ ચાલતું થઈ ચૂકેલું. પરિણામે, 'સર્વોદય' પુસ્તિકામાં રસ્કિનના ૪ નિબંધોના સારરૂપ ૪ પ્રકરણો પછી પાંચમું પ્રકરણ પણ ઉમેરાયું. તેમાં ગાંધીએ રસ્કિનના વિચારોના સંદર્ભમાં 'સ્વરાજ'ની વાત સીધી જોડી દીધી. સ્વરાજ જોઈએ છે, પણ ખરું સ્વરાજ કોને કહેવાય અને તે કયા રસ્તે મેળવી શકાશે? વિપ્લવને માર્ગે તે મળશે? અને સ્વરાજ મેળવી લીધા પછી શું? આ અંગ્રેજોની જ સભ્યતા આપણે ત્યાં પણ?

રસ્કિનના પુસ્તકને આધારે ગાંધીને 'સર્વોદય'નું જે નવું જીવન-દર્શન લાધેલું, તેમાંથી એમને આ બંને સવાલોના આગવા જવાબો મળ્યા. પૂરેપૂરી આત્મ-પ્રતીતિના રણકા સાથે ૧૯૦૮માં આ પુસ્તિકામાં ગાંધીએ કહ્યું: ''પાપકર્મથી એટલે કે અંગ્રેજોને મારીને ખરું સ્વરાજ નહીં મેળવાય તેમ જ હિંદુસ્તાનમાં કારખાનાં ખોલવાથી પણ સ્વરાજ નથી મળવાનું... સ્વરાજ નીતિને રસ્તે મેળવવાનું છે, અને તે ખરું સ્વરાજ હોવું જોઈએ.''

## ૧૭. સેવક કેવો હોય ?

### વિનોબાજી

સર્વોદયનો સેવક કેવો હોય ? આપણો સેવક મેટ્રિક. બી.એ. વગેરે પાસ કરેલો હોવો જોઈએ, એવું જરૂરી નથી. આપણને પદવીની નહીં, ગુણોની જરૂર છે. સેવકમાં કેટલાક ગુણો હોવા જોઈએ. તેમાં સૌથી મોટો ગુણ છે, નમ્રતા. સેવકમાં નમ્રતા જોઈએ. કોઈના હૃદયને પોતાના દ્વારા દુઃખ ન પહોંચે, તે સેવકે જોવું જોઈએ. સેવક પ્રેમથી બોલે-ચાલે, પ્રેમથી બધા સાથે વહેવાર કરે. મૂળમાં નમ્રતા હશે તો જ આવું પ્રેમભર્યું વર્તન થઈ શકશે.

જો કે નમ્રતા વિશે થોડાક વધુ ઊંડાણમાં જઈને સમજી લેવાની જરૂર છે. એક નમ્રતા એ છે, જે સભ્યતાનું લક્ષણ મનાય છે. તેમાં વિનયશીલતા છે, શિષ્ટતા છે. એ પણ એક ગુણ છે ખરો. તેને કારણે સમાજમાં અમુક મર્યાદા સચવાય છે.

બીજી નમ્રતા હોય છે, ભક્તિમાર્ગી. ભક્ત સહુનાં ચરણોની રજ બની રહેવા ઈચ્છે છે. તેમાં દીનતાનોય ભાવ આવી જાય છે. તેનોયે એક મહિમા છે. તુકારામ, તુલસીદાસ જેવાએ તેનાયે ગુણ ગાયા છે. '**lIn dIn heic sar, wv ]travya par**'. અત્યંત દીન હોવું, એ ભક્તિમાર્ગની નમ્રતા છે.

આ બંને પ્રકારની નમ્રતામાં પોતપોતાના ગુણ છે, પરંતુ આ સિવાય એક ત્રીજા પ્રકારનીયે નમ્રતા છે, જેને હું સહજ નમ્રતા કહું છું. ભક્તિમાર્ગની દીનતા નહીં અને સભ્ય સમાજની શિષ્ટતા નહીં, પણ એક સહજ નમ્રતા, જેને હું સખ્ય-ભક્તિ કહીશ. આપણે સહુના સાથી છીએ, સહયોગી છીએ. આપણે એક બીજા પાસેથી શીખવાનું છે અને એકબીજાને શીખવવાનું છે, એ છે સહજ નમ્રતા, જે જ્ઞાન-પ્રાપ્તિનું દ્વાર છે.

આવી આ નમ્રતા જો સેવકમાં હશે, તો તેના વહેવાર-વર્તનમાં કદીયે ઘમંડ નહીં આવે. તેનો એક દાખલો આપું. આજકાલ સરકાર પદ્મશ્રી, પદ્મભૂષણ વગેરે પદકો એનાયત કરે છે. બહુ શરૂનાં વરસોમાં ભારત સરકારે આસમનાં અમલપ્રભા બાઈદેવને આવા પદકથી વિભૂષિત કરવાનું ઠરાવ્યું. અમલપ્રભા બાઈદેવ આસમનાં બહુ મોટા કાર્યકર. આસમમાં સહુ કોઈ એમને જાણે. એમણે તન-મન-ધનથી દીન-દુઃખીઓની સેવામાં પોતાની જાતને સમર્પિત કરી દીધી. એટલે ભારત સરકાર એમનું બહુમાન કરવા ઈચ્છતી હતી. પરંતુ અમલપ્રભાએ તેનો અસ્વીકાર કર્યો, પણ તે અત્યંત નમ્રતાથી. એમણે કહ્યું કે હું બહુ કૃતજ્ઞ છું કે જે કાંઈ નાના-મોટી સેવા મારાથી થઈ શકી છે, તેને તમે આ રીતે માન્યતાની મહોર લગાવી. પરંતુ હું તમારી આ ઉપાધિનો સ્વીકાર નથી કરી શકતી, કેમ કે આનાથી મારામાં અહંકાર પેદા થાય, એટલા વાસ્તે હું આનો અસ્વીકાર કરું છું, તો કૃપા કરીને મને ક્ષમા કરજો. આ વાત મને પંડિત જવાહરલાલ નહેરુએ કરી હતી.

મારે કહેવું છે તે એ કે આવી સહજ નમ્રતા સેવકના સ્વભાવમાં પચી જવી જોઈએ. પોતાનામાં કદીયે ઘમંડ ન આવી જાય, તે સેવકે હમેશાં જોવું જોઈએ. ઉપરાંત, આગળ આવવાનીયે કોશિશ તેણે ન કરવી. હું ઘણી વાર કહું છું કે આપણે સેવકો સમાજ પાસે જઈને ભૂદાન વગેરે માગીએ છીએ, તો આપણે પોતે સમાજને શું આપીશું ? કાર્યકર પોતે કયું દાન આપશે? તો હું કહીશ કે કાર્યકર્તા 'યશદાન' આપશે. આપણે જે કાંઈ કરીએ, તેનો યશ આપણે ન લેવો, યશ બીજાને દેવો. સામાન્ય રીતે આપણાં સામાજિક કામોમાં ઘણા બધા લોકો મદદ કરતા હોય છે. પોતાના ધંધા-રોજગાર અને અન્ય સાંસારિક જવાબદારીઓ વહન કરતાં-કરતાં તેઓ આપણને આપણા કામમાં થોડી ઘણી મદદ કરવા આવે છે. મોટે ભાગે એમનું માનસ બાળક જેવું હોય છે. કેટલાક તો સામાજિક કામો માટે સાવ નવા-નવા જ હોય

છે. આપણે સેવકો તો ઘણાં વરસોથી કામ કરતા આવ્યા છીએ અને કામ કરતા રહીશું. ગાંધીજી વગેરે મહાપુરુષોને કારણે આપણાંમાં સામાજિક કામ માટે એક ભાવના નિર્માણ થઈ છે. પણ જેઓ આપણને થોડી ઘણી મદદ કરવા સાવ નવા-નવા સામાજિક કામોમાં આવ્યા છે, એમને તો પોતાના કામને કોઈક શાબાશી આપે એવી અપેક્ષા હોય. તો જેમ મા બાળકને ‘શાબાશ-શાબાશ’ કહીને પ્રોત્સાહન આપ્યા કરે છે, તેમ આપણે પણ જે કાંઈ કામ થાય, તેનો યશ આપણે લેવાને બદલે આવા નાનામોટા આપણા સહયોગીઓને આપતા રહેવો જોઈએ – ‘અમને યશ મળી રહ્યો છે’ એવું એમને લાગવું જોઈએ. સેવકે પોતે આવું ‘યશદાન’ કરવાનું છે, અને જાતે પાછળ રહીને કામ કરવાનું છે.

આને માટે નિર્મળ હૃદય અને વ્યાપક ભક્તિભાવ જોઈશે. આપણા હૃદયની નિર્મળતા પ્રગટ થવી જોઈએ, તો સહુનાં ચિત્ત આપણી તરફ આકર્ષાશે. આપણે નિષ્કામ ભાવે કામ કરીએ અને સહુ તરફ ભક્તિભાવથી જોઈએ. આ ભક્તિભાવ એ બહુ મોટી મૂડી છે. અગાઉ આપણે ત્યાં પરિવારમાં આ ભક્તિભાવના સંસ્કાર મળી રહેતા. એ દૃષ્ટિએ હિંદુસ્તાન ક્યારેય અશિક્ષિત ને અસંસ્કૃત નથી રહ્યું. દરેકને પોતાના ઘરમાં શુદ્ધ સંસ્કાર મળી રહેતા. સંસ્કારોથી જે શિક્ષણ મળે છે, તે બીજી કોઈ રીતે નથી મળતું, એટલે વ્યાપક ભક્તિભાવ એ હિંદુસ્તાનની એક સ્વતંત્ર શક્તિ છે. સર્વોદયના કાર્યકરો પણ આ ભક્તિભાવથી ભરેલા હોય. ભક્તિભાવભરી લગનથી એમણે કામમાં ખૂંપી જવાનું છે.

જે ખરો કાર્યકર્તા છે, તે કદી હાર નહીં ખાય. તે એકધારો સતત કામ કરતો રહેશે. સતત એટલે કઈ રીતે ? જેમ ગંગા સતત વહેતી રહે છે, સૂરજ રોજ ઊગતો રહે છે, તેમ કાર્યકર્તા પણ સતત કામ કરતો રહેશે. કાર્યકરમાં ધૃતિ ને ઉત્સાહ બેઉ જોઈએ. ઉત્સાહ એવો હોય કે મારું કામ હું ઓછામાં ઓછા સમયમાં, જલદીમાં જલદી પૂરું કરી નાખીશ, પણ તેની સાથોસાથ એવી પણ તૈયારી હોય કે જિંદગીના અંત સુધી મારે મારા મિશન માટે કામ કરવું પડશે, તોયે હું તૈયાર છું અને હાથમાં લીધેલું આ કામ હું અખંડ કર્યા કરીશ. આ રીતે ધૃતિ પણ જોઈએ. ‘સાહિબ મિલે સબૂરી મેં’ જે સબૂરી રાખે છે, ધૈર્ય રાખે છે, તેને જ ઈશ્વરના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. આમ, કાર્યકર **2Fyüs ah s miNv t:** હોય. પ્રયત્ન એવો કે કામ તત્કાલ પાર પાડવું છે, પણ સાથે તૈયારી એવી આ છે જિંદગીભર પ્રયત્ન કરતા રહેવો પડે તોયે ડગીશ નહીં.

આ ત્યારે જ થઈ શકશે, જ્યારે કાર્યકરમાં આત્મ-વિશ્વાસ હશે. આ સૌથી મોટી વાત છે. આ આત્મ-વિશ્વાસ કદી ડગવો ન જોઈએ, અને આત્મામાં વિશ્વાસ એટલે પરમાત્મામાં વિશ્વાસ. ઈશ્વર મારી ઉપર-નીચે, ડાબે-જમણે, અંદર-બહાર બધે જ છે અને શુભ કાર્યમાં એને આશીર્વાદ મળે છે જ, એવો વિશ્વાસ નિરંતર હોવો જોઈએ.

વળી, કાર્યકરોમાં અંદરોઅંદર પરસ્પર પ્રેમ હોય. ‘હું’ પણું છોડીને એકબીજા સાથે ભળી જવું જોઈએ. પરસ્પરના ગુણ જોવાની ટેવ પાડવી. દોષ દેખાય, કેટલીક ઉણપો ધ્યાનમાં આવે, પરંતુ એકબીજાની કમીઓ ને મર્યાદાઓ જાણી લઈને છેવટે ગુણોના આધારે કામ લેવું. ક્યારેક દોષ બતાવવાનો વારો આવે, તોયે એક નિયમ એ પાળવો કે તેની પાછળ નહીં, તેની રૂબરૂ જ દોષ બતાવવા. મુખ્યત્વે તો ગુણોનું જ ચિંતન કરવું. કોઈ પણ સામાજિક કામ ત્યારે જ પાર પડે, જ્યારે ગુણવાન લોકોના ગુણોનો યથાયોગ્ય ઉપયોગ કરવાની યોજના-શક્તિ આપણામાં હોય.

આ માત્ર કાર્યકરોના અંદરોઅંદરના જ સંબંધની વાત નથી, આપણે જેમની વચ્ચે કામ કરીએ છીએ, તે બધા લોકોની બાબતમાંયે આ લાગુ પડે છે. આપણે આપણા મિશનમાં સહુને સાથે લેવા છે, ત્યારે સહુ માટે આપણા દિલમાં આદર હોવો જોઈએ. કોઈનીયે નિંદામાં ન પડવું. એવી શ્રદ્ધા રાખવી કે જે આપણા કામમાં સહયોગ નથી આપતો, તે કાલે આપશે. આપણે થાક્યા વિના સાતત્યપૂર્વક આપણી વાત નિરંતર સમજાવ્યા કરવી, આપણા વિચારો પહોંચાડ્યા કરવા, સદ્‌વિચારની અસર થશે જ.

આવું સાતત્ય જો ભક્તિમૂલક હશે, તો તેનો કદી

થાક નહીં લાગે, તેનો કદી કંટાળો નહીં આવે. ઘણા કહે છે કે એકનું એક કામ કરવાનું, એકની એક વાત કરવાનું કાર્યકર્તા-પાથેય નીરસ થઈ પડે છે. હવે, વિચારવાની વાત એ છે કે આપણે જીવનભર રોજ ઊંઘીએ છીએ, છતાં તેમાં નીરસતા કેમ નથી જણાતી ? જરીક ઊંઘ ન લઈને જોઈએ કે તેના વિના ચાલે છે? બિલકુલ નહીં ચાલે. કેમ કે એ ચીજ પોતે જ આનંદદાયક છે. જે આનંદ પ્રગાઢ નિદ્રામાં મળે છે, તેનાથી વધારે આનંદ કદાચ સમાધિમાં જ મળે છે, તેથી નિદ્રા કદી નીરસ નથી લાગતી. એવી જ રીતે આપણે જે કામ લીધું છે, તેમાં જો આપણને રસ પડતો હોય, નિરંતર આનંદની અનુભૂતિ થતી હોય, તો તે કામ સાતત્યપૂર્વક કરતા રહેવામાં કદી નીરસતા નહીં અનુભવાય. આવું ભક્તિમૂલક સાતત્ય હંમેશા આનંદદાયક જ હશે. સાતત્યથી બુદ્ધિ પણ વ્યાપક બનશે અને કામ પરિપૂર્ણ થશે.

સાને ગુરુજી જેલમાં હતા, ત્યારે કેટલું બધું કામ કરતા! લોટ દળવો, રસોઈ કરવી વગેરે અનેક કામો કરવાં પડતાં. ઉપરાંત, એમનો સ્વભાવ એવો હતો કે બીજા કોઈ કેદીનું કામ પૂરું ન થયું હોય, તો તુરત તેની મદદમાં દોડી જતા. બે-ત્રણ કલાક તો એમના આવી રીતે બીજાઓનાં કામ પૂરાં કરવામાં જ જતા અને આટલું બધું કામ કરવા છતાં એમણે રાતે જાગીને 'શ્યામચી આઈ' નામનું અતિ પ્રસિદ્ધ પુસ્તક પણ ધૂળિયા જેલમાં લખ્યું. તો, કામ જ્યારે ઉપાસના રૂપ બની જાય છે, ત્યારે તેનો કશો ભાર રહેતો નથી, બલ્કે તેમાં રસના ઘૂંટડા ને ઘૂંટડા મળતા રહે છે અને સાતત્ય સહજપણે જળવાઈ રહે છે.

આમ, કાર્યકરે નિરંતર કાર્યરત રહેવાનું છે, પણ સાથોસાથ એટલુંયે ધ્યાનમાં રાખવું કે ક્ષણભર માટે પણ તેને ચિંતાયુક્ત રહેવાનું નથી. કામનો ભાર કે ચિંતા લગીરે રાખવાનાં નથી. સદા સ્વતંત્ર ને મુક્ત રહેવાનું છે. આપણે જો મુક્તિનો આનંદ ખોઈએ છીએ, તો તેટલા અંશમાં દુનિયાનું નુકસાન કરીએ છીએ. ચિંતા કરવી એ નાસ્તિકતાનું લક્ષણ છે, અને પછી નાસ્તિક થઈને પોતે જ ઈશ્વર બની જઈ દુનિયાનો બોજ આપણા માથે વેંઢારવો પડે છે! આપણે સમાજમાં ક્રાંતિ કરવા માગીએ છીએ, સામાજિક મૂલ્યોમાં પરિવર્તન કરવા માગીએ છીએ, અને તે માટે સતત મથતા રહીએ છીએ, પરંતુ એ બધું ઈશ્વરી યોજના મુજબ જ્યારે થવાનું હશે ત્યારે થશે. આપણે તેનો બોજ લઈને ફરવાનું નથી. હા, આપણા કામમાં લગીરે આળસ ન કરીએ, પણ સાથે જ ઉતાવળા પણ ન થઈએ. આપણું કામ ઈશ્વરને સમર્પિત કરી દઈએ અને નિશ્ચિંત થઈ જઈએ. આપણી બાદશાહી કદીયે ન ખોઈએ.

ટૂંકમાં, સામાજિક કામ કરવા માટે આવા કેટલાક ગુણોની જરૂર રહે છે. આ ગુણો જેમનામાં હોય, તેઓ સારા સેવક બની શકે છે.

('કાર્યકર્તા પાથેય' માંથી)

**શ્રદ્ધાંજલિ**

- આંબલાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. જયભાઈ સંઘવીનું લાંબી બીમારી પછી ૬૯ વર્ષની વયે અવસાન થયું છે.
  સંપર્ક : શ્રી રમેશભાઈ સંઘવી,
  મો. ૯૮૨૫૧૯૧૦૨૯
- આપણા શુભેચ્છક અને જાણીતા તબીબ ડૉ. નિર્મળભાઈ વકીલનું ટૂંકી બીમારી બાદ તા. ૨૭-૧૨ના રોજ અવસાન પામેલ છે.
- લોકભારતી અધ્યાપન મંદિરના કાર્યકર શ્રી કવિતાબહેન વ્યાસના પિતા શ્રી ભૂપતરાય વલ્લભજી વ્યાસનું તા. ૦૫-૦૧ના રોજ ૭૯ વર્ષની વયે જેતપુર મુકામે દુઃખદ અવસાન થયું છે.
  સંપર્ક : શ્રી કવિતાબહેન વ્યાસ
  મો. ૯૪૨૭૨૦૨૬૮૯

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ-પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

# ૧૮. સર્વોદય વિચારધારાનું નખદર્પણ

કાન્તિ શાહ

સર્વોદય વિચારધારાની સમગ્ર રૂપરેખા નખદર્પણમાં આપણે જોઈ લઈએ. તેનાં મુખ્ય તત્ત્વો ને સિદ્ધાંતો આ મુજબ છેઃ

(૧) હવે હિંસાનો યુગ પૂરો થઈને અહિંસાનો યુગ આરંભાય છે. અન્યાય, ઉત્પીડન, ગુલામી વગેરેનો પ્રતિકાર અને તેમાંથી સપૂચી મુક્તિ હિંસા મારફત હરગિજ નહીં થઈ શકે, તેના માટે માણસ હવે અહિંસાનો નવો માર્ગ અપનાવશે.

(૨) હિંસાથી કોઈ સમસ્યાનો ઉકેલ નહીં આવે. સારાં પરિણામ લાવવા માટે સારાં જ સાધનો જોઈએ. અશુદ્ધ સાધનોથી અનિષ્ટ પરિણામ જ નીપજશે. સાધ્ય-સાધનની એકરૂપતા અનિવાર્ય છે.

(૩) સત્યાગ્રહ આવું એક શુદ્ધ સાધન છે. તે આત્મબળ કે પ્રેમબળ ઉપર આધારિત છે. તે શસ્ત્રબળ કરતાં ક્યાંય વધારે કારગર છે. સત્યાગ્રહ માટે સત્યનું સેવન, આચરણ અનિવાર્ય છે.

(૪) સ્વરાજ મેળવવા માણસ અહિંસાનો માર્ગ અપનાવશે, તેમ મુક્ત ને સ્વતંત્ર થઈ ગયેલો માણસ પોતાનો વિકાસ પણ કોઈના શોષણરૂપી અને કોઈના ઉપરના શાસનરૂપી અને હિંસા મારફત પણ નહીં જ કરે. તેના માટે એ આત્મ-ઉન્નતિનો અહિંસક નવતર માર્ગ અપનાવશે.

(૫) સ્વ+રાજ, સ્વરાજ તે આપણા આત્માનું રાજ છે. એટલે કે સ્વ-શાસન, આત્મ-શાસન, મનુષ્યનું પોતાના ઉપર પોતાનું રાજ, એ જ છે સ્વરાજ.

(૬) આવું સ્વરાજ સર્વ માટે મેળવવાનું છે. ‘સ્વ’ની નહીં, ‘સર્વ’ની ફિલસુફી જ આપણને હિંસામાંથી ઉગારી શકશે. માટે ગ્રેટેસ્ટ ગૂડ ઑફ ધ ગ્રેટેસ્ટ નંબર- વધારેનું સુખ, અને તે માટે થોડાને સહન કરવું પડે તોયે વાંધો નહીં —એવું નહીં જ. સર્વનું કલ્યાણ, સર્વનો ઉદય, ‘સર્વોદય’.

(૭) આવા સ્વરાજની કામના કરનારો માણસ કેવળ શરીર-સુખમાં જ ડૂબકાં નહીં ખાતો રહે. ભૌતિકવાદી સુખ-સગવડમાં જ રાચ્યા રહેવાને બદલે એ જીવનનાં ઉચ્ચ સાધ્યો માટે પણ પુરુષાર્થ કરતો રહેશે. ભોગની મર્યાદા માનવી જ રહી. શરીર-સુખમાં જ સાર્થક્ય માનવું એ નાદાનિયતની, અપરિપક્વતાની નિશાની છે.

(૮) સહુના ભલાની કામના કરતો માણસ ‘ગળાકાપ હરીફાઈ’ને બદલે ‘સહયોગ’ને સમાજ-જીવનનો આધારભૂત સિદ્ધાંત માનશે. સ્વસ્થ ને પરિપક્વ સમાજમાં સહુ પોતપોતાનું કર્તવ્ય બજાવતું હોય અને સમુચિત વળતર મેળવતું હોય. લોકોને લૂંટવાના ધંધા ન હોય. એવા ધંધાને પ્રોત્સાહન ન અપાય.

(૯) સહયોગની શરૂઆત પોતાના પડોશથી. તેમાંથી ‘સ્વદેશી’નો સિદ્ધાંત નિષ્પન્ન થાય છે. સ્વદેશીનું વર્તુળ ગામથી લઈને વધુ મોટું, તેનાથી વધુ, તેનાથી વધુ એમ મોટું ને મોટું થતું જશે.

(૧૦) પૈસો એનો પરમેશ્વર ન થઈ શકે. નીતિ, ધર્મ, ઈશ્વરનિષ્ઠાના પાયા ઉપર જ સર્વોદય સમાજ ઊભો થઈ શકશે. અર્થવ્યવસ્થા, સમાજ-વ્યવસ્થા, રાજ્ય-વ્યવસ્થા બધામાં નીતિ-ધર્મ જ મુખ્ય કસોટી રહેશે.

(૧૧) ધનના લોભને કારણે યંત્રોની પાછળ પડવું મહાપાપ છે. માણસને સખત મજૂરી કે નીરસ કામની વેઠમાંથી બચાવવો છે. એવા માનવપ્રેમથી પ્રેરિત થઈને બનાવેલું યંત્ર જ કલ્યાણકારી થશે—જેવું કે ‘સિંગર’નું સિલાઈ મશીન. બાકી, માણસનાં અંગોને કામના અભાવમાં જડ તેમ જ નિરુપયોગી બનાવી મૂકનારા યંત્રો ન ખપે. યંત્રોની ઘેલછા ન હોય. માણસના જીવનમાં શરીર-પરિશ્રમનુંયે

યથાયોગ્ય સ્થાન હોય. યંત્ર માણસની કાંધ ઉપર ન ચઢી જાય, યંત્રને માણસ વિવેકપૂર્વક માનવજાતના કલ્યાણ માટે પ્રયોજે.

(૧૨) શહેરીકરણથી માણસનું કલ્યાણ નહીં થાય. આજની ગ્રામસંસ્કૃતિનું નવસંસ્કરણ કરીને ગ્રામસ્વરાજના પાયા ઉપર જ અહિંસક સમાજરચના ઊભી કરી શકાશે. સમસ્ત વ્યવસ્થા વિકેન્દ્રિત ઢબે ગોઠવ્યા વિના સમાજમાંથી હિંસાને સમૂળગી નેસ્તનાબૂદ ક્યારેય નહીં કરી શકાય.

(૧૩) આજની પાર્લામેન્ટરી રાજ્યવ્યવસ્થા આધુનિક સભ્યતાના જ અંગરૂપ છે. તેના દ્વારા ખરા અર્થમાં લોકોનું રાજ કદાપિ લાવી શકાશે નહીં. ખરા અર્થમાં લોકોની, લોકો દ્વારા ચાલતી અને લોકો માટે ચાલતી રાજ્યવ્યવસ્થા આત્મનિર્ભર ગામડાંઓને આધારે રચાયેલી(ઓસિએનિક સર્કલ) સામુદ્રિક વર્તુળાકાર નૂતન સમાજરચના દ્વારા જ ઊભી કરી શકાશે.

(૧૪) શિક્ષણનો અર્થ કેવળ અક્ષરજ્ઞાન જ નથી. માત્ર અક્ષરજ્ઞાનથી આપણે માણસ નથી બનતા, આપણું કર્તવ્ય નથી જાણી શકતા. સૌથી પહેલાં તો ધર્મનું શિક્ષણ કે નીતિનું શિક્ષણ અપાવું જોઈએ. એ સાચું પ્રાથમિક શિક્ષણ છે. તેના પર જે ઇમારત ઊભી કરીશું, તે ટકી શકશે.

(૧૫) સુધારો એ વર્તન છે કે જેથી માણસ પોતાની ફરજ બજાવે. ફરજ બજાવવી તે નીતિ પાળવી એ છે. નીતિ પાળવી એ આપણા મનને તથા આપણી ઇન્દ્રિયોને વશ રાખવી એ છે. એમ કરતાં આપણે આપણને ઓળખીએ છીએ. આ જ 'સુ' એટલે સારો ધારો છે. તેથી જે વિરુદ્ધ છે, તે કુધારો છે.

(૧૬) સર્વોદય દ્વેષધર્મની જગ્યાએ પ્રેમધર્મ શીખવે છે, હિંસાને સ્થાને આપભોગને મૂકે છે, પશુબળની સામે ટક્કર ઝીલવા આત્મબળને ખડું કરે છે.

— સર્વોદય વિચારધારાનાં આ મૂળભૂત તત્ત્વો, સિદ્ધાંતો ને મૂલ્યો છે. 'કમ્યૂનિસ્ટ મેનિફેસ્ટો' જેવું આ સર્વોદયનું- સામ્યયોગનું ઘોષણાપત્ર છે. અહિંસાના નવા યુગની એક સમગ્ર રૂપરેખા આમાં આવી જાય છે. એક નવી અહિંસક સંસ્કૃતિ નિર્માણ કરવાનું આ દર્શન છે.

ગાંધીનું આ યુગકાર્ય છે. હિંદ માટે વ્યાપક અર્થમાં લઈએ તો આખીયે માનવજાતિ માટે આવા અભિનવ સ્વરાજની કલ્પના એમણે કરી છે. ૭૯ વરસના આયુષ્યમાં બરાબર મધ્યાંતરે— ૪૦ વરસની ઉંમરે ગાંધીના યુગકાર્યનો આરંભ થયો. 'હિંદ સ્વરાજ'માં અંતિમ વાક્ય છેઃ "આવું સ્વરાજ લેવા ખાતર આ દેહ અર્પણ છે."

(સર્વોદય શબ્દને જીવી બતાવનાર અને પિંડવળ વસીને સર્વોદય વિચારધારા માટે સતત કાર્યરત રહેનાર કાન્તિ શાહ સદેહે આપણી વચ્ચે નથી.)

'સર્વોદયનાં ૧૦૦ વરસઃ એક દૃષ્ટિપાત - કાન્તિ શાહ - યજ્ઞ પ્રકાશન, હુજરાતપાગા, વડોદરાઃ માંથી...)

ધ્યાન, મનથી અલગ થવાનો પહેલો પડાવ છે. મનથી અલગ થવું એટલે રાગ, દ્વેષ, પક્ષપાત, કોઈ સાથે વધારે મૈત્રી, કોઈ સાથે ઓછી એ બધામાંથી નીકળવું અને મનથી અલગ થવું તે પણ સાધનાનો આરંભ છે, અંત નથી. એના પછી મનની ઉપર જવાનું છે. મનથી અલગ થવું એક વાત છે અને મનની ઉપર જવું એ બીજી. પછી વિચાર શાંત થશે, બુદ્ધિના સ્તર પર સ્થિર થશે. બુદ્ધિ સ્વાધીન થઈ, તો સમજો મનની કામ કરવાની શક્તિ શુદ્ધ થઈ. આપણે ગરબડ કરીએ છીએ, મન પાસે બુદ્ધિનું કામ કરાવીએ છીએ એટલે કે મન સાથે એકરસ થઈએ છીએ, પછી મન જે કામ કરે છે તે બગડે છે. પહેલાં ધ્યાન કરો, પછી મનથી અલગ થાઓ, પછી મનથી ઉપર ઊઠી બુદ્ધિના સ્તરે જાઓ અને મનનો ઉપયોગ કરો મજૂરની જેમ. એનાથી પણ ઉપર જઈએ ત્યારે મન રહેતું નથી. મનનો નાશ મુક્તિનો પર્યાય છે, પણ ત્યાં સુધી મનનો ઉપયોગ કરો, મજૂરની જેમ કરવો જોઈએ.

- વિનોબા

## ૧૯. સર્વોદયનો ખ્યાલઃ લોકજીવનમાં અને લોકસાહિત્યમાં

નિરંજન રાજ્યગુરુ

'સર્વોદય' શબ્દ આપણે ત્યાં પ્રમાણમાં નવો શબ્દ છે. ગાંધીવાદી આચાર-વિચારની એક પ્રણાલી તરીકે, એક ચોક્કસ વિચારધારા તરીકે વ્યવહારજીવનમાં પ્રયોજાતા રહેલા આ શબ્દ માટે 'સહુના ભલામાં આપણું ભલું' અને 'મનુષ્યમાત્ર સરખા છે તેથી સૌને પોતાના વિકાસનો હક્ક છે' એવો અર્થ સ્વીકારીને, રસ્કિનના પુસ્તક 'અનટુ ધિસ લાસ્ટ'ની વિચારધારા અપનાવીને મહાત્મા ગાંધીજીએ 'હિન્દ સ્વરાજ' પુસ્તકનું આલેખન કરેલું. ગાંધીજીની વિદાય પછી આચાર્ય વિનોબા ભાવે દ્વારા 'અંત્યોદય', 'સર્વોદય' તથા 'ગ્રામસ્વરાજ' શબ્દો અને એની ભાવનાને વધુ વેગ મળ્યો. અને સમાજના છેવાડાના મનુષ્યોની જરૂરિયાતો અને અધિકારોના રક્ષણ માટે સમગ્ર દેશમાં અનેક સંસ્થાઓની સ્થાપના દ્વારા આ વિચારનો પ્રચાર-પ્રસાર થતો રહ્યો.

આપણી ભારતીય સંસ્કૃતિમાં આ વિચાર, આ ભાવના તો અત્યંત પ્રાચીનકાળ વિદ્યમાન હતી જ. 'સર્વ અત્ર સુખિનઃ સન્તુ', 'સર્વ મંગલ માંગલ્ય, શિવે સર્વાર્થ સાધિકે' તથા 'સર્વ ભૂત હિતે રતાઃ' જેવાં અનેક મંત્ર, શ્લોક, ઉક્તિઓ દ્વારા આપણા ઋષિ-મુનિઓએ આ ભાવનાને મૂર્તિમંત સ્વરૂપ આપેલું. અને ગ્રામજીવન—લોકજીવનમાં તો જ્ઞાતિ-જાતિ-ધર્મ-પંથ-સંપ્રદાયો-ભાષા-પ્રદેશના ભેદ હોવા છતાં સમાજના એક ઘટક તરીકે તમામનો સ્વીકાર અને તમામને આવકારની જીવનરીતિ કાયમ જોવા મળતી.

ભારતીય સનાતન હિન્દુ સંસ્કૃતિના ષોડશ સંસ્કારોમાં, જન્મથી લઈને મૃત્યુ સુધીના માનવ જીવનચક્રમાં આવતા તમામ પ્રસંગોમાં, ઋતુચક્ર મુજબ આવતા તમામ ઉત્સવોમાં અંત્યજથી લઈને એ સમાયે ગણાતા ઉચ્ચવર્ગ સુધીના તમામ સમાજઘટકોની અનિવાર્ય ઉપસ્થિતિ આપણને હમણાં સુધી જોવા મળતી હતી. ઉદાહરણ તરીકે માત્ર વિવાહ સંસ્કાર લઈએ તો એમાં કેટલી કોમની જરૂર પડતી હતી? વિધિ-વિધાન માટે બ્રાહ્મણ; માંડવા-મંડપ, બાજોઠ, કંકાવટી, ઢોલિયા માટે સુથાર; ગણેશ માટલી, પાંખણાનાં સંપૂટ-કોડિયાં અને ચાક વધાવવા માટે કુંભાર; ઝમરખ દીવડા માટે લુહાર; સોના-ચાંદીના હાર, ટીલડી, ઝાંઝર, ઝૂમણાં, કંદોરા વગેરે આભૂષણો માટે સોની; મામાટ, ગોળી, બેડલિયાં, વાસણ-કુસણ માટે કંસારા; ફૂલ-ફૂલહાર-વેણી માટે માળી; કરિયાણા-ગંધિયાણા માટે ગાંધી; ચૂડલા—બંગડી માટે મણિયારા; સાડી-ચૂંદડી—ઘરચોળાં-પાનેતર-વ્હેરિયાં-કાંચળી-પાંભડી-મોળિયાં વગેરે વસ્ત્રો માટે દોશી, રંગારા અને દરજી; વરરાજા કે કન્યાના પગની મોજડી-વાણિયું બનાવનારા મોચી; નિમંત્રણ દેનારા તરીકે હજામ-ગાંયજા-વાળંદ; વરઘોડા-ફૂલેકા માટે ઘોડીના ખેલણહારા કાઠી; જાનના રખોપિયા તરીકે સિપાહી... આ યાદીમાં ભળતા રહે વાણિયા-વેપારી; કઠિયારા; માલધારી-ભરવાડ; પિંજારા; ઘાંચી; તંબોળી; કાછિયા; શરણાયા; ઢોલી; રસોયા; મશાલ-દીવેટ-સુતર આંટી-વરમાળા માટે વણકર...

આજે ધીરે ધીરે વીસરાઈ રહેલા-લગભગ તો લુપ્ત થવાને આરે આવેલા ગ્રામજીવનમાં શુભ-અશુભ દરેક પ્રસંગોએ તમામની જરૂર પડતી એટલે ત્યારે ઊંચા-નીચા, ગરીબ-શ્રીમંત, ઠાકર-ચાકર, નાના-મોટાના ભેદ હોવા છતાં દરેક પ્રસંગ સહિયારો પ્રસંગ બની રહેતો. અને સર્વનું કુશળ મંગળ થાય એવી જે ભાવના જીવનમાં વ્યાપ્ત હતી તે સાહિત્યમાં પણ નિરૂપિત થતી રહેતી.

લોકસાહિત્યમાંના લોકગીતો, કથાગીતો, વિવાહગીતો, લોકવાર્તાઓ (કંઠસ્થ લોકકથાઓ,

દંતકથાઓ, બાળકથા, પ્રેમકથા, વ્રતકથા, હાસ્યકથા કે ટૂચકા, કહેવત કે દૃષ્ટાંતકથા, શૌર્યકથા કે વીરગાથા, અભુતકથા, દંતકથા, શિકારકથા, સાહસકથા, સંતકથા, ભૂતકથા કે ચમત્કારોની કથાઓ એવાં જુદાં જુદાં નામે ઓળખાતી લોકવાર્તાઓ જેમાં ધર્મ, પુરાણ, ઇતિહાસ, નીતિ, કલ્પના, ચમત્કાર, રાજકારણ, ઉપદેશ ને મનોરંજન જેવાં તત્ત્વો હોય), લોકનાટ્ય-ભવાઈ, કહેવતો-ઉખાણાંઓમાં તમામ નાત-જાતનાં પાત્રો, ચરિત્રો, નાયક-નાયિકાઓ, પ્રસંગો, ઘટનાઓ આપણને જોવા મળે. કારણ કે લોકસાહિત્ય એને જ કહેવાય જે સમગ્ર લોકજીવનના તમામ ઘટકોને આવરી લેતું હોય. આપણા લોકસાહિત્યનો ટૂંકો પરિચય મેળવીએ.

**ગુજરાતી લોકસાહિત્ય**

ગુજરાતના લોકસાહિત્યને સમજવા માટે સગવડતા ખાતર આપણે છ વર્ગમાં વહેંચી શકીએ. (૧)લોકગીતો (૨)ગીતકથાઓ (૩)લોકવાર્તાઓ–લોકકથાઓ (૪)લોકનાટય (૫)કહેવતો (૬)પ્રકીર્ણ લોકસાહિત્ય. જેમાં વરત ઉખાણા, લોકોક્તિઓ, જોડકણાં, રમતગીતો ઇત્યાદિનો સમાવેશ થઈ શકે.

**સંઘજીવનનો પરિપાક**

વહેલી સવારના પરોઢિયાથી માંડીને ગળતી માઝમ રાત સુધીનું હાલરડાથી માંડીને મરશિયાં સુધીનું, તમામ પ્રકારોમાં વિભાજિત થયેલું આપણું લોકસાહિત્ય પ્રાચીન સમયથી કાઠી, કણબી, બ્રાહ્મણ, કોળી, વાણિયા, લોહાણા, સુથાર, લુહાર, કુંભાર, માળી, મોચી, વાળંદ, ગરાશિયા, રાજપૂત, રબારી, ભરવાડ, આહિર, સતવારા, માલધારી, ચારણ, બારોટ, હરિજન, વણકર, ચમાર, ભંગી, મેર, ખાંટ, દરજી, ભાટ, ભાટીઆ, ખત્રી, ભણશાળી, વાઘરી, ડફેર, સોની, કંસારા, સલાટ, ભાવસાર, છીપા, વાંઝા, ખલાસી, ખારવા, પઢાર, ઘાંચી, મિયાણા, ઠાકરડા, માછી, અતિત, રામાનંદી, વૈરાગી, મારગી, વણઝારા, ઓડ, રાવળિયા, બજાણિયા, સરાણિયા, વાદી, જોગી, ભાંડ, સુમરા, ખવાસ, રાવળ, વહીવંચા, તૂરી, મીર, લંઘા, સૈયદ, મેમણ, ખોજા, સીદી, વોરા, પિંજારા, સિપાઈ, જત, મુમના... એમ જુદી જુદી કોમ-જાતિના લોક સમુદાયો દ્વારા સર્જાતું આવ્યું છે.

અને આ લોકસાહિત્યના વિભિન્ન અંગો દ્વારા જ લોકજીવનમાં કૌટુંબિક, વ્યવહારિક, સામાજિક ને ધાર્મિક ઉત્સવો કે તહેવારોનું માહાત્મ્ય પરંપરિત રીતે સચવાતું આવ્યું છે. એમાં સમસ્ત માનવજાતનાં દુઃખ-દર્દ, હર્ષ-ઉલ્લાસ, ગમા-અણગમા, પ્રસન્ન દામ્પત્ય, વિરહ ને મિલન, કજોડાનાં કલહ ને શોકયના સાલ, વડાછડ ને મીઠો ઝઘડો, વેરણ-ચાકરી, અબોલા, રૂસણાં-મનામણાં, સાસુ નણંદના ત્રાસ, કવળાં સાસરિયા, મેણાના માર, તપ, ત્યાગ, શૌર્ય બલિદાન, ટેક, માતૃત્વની ઝંખના, વરત-વરતુલા ને ભક્તિ... એમ અપાર ભાવસંક્રમણોનું વૈવિધ્ય ઘૂંટાતું આવે છે.

કહેવતો, વરત(ઉખાણા), લોકઆખ્યાનો, લોકગીતો, રાસ, રાસડા, ગરબા, ગરબી, ધોળ, મંગળ, લોકપુરાણકથાઓ, લગ્નગીતો, બાળગીતો, હાલરડાં, જોડકણાં, વ્રતગીતો, કથાગીતો, ગીતકથાઓ, લોકદૂહા-લોકવાર્તાઓ, લોકછંદો, લોકકીર્તનો, ઝીલણિયાં, છકડિયાં, મરશિયાં, રાજિયાં, વાર, તિથિ, મહિના, ભવાઈવેશોમાં તત્કાળ પ્રયોજાતાં પદો(જે પાછળથી જે તે ગામમાં લોકસાહિત્ય તરીકે પ્રચલિત-પ્રવાહિત થઈ જાય), ઋતુગીતો, લોકભજનો એમ પ્રકારભેદે સૌરાષ્ટ્રનું લોકસાહિત્ય જીવનનાં તમામ ક્ષેત્રોમાં એક સરખું વિહરતું રહ્યું છે.

જીવતરમાં વિષ અને અમૃત ઘોળી ઘોળીને સંસારસાગરનું મંથન કરતો લોકસમુદાય જ્યારે પોતાના વિભિન્ન મનોભાવોને વાચા આપે છે ત્યારે સર્જાય છે લોકસાહિત્ય. એમાં શૃંગાર, વીર, કરુણ, હાસ્ય, અદભુત, શાંત, વાત્સલ્ય અને ભક્તિરસની ધારાઓ એકમેકમાં ભળી જઈને જીવનરસ નિપજાવે છે. એક સામૂહિક ચેતનાની ભાવાભિવ્યક્તિ શબ્દ, સૂર, લય, ભાવ, તાલ, નૃત્ય ને

વાદન એમ જુદાં જુદાં અંગોને સાંકળીને કલાસ્વરૂપ ધારણ કરે છે ત્યારે એની માલિકી સમસ્ત જનસમુદાયની બની જાય છે. એમાં દરેક માનવીને પોતાના જ જીવનધબકાર સંભળાતા લાગે છે.

લોકગીતોના સર્જન પાછળનાં પ્રયોજનોમાં મુખ્યત્વે સમસ્ત જનસમુદાયનાં મનોરંજન, કામનો બોજો હળવો કરવા, વ્યવહારજ્ઞાન આપવા, ઉપદેશ કે શિખામણ આપવી, ઇતિહાસની જાળવણી કરવા, અને સમસ્ત જનસમુદાયનાં દુઃખ-દર્દ, હર્ષ-ઉલ્લાસ, ધાર્મિક, સામાજિક, ઐતિહાસિક, નૈતિક વલણો, લોકમાન્યતાઓ અને સમસ્ત જીવનવ્યવહારની અંગત ઊર્મિઓને સાર્વજનીન રીતે પ્રવાહિત કરવા જેવા મુદ્દાઓનો સમાવેશ થઈ શકે.

લોકજીવનનો સનાતન આદર્શ કોઈ એક ભાવનારૂપે લોકસાહિત્યમાં વણાયો હોય તો તે છે જીવન માંગલ્યની ભાવના. લોકજીવનનો આદર્શ છે સૌનું કલ્યાણ. સતત આર્થિક, સામાજિક અને સાંસારિક મુશ્કેલીઓ વચ્ચે જીવતી ગ્રામનારી જ્યારે ઘરમાંથી બહાર નીકળી ચોકમાં રાસ રમવા આવે ત્યારે એના ચિત્તમાં તો પોતાનું અને સૌનું કલ્યાણ થાય એવું મંગળમય વાતાવરણ જ ઇચ્છતી હોય અને એ લોકનારી પોતાના પિયરમાં નાનકડી અબુઝ બાલિકા તરીકે ગોર્યમાનું વ્રત કરતી હોય ત્યારથી જ જીવન માંગલ્યના દેવતા તરીકે ગણપતિ અને ગૌરીમાનું અવિચળ સ્થાન એનાં મનમાં ને ગીતોમાં વસી ગયું હોય.

ગોર્યમા, ગણપત લાગું પાય,
વિધાત્રીને વિનવું રે લોલ;
ગોર્યમા, માગું હું તો વારંવાર
અખંડ ચૂડી-રાખડી રે લોલ...

ગણપતિ અને વિધાત્રીને વિનવણી કરતાં આ બાલિકા પોતાના પિયરનું તો શુભમંગળ ઇચ્છે છે પણ ભવિષ્યના શ્વશુર પક્ષનું પણ કલ્યાણ ઇચ્છે છે. પોતાની માતા સદા સુહાગણ રહે, ભાઈ-ભાભીનો સ્નેહ અખંડ રહે. બહોળું કુટુંબ ધરાવતું સાસરું મળે અને પોતાનો ચૂડી-ચાંદલો અમર રહે સાથોસાથ રાખડી પણ અખંડ રહે એટલે કે પતિ અને પોતાના માડીજાયા વીરનું અખંડ આયુષ્ય પણ આ અબુઝ બાલિકા માગે છે. અને એવી મંગલકામના લઈને લોકનારી અનેક પ્રકારનાં વ્રતો કરે છે.

લોકજીવનમાં મંગળભાવનાનો ખૂબ જ મહિમા છે. માંગલિક પ્રસંગોમાં તમામ પ્રકારના મંગળ દ્રવ્યો અને શુભ ગણાતી ચીજવસ્તુઓ એટલા માટે ભેગી કરવામાં આવે કે જેથી કશું અમંગળ ન બની જાય. અરે! શબ્દો બોલવામાં પણ કાળજી રખાય, ક્યાંક અમંગળ શબ્દ ન બોલાય જાય. વિવાહનાં જમણવારમાં બળતણ માટે વપરાતાં લાકડાંને 'લાકડાં' ન કહેવાય એને તો 'મગબાફણાં' જ કહેવાય અને એટલે તો આ સૃષ્ટિની મંગળ કે શુભ ગણાતી તમામ વસ્તુઓને માંગલિક પ્રસંગોમાં અનિવાર્ય જરૂરિયાતો ગણવામાં આવી છે.

પ્રભાતના પહોરમાં મંદિરોમાં જેમ મંગળા આરતી થાય અને ધર્મગ્રંથોમાં જેમ આરંભે મંગલાચરણથી જ શરૂઆત થાય તેમ લોક જીવનમાં માંગલિક પ્રસંગોએ ઢોલ શરણાઈના મધુર ધ્વનિ અને પ્રભાતિયાં ગીતોથી શરૂ કરી કરીને ચૂંદડી, મોડિયો, કંકાવટી, રમણ-દીવડો, હાથી-દાંતની ચૂડી, કિનખાબી બાંધણી, ટીલડી, નથડી, ઝાંઝર જેવાં આભૂષણો અને વસ્ત્રોની સાથોસાથ શ્રીફળ, સોપારી, કમરકાકડી, સાકર, કંકુ, નાડાછડી, હળદર, મગ, જુવાર, શેરડી, નાગરવેલ, આસોપાલવ, ચોખા, ગોળ, બાજોઠ, તોરણ, ઘંટી, ચાકડો, સૂપડું, વીંઝણો, મેંદી અને પીઠી જેવી વિવિધ ચીજ-વસ્તુઓને મંગાવવામાં આવે અને ગીતોમાં ગાવામાં આવે.

એની મંગળ યાદીમાં ગાય, ઘોડો ને હાથી જેવાં પશુઓ; મોર, કોયલ, હંસ, કુંજ ને પોપટ જેવાં પક્ષીઓ; આંબો, આસોપાલવ, મિંઢોળ, નાળિયેરી, કેળ, વાંસ, ધરો ને નાગરવેલ જેવાં વૃક્ષો પણ આવે. લોકનારીએ આ બધી માંગલિક-શુભ ચીજવસ્તુઓને પોતાના ગીતોમાં સ્થાન આપ્યું છે.

'માંડવડે કાંઈ ઢાળો ને બાજોઠ,
કે ફરતી મેલોને કંકાવટી,
તેડાવોને મારા રાજાણાનાં જોશી,
કે આજ મારે લખવી છે કંકોતરી...'

જેવાં ગીતોથી શરૂ કરીને વિવાહ પ્રસંગે ચાર મંગળ વરતાય ત્યારે ગવાતાં ચાર મંગળ રંગોનો મહિમા ગાતાં લગ્ન ગીતો સુધીના તમામ ગીતોમાં આવી મંગળ ચીજોનો મહિમા ખૂબ જ ગવાયો છે.

લગભગ તમામ જ્ઞાતિઓમાં થતી બધી વિધિઓ પાછળનો હેતુ તો અમંગળનો નાશ અને શુભ માંગલ્યની ભાવના જ હોય.

દામ્પત્ય જીવનની પ્રસન્ન મધુર ક્ષણોને રામસીતા કે રાધાકૃષ્ણને નામે પોતાના ગીતોમાં ગાતી લોકનારીની કલ્પનામાં સંસારની ઉત્કૃષ્ટ ને મંગળ ગણાતી ચીજો જ આવે. રાજ દરબારથી લઈને અઢારે આલમમાં ઘૂમતો માતાજીનો ગરબો.

નવરાત્રીના દિવસોમાં મહામાયા જગદંબા શક્તિનું આરાધન નાની નાની બાલિકાઓ કરતી હોય ત્યારે - એ દરેક કોમ-નાત-જાતને આંગણે પહોંચી જાય.

મારો ગરબો રે રમે રાજને દરબાર,
માનો ગરબો રે રમે રાજને દરબાર...
રમતો ભમતો રે ગ્યો છે કુંભારી ને દ્વાર.
એલી કુંભારીની નાર્ય! તું તો સૂતી હોય તો જાગ્ય,
માને ગરબે રે રૂડાં કોડિયાં મેલાવ...
મારો ગરબો રે રમે રાજને દરબાર,
માનો ગરબો રે રમે રાજને દરબાર.

એમ આ લેખમાં ઉપર જણાવી તે તમામ કોમને આંગણે બાલિકાઓ ભેદની ભીંત્યુંને ભાંગીને, નાત-જાતના વાડાનાં બંધનો તોડીને પરાશક્તિની ઉપાસના કરતી હોય એમાં સર્વોદયની ભાવનાના જ અંશોનો સાક્ષાત્કાર થતો લાગે.

(ગોપાલભૂષણ, સારસ્વત, સાહિત્યરત્ન.
આનંદ આશ્રમ, સંત સાહિત્ય સંશોધન કેન્દ્ર, ગૌસેવા-ગોસંવર્ધન ગૌશાળા, મુ.પો. ઘોઘાવદર, તા.ગોંડલ, જિ. રાજકોટ ૩૬૦ ૩૧૧.

Mo. ૦૯૮૨૪૩૭૧૯૦૪

Web site : www.ramsagar.org

Email : satnirvanfoundation@gmail.com

YOU TUBE | FACE BOOK - NIRANJAN RAJYAGURU

**નવું જીવન - દર્શન - યુગકાર્યનો આરંભ**

તીવ્ર વિચાર-મંથન ને ચિંતનના પરિપાક રૂપે નીપજ્યું.

સર્વોદયનું ઘોષણાપત્રઃ 'હિંદ સ્વરાજ.'

સ્વરાજ મેળવવું છે, નીતિના જ મારગે;

સ્વરાજ કેળવવું છે, નીતિના જ મારગે.

આનાથી જ સર્વોદય સધાય. આવા સ્વરાજ માટે ગાંધીએ જીવન સમર્પિત કર્યું. ગાંધીની જીવન-સાધનાથી સર્વોદયનો મંત્ર ઘૂંટાતો રહ્યો.

વિજ્ઞાનયુગને ભૌતિકવાદી સકંજામાંથી છોડાવવા એક નવું જીવન-દર્શન પાંગરતું રહ્યું, એક યુગ-પરિવર્તનકારી કાર્યનો આરંભ થયો.

કહેવાતાં વિકાસ-પ્રગતિની આધુનિક સુધારાની ફિલસૂફીનો સદંતર અસ્વીકાર કરીને ગાંધીએ તેની સામે પડકાર ફેંક્યો. સર્વોદયનાં મૂલ્યો સમાજ-જીવનમાં ઉતારવા ગાંધીએ અનેકવિધ રચનાત્મક કામો ઉપાડ્યાં.

ગાંધી અહિંસક સમાજરચનાની રૂપરેખા દોરતા ગયા.

સાચું સ્વરાજ લાવવા ગ્રામસ્વરાજની વાત ઘૂંટતા રહ્યા.

હિંદને વિકાસ-પ્રગતિના વિપથગામી ખ્યાલોમાંથી બચાવી લેવા અવિરત મથતા રહ્યા. પરંતુ ગાંધીની આ મૂળગામી મથામણ ન નેતાઓ સમજ્યા, ન બુદ્ધિવાદીઓ, ન જનતા. ગાંધી કોરાણે મુકાઈ ગયા,

અને છેવટે ગાંધીની હત્યા થતાં એ યુગકાર્ય અધૂરું રહ્યું.

## ૨૦. વૈશ્વિક સ્તરે સર્વોદયની હાજરી

વિપુલ કલ્યાણી

'સર્વોદય' શબ્દ, ભલા, આવ્યો ક્યાંથી?

વિકિપીડિયા અનુસાર, 'સર્વોદય' શબ્દ મહાત્મા ગાંધી દ્વારા પ્રયોજવામાં આવ્યો હતો. એનો અર્થ દરેકના જીવનની દરેક બાબતની સંપૂર્ણ પ્રગતિ થાય તેવો છે. ગાંધીના મતે આદર્શ સમાજ કે આદર્શ રાજ્યનું અંતિમ ધ્યેય 'સર્વોદય' છે. જહોન રસ્કિનનું 'અનટુ ધિસ લાસ્ટ' પુસ્તક વાંચીને ગાંધીજીએ અંત્યોદયનો ખ્યાલ આપ્યો હતો. આગળ જતાં અંત્યોદયને બદલે સર્વોદય શબ્દ પ્રયોજાયો.

રસ્કિનના 'અનટુ ધિસ લાસ્ટ'ને આધારે મો.ક. ગાંધીએ 'સર્વોદય' નામે નાની સરખી ચોપડી આપી છે. નવજીવન દ્વારા ૧૯૨૨માં તેની પહેલી આવૃત્તિ થઈ. એ પહેલાં 'ઇન્ડિયન ઓપિનિયન' માં આ લખાણ લેવાયું હોય, તેમ બને. ચોપડીની પ્રસ્તાવનામાં, લેખક કહે છે. 'પશ્ચિમ દેશમાં સાધારણ રીતે એમ માનવામાં આવે છે કે વધારે માણસોનું(મેજોરિટી)નું સુખ -તેઓનો ઉદય- એ વધારવાનું માણસનું કામ છે. સુખ એટલે માત્ર શારીરિક સુખ, પૈસા-ટકાનું સુખ, એવો અર્થ કરવામાં આવે છે. એવું સુખ મેળવવામાં નીતિના નિયમોનો ભંગ થાય તેની ખાસ દરકાર કરવામાં આવતી નથી. તેમ જ વધારે માણસોનું સુખ જાળવવું એવો હેતુ રાખ્યો છે, તેથી જો થોડાને દુઃખ દઈને વધારેને સુખ અપાય તો તેમ કરવામાં હરકત છે એમ પશ્ચિમના લોકો માનતા નથી. એવું માનતા નથી તેનું પરિણામ આપણે પશ્ચિમના બધા મુલકોમાં જોઈએ છીએ.'

ઑગસ્ટ-ડિસેમ્બર ૧૮૬૦ના અરસામાં જહોન રસ્કિને 'અનટુ ધિસ લાસ્ટ' નામક નિબંધો 'કૉર્નહિલ મેગેઝિન'માં પ્રકાશિત કર્યો. બધું મળીને એ કુલ ચાર લેખો હતા. પ્રગટ થતાં આ લેખો સામે તે દિવસોમાં વાચકોએ ભારે વિરોધ નોંધાવેલો. આમ જોવા જઈએ તો તે ભારે ઊહાપોહ હતો. પરંતુ રસ્કિને તે વિશે ધ્યાન આપ્યા વિના, મે ૧૮૬૨માં તેને પુસ્તકાકારે પ્રગટ કર્યું. ચિત્તરંજન વોરા સરીખા અભ્યાસી કહે છે તેમ રસ્કિને આ ભાતીગળ પુસ્તકમાં 'અર્થશાસ્ત્ર સંબંધી એક જીવનકલાનો અભિગમ રજૂ' કરેલો છે. સત્ય-અહિંસાના સર્વોત્તમ પૂજારી, મો.ક. ગાંધીનું ઘડતર કરવામાં આ પુસ્તકનું ભારે મોટું પ્રદાન છે.

છેવાડાની વાત સમજવા સારુ, જહોન રસ્કિનકૃત 'અનટુ ધિસ લાસ્ટ' વાટે, બાઈબલનો સંદર્ભ પણ સમજવો જોઈશે. ઈસુ શિષ્યોને કહે છે કે ઈશ્વરનું રાજ્ય દ્રાક્ષની વાડીની વાર્તા માંહેના એક દૃષ્ટાન્ત જેવું છે. અને આ ગ્રંથને ગુજરાતીમાં ઉતારનાર ચિત્તરંજન વોરા લખે છે, તેમ આ રસ્કિનકૃત ચોપડીના મથાળાનો ગુજરાતીમાં અર્થ પૂરેપૂરો રજૂ કરવો હોય તો લખવું જોઈએ કે વેતનમાં ન્યાય પામવાનો હક્ક જેટલો પહેલાનો છે, તેટલો જ છેલ્લાનો પણ છે.'

'હિંદ સ્વરાજ'ને ગાંધીનો મેનિફેસ્ટો ગણાવતા જાણીતા વિચારક-લેખક-સંપાદક તેમ જ કર્મઠ કર્મશીલ કાન્તિભાઈ શાહે 'હિંદ સ્વરાજઃ એક અધ્યયન' પુસ્તકમાં લખ્યું છે તે ધ્યાનાર્હ છેઃ

'તેવામાં ૧૯૦૪માં એક મોટા સીમાચિહ્ન રૂપ ઘટના બની, જેણે ગાંધીના જીવનમાં ધરમૂળથી પલટો આણી દીધો. ગાંધીની વય ત્યારે ૩૫ વરસની. એકાદ વરસથી એમણે 'ઇન્ડિયન ઓપિનિયન' નામનું સાપ્તાહિક શરૂ કરેલું. તે ડરબનથી નીકળતું. આ છાપાના કામ માટે ગાંધીને એક વાર જોહાનિસ્બર્ગથી ડરબન જવાનું થયું. ચોવીસ કલાકની ટ્રેનની મુસાફરી હતી. એમના પરમ અંગ્રેજ મિત્ર મિ. હેન્રી પોલાક સ્ટેશને મૂકવા આવેલા. 'આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય એવું છે. તે વાંચી જજો. તમને ગમશે.' એમ કહી એક પુસ્તક એમણે ગાંધીના હાથમાં મૂક્યું.

'ટ્રેન ચાલી. ગાંધીએ પુસ્તક હાથમાં લીધું. એમના જ

શબ્દોમાં : 'આ પુસ્તકને લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી લીધો. ટ્રેન સાંજે ડરબન પહોંચતી હતી. પહોંચ્યા પછી આખી રાત ઊંઘ ન આવી. મેં પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો ઇરાદો કર્યો.'

'આત્મકથા'માં ગાંધીજીએ 'રાયચંદભાઈ' પ્રકરણના અંતે લખ્યું જ છે :"... મારા જીવન ઉપર ઊંડી છાપ પાડનાર આધુનિક મનુષ્યો ત્રણ છેઃ રાયચંદભાઈએ તેમના જીવનસંસર્ગથી, ટૉલ્સ્ટૉયે તેમના 'વૈકુંઠ તારા હૃદયમાં છે' નામના પુસ્તકથી, ને રસ્કિને 'અનટુ ધિસ લાસ્ટ' - સર્વોદય નામના પુસ્તકથી મને ચકિત કર્યો.

માર્ચ ૧૯૦૪માં જ્યારે ગાંધીએ રસ્કિનનું પુસ્તક 'અનટુ ધિસ લાસ્ટ' પુસ્તક વાંચ્યું, ત્યારે તેના વિશે એમણે પોતાની આત્મકથામાં લખ્યું છેઃ "આ પુસ્તકને લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી લીધો. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો મેં ઇરાદો કર્યો."

રસ્કિનના આ પુસ્તકમાંથી ગાંધીને નવા દર્શનની પ્રેરણા મળી. આ પુસ્તકના સારરૂપ સર્વોદયના મુખ્ય સિદ્ધાંતો એમણે આ મુજબ સમજાવ્યા છે.

૧. સર્વની ભલાઈમાં આપણી ભલાઈ છે.

૨. વકીલ અને વાળંદ બંનેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ કેમ કે સ્વરોજગારી માટે દરેકને એકસરખો અધિકાર મળવો જોઈએ.

૩. સાદું અને પરિશ્રમયુક્ત ખેડૂતનું જીવન જ સાચું જીવન છે.

સર્વોદયનો સિદ્ધાંત એવા વર્ગ, જાતિવિહીન અને શોષણવિહીન સમાજની સ્થાપના કરવા ચાહે છે કે જેમાં દરેક વ્યક્તિ અને સમૂહને, દરેકને પોતાનો સર્વાંગી વિકાસ કરવાનો મોકો મળે. અને એમાં પણ ગરીબોનું સ્થાન વિશેષ છે. ગાંધીએ લખ્યું છે કે મારા સ્વરાજ્યનું સ્વપ્ન એ ગરીબોનું સ્વરાજ્ય છે.

પ્રાધ્યાપક એમ.એલ. દાંતવાલા લખે છે, 'ગાંધીજીએ 'અનટુ ધિસ લાસ્ટ' વાંચ્યા પછી અનુભવ્યું તે, એમણે લખ્યું: "આ પુસ્તકના આદર્શ મુજબ મારું જીવન બદલવાનો મેં નિશ્ચય કર્યો... જે થોડાં પુસ્તકો મેં વાંચ્યા છે તેને હું ઠીક પચાવી શક્યો છું, એમ કહી શકાય તેવાં પુસ્તકોમાં જેણે મારી જિંદગીમાં તત્કાળ મહત્ત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો, એવું તો આ એક જ પુસ્તક કહેવાય.' ... (આત્મકથા, પાન ૨૭૨) વળી અન્યત્ર એમણે કહ્યું છેઃ 'અનટુ ધિસ લાસ્ટ' એ શબ્દોમાં જે આશય છે તેને હું વળગી રહું છું... 'અનટુ ધિસ લાસ્ટ'માં કહેલા સિદ્ધાન્ત પાળવાનું ને તેનો અમલ કરવાનું ખાસ જરૂરી છે, એમ હું માનું છું. તે સિવાય માણસ જાતિ તેના બંધુતા અને સમાનતાના ધ્યેયને જીવનમાં ઉતારી શકે નહીં અને આગળ વધી શકે નહીં." (હરિજન, ૨૫ ઑગસ્ટ ૧૯૪૬, પાન ૨૮૧)

બાઇબલમાં સંત મેથ્યૂને નામ એક કંડીકા છે. તે સરસ છે. ચિત્તરંજનભાઈએ તેનું રોચક ગુજરાતી કર્યું છેઃ

'ભલા માણસ, હું તને તો કંઈ અન્યાય કરતો નથી,

તેં શું મારી સાથે મહેનતાણાની એક પેની કબૂલી ન હતી?

તો પછી જેટલું તારું થાય છે તેટલું લઈને તો તારે રસ્તે પડ.

હું તો જેટલું તને તેટલું આ છેલ્લાને પણ આપીશ..."

આમ અહીં છેવાડાના માણસની વાત આવી... ગાંધીએ તદાનુસાર પોતાનું જીવન બદલવાનું રાખ્યું. 'ઇન્ડિયન ઓપિનિયન'ના સંચાલનમાં ય તેને દાખલ કર્યું. તે સમયે આ જબ્બર ક્રાન્તિકારી પગલું લેખાયું. ડરબન પાસેની ફિનિક્સ વસાહતમાં પણ તે પ્રકારના વિચારને આચરણમાં લાવવામાં આવ્યું. 'ઇન્ડિયન ઑપિનિયન'માં કામ કરનાર દરેકને વળતર તરીકે એક સરખું વેતન આપવાનું દાખલ થયું. ફિનિક્સ વસાહતમાંના વસવાટીને ય તદાનુસાર વળતર ચૂકવાતું. અને આ પ્રયોગ લાંબા અરસા સુધી કાયમ રહ્યો. જૉહાનિસબર્ગ પાસેની ટૉલ્સ્ટૉય વાડીમાં ય આ પ્રયોગ દાખલ કરાયો હતો.

ગાંધી ૧૯૧૪માં દક્ષિણ આફ્રિકા છોડીને ૧૯૧૫ના આરંભે હિંદ પાછા ફર્યા હતા. તે પછી લાંબા, અરસા સુધી તેનું ચલણ ચાલુ હતું. પરંતુ, હવે કદાચ સાપ ગયા અને

લિસોટા રહ્યા…

રસ્કિન દીધી છેવાડાના માણસને ધ્યાનમાં લેવાની વાત, કે પછી વૈકુંઠ તારા હૃદયમાં છે' -નો નાદ ગજવનાર ટૉલ્સ્ટૉયની વાત કે વળી ગાંધીએ પ્રબોધેલા સર્વોદયની વાત જગતમાં, ભલા, કેટલાને થઈ હશે? માર્ક્સવાદ તેમ જ સમાજવાદની અસર ચોમેર વર્તાવા લાગી તેમાં નીચલા સ્તરના સમાજને આવરી લેવાની વાત જરૂર છે, પણ તે બાબત સર્વોદય બનતી નથી. પશ્ચિમના કંઈ કેટલા મુલકોમાં કલ્યાણરાજની કલમો રાજ કરતી ભાળીએ તેમાં ય આ સર્વોદય દેખા દેતો નથી. હા, છેવાડાના માણસની વાત નજર અંદાજ કરાઈ નથી, તેમ જરૂર વર્તાય.

આ પરિસ્થિતિ તપાસી લેવી રહી. પૂછીએ, જાણીએ કે અહીં ક્યાંય સર્વોદયની ભાળ મળે છે કે? તેની હાજરી વર્તાય છે કે? - ગાંધીજી જ્યારે દક્ષિણ આફ્રિકે, ફિનિક્સ આશ્રમમાં, સર્વોદયની પ્રયોગભૂમિ સંવારવામાં હતા તે દિવસોમાં રશિયામાં લેનિન અને તેના સાથીદારો માર્ક્સ દીધા સામ્યવાદનો પરચમ લહેરાવવામાં વ્યસ્ત હતા. એમના એ આંદોલનમાં ગરીબ માણસની વાત કેન્દ્રસ્થ રહી. ૧૯૧૭માં ત્યાં સામ્યવાદ સ્થપાયો. ચોપાસ વિસ્તર્યો. તેમાં છેવાડાના માણસને જોડ્યો જરૂર હતો, પરંતુ તેમાં રસ્કિન, ગાંધી દીધા સર્વોદયની લગીરે ઝાંખી સુદ્ધાં નહોતી. આ સામ્યવાદના બીજા-ત્રીજા અવતાર ચીન સમેત કેટલેક ઠેકાણે જોવા મળ્યા છે. પરંતુ તેમાં હિંસાનું આચરણ જોડાયું. શાસકે શાસનને સારુ કોઈ પણ માર્ગ અપનાવવાના રાખ્યા છે. હવે તો રશિયામાંય સામ્યવાદી શાસન નથી પણ તેના લિસોટા વર્તાય છે.

સામાન્ય માણસની વાતને લઈને પશ્ચિમ યુરોપમાં સમાજવાદની અસર વધવા માંડી, અને તેમના પ્રચાર અને પ્રભાવ હેઠળ ક્યાંક કલ્યાણરાજની ગોઠવણ પણ થઈ. સામાન્ય લોકોની સગવડ કેટલેક અંશે સચવાતી લાગે પણ આ આખું તંત્ર ખર્ચાળ બની બેઠું, વરસેવરસે શાસકો તેમાં કાપ મૂકતા ગયા છે. પરંતુ આમાં પણ ક્યાંય સર્વોદયની હાજરી વર્તાઈ જાણી નથી.

જેમ સામ્યવાદ નિષ્ફળ રહ્યો છે તેમ મૂડીવાદ પણ નિષ્ફળ રહ્યો છે. ગાંધીદીધા હિંદ સ્વરાજને આધારે તેમ જ આ સર્વોદયના પ્રયોગને આ જગતે જોવો બાકી છે. કમભાગ્યે અત્યારે તો આ સઘળું આ વ્યવહારલક્ષી જગતને ચોક કલ્પનામંડિત રાજ્યવ્યવસ્થાથી વિશેષ કંઈ પણ હોય તેમ અનુભવાતું નથી.

(વિપુલ કલ્યાણી બહુશ્રુત સાહિત્યસેવક છે. દેશની બહાર વસીને માતૃભાષાના માધ્યમથી સતત દેશ સાથે સેતુબંધ બાંધી રાખે છે.

email : vipoolkalyani.opinion@btinternet.com

હેરો, યુ.કે. )

**ઊંડું ખેડાણ-વિચારધારાની સર્વાંગી રૂપરેખા**

ધામ નદીના કાંઠે વિનોબાની અનોખી અનુભૂતિ સાથે ગાંધીનો અધૂરો તંતુ આબાદ સંધાઈ ગયો.

સર્વોદયનું એક લોક-આંદોલન ચાલ્યું.

હિંસાથી ગ્રસ્ત અને ત્રસ્ત દુનિયા આખીનું ધ્યાન ખેંચાયું. 'સર્વોદય' શબ્દ સર્વત્ર ફેલાઈને લોકજીભે રમતો થયો.

અહિંસક ક્રાંતિની લલિત કળાની એક ઝલક મળી.

ગ્રામસ્વરાજનું એક સમગ્ર રેખાચિત્ર દોરાયું.

માનવીય સમાજ-વિજ્ઞાનનું ઊંડું ખેડાણ થયું.

રચનાત્મક રાષ્ટ્ર નિર્માણનો ભગીરથ પ્રયાસ થયો.

પ્રેમમયી ક્રાંતિ માટેની સામૂહિક પ્રેરણાનો સાહસભર્યો પ્રયોગ થયો.

સર્વોદય વિચારધારાનું સર્વાંગી સ્વરૂપે પ્રસ્તુત થયું.

વિજ્ઞાનયુગની અવળી ગતિને નાથવાના વિશ્વ-પ્રયાસમાં

સર્વોદય આંદોલને પણ પોતાનો યત્કિંચિત્ ફાળો આપ્યો.

છતાં સમાજવ્યાપી અહિંસક ક્રાંતિનો પ્રયોગ અધૂરો છૂટી ગયો.

સર્વોદયી સમાજરચનાની દિશાની યાત્રા અધૂરી રહી.

## ૨૧. સામ્યવાદ અને સર્વોદય વચ્ચે ફરક

### કિશોરલાલ ઘ. મશરૂવાળા

સામ્યવાદ અને સર્વોદયમાં સાધ્યનો નહીં પણ સાધનનો ફરક છે, એ સવાલ પૂછનારાએ બતાવી દીધું છે. ગાંધીજી પોતે પણ ઘણી વાર કહેતા કે, હું હિંસા બાદ કરીને સામ્યવાદી છું. અથવા સવળી રીતે રજૂ કરતા કે હું સામ્યવાદનો નહીં પણ સામ્યધર્મનો પ્રચારક છું. જીવ્યા ત્યાં સુધી તેમણે આ ધર્મનું વધારે ને વધારે પાલન કરવા પ્રયત્ન કર્યો. દેશના સૌથી ગરીબ અને દલિત વર્ગની સાથે એકતા સાધ્ય કરવાનો એમનો પ્રયત્ન હતો. કેટલીક પેઢીથી રાજકાજને લગતો ધંધો કરનાર કુટુંબમાં એમનો જન્મ થયેલો. રાજનીતિમાં પડવાનું તો એમને માટે સર્જાયેલું હતું. પણ તેમણે એ રાજનીતિને પોતાનો ધંધો કર્યો નહીં, પહેલાં તો તેમણે તેનાથી બીજા નંબરની વસ્તુ વકીલાતને ધંધારૂપે સ્વીકારી. દરમ્યાન રસ્કિનનું "अन्टू धिस लास्ट"('સર્વોદય') એમના વાંચવામાં આવ્યું. તેમાંથી તેમણે જોયું કે પોતે વકીલાત કરે તોયે તેમાંથી પોતાને માટે ધન એકઠું કરવાનો તેમને અધિકાર નથી. આથી તેમણે ખાનગી મિલકતનો ત્યાગ કર્યો. પછી તેમને ટોલ્સ્ટોય તથા ગીતાનો અભ્યાસ કરતાં જણાયું કે વકીલાતનો ધંધો ઉત્પાદક શ્રમ નથી અને માણસનો ધર્મ ઉત્પાદક શ્રમ કરીને આજીવિકા ચલાવવાનો છે. આ વિચારમાંથી તેમણે વકીલાત છોડી અને ખેતી સ્વીકારી તથા પોતાને ખેડૂત કહેવડાવવા લાગ્યા. પણ ખેડૂત પાસે જમીનના રૂપમાં કંઈક મિલકત હોય છે અને તેનો દરજ્જો ઊંચો મનાય છે. આથી તે વણકર બન્યા. પણ વણકરની સ્થિતિ એ સાધનહીન મજૂર કરતાં, અને મજૂરની ભંગી કરતાં ઊંચી ગણાય. ભંગી પાસે તો નથી સાધન, નહીં હુન્નર, નથી જ્ઞાન અને નથી સમાજમાં ક્યાંય પ્રતિષ્ઠા. એનાથીયે કોઈ ઊતરતો વર્ગ હિંદુસ્તાનમાં એમણે જોયો નહીં. તેથી તેઓ પોતાને ભંગી કહેવડાવવા લાગ્યા અને તેમની વચ્ચે રહેવા, તેમની સાથે ભળવા, અને આપણા આ દીનમાં દીન ભાઈની સ્થિતિ સુધારવા મથ્યા.

જેમ જેમ સમાનતાનો ધર્મ તેઓ વધારે ને વધારે પાળતા ગયા તેમ તેમ એ ધર્મનું પાલન કેટલું કઠણ છે તે એમણે જોયું. એનું પૂરેપૂરું પાલન પોતે કરી શકે છે એવો કદી એમણે દાવો કર્યો નહીં, અને તેથી એક બાજુથી તેઓ પોતાના ધ્યેયને સિદ્ધ કરવા ખંતથી મહેનત કરતા રહ્યા છતાં એમના હૃદયમાં એવું ન કરનારા પ્રત્યે રોષની લાગણી ઊઠી નહીં. તેમણે જોયું કે જે રીતે સમાજની વ્યવસ્થા ગોઠવાયેલી છે તેમાં આર્થિક અને સામાજિક શોષણ તથા અસમાનતા જાણે કુદરતી નિયમ હોય એવું સમજીને ચાલવાનો માણસો પર સંસ્કાર છે. જેમ ગાય તથા બળદનો માણસ પોતાના લાભ માટે ઉપયોગ કરી લે છે અને તેની અને પોતાની વચ્ચે અસમાનતા હોવી કુદરતી સમજે છે, તેમ જ માણસ માણસ વચ્ચે પણ સમજવાનો જગતજૂનો સંસ્કાર છે.

ગરીબમાં ગરીબ માણસનાયે હૃદયમાં મૂડીની ઇચ્છા ઘર કરીને બેઠેલી છે. દરેક જણની એ ઇચ્છા હોય છે કે કોઈ દિવસ આપણી પાસે એટલી જમીન અને ધન હોય કે જેથી રોજનો રોટલો કમાવા માટે જાતે શ્રમ કરવો ન પડે. કમમાં કમ શરીરશ્રમ તો ન જ કરવો પડે એવું થવું જોઈએ. આમ આરામવાળી અને શરીરશ્રમ વિનાની જિંદગીની ઇચ્છાને લીધે એક બાજુથી દુનિયામાં રહેલા આવા ભેદોને નિભાવવા માણસ તૈયાર થાય છે અને બીજી બાજુથી જેમણે પોતાના કરતાં પહેલાં જ જમીન અને ધન મેળવી લીધાં હોય તેમની અદેખાઈ કરે છે. સાદી, સખત, મહેનતુ જિંદગી કોઈને

ગમતી નથી, તેથી તે મૂડીવાદી કહેવાતો હોય કે સામ્યવાદી, બંને આરામ અને ફુરસદની ગાદીના જ હરીફ ઉમેદવારો છે. જ્યાં સુધી માણસ આરામની પ્રાપ્તિ અને તે સાથે જ શરીરશ્રમમાંથી મુક્તિને જીવનનું સદ્ભાગ્ય સમજે છે અને તેને જ ધ્યેય બનાવે છે, ત્યાં સુધી પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે હિંસા પ્રત્યે વળ્યા વિના એનાથી રહેવાનું નથી.

જો અહિંસા અને શરીરશ્રમના સિદ્ધાંતો સામ્યવાદનાં આવશ્યક અંગો તરીકે સ્વીકારવામાં આવે તો સામ્યવાદ સાથે કશો ઝઘડો હોઈ શકે નહીં.

(હરિજનબંધુ, ૫-૬-'૪૯)

(ગીતાનો સમશ્લોકી ગુજરાતી અનુવાદ આપનાર ગાંધીજીવ સૈનિક! કિશોરલાલ મશરૂવાળા વિદ્યમાન નથી)

**સમૂહજીવન... અને તેનો આનંદ.**

મેં જોયું છે કે પ્રાણી-પક્ષીઓમાં અદ્ભુત અને ઝીણવટભરી સમજણ હોય છે, કદાચ આપણા કરતાં વધારે. જવાબદારી, લાગણી, કર્તવ્ય, બચ્ચાંઓનો ઉછેર,... આ બધું તે બ-ખૂબી નિભાવે છે.

હમણાં મારે ત્યાં ચકલીએ માળો બનાવેલો, તો તેનું નિરીક્ષણ કરવા તથા ધ્યાન રાખવા હું છેક સુધી તેના સંપર્કમાં રહ્યો. સૌ પ્રથમ તો મેં એ જોયું કે માળો બનાવતા પહેલાં એ આપણું ટેસ્ટિંગ કરે છે, ચાર-પાંચના સમૂહમાં આવે, ગોકીરા કરી મૂકે... પછી તેને એમ થાય કે આ માણસો કંટાળતા નથી, પછી જ માળો બાંધવાની શરૂઆત કરે છે. આપણે તેને હુડકારીને કાઢી મૂકીએ તો કદાચ માળો બાંધવાનું માંડી વાળે. આ અરસામાં બાજુના ઘરમાં મીંદડીએ બચ્ચાંઓને જન્મ આપ્યો હતો, તો તે આખો દિવસ ફળિયામાં બચ્ચાં સહિત આંટા માર્યા કરતી. બે-ત્રણ દિવસ કાળજી રાખીને મેં એમને કાઢ્યાં. મને લાગ્યું કે ચકલી આ સમજી અને તેની ભાષામાં આભારની ભાવના પણ વ્યક્ત કરી. બચ્ચાંનો ઊડવાનો સમય થયો એટલે ટ્રેનિંગ આપવા લગભગ પાંચથી છ ચકલીનું ટોળું આવેલું. મેં સવારે ઊઠીને જોયું, બન્ને બચ્ચાં ક્યારામાં આંટા મારતાં હતાં, ઊડવાનો પ્રયત્ન કરતાં હતાં, ચકલીઓની દેખરેખમાં. મને થયું કે કદાચ પડી ગયા હશે એટલે મેં ફરી માળામાં નાખ્યાં, તો સાંજે ફરી બહાર આવી ગયાં. એટલે મને લાગ્યું કે કદાચ હું તેની કુદરતી પ્રક્રિયામાં દખલરૂપ થાઉં છું, એટલે મેં મારાં પ્રયત્નો તથા અણસમજણ મૂકી દીધાં. ક્યારામાં તેનું ખાવાનું-પાણી બધું મૂકેલું, પણ તે ખાતાં ન હતાં. પછી બે-ત્રણ દિવસ પછી જોયું તો બચ્ચાં માગતાં હતાં તો પણ ચકલી ખાવાનું આપતી ન હતી. તેની પાસે જાય, નજર રાખે... પણ નિર્વાહ બાબતથી એવું લાગ્યુ કે હવે, "એ હવે તમારે તમારાં હાથે કરવાનું." તેમાં કોઈ દયા-ભાવના નહીં... આજે અઠવાડિયું થયું, હવે બચ્ચાં દેખાતાં નથી... કદાચ પોતાની કુદરતની દુનિયામાં ભળી ગયા હોય...!

નથી લાગતું કે માણસ પોતાનાં બાળકોને ઉછેર બાબતથી પાંગળા બનાવે છે? માણસ જાણે-અજાણ્યે આ બાબતથી કુદરતી પ્રક્રિયામાં બાધારૂપ બંને છે. કદાચ તેમાં માણસનો મોહ અને સ્વાર્થ છુપાયેલો હોઈ શકે. કારણ કે તેમાં આ પક્ષીઓ જેવું તો નથી કે પાંખો આવી એટલે રામરામ કરવા પણ ના રોકાય. તેઓ તો પછી તો કદાચ મૃત્યુ સુધી મળતા પણ નહીં હોય... ખરે જ, તેનું જગત અદ્ભુત છે!

- ભરતભાઈ ચાવડા

## ૨૨. પ્લાનિંગની સાચી દિશા

### વિનોબાજી

આપણી પહેલી પંચવાર્ષિક યોજનાનો ખરડો જ્યારે મારા હાથમાં આવ્યો, ત્યારે હું તે આખો જોઈ ગયો. આખા દેશ માટે જ્યારે આવું આયોજન થઈ રહ્યું હોય, ત્યારે દરેક વિચારવાન નાગરિકની ફરજ છે કે તે અંગે ગંભીરતાથી વિચારે અને પોતાનાં કાંઈ સૂચનો હોય તે આપે. એ દૃષ્ટિએ હું તે ખરડો જોઈ ગયો.

પરંતુ મેં તેમાં દેશના આયોજનનું જે સ્વરૂપ જોયું. તેનાથી મને સંતોષ ન થયો. મને તે યોજના સાવ અધૂરી જણાઈ. એટલું જ નહીં, તે યોજનામાં કેટલીક બાબત તો મેં એવી જોઈ, જેમાં મને સ્પષ્ટ દિશાભૂલ જણાઈ. એટલે જ્યારે પ્લાનિંગ કમિશન તરફથી આર.કે. પાટિલ મને મળવા આવ્યા, ત્યારે મેં મારા દિલનું દુઃખ સાફ-સાફ શબ્દોમાં એમની સામે પ્રગટ કરી દીધું. માત્ર સ્પષ્ટ શબ્દોમાં જ નહીં, બલ્કે તીવ્ર શબ્દોમાં મેં મારી વાત કહી, કેમ કે તે યોજનાના કેટલાક અંશોથી મને ઘણો આઘાત લાગેલો.

પછી તો જવાહરલાલજીના બોલાવવાથી હું દિલ્હી ગયો. પ્લાનિંગ કમિશન સાથે બેઠો. ત્રણ દિવસ બહુ વિગતે વાતો કરી. બહુ ખુલાસાથી મેં મારો દૃષ્ટિકોણ એમની સામે મૂક્યો. બે-ત્રણ બાબત મને જે વિશેષ દુઃખ થયું હતું તે પણ પ્રગટ કર્યું.

પ્લાનિંગ કમિશન સાથેની ચર્ચામાં મેં એમ કહ્યું કે કમ સે કમ એટલું તો કરો કે જે વસ્તુનો કાચો માલ ગામમાં થાય છે અને જેની ગામલોકોને આવશ્યકતા છે, તેનો પાકો માલ ગામમાં જ બને. શા માટે એ વસ્તુઓ ગામમાં નથી બનાવવા દેતા? એ માટે ગામના ઉદ્યોગોને એટલું સંરક્ષણ કેમ ન આપી શકાય? આટલી બધી શ્રમશક્તિ ગામડાંઓમાં જ પડી છે અને યંત્રશક્તિ તેમ જ મૂડી એટલી આપણી પાસે છે નહીં. ત્યારે આવી રીતે ગામમાં જે બધાને કામ મળી રહે એવી વ્યવસ્થા શું કામ નથી કરતા?

મેં જોયું કે તેઓ આ બધું સાંભળી લે છે. હા, સહુને કામ તો આપવું જોઈએ, એમ ધીરે ધીરે બોલે પણ છે. પરંતુ જ્યાં એમને કહીએ કે જ્યાં કપાસ થતો હોય ત્યાં જ તેમાંથી કંતાઈને ત્યાં જ એનું કાપડ બને અને ત્યાં જ એ વપરાય, તો તેમાં હા ભણવામાં તેઓ અચકાય છે. આ જે હિચકિચાટ છે, તે આ જમાનાના અર્થશાસ્ત્રનો હિચકિચાટ છે. હું એમ નથી કહેતો કે આ બધા અર્થશાસ્ત્રીઓ મૂડીવાદી છે. પરંતુ હું એટલું તો કહીશ કે એમના વિચાર ને વલણ મૂડીવાદી જ છે. અને જાણે અજાણે મૂડીવાદની દિશામાં જ આગળ વધી રહ્યા છે.

આ વલણને હું બિલકુલ માન્ય નથી કરતો. મારું એમ કહેવું છે કે નેશનલ પ્લાનિંગનો એ ગૃહિત સિદ્ધાંત, પાયાનો સિદ્ધાંત જ હોવો જોઈએ કે દરેક દરેક માણસને આજે જ પૂરું કામ ઉપલબ્ધ કરી આપવું. નહીંતર એ વળી, 'નેશનલ' શાનું કહેવાય? એ નેશનલ પ્લાનિંગ કહેવડાવવાને લાયક જ ન ગણાય. પરિવારમાં એવું નથી હોતું કે બારમાંથી આઠની જ ચિંતા કરાય. એવો કોઈ પરિવારવાળો નહીં હોય કે જે પોતાના ઘરના એકે એક માણસના રોટલાની અને કામની વ્યવસ્થા ન કરતો હોય. તમે જ્યારે આખા રાષ્ટ્રનું પ્લાનિંગ કરવા બેઠા છો, ત્યારે રાષ્ટ્રને એક પરિવાર માનીને જ તમારે પ્લાનિંગ કરવાનું છે ને ? એટલે દરેકને કામ આપવાની તમારી જવાબદારી છે. તેમાંથી તમે છટકી ના શકો. આ પાયાની વાત છે.

પ્લાનિંગ કમિશનના એક સભ્ય મને કહ્યું કે આ 'નેશનલ પ્લાનિંગ' નથી, 'પાર્શિયલ પ્લાનિંગ' (આશિંક

આયોજન) છે, તેમાં કોઈનો ને કોઈનો ભોગ આપવો જ પડે.

ત્યારે મેં કહ્યું કે તમારું આ જો પાર્શિયલ પ્લાનિંગ હોય, તો તે પાર્શિયાલિટી (પક્ષપાત) તમારે ગરીબોના પક્ષમાં કરવી જોઈએ અને કહેવું જોઈએ કે અમે આજ ને આજ બધાને માટે પ્લાનિંગ નથી કરી શકતા એટલે અત્યારે ગરીબોને ધ્યાનમાં રાખીને પાર્શિયલ પ્લાનિંગ કરીએ છીએ. ભોગ જ આપવાનો હોય તો તમારો પોતાનો આપો. બીજાનો નહીં.

માત્ર બુદ્ધિથી નહીં, હૃદયથી પણ વિચારવું પડે છે, હૃદય તમને કહેશે કે ધર્મદૃષ્ટિ એ છે કે સમાજમાં જે સૌથી ગરીબ છે, દુઃખી છે, તેને સુખી બનાવવાની કોશિશ સૌથી પહેલી કરવી જોઈએ. આવી ધર્મદૃષ્ટિ જો પ્લાનિંગમાં ન હોય તો તે આખા રાષ્ટ્રને એક માની કરેલું 'નેશનલ પ્લાનિંગ' શી રીતે કહી શકાય?

પ્લાનિંગ કમિશન સામે મારો એક મુખ્ય વાંધો આ હતો. રાષ્ટ્રીય આયોજનના એક પાયાના સિદ્ધાંત તરીકે સ્વીકારવું જોઈએ કે દરેકે દરેકને આજ ને આજ કામ આપવું છે. મેં તો એમને ત્યાં સુધી કહેલું કે અદ્યતનમાં અદ્યતન યંત્રો સાથે પણ તમે જો બધાને કામ આપી શકતા હો, તો મારો તેમાં વિરોધ નથી. પરંતુ તમે જો એમ કરી શકતા ન હો, તો અત્યારે ગામડાંમાં જે સાધનો હાજરાહજૂર છે, તેની મારફત કામ આપો. અને હું માનું છું કે આપણી પાસે જે નાનાં-નાનાં ઓજાર ઉપલબ્ધ છે, તેની મારફત કામ લેવાનું સ્વીકારીએ તો આજ ને આજ બધાને કામ દઈ શકાય તેમ છે. તમારી પાસે જ્યાં સુધી કોઈ વિકલ્પ નથી, ત્યાં સુધી ગ્રામોદ્યોગને તત્કાળ સ્વીકારી લેવામાં શો વાંધો છે? અમારો બિચારો ચરખો, જ્યારે એની જરૂર નહીં હોય ત્યારે, તમારું દૂધ ગરમ કરવા માટે બળતણ તરીકે છેવટે કામ આપશે જ.

પરંતુ એમનો દૃષ્ટિકોણ જ જુદો છે. એમનું મોઢું જ જુદી દિશામાં છે. એફિશિયંસીના નામે એમનું ચિંતન જ ઊલટું ચાલે છે. કહે છે કે ગ્રામોદ્યોગ પગભર થઈ શકે તેમ નથી. અરે, તમે એમના પગ જ કાપતા રહો છો પછી ક્યાંથી પગભર થાય ? એક એક કરીને ગામડાંના ધંધા-રોજગાર તો તમે છીનવી લીધા! તમે ગામડાંનો કાપડનો ઉદ્યોગ છીનવી લીધો અને મિલો ખોલી, તેલનો ઉદ્યોગ છીનવી લીધો અને ઘાણી તોડીને તેલનીયે મિલો ખોલી. ગોળનો ઉદ્યોગ છીનવી લઈને ખાંડનાં કારખાનાં ખોલ્યાં. પ્રધાનો દાળનાં કારખાનાનાં ઉદ્ઘાટન કરવા જાય છે! ઘર-ઘરમાં ચાલનારા ધંધા-રોજગાર તમે ખતમ કરી દો છો. યંત્રો ઊભાં કરી દઈને પહેલાં તમે જ માણસોને બેકાર બનાવો છો અને પછી અમને પૂછો છો કે આજ ને આજ બધાને કામ આપવાનું કઈ રીતે શક્ય બને?

હું રાજસ્થાનમાં ફર્યો. ગોવિંદગઢ વિસ્તારમાં પહેલાં તેલની ઘાણીઓ ચાલતી હતી. હું જ્યાં જ્યાં ગયો, ત્યાં લોકોએ મને કહ્યું કે પહેલાં અહીં એક્સપેલર નહોતાં, હવે આ સરકારે તેની છૂટ આપી દીધી, એટલે ગામડે ગામડે ઘાણીઓ બંધ થઈ ગઈ. એક્સપેલર લાવતા પહેલાં શું તમે ગામવાળાઓને કહ્યું હતું કે એક્સપેલરને કારણે જે બેકારી ઊભી થશે, તેને માટે અમે ફલાણી વ્યવસ્થા કરી છે? શું તમે લોકોને કહો છો કે તમારા ઘાણીના ધંધાને બદલે અમે તમને આવા નવા ઉદ્યોગો આપવાનો વિચાર કર્યો છે?

**ઘર-ઘરમાં ચાલનારા ધંધા-રોજગાર તમે ખતમ કરી દો છો. યંત્રો ઊભાં કરી દઈને પહેલાં તમે જ માણસોને બેકાર બનાવો છો અને પછી અમને પૂછો છો કે આજ ને આજ બધાને કામ આપવાનું કઈ રીતે શક્ય બને?**

માટે એવું કાંઈ પણ ન થવું જોઈએ, જેને લીધે ગામડાંના ઉદ્યોગો તૂટતા જાય. પાયાનો સિદ્ધાંત એ માનો કે જે ઉદ્યોગનો કાચો માલ ગામડામાં પેદા થતો હોય અને જેના

પાકા માલની ગામડાના લોકોને જરૂર હોય, તે ઉદ્યોગ-ધંધા ગામડા માટે રિઝર્વ્ડ રાખવા જોઈએ, આરક્ષિત રાખવા જોઈએ. રિઝર્વ્ડ જંગલોની જેમ રિઝર્વ્ડ ગ્રામોદ્યોગ કેમ ન રાખી શકાય? મૂળમાં તો દરેકે દરેકને કામ આપવું છે એવી પ્રતિજ્ઞા એક વાર કરી લઈએ, તો પછી આખું અર્થશાસ્ત્ર આપોઆપ બદલવા લાગશે, એની ગૂંચવણો ઊકલવા લાગશે.

બીજી એક વાત. એક વાર મેં છાપામાં વાંચેલું કે મિલોમાં ચોખાનું પૉલિશિંગ થાય છે, તેમાં તેનું પોષક તત્ત્વ લગભગ ૧૧ થી ૧૪ ટકા જેટલું ઓછું થઈ જાય છે, એટલે મિલવાળાઓને સરકાર કહી રહી છે કે ચોખાને બહુ પૉલિશ ન કરો. ખબર નથી કે મિલો શું કરશે? પણ આ સમાચાર વાંચીને હું ભારે વિચારમાં પડી ગયો. અનેક ભાવો મનમાં ઊઠ્યા. મારી સમજમાં જ નહોતું આવતું કે હાથે છડેલા ચોખા કેમ ન વપરાય અને મિલો એકદમ બંધ કેમ ન કરી દેવાય? એમ ન થવાનું કારણ શું છે? સિવાય કે મિલવાળાઓ આજે લોકસભામાં બેઠા છે, અને લોકો એવા મૂરખ બન્યા છે કે પૉલિશ કરેલા સફેદ ચોખા જ અમને સારા લાગે છે!

> **સરકાર અને જનતા બંનેના મનમાં મોટા મોટા બંધો બાંધવાનું જ આવે છે. ખરું જોતાં આપણા જેવા દેશમાં નાની સિંચાઈ યોજનાઓ પર ધ્યાન આપવું જોઈએ.**

કહે છે કે પૉલિશ કરેલા ચોખા વધુ દિવસ ટકે છે. એ બરાબર જ છે. કેમ કે તેમાં પોષકતત્ત્વ એટલું ઓછું હોય છે કે તે કીડા પણ ખાવા નથી માગતા! પરંતુ પોષક તત્ત્વ નીકળી જવાથી તે પચવામાંયે ભારે થઈ જાય છે. હાથે છડેલા ચોખામાં માત્ર એક ટકો પોષકતત્ત્વ નીકળી જશે અને તે ચોખા પચવામાંયે હલકા છે. મેં બેઉ જાતના ચોખા વાપર્યા છે, અને ખેડૂતોએ હાથે છડેલા ચોખા વધુ પસંદ કર્યા; કારણ કે એમનું કહેવું એમ છે કે તે ખાવાથી પેટમાં શાંતિ રહે છે અને તાકાત અનુભવાય છે. પૉલિશ કર્યા વિનાના ચોખા રાંધવામાં થોડી વધુ વાર લાગે છે, પણ જો વરાળ પર રાંધવામાં આવે તો એકદમ મુલાયમ માખણ જેવા બને છે. મેં રાંધીને ખવડાવ્યા છે, અને લોકોએ બહુ પસંદ કર્યા છે.

મને ઘણા આવીને કહેતા કે તમારે આયોજન કરનારાઓ સાથે વાત કવી જોઈએ. વાત તો મેં કરેલી જ ને ૧૯૫૧માં! પણ મેં જોયું કે દિલ્હીનાં દિમાગ ઊલટી દિશામાં જ ચાલી રહ્યાં છે. તેથી મેં દેહાતની વાટ પકડી અને જે સરકારની સરકાર છે, એ જનતાને સમજાવવા માંડી. આખરે તો લોકો પણ પૈસાની માયાજાળમાં ફસાયેલા છે અને બીજા દેશોની નકલ કરીને ઝટ ઝટ વિકાસ કરી નાખવા પાછળ દોડે છે. સરકાર અને જનતા બંનેના મનમાં મોટા મોટા બંધો બાંધવાનું જ આવે છે. ખરું જોતાં આપણા જેવા દેશમાં નાની સિંચાઈ યોજનાઓ પર ધ્યાન આપવું જોઈએ. દરેક ખેતરમાં એક એક કૂવો હોવો જોઈએ. કૂવા વગરનું ખેતર એકેય ન હોય. મેં તો કૂપદાનની યોજના મૂકેલી. લગ્ન વખતે દીકરીને કૂવો બનાવી આપે. આમ, જનતાને અને સરકારને બંનેને સાચી દિશામાં વિચારવાની કેળવણી આપવાની છે.

ટૂંકમાં, દેશના પ્લાનિંગ અંગે મારું ભારપૂર્વક એમ કહેવું છે કે જીવનની પાયાની જરૂરિયાતો બાબતમાં સ્વાવલંબી થવું જ જોઈએ. તેના વિના કદાપિ કોઈ પ્લાનિંગ થઈ જ શકે નહીં. અને અન્નની વાત તો મેં એક પ્રતિક રૂપે કરી. માણસની પાયાની જરૂરિયાતોમાં હું સાત વસ્તુ માનું છું: ૧.અનાજ, ૨.વસ્ત્ર, ૩.ઘર, ૪. ઓજાર, ૫.આરોગ્ય, ૬. કેળવણી અને ૭. મનોરંજનનાં સાધનો. આટલી પાયાની જરૂરિયાતો બાબત સ્વાવલંબન સધાય, ગામેગામ તેની પર્યાપ્ત વ્યવસ્થા થાય, તે પછી બીજી બાબતોમાં ભલે તમારે જે રીતે વિચારવું હોય તે રીતે વિચારજો. દેશના પ્લાનિંગમાં જો આવા સપ્ત-સ્વાવલંબનની વાત ન હોય,

તો હું તેને પ્લાંનિંગ જ નહીં કહું.

હું જોઉં છું કે દિલ્હીમાં દેશના પ્લાનિંગ વિશે જે ઢબે ચિંતન ચાલે છે, તેમાં આટલાં વરસોના અનુભવ પછીયે ફરકનો કોઈ અણસાર મળતો નથી. ત્યાં જેઓ પ્લાનિંગ કરે છે, તેઓ બહુ મોટા લોકો છે, સારા વિચારકો, ચિંતકો છે. અર્થશાસ્ત્રના જાણકાર એવા બધા લોકો ત્યાં બેઠા છે. પરંતુ એમને એ વાતની પકડ નથી કે કોઈ પણ એક દેશનું અર્થશાસ્ત્ર બીજા દેશને લાગુ નથી પડતું, કેમ કે દેશ-દેશની પરિસ્થિતિમાં ફરક હોય છે. માટે સમજવાની જરૂર છે કે આપણા દેશના વિકાસની પોતાની એક આગવી પેટર્ન હશે, ભાત હશે. આપણે પશ્ચિમની નકલ કરી શકીએ. પરંતુ ગાડું એની ઘરેડમાં જ ચાલ્યા કરે છે.

મને લાગે છે કે દેશનું પ્લાનિંગ કરવા બેસનારાઓને આપણા દેશની પરિસ્થિતિનો યથાર્થ ખ્યાલ જ નથી. આવો દેશ-કાળ-પરિસ્થિતિનો ખ્યાલ પંડિત નહેરુને થોડો થોડો આખર-આખરમાં આવવા લાગ્યો હતો. તેઓ પોતાનાં સાવ છેવટનાં વરસોમાં એમ કહીને ગયા કે જો હિંદુસ્તાનના છેલ્લામાં છેલ્લા માણસને ન્યાય આપવો હશે, તો ગાંધીજી જે ઢબે વિચારતા હતા, તે ઢબે આપણે પણ વિચારવું પડશે. ૧૫-૧૬ વરસના પ્રત્યક્ષ અનુભવ બાદ તેઓ આ નિષ્કર્ષ પર આવ્યા હતા. પોતાના અનુભવને અંતે એમના મોઢે નીકળ્યું કે ભારતની આર્થિક પ્લાનિંગ પછીયે દેશના સૌથી નીચેના લોકોને તો ઉપર ઉઠાવી શકાયા નથી, અને આની આ ઢબે ચાલશે તો બીજા ૨૫ વરસમાં પણ તે શક્ય બનશે કે કેમ, તે સવાલ છે. ત્યારે એમને કહેવું પડ્યું કે ગાંધીજીની વાત વિચારવી પડશે.

તે વખતે મેં એમ કહેલું કે ચાલો, આટલાં વરસે પણ આપણા નેતાને આવો અનુભવ થયો એ ઘણું છે! જો કે ત્યાંના બધા નેતાઓને આવો અનુભવ થયો કે કેમ, કોણ જાણે! સહુને આવો અનુભવ થયો હોય, તો હું માનીશ કે અત્યાર સુધીમાં જે ખર્ચ થયો, તે બધો આ નેતાઓના શિક્ષણ માટે થયો. આમેય શિક્ષણ પાછળ આપણે ખર્ચ કરીએ જ છીએ, તો આટલો ખર્ચ નેતા-શિક્ષણ માટે કરવામાં આવ્યો, એમ હું માનીશ. ઠીક છે, તમને શિક્ષણ મળ્યું છે. તો હવે નવેસરથી આયોજન કરો.

પંડિત નેહરુએ તે વખતે કહેલું કે ગાંધીજી નાનાં નાનાં

**દેશ-કાળ-પરિસ્થિતિનો ખ્યાલ પંડિત નહેરુને થોડો થોડો આખર-આખરમાં આવવા લાગ્યો હતો. તેઓ પોતાનાં સાવ છેવટનાં વરસોમાં એમ કહીને ગયા કે જો હિંદુસ્તાનના છેલ્લામાં છેલ્લા માણસને ન્યાય આપવો હશે, તો ગાંધીજી જે ઢબે વિચારતા હતા, તે ઢબે આપણે પણ વિચારવું પડશે.**

ઓજારો વડે કરોડો હાથો મારફત ઉત્પાદન કરાવવાની વાત વિચારતા હતા, કદાચ એ ગાંધીજીની પદ્ધતિ જ હવે અપનાવવી પડશે. આ જ્યારે મેં વાંચ્યું, ત્યારે મને બહુ ખુશી થઈ. આપણે 'ભારત છોડો' કહ્યું હતું. એટલે અંગ્રેજ અહીંથી ગયા. પણ અંગ્રેજિયત આપણા માથા પર સવાર થઈને બેઠી હતી. આ મોટરની સંસ્કૃતિ છે. મોટર ચાલી જાય છે, પણ આપણા પાછળ એક ફર્લાંગ સુધી ધૂળ રહી જાય છે. તેવી જ રીતે અંગ્રેજી ગયા પણ એમનો વરદ હસ્ત આપણા માથા પર હતો, અર્થાત્ આપણા ચિંતન પર હતો, તે કાયમ રહી ગયો. હજીયે તે ગયો છે એવી ખાતરી નથી.

એક વાર લોકસભામાં ચર્ચા ચાલેલી કે ગ્રામજનોની માથાદીઠ આવક કેટલી ? કોઈ કહે — રોજની ચાર આના. કોઈ કહે, છ આના. હું એ આંકડાઓમાં પડતો નથી. પરંતુ હું દેશમાં ખૂણે ખૂણે ફર્યો છું. અને મેં ગામડે ગામડે જોયું છે કે લાખો-કરોડો બેકાર છે, અને અત્યંત દરિદ્રતામાં જીવે છે. ગામે ગામ લોકો કામ વગરના બેઠા છે. યંત્રોદ્યોગો મારફત એ બધાને ક્યારે કામ આપી શકીશું ? એમને તો ગામડાંમાં જે ઓજાર ઉપલબ્ધ હોય તેની મારફત તત્કાળ

કામ આપવું જોઈએ. જે કોઈ સાધન મળે, ઓજાર મળે, તે જ એમના હાથમાં આપવું પડશે. 'હાજર સો હથિયાર' ની જેમ જે ઓજાર તત્કાળ ઉપલબ્ધ હોય, તેનાથી જ કામ લેવું પડશે. ગામડે ગામડે લોકોને કામ મળે. ઓજારમાં જેટલો સુધારો થઈ શકે, તેટલો જરૂર કરીએ. વિજ્ઞાનનો અને યંત્રવિજ્ઞાનનો ઉપયોગ નાનાં નાનાં ઓજારોને વધુ સરળ અને કાર્યક્ષમ બનાવવામાં જરૂર કરવો જોઈએ. પણ ઉધારની વાત ન ચાલે.

ટૂંકમાં, આ રીતે સાચી દિશાનું પ્લાનિંગ થવું જોઈએ. ગામડાંઓ મુખ્ય માનીને ત્યાં જેટલું ઉત્પાદન મુખ્ય વસ્તુનું થતું હોય, તેના સંબંધિત બધા ઉદ્યોગો ત્યાં જ ચાલે. શહેરોમાં એવી જ ચીજો બને, જે ગામમાં ન બની શકતી હોય. પરદેશથી થતી આયાત રોકવા માટે પણ એવી ચીજો શહેરમાં બને. આ રીતે જો શહેરો અને ગામોનું તથા યંત્રોદ્યોગોનું બરાબર આયોજન થશે, તો શહેરો ટકશે અને ગામડાં ટકશે, નહીં તો બેમાંથી એકેય નહીં ટકે. આપણા દેશનો વિકાસ આપણી ઢબે જ કરી શકાય. એમાં બીજાની નકલ કર્યે ન ચાલે.

('સર્વોદયનું અર્થકરણ' માંથી)

**તેને અધિકાર નથી ?**

ભગવત્ ગીતામાં ભગવાન કહે છે, પ્રાણીઓનું મૂળ અવ્યક્તમાં છે, વચ્ચેની સ્થિતિમાં વ્યક્ત ભાસમાન થાય છે, ફરી અંત અવ્યક્તમાં થાય છે. તેમાં શોક શા માટે ?

બંને છેડે અનંત અપાર અવ્યક્ત ફેલાયેલું છે, વચમાં જે વ્યક્ત આભાસ થાય છે તે પેલા અવ્યક્ત સાગરની એક નાની સરખી લહેર છે. અપાર સાગર સિવાય તેનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી. તે વચ્ચેની અવસ્થા વાસ્તવમાં અવસ્થા જ નથી. તે માત્ર આભાસરૂપ છે. ૭૦ વર્ષનો માણસ, સિત્તેર વર્ષ પહેલાં ક્યાં હતો? અવ્યક્તમાં હતો અને હવે ક્યાં જશે? અવ્યક્તમાં. વચમાં તે આભાસરૂપ છે. બંને બાજુએ અનાદિ-અનંત છે. વચમાં સાદિ-સાંત, પાંચ-દસ-પચાસ, વધુમાં વધુમાં સો વર્ષનો એ કાળ. એટલે જે મધ્ય છે, વચ્ચેનો છે, તે આભાસ માત્ર છે. મૃગજળ સૂર્યના પ્રકાશમાં દેખાય છે, રાત થતાં જ ખતમ થઈ જાય છે. બાબા જ્યારે પગ ધુએ છે ત્યારે જુએ છે કે તે પાણીથી ફર્શ પર અલગ-અલગ ચિત્ર તૈયાર થાય છે, પાંચ, છ મિનિટ ટકે છે. પછી સુકાઈ જાય છે. તે ચિત્ર પાંચ મિનિટનું, આ ચિત્ર સો વર્ષનું, એટલો જ ફરક. અનંતકાળની તુલનામાં તે કંઈ પણ નથી. મનુષ્ય જ્યાંથી આવ્યો, ત્યાં જવાનો શું તેને અધિકાર નથી?

ફિનિક્સમાં અંકુરિત થયેલું રસ્કીનનું અક્ષય વિચાર-બીજ
ફિનિક્સ પંખીની જેમ પોતાની રાખમાંથીયે ફરી-ફરીને ઊભું થતું જ રહેવાનું છે.

સર્વેઽત્ર સુખિનઃ સન્તુ
સર્વે સન્તુ નિરામયાઃ
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ
મા કશ્ચિદ્ દુઃખભાગભવેત

## ૨૩. સર્વોદયની કેળવણી

### મનુભાઈ પંચોળી 'દર્શક'

તમે વાલીઓ, શિક્ષકો ને વિદ્યાર્થીઓ સૌ એકઠા મળ્યા છો ત્યારે તમને ત્રણેયને એ ખબર હોવી જોઈએ કે તમે છોકરાઓને શા સારુ અહીં મોકલો છો, શિક્ષકોને ખબર હોવી જોઈએ કે તેઓ શા સારુ ભણાવે છે અને વિદ્યાર્થીઓને ખબર હોવી જોઈએ કે તેઓને શા હેતુથી આ પ્રમાણપત્ર અપાય છે.

પહેલાં શિક્ષકોને કહીશ કે આ 'શા સારુ'નો ખુલાસો એમની પાસે હોવો જોઈએ. એ ખુલાસા વિના બધું વ્યર્થ છે. દૂધની કસોટી તેમાં રહેલા માખણ પરથી થાય છે, તેમ શિક્ષકની કસોટી તેને આ 'શા સારુ'ની કેટલી સમજ છે તેના પરથી થાય છે. અહીં સારું કંતાતું હોય તોપણ એ કેળવણીની મુખ્ય કસોટી નથી. ૨૦૦ નંબરનું કાંતનારી ડોશીઓ અને તે કાપડ વણનારા વણકરો આ દેશમાં પૂર્વે હતા. પણ તે વિદ્યા તેમને પરાધીન થતાં રોકી ન શકી. તો એનો અર્થ એ કે કાંતવા વણવાની ક્રિયા એ વિદ્યા નથી. અહીં પડઘમઢોલ સાથે સારી કવાયત પણ થતી હોય; પણ આ કેળવણીની એ પણ કસોટી નથી. આથીયે આંજી નાખનારી કવાયતો પલટનોમાં થાય છે. નાઝી અને ફાસિસ્ટ છોકરા-છોકરીઓ દિંગ કરી મૂકે તેવી કવાયત કરતાં.

વહાણમાં સઢ, સુકાન, દોરડાં વગેરે જોઈએ છે પણ સૌથી વધારે જરૂરિયાત છે સુકાનીને ક્યાં જવાનું છે તેની જાણકારીની. જે સુકાનીને બંદર અને બંદરના રસ્તાની વચમાં આવતાં વમળો ને ખડકોની જાણ નથી તે સુકાન પર બેસવા માટે લાયક નથી. તેવી જ રીતે જે શિક્ષકને ક્યા જીવન માટે થઈને પોતે આ ઈતિહાસ-ભૂગોળ, ગણિત, ઉદ્યોગ વગેરે શીખવી રહ્યો છે તેની જાણ નથી તે શિક્ષક થવાને માટે યોગ્ય નથી. ધરીના જેમ બે છેડા હોય છે તેમ શિક્ષણના પણ બે છેડા છે. એક છેડે બાળક છે અને બીજે છેડે જીવનદર્શન છે. શિક્ષકે બંને છેડા પર નજર રાખી પોતાનું વહાણ ચલાવવાનું છે. આખરે પહોંચવાનું તો બાળકે જ છે એટલે તેનો સ્વભાવ, તેનો વિકાસક્રમ, તેની શક્તિ-અશક્તિ -આ બધાંનો શિક્ષકને ખ્યાલ હોવો જોઈએ; નહિતર 'માળી સીંચે સો ગણું, ઋતુ વિણ ફળ ના હોય' — તેના જેવું થાય. પણ સાથોસાથ બાળકે વિકાસ સાધવાનો છે. અમુક સ્થળ અને કાળમાં વિકાસ સાધવાનું તેને માટે બંધન છે. તે ઊડીને ભૂતકાળમાં જઈ શકવાનો નથી તેમ કૂદીને ભવિષ્યમાં પણ પેસી શકવાનો નથી. એટલું જ નહિ પણ વર્તમાનમાં પણ પોતાનો વિકાસ અમુક રીતે જ તે સાધી શકવાનો છે. આ મર્યાદાઓ વચ્ચે તે પોતાની સ્વયંસ્ફૂર્તિ કે સ્વતંત્રતાનો ઉત્તમોત્તમ ઉપયોગ કઈ રીતે કરી શકે તે શોધવા ખાતર શિક્ષકની પાસ જીવનનો નકશો હોય તે જરૂરી છે.

તો ક્યા જીવનને લક્ષ્યમાં રાખીને આ લોકશાળાની કેળવણી ચાલે છે? હું એને ટૂંકમાં 'સર્વોદયનું જીવન' એવું નામ આપીશ. આ સર્વોદયનો વિચાર ગાંધીજીને રસ્કિનના એક નાનકડા પુસ્તકમાંથી મળ્યો અને રસ્કિનને બાઈબલની એક વાર્તામાંથી મળ્યો. તે વાર્તામાં એવું છે કે, એક ખેડૂતે વહેલા બોલાવેલા ને પાછળથી બોલાવેલા મજૂરોને સરખી જ મજૂરી આપી. આથી જેમને વહેલા બોલાવેલા તે મજૂરો નારાજ થયા. ખેડૂતે કહ્યું: "ભાઈ! તમારી સાથે કરાર થયા મુજબનું આપું છું ને? ઓછું તો નથી આપતો ને? આ પાછળથી જેમને બોલાવી લાવ્યો તેમાંના છેલ્લાને પણ હું એટલું જ આપવાનો, કારણ કે તેમને પણ પેટ છે; તેમને હું બોલાવી લાવ્યો છું." ચોપડી વાંચીને ગાંધીજીએ પોતાની બૅરિસ્ટરી તરણાની જેમ ફગાવી દીધી ને સર્વોદય સ્થાપવાની દીક્ષા લીધી. એ નાનકડી ચોપડીનો સાર શો છે?

ગાંધીજીએ પોતે જ કહ્યું છે કે, હું તેમાંથી સમજ્યો કે

વકીલ અને વાળંદ બન્નેની કિંમત સમાજમાં સરખી હોવી જોઈએ; બીજું, ખેડૂતનું જીવન આ બધામાં ચડિયાતું છે; ત્રીજું, ધન તે સંપત્તિ નથી પણ જીવન તે સંપત્તિ છે.

આનો અર્થએ કે સમાજમાં જે કોઈ સમાજોપયોગી કામ કરે છે તેને માન અને મજૂરી લગભગ સરખાં મળવાં જોઈએ. લોકશાળાની કેળવણી આ પાયા ઉપર ઊભી છે. અહીં ખેતીકામ કરનાર, હિસાબ કરનાર કે સફાઈ કરનાર ત્રણેને સરખું માન ને અગત્ય અપાય છે અને તેમની મજૂરી વચ્ચે દિન-બ-દિન અંતર ઘટતું જાય તે જોવાય છે. સાચી દાનતથી ઉપયોગી કામ કરનારાઓ વચ્ચે નજરે તરી આવે તેવો ભેદભાવ જો રાખવામાં આવે તો કેટલાંક ઉપયોગી કામો કરવાનું માણસ પસંદ નહિ કરે અને છતાંયે તે ઉપયોગી કામો કોઈ કે કરવાં જ પડશે. એનો અર્થ એ કે તે કરાવવા માટે થઈને કોઈક પ્રકારનું બળ કે છળ વાપરવાનું અનિવાર્ય થશે. એનો બીજો અર્થ એ કે સમાજ આવા છળ કે બળના આધાર પર અધિષ્ઠિત થવાનો. વકીલ અને વાણંદની સેવાને લગભગ સરખી ગણવાના સિદ્ધાંતનો સ્વીકાર થયો નથી. સર્વોદય આનો સ્વીકાર થાય તે માટે મથે છે. અને આ દ્રષ્ટિએ જ અમે કહીએ છીએ કે મોટા વર્તુળમાં જેમ નાનું વર્તુળ સમાઈ જાય તેમ સર્વોદયમાં સમાજવાદ આવી જાય છે. બધી સમાજોપયોગી સેવાઓને સરખું માન અને સરખી મજૂરી આપ્યા પછી ધન, કુળ, રંગ કે જાતિના વિશિષ્ટ અધિકારોને સ્થાન રહેતું જ નથી; સ્થાન રહે છે માત્ર સામાજિક ઉપયોગિતાને.

**ધરીના જેમ બે છેડા હોય છે તેમ શિક્ષણના પણ બે છેડા છે. એક છેડે બાળક છે અને બીજે છેડે જીવનદર્શન છે. શિક્ષકે બંને છેડા પર નજર રાખી પોતાનું વહાણ ચલાવવાનું છે.**

રસ્કિને જે બીજી વાત કરી તે એ કે ધન તે સંપત્તિ નથી પણ જીવન તે સંપત્તિ છે. સાદી ભાષામાં કહીએ તો, ધન જીવનના વિકાસ માટે છે ને જે ધન જીવનને હાનિ પહોંચાડે તે ધન સંપત્તિ નથી પણ વિપત્તિ છે. એથીયે સાદી ભાષામાં કહીએ તો, માથા માટે પાઘડી છે, પાઘડી માટે માથું નથી. આનો અર્થ એ થયો કે સર્વોદયમાં જીવનને પ્રતિષ્ઠા છે, સંપત્તિ કે સત્તાને નથી; અથવા તો જીવનને મદદગાર થાય તેટલી જ સંપત્તિ અને તેટલી જ સત્તા ઈચ્છનીય છે. આજે એવું છે ખરું ?

આમાંથી રસ્કિનને સૂઝયું કે જીવન તે જ મોટામાં મોટી દોલત છે, ને તે દોલતને ચોરી જનાર, ધક્કો આપનાર, ઘસારો દેનાર વિચારો કે આચારો ત્યજવા જેવા છે.

આથી અમે લોકશાળામાં શ્રમને સ્થાન આપીએ છીએ, ને શ્રમમાં પણ જીવનવિકાસ થાય તેવા શ્રમને જ ઉત્તેજન આપીએ છીએ. એમ તો ગણેશિયો લઈને અમાસની રાતે વરસતા વરસાદમાં કોઈકની ભીંતે બાકોરું પાડનાર ચોરને પણ પરસવો તો વળે છે! ને પરભૂમિ પર આક્રમણ કરનારાઓ તો પરસેવો જ નહિ પણ લોહી સુદ્ધાં રેડે છે; પણ તે બધો શ્રમ જીવનમાં નહિ પણ મૃત્યુમાં, વિનાશમાં પરિણમે છે. આવો શ્રમ કે આવી સંપત્તિ તે વિપત્તિ છે.

કવિઓ સંપાતિ જેવા હોય છે. રામાયણમાં તમે તેનું નામ સાંભળ્યું હશે. સંપાતિ ગીધ જટાયુનો ભાઈ હતો. સીતાની શોધમાં ગયેલા અંગદ, હનુમાન એને મળ્યા ને તેમણે સીતાજી વિષે વાત કરી. સંપાતિ પોતાની ઝીણી આંખ દરિયા સામે ઠેરવી કહેઃ "સીતાજીને રાવણ ઉપાડી ગયો છે. સામેના દરિયામાં બેટ છે. ત્યાં લંકામાં અશોકવનમાં સીતાજીને બેઠેલાં હું જોઈ શકું છું. અહીંથી મને ચોખ્ખું દેખાય છે. પણ મારાથી તો ઉડાતું નથી. તમે દરિયો ઓળંગી ત્યાં જાઓ." કવિઓ જોઈ શકે છે, બહુ દૂર દૂરથી અચૂક જુએ છે, પણ તેમનાથી ઊડીને જવાતું નથી. તેને માટે ફાળ ભરનારા ભક્તિમાન વાનરશ્રેષ્ઠો જોઈએ કે સિંધુ પર સેતુ રચનાર પુરુષોત્તમ રામચંદ્રજી જોઈએ.

રસવેત્તા રસ્કિને આ જોયું તો ખરું પણ તેવું થાય કેમ? કહ્યું તો ખરું પણ કરવું કેમ?

ગાંધીજીએ બીડું ઝડપ્યું. તેમણે કહ્યું: "તે થશે રચનાત્મક કામ ને સત્યાગ્રહ દ્વારા."

રસ્કિનના પેલા મુદ્દાઓમાં આ બે ભેળવો એટલે થાય સર્વોદય.

પુસ્તકો લખવાથી કે વેચવાથી જો સર્વોદય આવતો હોત તો રસ્કિનની ચોપડી ઘણાં વર્ષોથી છપાઈ હતી ને વેચાતી હતી.

સર્વોદયનો સમાજ સર્જાવાનો હશે તો આ બે કાર્યક્રમો ચાલવા જોઈએ. ને તેમાંયે ૯૯ ટકા રચનાત્મક કામ ને એક ટકો સત્યાગ્રહ.

દેશમાં સ્વરાજ આવ્યું છે. પણ સર્વોદય લાવવાનું કામ બાકી છે. સ્વરાજ આવ્યું તે કાંઈ ખોટું નથી થયું. પહેલાં ફૂલ આવે, પછી જ ફળ આવે. પણ ફૂલ આવે એટલે ખાતર, ગોડ આપવાનું બંધ કરી દઈએ તો ફળ ન ભાળીએ. ફૂલમાંથી ફળ આવે જ તેવું કુદરત નથી કહેતી. સ્વરાજ ફૂલ છે. સર્વોદયનું ફળ આપણે ચાખવું હોય તો રચનાત્મક કામરૂપી ખાતર, ગોડ, પાણી ચાલુ રાખવાં જોઈએ.

સર્વોદયનો મુખ્ય કાર્યક્રમ છે ગામડાં સમૃદ્ધ, સુંદર, અને શક્તિશાળી બને તે. પણ ગામડાંને આપણા દેશની યોજનાઓમાં કેન્દ્રમાં રાખવામાં આવ્યાં છે? કેળવણીના કેન્દ્રમાં રાખવામાં આવ્યાં છે? ધારાસભાના સભ્યોની પસંદગી વખતે તેમને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે? ઉદ્યોગોની નીતિ ઘડતી વખતે, વ્યાપારને ઉત્તેજન આપતી વખતે ગામડાંને મધ્યમાં રાખીને વિચાર થયો છે?

સર્વોદય ગામડાંને કેન્દ્રમાં રાખીને ચાલે છે. કારણ કે સર્વોદયની માન્યતા એવી છે કે જીવન તે જ મોટી સંપત્તિ છે. તે વારસોમાં ઉતારવી હોય તો માણસો ગામડાંમાં જ રહે, ખેતીની આજુબાજુ જીવતર ગોઠવે તેવું કરવું જોઈએ.

મોટાં શહેરોમાં માણસ રહે છે, પણ માણસાઈ ખોવાઈ જાય છે; વ્યવસ્થા રહે છે, પણ વિવેક ખોવાઈ જાય છે. છોડની જેમ માણસને ગીચ વસ્તી કે ઊંચી દીવાલો નડતી હોય છે. માણસ નાનકડા સમાજમાં રહે ત્યારે તેનું ભાવિ તેના હાથમાં હોય તેમ બને છે; બહુ મોટા સમાજમાં તેને લાગે છે કે પોતે સોગઠું કે કઠપૂતળી બની જાય છે.

આપણાં ગામડાંને ગોકુળ સમાં બનાવવા હોય તો ત્યાં સૌને કામ આપવું જોઈશે. ગામડાંમાંથી કોઈએ શહેરમાં જવું ન પડે તેમ કરવું પડશે. આખરે તો શહેરમાં માણસ ધંધા માટે જાય છે. આ ધંધો જો ગામડાંમાં જ મળતો હોય તો ક્યો મૂરખ માણસ આ હરિયાળો નદીકાંઠો, આ ઝૂકેલાં ઝુંડ, આ સ્નેહાળ ગાયો, ને સાંજે તારાથી ઊભરાઈ જતું આ અગાધ સાગર સમું આકાશ છોડી જવાનો છે?

આ માટે ખેતી-વૈજ્ઞાનિક ખેતી, ઉપજાઉ ખેતી જોઈશે; વીઘામાં વીશ મણ કપાસ ને વીશ મણ બાજરો આપે તેવી ખેતી જોઈશે. આ સિવાઈ બધું રેતીમાં વહાણ હાંકવાની વિદ્યા છે.

લોકશાળાઓ ધરતીમાતાની આવી પ્રેમપૂર્ણ, વિજ્ઞાન-યુક્ત સેવા શીખવવા માટે છે. પણ એકલી ખેતી પૂરતી નથી, એકલું ગોપાલન પૂરતું નથી; ગ્રામોઉદ્યોગો પણ જોઈશે. ઉદ્યોગો બધા શહેરોમાં ને ખેતી બધી ગામડાંમાં; પાકો માલ થાય શહેરોમાં ને કાચો માલ થાય ગામડાંમાં- આવું વિચારવાનું નથી.

**સર્વોદયમાં જીવનને પ્રતિષ્ઠા છે, સંપત્તિ કે સત્તાને નથી; અથવા તો જીવનને મદદગાર થાય તેટલી જ સંપત્તિ અને તેટલી જ સત્તા ઈચ્છનીય છે.**

ખેતી પણ ગામડાંમાં ને ઉદ્યોગો પણ ગામડાંમાં. લોક નવરું પડ્યું છે, કાચો માલ પડ્યો છે; શા સારું ગામડાંમાં ઉદ્યોગો ન ચાલે? સબસીડીના ઑક્સિજનથી હમણાં તો થોડું ખાદીકામ, તેલઘાણી ચલાવીએ છીએ, પણ માણસ કાયમ કાંઈ ઑક્સિજનનું ડબલું સાથે રાખી ફરી ન શકે; તે મોંઘું ને અગવડભર્યું થઈ પડે.

વીજળી શું ગામડાંમાં આવવાની ના પાડે છે? ગામડાં તેનાથી રિસાયાં છે, કે તે રિસાઈ છે, કે અમસ્તો જ કોઈએ

બંને વચ્ચે મનભેદ ઊભો કર્યો છે? એટલે લોકશાળામાંથી ખેતી ને યંત્રશાસ્ત્ર બંનેનો જાણકાર ગ્રામનાગરિક તૈયાર કરવાનો છે. જે ગ્રામનાગરિક –

૧. વકીલ કે વાળંદના ધંધાને સરખા જ ઉપયોગી ને માનપાત્ર ગણાતો હશે

૨. જીવનને નુકસાનકારક સંપત્તિને સંપત્તિ જ નહિ ગણતો હોય એટલે પૈસા પાછળ નહિ પડ્યો હોય

૩. ગ્રામજીવનને સંસ્કૃતિની આધારશિલા ગણતો હશે

૪. ને જેમને છેવાડે રાખવામાં આવ્યાં છે તેમની સેવાને પોતાના સેવાક્ષેત્રમાં પ્રથમ પસંદગી આપતો હશે.

આ માટે થઈને લોકશાળામાં શ્રમ, સહકાર ને સેવાવૃત્તિ કેળવવાનો હંમેશાં પ્રયત્ન થાય છે; કારણ કે આ

**વર્તમાન અર્થશાસ્ત્ર તો એમ કહે છે કે પૈસો જેમ ફરતો રહે, વધારે વહેંચાતો રહે તેમ ધંધા ધમધોકાર ચાલે. પૈસા એક જગ્યાએ બંધાઈ રહે ત્યારે જ સમાજમાં બેકારી આવે છે.**

સાધનો વિના સર્વોદય આવવાનો નથી. સર્વોદય ન તો બળજબરીથી આવી શકે, ન તો વિશાળ બહુમતીના સ્વેચ્છા ને સમજપૂર્વકના ટેકા સિવાય; અલ્પ બહુમતિને જોરે કરેલો કાયદો સર્વોદય લાવવામાં બહુ મદદગાર ન થાય. જો બળ નકામું છે, કાયદો પણ ખાસ મદદ આપી શકે તેમ નથી, તો પછી કેળવણી એક જ સર્વોદયનું સાધન રહે છે. લોકોની ટેવો, માન્યતાઓ, ને સંસ્કારો બદલાવવાનો વિચારપૂર્વક ઘડાયેલો કાર્યક્રમ તે કેળવણી. આવી કેળવણી નિશાળમાં પણ અપાય ને પરિશ્રમાલયમાં પણ અપાય. પણ અમારું શિક્ષણશાસ્ત્ર કહે છે કે ભણનારની ઉંમર જેમ નાની તેમ કામ પ્રમાણમાં સહેલું થાય છે; જેમ મોટી તેમ અઘરું બને છે. સ્વરાજ્ય આવ્યું છે પણ સર્વોદય આવવાનો બાકી છે. આ સર્વોદયના નાગરિકો કે કાર્યકરો તૈયાર કરવાનું લોકશાળાનું વ્રત છે. તમે સૌ વાલીઓ જો વાતમાં સંમત થતા હો તો જ બાળકોને અહીં મોકલો. તમારું ધ્યેય જો બાજુનાને ધક્કો મારી, પાડી દઈને આગળ વધવાનું હોય તો અમારી કેળવણી તમને નકામી લાગશે.

અમને તો ખાતરી છે કે અમારા માર્ગમાં જ સ્વાર્થ ને પરમાર્થ બંને છે, વૈકુંઠ ને વૃંદાવન બંને છે. આ માર્ગે જ પૃથ્વી પર કોઈક દિવસ વૈકુંઠ ઊતરવાનું છે.

આ વૈકુંઠ માણસ વિજ્ઞાન ને આત્મજ્ઞાનનો મેળ કરશે ત્યારે ઊતરશે. વિજ્ઞાનનો અર્થ તો તમે સમજો જ છો. કુદરતના કાયદા શોધવા, જાણવા ને પછી તે કાયદા અનુસાર આપણે સંપત્તિનું ઉત્પાદન કરવું. તે કાયદાની જાણકારી નથી તેથી આપણે દાણા મળે ત્યાંથી ખડ મેળવીએ છીએ. ઘઉંમાં ગેરુ આવે ત્યારે દાણા નથી રહેતા, પરાળ જ રહે છે ને? શ્રમ ઘણો બધો ને ફળ જરાક જેટલું તે વિજ્ઞાનનું જ્ઞાન નથી તે કારણ છે.

ને આત્મજ્ઞાન? તે બહુ મોટો શબ્દ છે. તેના પર મોટા મોટા ગ્રંથો ને ભાષણો ને પુરાણો કાંઈ કાંઈ લખાયાં છે. પણ તેનો સાદો અર્થ છે સૌના ભલામાં જ આપણું ભલું છે તેવી શ્રદ્ધાં. યુરોપના ઘણા દેશોમાં આત્મા, પરમાત્મા, નિર્ગુણ, સગુણ, ત્રિગુણ, કે પંચગુણની ચર્ચા આપણા જેટલી નથી થતી; પણ ઉપલી વાત ત્યાંનો સમાજ સમજેલો છે. એટલે શેઠ મજૂરને વધારે મળે તેમાં વાંધો લેતો નથી, ખેડૂત એના સાથીને હોંશથી વધારે આપે છે. ત્યાં બેકારને કામ, વૃદ્ધને આરામ, સ્ત્રીને સન્માન ને યુવાનોને ઉત્સાહ અપાય છે. આપણે ત્યાં તત્ત્વજ્ઞાનનો બહુ વિકાસ થયા છતાં આમ નથી થયું કારણ કે આપણી એવી માન્યતા છે કે, પૈસા મારી પાસે રહે તેમાં જ મારું ભલું છે. આ માન્યતા આત્મઘાતી છે. ચોપટ રમવા આપણે સૌ બેઠા છીએ. ને ભગવાનને હું પ્રાર્થના કરું કે મને જ દાણા આપજે, આ કોઈને દાણા ન આપતો; ને માનો કે ભગવાને તેમ કર્યું તો પરિણામ શું આવે? મારી સોગઠીઓ બેસે, તમારી ન બેસે. પરિણામે મારો તોડ ન થાય. એટલે મારી કૂકરી ભૂતની જેમ નિરર્થક ભમ્યા કરે. મારી રમત ચાલવા માટે પણ તમને દાણા મળે, તમારી કૂકરીઓ બેસે તેમ મારે ઈચ્છવું જોઈએ. આમ સ્વાર્થ

તે જ પરમાર્થ ને પરમાર્થ તે જ સ્વાર્થ છે.

બીજાને પૈસા મળે છે ત્યારે આપણો જ ધંધો સારી રીતે ચાલે છે. પણ તમે જ ઘણી વાર કહો છો કે મજૂરો હમણાં બહુ મોંઘા થઈ ગયા છે; આમાં ખેતીમાં શું રળવું? મુંબઈના એક વેપારી મને મળેલા. તેઓ કહેઃ હમણાં તો ખેડૂત ફાટ્યા છે. અમરેલીની બજારમાં અરધો અરધો શેર સોનું જોખાવે છે. દુઃખની વાત એ છે કે આપણે આપણા માટે એક ત્રાજવાં ને બીજા માટે બીજાં ત્રાજવાં વાપરીએ છીએ; લેવાનો કાંટો જુદો ને દેવાનો જુદો- પણ જે વેપારી આમ કરે તેનો વેપાર જામતો નથી. તેવું જ સમાજનું કે વર્ગોનું છે. વર્તમાન અર્થશાસ્ત્ર તો એમ કહે છે કે પૈસો જેમ ફરતો રહે, વધારે વહેંચાતો રહે તેમ ધંધા ધમધોકાર ચાલે. પૈસા એક જગ્યાએ બંધાઈ રહે ત્યારે જ સમાજમાં બેકારી આવે છે. જૂના જમાનામાં પૈસા સંઘરી રાખવા તે ગુણ મનાતો. વર્તમાન અર્થશાસ્ત્ર તેને અવગુણ ગણે છે.

સર્વોદયમાં માનવાવાળા તો આ વાત પહેલેથી જ કહેતા આવ્યા છે, ને પૈસાને બદલે જીવનની પ્રતિષ્ઠા ન થાય ને બધા સમાજોપયોગી ધંધાને લગભગ સમાન આદર નહિ મળે ત્યાં સુધી કહેતા રહેવાના; ને કોઈક વાર સત્યાગ્રહ પણ કરવાના.

તમને જો એ વાત ગળે ઊતરે તો તમારાં બાળકોને અહીં કેળવણી લેવા મોકલો. આનાથી કદાચ શરૂમાં તમને લાગશે કે આપણને નુકસાન થાય છે, પણ ગીતાનું વચન છે કે શરૂઆતમાં જે મીઠું લાગે પણ અંતે જે કડવું લાગે તે કાચું સુખ; ને શરૂમાં જે કડવું લાગે પણ અંતે જે મીઠું બને તે સાચું સુખ.

પાંડવો જૂગટામાં હારી વનમાં ગયા, ત્યારે કેટલાક બ્રાહ્મણો પણ તેમની પછવાડે પછવાડે ગયા. યુધિષ્ઠિર મહારાજે તેમને કહ્યું કે, "હે ભૂદેવો, હવે હું રાજા નથી. મારી પાસે પહેરવાનાં વસ્ત્ર ને ધનુષ્ય સિવાય કશી સંપત્તિ નથી. તમે અમારી જોડે ન આવો. દાન આપવા જેવું મારી પાસે કશુંય નથી."

બ્રાહ્મણો કહે, "અમે દાન લેવા આવ્યા નથી. તમારી પાસે ધન નથી પણ ધર્મ છે તેમ અમે જાણીએ છીએ. અમે અધર્મીની નગરીમાં રહેવા માગતા નથી. તમે અમારી ચિંતા ન કરતા, અમે અમારા ઉદરપોષણ માટે કાંઈક કરી લેશું."

પણ યુધિષ્ઠિર મહારાજને આનાથી સાંત્વના કેમ મળે? જેણે રાજસૂય યજ્ઞો કર્યા હોય ને એક પંગતે લાખ્ખો માણસોને જમાડ્યાં હોય, તે બ્રાહ્મણોની ગોઠવણ કર્યા વિના કેમ જંપી શકે?

એમણે દ્રૌપદીને કહ્યુંઃ "સતી, આ બ્રાહ્મણોને આપણે જમાડી શકીએ તેવી તો આપણી સ્થિતિ નથી. તેઓ પાછા જવા તૈયાર નથી. હું રાજપુત્ર તેમને જમાડ્યા વિના કેમ જંપી શકું? આપણા ગૃહસ્થધર્મની તમે રક્ષા કરો."

દ્રૌપદી કહે, "મહારાજ, તમે નચિંત રહો. રિદ્ધિ-સિદ્ધિના દાતા સૂર્ય છે. તેમની જ કૃપાથી વર્ષા વરસે છે, ને તેમની જ કૃપાથી વનસ્પતિ ફૂલેફાલે છે. તેમની આરાધના કરીને હું અક્ષયપાત્ર મેળવીશ."

દ્રૌપદીએ તપસ્યા કરી ને સૂર્ય ભગવાન પ્રસન્ન થયા ત્યારે દ્રૌપદીએ અક્ષયપાત્ર માગ્યું. સૂર્યે કહ્યું, "વનવાસનું તમારું ધર્મસંકટ ટાળવા અક્ષયપાત્ર આપીશ. તમે માગશો તેટલું અન્ન તેમાંથી મળશે; પણ તમે જમ્યાં નહિ હો ત્યાં સુધી જ તે નીકળશે."

દ્રૌપદીજીએ વિચાર્યું કે અમારું રાજવંશી ગૃહસ્થોનું ઘર. લોકો સવારે જ આવે તેવું નથી; બપોરે આવે, રોંઢે આવે પણ આવે, સાંજના પણ આવે. ને હું જો જમી લઉં તો તો બપોર પછી બધા અતિથિઓ ભૂખ્યા જ રહે.

વ્યાસ ભગવાન કહે છે કે વનવાસનાં બાર વર્ષ સુધી દ્રૌપદીજી રોજ સંધ્યાકાળે એક વખત જ જમતાં; રખેને કોઈક આવે ને તેને ભૂખ્યા રહેવું પડે તો! બાર વર્ષ સુધી આ વ્રત પાળ્યું.

અક્ષયપાત્ર આવું દ્રૌપદીવ્રત પાળનારને જ મળે છે. સર્વોદય આવું દ્રૌપદીવ્રત છે. તમે તેમાં અમને સૌને સાથ આપો તેવી પ્રાર્થના છે.

## ૨૪. સર્વોદયની જીવનકળાઃ આચાર્ય જેક્સ રચિત સહજીવન સિદ્ધિ ઉપનિષદ

મહેન્દ્ર ચોટલિયા

ઇતિહાસ એ માનવ જાતની વિચારણાઓનું અમલીકરણ અને તેનાં રિપોર્ટેડ પરિણામોની ડાયરી છે. તેમાં એક વિચારનું અનેક મનઃચક્ષુથી થયેલું દર્શન પણ નિરૂપિત હોય છે. તેના અભ્યાસ પરથી સમજાય છે કે આપણે કોઈ એક બ્રાન્ડની વિચારણાને 'Yes, that is it' જેવા સંમોહનથી નવાજીને કંઠી બાંધી લેવી ન જોઈએ. આપણી જ્ઞાન-રચનાઓ જિદ્દી ભીંતોથી ચણાયેલી સિદ્ધાંત-કોઠરી બનવાને બદલે રાડાં-સાંઠા અને ઘાસ-પાનથી આચ્છાદિત વાયુવિજનવાળી બને તે વધુ આરોગ્યપ્રદ છે.

સર્વોદયની પણ અનેક બ્રાન્ડ પ્રાપ્ય છે. વિદેશવાસી ગાંધીભાઈના મનમાં રસ્કિનના ઈંગ્લેન્ડથી એક બ્રાન્ડ આવેલી. પછીથી સ્વયં ગાંધી તેમ જ વિનોબા જયપ્રકાશ વગેરેએ એને સ્વદેશી ઓપ આપ્યો. મારું માનવું છે કે આ વિશેષાંકમાં એ સ્વદેશી બ્રાન્ડ ખાસ્સી છવાઈ ગઈ હશે. મને એનો વિરોધ નથી; પરંતુ એ છાયાની બહાર નીકળીને મૌલિક વિચારક, ઓક્સફર્ડની કૉલેજના આચાર્ય લોરેન્સ પી. જેક્સ('મનુષ્યની સર્વાંગીણ કેળવણી'થી કીર્તિવંત)ની ચિંતન શાળ પર વણાયેલી સર્વોદયની નવતર ઝાંય પાડતી સાદડી પર આસન્ન થઈને વિચારયોગ કરવા તમે મારી સાથે આવશો તો ખરાને?

આચાર્ય જેક્સે ઈસ. ૧૯૨૨માં Constructive Citizenship વિષય પર એક પ્રવચનમાળા કરેલી તે પુસ્તકરૂપે ૧૯૨૭-૨૮માં એ જ શીર્ષકથી પ્રકાશિત થઈ. એની બીજી આવૃત્તિ વેળા શીર્ષક બદલીને The Art of Living Together રાખવામાં આવેલું. સને ૧૯૪૨માં એનું અફલાતૂન ભાષાંતર ગોપાળદાસ જીવાભાઈ પટેલે 'સર્વોદયની જીવનકલા' જેવા સૌંદર્યમંડિત, કૌશલવાચક શીર્ષકથી કર્યું. 'રચનાત્મક નાગરિકધર્મ' જેવું મૂળ શીર્ષક મૂકીને પ્રવચનમાળાના વિષયને જીવતો પણ રાખ્યો. ગૂજરાત વિદ્યાપીઠે શ્રી પુંજાભાઈ જૈન ગ્રંથમાળા અંતર્ગત ૧૯૪૫માં આની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત કરી છે.

પ્રસ્તાવનામાં જ આચાર્ય જેક્સ આંગ્લ નમ્રતાથી નિવેદે છે કેઃ હું અહીં જે રજૂ કરું છું તે કાર્યક્રમ નથી પરંતુ પદ્ધતિ છે; સામાજિક વ્યવસ્થા નથી પણ ભાવના છે. તેમાં વિજયની ખાતરી નથી પણ પ્રયત્નશીલ થવાનું પ્રયોજન છે. આ કથનને અનુસરીને તેમણે કુશળ કામદારી, દુઃખભંજક સહકારિતા અને જવાબદારીના હકથી પરિચાલિત ટ્રસ્ટીશીપની આદેશત્રયી થકી વ્યક્તિગત અને સામુદાયિક માનવજીવનને ઊર્ધ્વ કક્ષાનું બનાવવા માટેની પદ્ધતિનું તર્કનિષ્ઠ નિરૂપણ ભાવાવેગથી કર્યું છે. એમાં આપણે જેમજેમ ઊતરતા જઈશું તેમતેમ તેના શીતોષ્ણ પ્રવાહમાં ડૂબકી મારીને વારંવાર સ્નાતક થતા રહીશું.

સર્વોદય જીવનકલાના સાહસમાં પદાર્પણ કરવા માટે આચાર્ય વિચારણાની એક અભિનવ પદ્ધતિ રચવાનું કહે છે. કેમ કે રચનાત્મકતા ત્યારે જ સંભવે જ્યારે આપણે સ્થળપદ્ધતિ કે દશ્યપદ્ધતિ તજીને કાળપદ્ધતિથી વિચારણા કરીએ(૧૪). આ તેમનું પ્રથમ અને પીઠિકારૂપ પ્રદાન છે. આ પદ્ધતિમાં આપણું ઉપનયન(initiation) હોય તો જ આપણે માનવજીવનને 'હાલમાં', 'સાંપ્રત સમયે', 'દેખાય છે', 'જોવા મળે છે', જેવા સ્થિતિસ્થિર દૃષ્ટિકોણથી જોવાનું બંધ કરી શકીએ. જીવન તો પ્રવાહ છે, ને તે કાળમાં સંચરણ કરે છે. એક દિવસથી વધારે સમય ટકી શકે તેવો જગતનો નકશો દોરી શકાય નહીં(૧૦૩). તેથી આપણે સમાજ જીવનને આંખથી ન પ્રમાણે શકીએ. જે મૂલ્યવાન હોય તેને તો કાળની કસોટી(test of time)માં સિદ્ધ થવું પડે. 'કેટલું અને કેવું ટકી શકે તેમ છે' તેવી વિચારણા કર્યા વગર કોઈપણ સારો નાગરિક નવરચનાનું સાહસ કેવી રીતે કરે? જીવન તો કાળમાં ગતિ કરે છે તેથી તેને આંખથી નહીં પરંતુ સાહસ

અને ભાવનાથી જ રચી શકાય.

આપણો હાલનો ૨૧મી સદીનો સમાજ ચક્ષુભોગી(voyeurist) કહેવામાં આવે છે. આંખથી જે કંઈ રૂડુંરૂપાળું લાગે તેવી દશ્યાવલિથી શોભતી/ખદબદતી સુખાવતી નગરી(utopiaનો ગોપાળભાઈએ કરેલો અદ્ભુત અનુવાદ)માં ક્ષણભંગુર જાહોજલાલીની રચના કરવા માટે આપણે ઉંદરદોડ લગાવી રહ્યા છીએ ને જડ મજૂરી કરી રહ્યા છીએ. જેક્સ સૂચવે છે કે આપણે આંખને બદલે નાકથી વિચારવાની જરૂર છે. સૂંઘીને નિર્ણય કરો કે ટકાઉ થવું છે કે લટકાઉ? (નૉબેલ સાહિત્યકાર સોલબેલોએ આજના માણસ માટે Dangling manની સંજ્ઞા પ્રયોજી છે.)

સલાહખોર સમાજશાસ્ત્રીઓની ફીરકી લેતા આચાર્ય તેઓને ભાષણબાજ અને પ્રસિદ્ધિભૂખ્યા કહે છે. (પ્રેરણાની પરબ માંડીને બેઠેલા આજના inspirational વક્તાઓ અને life coach યાદ આવે છે ને!) તેઓ સમાજની 'સમસ્યા' અને 'ઉકેલ'નું સર્જનાત્મક નિદાન અને હવાઈ ઉપચાર કરતા રહે છે. પરંતુ કોઈ રચનાત્મક પ્રક્રિયાની માંડણી કરતા નથી. જેક્સ સૂચવે છે કે ઊર્ધ્વ જીવનની ખેવના રાખતા સમાજવિજ્ઞાનીઓએ 'સમસ્યા'ને બદલે 'પડકાર' અને 'ઉકેલ' ને બદલે 'પ્રયોગ' શબ્દનો અમલ કરવો જોઈએ. સર્વોદય સમાજ પડકારોને ઓળખી તેને પહોંચી વળવા માટે પ્રયોગ કરે છે. પ્રયોગ એ સાહસકર્મ છે. તેની નિષ્ફળતા-સફળતામાંથી કાળમાં ગતિ કરતા સમાજની નવરચના થતી રહે છે. આ રીતે જેક્સ સમાજશાસ્ત્રને સમાજવિજ્ઞાન બનાવી દે છે.

આચાર્ય જેક્સના ચિંતનનું બીજું મોતી માનવસમાજનું દર્શન વિધાન છેઃ માનવસમાજ કોઈ ગોઠવેલી રચના નથી પરંતુ તે એક જીવંત શરીર છે(૨૩). આમ માનવસમાજના organic body માનવાથી તેની સ્વસુધારાત્મક પ્રકૃતિ અને કાળલક્ષી વિચારણાની અનિવાર્યતા નિર્દેશિત થાય છે. આચાર્ય જણાવે છે કે કાળની ગતિ દરમિયાન વિવિધ પરિબળોના સમુચ્ચયથી સર્જાતા પડકારોને પહોંચી વળવાની ઊર્જાનો સ્રોત શરીરની ભીતર જ છે. અને એને પોષણ આપવાનું કામ કેળવણીએ કરવાનું છે. મનુષ્યની સર્વાંગીણ કેળવણી નાગરિકોમાં બુદ્ધિમત્તા, નીતિમત્તા તથા સાહસિકતાનું નિર્માણ કરે તો જ સંસ્કૃતિની રચના અને પુનર્રચના થતી રહે. આ જ છે પડકાર અને પ્રયોગની જુગલબંધીની પરિણતી.

જેક્સના સમાજચિંતનનું ત્રીજું ગૃહીત ભારતીય દર્શનના પરિપ્રેક્ષ્યની વિરુદ્ધમાં જતું હોય તેવું લાગે, પરંતુ એવું છે નહીં. તેઓ કહે છે આધ્યાત્મિક અનુભવનો માર્ગ ભૌતિક વસ્તુમાંથી પસાર થઈને જાય છે; તેને વટાવીને નહીં(૨૧૪). સામાન્ય રીતે ભારતીય વૈદિક દર્શન ભૌતિક જગતને માયા અને મિથ્યા ગણે છે. પરંતુ મહર્ષિ અરવિંદ, જે પૂર્ણયોગના પુરસ્કર્તા હતા, તેઓ માનતા હતા કે અન્નમય કોશ(શરીર) પણ અધિમનસની યાત્રામાં અનિવાર્ય છે. મનુષ્યના એકેય કોષનો ત્યાગ કરવાનો નથી. બધાનું સમત્વ સિદ્ધ કરીને મુક્તિ માટે તેમને ઉપયોગમાં લેવાના છે. આચાર્ય જેક્સ સુંદર ઉદાહરણ આપીને આ વાત સમજાવે છેઃ લોઢાના તારમાંથી આત્માને પુલકિત કરનાર સંગીત નીકળે છે. ભૌતિક વસ્તુને જ્યારે કુશળ કારીગર દ્વારા હંમેશ માટે સૌંદર્યભરી અને આનંદભરી બનાવી દેવામાં આવે છે ત્યારે તે આધ્યાત્મિક બની જાય છે(૨૧૪).

'મારો મુખ્ય હેતુ નાગરિકને સૌ પ્રથમ ઔદ્યોગિક વ્યક્તિ ગણીને તેની ફરજો તપાસવાનો છે(૧૩૧)'. આવા હડહડતા ભૌતિક લાગતા વિધાનને સ્પ્રિંગબોર્ડ બનાવીને આચાર્ય જેક્સ ઉત્તમ સંસ્કૃતિની સાતત્યપૂર્ણ રચનાના વિજ્ઞાન-મનોવિજ્ઞાન સુધીનું સાર્થક ઉડ્ડયન કરી બતાવે છે. તેમનું કહેવું છે કે ઔદ્યોગિક વ્યક્તિનું કામ તેના પોતાના માટે નહીં પણ સમગ્ર જગત માટે છે. તેની કુશળતાથી તે પોતે અને જગત આનંદ અનુભવે છે. જડતાપૂર્વક પશુશ્રમ દ્વારા મજુરી કરવી તે ઉદ્યમિતા નથી. તેનાથી તો સમગ્ર સંસ્કૃતિ સુખાળવી, આક્રમક અને હતાશાજનક બને છે. સારી કામગીરી સારી નાગરિકતા અને સદ્ગુણોનો પાયો છે. તેમનું સૂચન છે કે સુખને બદલે ઉત્તમતાને જ આપણે સંસ્કાર તેમ જ કેળવણીનું ધ્યેય બનાવવું જોઈએ(૨૫૩).

ઉત્તમ ઉદ્યમીને રમત વીરની જેમ જ આનંદ અને સૌંદર્યની અનુભૂતિ થાય છે. આ આખી વાત કારીગરને કલાકારની કક્ષાએ મૂકી આપે છે. અહીં સર્વોદયનું ભારતીય સૂત્ર 'યોગ-ઉદ્યોગ-સહયોગ' અને જેક્સની ઉદ્યમિતા-આધ્યાત્મિકતાની વિચારસરણી સમાંતરે ચાલતી જણાય છે.

**મનુષ્યની સર્વાંગીણ કેળવણી નાગરિકોમાં બુદ્ધિમત્તા, નીતિમત્તા તથા સાહસિકતાનું નિર્માણ કરે તો જ સંસ્કૃતિની રચના અને પુનર્રચના થતી રહે.**

સર્વોદયી જીવનશૈલી એટલે કે રચનાત્મક નાગરિકધર્મની ફિલસૂફીમાં આચાર્ય જેક્સ સહકારના પરિબળને ગેમચેન્જર માને છે. એમણે સર્વોદયની મીમાંસામાં જેને 'સહકારનું મનોવિજ્ઞાન' કહી શકાય તેવું તદ્દન નવતર અને અભૂતપૂર્વ પ્રકરણ ઉમેર્યું છે. એમના ચિંતનનું ગૌરીશંકર અહીં છેઃ માનવપ્રેમનો ઉદ્ભવ કામકાજ દરમિયાન સહકર્મીઓના સહકારમાંથી થાય છે. સહકાર એટલે ઉદ્યમી નાગરિકોની સંકલ્પશક્તિને એક જ તરફ વહેતી કરવી તે(૨૨૯). કામકાજ જેવા ભૌતિક વ્યવહારનું શિખર માનવપ્રેમ છે તેની પ્રતીતિ આપણને આપણા કર્મક્ષેત્રમાં થઈ જ હશે. કેટલા બધા લોકો આપણા મિત્ર બન્યા અને આપણે પણ કેટલાના મિત્ર બન્યા- તેનું સ્મરણ જ સહકારના મનોવિજ્ઞાનની સાબિતી છે. આગળ સમજાવતા જેક્સ જે વિધાન કરે છે તે આપણા માટે ચેતવણી અને માર્ગદર્શન બન્ને છેઃ બે માનવ પ્રાણીની કામના કે આકાંક્ષા અસ્થિર હોય છે. એમાં ત્રીજું પરિબળ 'સહકાર' ન ભળે તો વખત જતાં તે કામના બુઝાય જાય છે(૨૪૬). અર્થાત માનવપ્રેમને રોજરોજ જીવંત રાખનાર અને કોહવાઈ જવા ન દેનાર સંજીવની છે સહકાર દ્વારા થતું ડ્રિપ ઈરિગેશન. સહકારનો ત્રીજો સિદ્ધાંત માનવ ઇતિહાસમાંથી તારવીને આચાર્ય વર્ણવે છેઃ 'સહકાર સુખદાયક સ્થિતિમાં કમ અને દુઃખદાયક સ્થિતિમાં વધારે દૃઢ થાય છે.' પડકારોનું નિર્દેશન કરવા સૌ હાથ મિલાવે છે તેમાંથી synergy—સહઉર્જાનો જન્મ થાય છે. આ બળ વ્યક્તિઓને રચનાત્મક બનાવે છે અને ઉત્તમતા તરફ લઈ જાય છે. ભારતીય સર્વોદયમાં 'સહયોગ'ની આટલી યથાર્થ અને માનવીય મીમાંસા થઈ છે ખરી? અને આચાર્યે આ પુસ્તકની બીજી આવૃત્તિ વખતે એનું જૂનું શીર્ષક રદ કરીને The Art of Living Together શા માટે રાખ્યું હશે તે પણ હવે સમજાય છે ને?

સભ્ય સમાજના ઇતિહાસમાં વિવિધ સમુદાયો અને સંસ્કૃતિઓએ સમૂહજીવનની ઉત્તમ સ્વચાલિત વ્યવસ્થા સ્થાપિત કરવા માટેના પ્રયોગો કર્યા તેમાંથી આપણને ૧૭મી સદીમાં 'ટ્રસ્ટીશીપ'ની વિભાવના પ્રાપ્ત થઈ. ટ્રસ્ટીશીપની એક અર્થચ્છાયા confident expectation છે તે જેક્સની વિચારણામાં રચનાત્મક નાગરિકધર્મની માસ્ટર કી છે.

આ પુસ્તકમાં જેક્સ જે રીતે ટ્રસ્ટીશીપની પ્રક્રિયાને પ્રગટ કરે છે તેમાં તેમની અટલ શ્રદ્ધા અને ચિંતનને સાકાર કરનાર કૃતિશીલતાનો પરિચય થાય છે. આચાર્ય જેક્સ ખોંખારીને વદે છેઃ હવે હું નીચેનો સિદ્ધાંત સ્થાપવાની હિમ્મત કરું છુંઃ માણસ જન્મથી જ ટ્રસ્ટી છે. ટ્રસ્ટીપણું એ નાગરિકધર્મનું જુદું નામ છે. આ નાગરિક સારામાં સારી રીતે કામ કરશે તેવો વિશ્વાસ જેની પર મૂકી શકાય તે ટ્રસ્ટી. નાગરિક થવું એટલે જ સક્રિય રીતે જવાબદાર થવું. માત્ર ટ્રસ્ટી જ સમાજ અને સંસ્થાઓમાં કાયમીપણું લાવી શકે. કેમ કે તે કાળ-બુદ્ધિથી વિચારે છે. માલિક તો વ્યવસ્થા કે નીતિ વિશે દશ્ય-બુદ્ધિથી જ વિચારે. તેનાથી નૈતિકતાનું પ્રવર્તન ન થાય. જ્યારે ટ્રસ્ટી મળતા બંધ થાય ત્યારે સંસ્કૃતિ પડી ભાંગે છે(૧૬૫). આ અવતરણનું અર્થઘટન વાચકે પોતાની સક્રિયને જવાબદારીભરી કાળબુદ્ધિથી કરી લેવું. આપણને મળેલા ઉત્તમથી માંડીને અધમતમ ટ્રસ્ટીઓને યાદ કરી લેવા. ને તેના પ્રકાશમાં આપણા સમાજનું ભાવિ કેવું હશે તેનો અંદાજ માંડી મનમાં ખુશખુશ થઈ જવું કે ખરખરો કરી લેવો.

આચાર્ય જેક્સ આ પ્રમુખ ચિંતન-મુદ્દાઓને ધાર કાઢવા અને તેને વિશાળ પરિપ્રેક્ષ્યમાં વિશદ રીતે સમજાવવા માટે સામાજિક વીરતા, ફુરસદનું અર્થશાસ્ત્ર, ઉદ્યોગોનો

વહીવટ, ગુણવિકાસ, તથા સામાજિક ખેંચતાણ જેવા વિષયોને પણ ચિંતનશાળ પર ચઢાવે છે. તેની સમજ મેળવવા જિજ્ઞાસુ વિદ્યાર્થીઓએ આ પુસ્તક શોધીને તેનો અભ્યાસ કરી લેવો.

આ ૩૦૦ પાનના પુસ્તકનું વાચન કરીએ ત્યારે આચાર્ય જેક્સના ક્લાસમાં બેસીને સર્વોદયની જીવનકળાનો ૧૮તાસ(પ્રકરણ)નો કોર્સ ઓફલાઈન કરતા હોઈએ તેવી જીવંત અનુભૂતિ થાય છે. એમના દૃષ્ટાંતો, ચિંતન બિંદુઓ, દલીલો, વાસ્તવિક જીવનનાં ઉદાહરણો, રસપ્રદ વાર્તા-પ્રસંગો, ને વિદ્વત્તાભર્યા અઢળક સંદર્ભો તો સંભળાય જ છે. ઉપરાંત તેમની કહેણીની રીત, કટાક્ષો, સુવિચારની રત્નકણિકાઓ, વિદગ્ધ વાક્યરચનાઓ અને નવાનવા શબ્દો બનાવવાની આવડત- આ બધું આપણને બૌદ્ધિક અને ભાવાત્મક રીતે જકડી રાખે છે. વળી, તેમની પ્રતિબદ્ધતા અને જુસ્સાથી વીંઝતાં સૂચનો-પરામર્શનો આપણને સક્રિય નાગરિક થવા માટે થનગનાટ આપે છે.

મને કહેવા દો કે આ પુસ્તકના ઝીણવટભર્યા વાચનને કારણે મારા ઘણા વિચારો અને સમજનું ગુંફન થયું છે.

આચાર્ય જેક્સની મેધાની તેજતર્રાર ચિંતન-ચિનગારીઓ અને તરોતાઝા શબ્દાવલીઓથી આફરીન...આફરીન... થવાયું છે. ફીર ભી દિલ કહેતા હૈ : "આને હજુ એક વાર વાંચવું પડશે!"

જેક્સ ગુરુને સાષ્ટાંગ પ્રણામ!!

(શિક્ષણ અને સંશોધનના અડંગ અભ્યાસી – અમાપ વાચક – ગાંધીજીવન જીવનાર શિક્ષક.

Email - mahendra.chotalia@gmail.com, વલ્લભવિદ્યાનગર Mo. :૯૮૭૯૫૨૮૧૨૯)

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી ભારત આવી કોચરબમાં આશ્રમ સ્થાપ્યો, ત્યારે તેમાં સૌથી પહેલાં જોડાનારા વિનોબા હતા. ૭ જૂન ૧૯૧૬ એ ગાંધીજીને એ કોચરબ આશ્રમમાં પહેલી વાર મળ્યા, અને ત્યાં જ રહી ગયા. કાકાસાહેબ કહેતા, 'અમારામાં વિનોબા 'સિનિયર મોસ્ટ' આશ્રમવાસી.'

ગાંધી-વિનોબા વચ્ચે દિવ્ય પ્રેમનો ગાઢ નાતો સતત પાંગરતો રહ્યો. વિનોબા કહેતા, 'મેં ઘર છોડ્યું, ત્યારે બંગાળની વંદેમાતરમની ક્રાંતિની ભાવના મને ખેંચતી હતી, અને બીજી બાજુએથી હિમાલયની સાધના ને શાંતિ મને તાણતી હતી. કર્મસંજોગે હું ગાંધીજી પાસે પહોંચ્યો. ગાંધીજી પાસે મને હિમાલયની શાંતિ પણ મળી અને બંગાળની ક્રાંતિ પણ જડી. એમની વિચારધારામાં ક્રાંતિ અને શાંતિ બંનેનો અપૂર્વ સંગમ થયો હતો.'

ગાંધીજી પણ પહેલેથી જ વિનોબાનું હીર પારખી ગયેલા. ઠેઠ ૧૯૧૭માં દીનબંધુ એન્ડ્રુઝ સાથેની વાતચીતમાં એમણે વિનોબા વિશે કહેલું : 'આશ્રમનાં દુર્લભ રત્નોમાંના આ એક છે. તેઓ આશ્રમને જ પોતાના પુણ્યથી સીંચવા આવ્યા છે. પામવા નથી આવ્યા, આપવા આવ્યા છે.'

વિનોબાનું મૂળ નામતો વિનાયક. મહારાષ્ટ્રમાં વિઠોબા, જ્ઞાનોબા, તુકોબા વગેરે લાડકાં નામો પ્રચલિત છે, એટલે આ 'વિનોબા' નામ સહેજે લોકજીભે ચઢી ગયું.

એક-બે વાર પત્રમાં વિનાબાએ ગાંધીજીને લખેલું: 'ઈશ્વર મારી પાસેથી સેવા લેશે કે ?... આ દુનિયામાં આપના આશીર્વાદ વિના બીજું બધું શૂન્ય છે... આપના મહાયજ્ઞની આહુતિ બની જવાની યોગ્યતા ઈશ્વર પાસે આ સેવકને અપાવજો.' ત્યારે જવાબમાં ગાંધીજીએ લખ્યું : 'તમારો પ્રેમ અને ચારિત્ર મોહમાં ડુબાડી દે છે તમારી ભક્તિ અને શ્રદ્ધા આંખમાં ખુશીનાં આંસુ આણે છે. હું તેને લાયક હોઉં કે ન હોઉં, પણ તમને તો તે ફળશે જ. તમે મોટી સેવાનું નિમિત્ત બનશો તમને ઈશ્વર દીર્ઘાયુષી બનાવો અને તમારો ઉપયોગ હિંદની ઉન્નતિને સારુ થાઓ!'

ગાંધીજીના આ આશીર્વાદ પૂર્ણપણે સાર્થક થયેલા જોઈ શકાય છે. વિનોબા દેશ-દુનિયાની મોટી સેવાનું નિમિત્ત બન્યા. ગાંધીજીનો મહાયજ્ઞ એમણે આગળ ચલાવ્યો.

## ૨૫. ત્યાગીને ભોગવવાનો દીક્ષામંત્ર શીખવતી કૃતિઃ 'અનટુ ધિસ લાસ્ટ'

દર્શના ધોળકિયા

મહાત્મા ગાંધી 'અનટુ ધિસ લાસ્ટ' વિશે આત્મકથામાં લખે છેઃ પોલાક મને મૂકવા સ્ટેશન ઉપર આવેલા ને ' આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય તેમ છે. તે વાંચી જજો. તમને ગમશે.' એમ કહી તેમણે રસ્કિનનું 'અનટુ ધિસ લાસ્ટ' મારા હાથમાં મૂક્યું. આ પુસ્તકને લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી લીધો... પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો મેં ઈરાદો કર્યો... જે થોડાં પુસ્તકો મેં વાંચ્યાં છે તેને હું ઠીક પચાવી શક્યો છું, એમ કહી શકાય એવાં પુસ્તકોમાં જેણે મારા જીવનમાં તત્કાળ મહત્ત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો, એવું તો આ એક જ પુસ્તક કહેવાય.' (પૃ.૨૭૨)

પ્રસ્તુત કૃતિમાંથી પસાર થતાં કોઈપણ જીવનનિષ્ઠ સહૃદય ગાંધીજીનાં આ અભિપ્રાય સાથે તંતોતંત સહમત થાય. એવી જીવનોપાસના અર્થશાસ્ત્રના સિદ્ધાંતોનું મૌલિક મૂલ્યાંકન કરતાં આ પુસ્તકમાં પડેલી છે.

૮, ફેબ્રુઆરી-૧૮૧૯ના રોજ લંડનમાં જન્મેલા જહોન રસ્કિન એમનાં માતા-પિતાનું એક માત્ર સંતાન હતાં. ઊંડી વિદ્યાપ્રીતિ ધરાવતા રસ્કિને બાળપણથી બાઇબલથી માંડીને એમના યુગની ઉત્તમ કૃતિઓનો અભ્યાસ કરેલો. નાનપણથી જ રસ્કિને સમાજજીવનને પ્રેમ કર્યો. વિવિધ કલાઓ ને રમતોમાં રસ ધરાવવા છતાં તેમનું ચિત્ત સત્યની શોધ ભણી ઢળ્યું ને સામાજિક વ્યવસ્થામાં જીવનનો આદર થાય એવા આશયથી પ્રેરાઈને તેમણે ૧૮૬૨માં આ કૃતિ દ્વારા અર્થશાસ્ત્ર ઉપર આલોચનાત્મક નિબંધો લખ્યા. આ કૃતિનાં મૂળમાં 'વેતનમાં ન્યાય પામવાનો હક્ક જેટલો પહેલાને છે, તેટલો જ છેલ્લાને પણ છે 'એ બાઇબલનું દૃષ્ટાંત પડેલું છે.'

આ કૃતિ વિશે રસ્કિન પોતે નોંધે છે તેમ... આના વિશે વાચકોનો તીવ્ર પ્રત્યાઘાત રહ્યો છે તેમ છતાં રજમાત્ર શંકા વગર હું કહીશ કે આ ચાર નિબંધો મારાં આજ સુધીનાં તમામ લખાણમાં સૌથી વધુ ઉત્તમ છે. તેનો શબ્દેશબ્દ સાચો છે અને સર્વોત્કૃષ્ટ સત્યને જ આ નિબંધો રજૂ કરે છે. આના જેટલું પ્રસ્તુત અને સુસંગત મારે હાથે હજુ સુધી બીજું લખાયું નથી કે આની પાછળની મહેનત જોતાં તો હવે પછી ભાગ્યે જ ફરી કદી આવું મારાથી લખાશે, એમ કહું તો ખોટું નથી.

આ લખાણનો પ્રથમ ઉદ્દેશ સંપત્તિની એક સ્પષ્ટ ને સ્થિર વ્યાખ્યા આપવાનો છે. બીજો હેતુ તે નીતિમત્તાનાં કેટલાંક ધોરણોનું પાલન કરીને જ સંપત્તિ પ્રાપ્ત કરી શકાય, એ બતાવવાનો છે. તે માટે પ્રામાણિકતા અનિવાર્ય છે. ચારિત્ર્યમાં પ્રામાણિકતા કેળવવી દરેક વ્યક્તિ માટે શક્ય છે તથા રોજના વ્યવહારમાં તેને અમલમાં અવશ્ય મૂકી શકાય, એવી દઢ ખાતરી રાખીને તેનું સતત પાલન કરવું એ તેની સર્વપ્રથમ મહત્ત્વની બાબત છે. પ્રસ્તુત કૃતિ અર્થશાસ્ત્રને પ્રગટ કરતાં ચાર નિબંધોમાં વહેંચાયેલી છે. જેનો પહેલો વિચાર સમાજનો આધાર પ્રેમમય જીવન છે. આ માર્ગ સ્વીકારીને ચાલતી વ્યક્તિઓ કે વ્યવસાયો અન્યની સંપત્તિ છીનવી લેવાની પાશવી વૃત્તિને ત્યજે છે અને એવી જ વ્યક્તિઓ સમાજમાં સન્માન પામે છે.

રસ્કિન અવલોકે છે તેમ અર્થશાસ્ત્રમાં ગણાવેલ તમામ પ્રેરક-ચાલક પરિબળોની પૂર્વધારણાઓને અર્થશાસ્ત્રી ફગાવી દે નહીં ત્યાં સુધી પ્રેમભાવમાં રહેલી પ્રેરક-ચાલક શક્તિને તે પૂરેપૂરી સમજી પણ શકે તેમ નથી. કહ્યું છે ને, જે પોતાની જાતને બચાવવા જશે તે ખોશે અને જે ખોવા માટે તૈયાર હશે તે જ મેળવશે, એ જેમ બીજે સાચું છે તેમ

અહીં પણ સાચું છે.

બીજા નિબંધનો વિચાર છે સુખી જીવન સંપતિના કેન્દ્રમાં છે. આ વાત જે સમજતો નથી તેને માટે વ્યંગાત્મક ભાષામાં રસ્કિન નોંધે છે... આજના અર્થશાસ્ત્રીની રીતે તમારી જાતને ધનવાન બનાવવાની જે કલા છે તે તમારા પડોશીને ગરીબ રાખવાની કલા પણ છે.

ત્રીજા નિબંધનો વિચાર છે ન્યાયનો નૈતિક અમલ થવો જોઈએ તેમ જ સંપત્તિની સમાનતા દર્શાવવી એમાં જ સમાજનું હિત રહેલું છે. અર્થાત્ આપણે જો કાયદેસર પૈસાદાર થઈ શકીએ તો તેની રીત પણ ન્યાયી હોવી જોઈએ. આ ન્યાય એટલે માણસે મારી-મચડીને બનાવેલો કાયદો નહીં પણ નિર્ભેળ ન્યાયનો, દિવ્યતાનો કાયદો. આ પ્રકારના ન્યાયના અમલ માટે કોઈ ન્યાયાધીશની જરૂર નથી પણ એ માટે સમાજની વ્યક્તિઓ એવી દૃષ્ટિવાળી થાય એ જ જરૂરી છે. આ સિદ્ધાંતને વિગતે સમજાવતાં રસ્કિન કોઈ અવતારી વ્યક્તિને છાજતી વાણી ઉચ્ચારતાં નોંધે છે. સુશાસન અને સહકારિતા એ સર્વ વાતે જીવનશાસ્ત્રના સોનેરી કાયદા છે, ત્યારે અરાજકતા અને હરીફાઈ એ મોતને નિયત કરનારા અફર નિયમ છે.

આપણા ધર્મગ્રંથોના જે શબ્દેશબ્દને આપણે દિવ્યવાણી કહીએ છીએ, તેમાં તો પૈસા માટેના પ્રેમનો સરાસર ઇન્કાર કરવામાં આવેલો છે. તેમાં પૈસાને જ સઘળાં દુઃખ-પાપનું મૂળ ગણાવેલ છે. પૈસો દેવો વડે તિરસ્કાર પામેલો જીવતો જાગતો અસુર છે એમ આ ધર્મગ્રંથોમાં પોકારી પોકારીને કહેવામાં આવેલું છે, તેમ છતાં આપણે તો ઈશ્વરને વિસારી દઈએ છીએ અને લાલસાના એ દૈત્યની ઉપાસનામાં ડૂબેલા રહીએ છીએ. પૈસાની વાત આવતાં આપણાં શાસ્ત્રોને પગલે આપણે પણ છે તેને પાપાસુર કહી ભાંડીશું તો ખરા અને વળી ગરીબાઈની પવિત્રતાનાં ગુણગાન પણ કરીશું, પણ પછી એ જ આપણે, ટૂંકામાં ટૂંકા રસ્તે રાષ્ટ્રને ધનિક બનાવવાને, સંપત્તિના વિજ્ઞાનની ખોજ પણ આદરી દઈશું. આમ કહેતાં રસ્કિનને આવા સમાજજીવનની ભારે ચિંતા છે.

ચોથા નિબંધનો મૂળ વિચાર છે વ્યાજ નહીં પણ જીવનલક્ષી સિદ્ધાંતના પાયાવાળું અર્થશાસ્ત્ર જ આવશ્યક છે. આ વિચારને દઢાવતાં રસ્કિન સમજાવે છે તેમ, આ રીતે સાચા અર્થશાસ્ત્રને હીન વર્ણસંકર જેવા આજના અર્થશાસ્ત્રથી જુદું તારવવાનું છે; જેમ વૈદકીય વિદ્યાને દોરાધાગાની કરામતથી, જેમ ખગોળવિજ્ઞાનને જ્યોતિષથી. સાચું શાસ્ત્ર તો રાષ્ટ્રને શીખ આપે કે જેથી જીવન બલવત્તર બને તેની ઝંખના કરો, તે માટે શ્રમ કરો. જીવનને જે વિનાશ તરફ ઢસરડી જાય છે અને જે નુકસાનકારી છે તેનો સદંતર નાશ કરો, તેને ધુત્કારી જ કાઢો.

એકબીજા સાથે જો વિનિમય કરવા જેવું કંઈ હોય તો તે પ્રેમ છે, વિશ્વાસ છે, શાંતિ છે. આ ચાલુ અર્થશાસ્ત્ર સોનું,ચાંદી, લોઢું, હીરા, માણેક વગેરે વિનિમય કરવાને યોગ્ય છે, લેવડદેવડને યોગ્ય છે, એમ કહે છે. વિનાશના યમદેવ, તૃષ્ણાનો ખાલી પ્યાલો સામો ધરે છે. એમ કરીને એ માણસને અભિમાન કેવું છે તેનું ભાન કરાવે છે. સમૃદ્ધિની દેવી શ્રી છે. તૃપ્તિ અને સંતોષના આભૂષણથી એ વિભૂષિત છે. એ તો કહે છે, 'જે મારી ઉપાસના કરશે તેને સાચી સમૃદ્ધિ મળશે અને હું તેના ભંડાર અખૂટ ભર્યા રાખીશ.'

સેવિંગ્ઝ બેંકમાં ખાતું હોય તે સારી વાત, પણ સાચી શ્રી-લક્ષ્મી એટલે શું તે તો સમજવું રહ્યું, એ સાચા ધનની દેવી તે આરોગ્યની દેવી કરતાં જુદી નથી. એ જ્યારે મળે છે ત્યારે જ તેનો 'સંપત્તિ' એવો અર્થ થાય છે. તેની વ્યાખ્યા હવે આપણે બાંધવાની છે.

શ્રીમંતો પ્રત્યે કંઈક નારાજગીના સૂરમાં અભિવ્યક્ત થતા રસ્કિનનું મંતવ્ય છે તેમ, કેટલાક લોકોને આપણે શ્રીમંત કહીએ છીએ.પણ ખરેખર એ પોતાની તિજોરીને મારેલાં તેમનાં તાળાં કરતાં વધુ શ્રીમંત નથી.આવા લોકો શ્રીમંત હોઈ શકે જ નહીં અને તેમનાથી શ્રીમંતાઈ જીરવી શકાય

પણ નહીં. રાષ્ટ્રના હિતની દૃષ્ટિએ જોઈએ તો આ લોકો એક ખાબોચિયાના ગંધાતા સ્થગિત બંધિયાર પાણી જેવા છે. નદીનો પ્રવાહ જ્યાં સુધી ચાલુ છે ત્યાં સુધી આહ્‌લાદક છે, તેનો ઉપયોગ થઈ શકે છે. નદીનો પ્રવાહ રુંધાઈ જતાં તેના વમળની ઘુમરીમાં ફસાઈને ડૂબી જવાય. એ પાણીને

**આજના અર્થશાસ્ત્રીની રીતે તમારી જાતને ધનવાન બનાવવાની જે કલા છે તે તમારા પડોશીને ગરીબ રાખવાની કલા પણ છે.**

વહન આપીને તેના પર ચક્કી મૂકી તેનો ઉપયોગ કર્યો એમ કહેવાય. ધોધ પડે ત્યારે પણ તેનો ઉપયોગ થાય. સંપત્તિનું પણ તેવું જ છે. આમ, ઉપર કહી તે સંપત્તિ નહીં પણ વિપત્તિ કહેવાય. તેની આજુબાજુ વિનાશના અનેક ખડકલા જોવા મળે છે. આવું છે તેનું અવરોધાયેલું સ્વરૂપ. એ જ આપણને જોવા મળે છે.

રસ્કિનનો ભોગવાદી સમાજ પ્રત્યે પ્રશ્ન છે તેમ... ભૌતિક મૂલ્યોનો મોહ ઉમદા ચારિત્ર્યને નીચે ઉતારે છે, એ વળી તેની બીજી બાજુ છે, એટલે આપણો ઉદ્દેશ હવે એ તપાસવાનો રહ્યો કે સંપત્તિના ભોગવનારના ચિત્ત પર તેની શી અસર થાય છે? કેવા પ્રકારની વ્યક્તિ એ આકાંક્ષા સેવે છે? અને તેની સફળતા કોને મળે છે? આ દુનિયામાં થતી પ્રગતિ માટે, તેમાં થતી નવી શોધખોળ માટે, તેમાં ઉત્પન્ન થતા માલસામાન માટે, આ બધાં માટે આ જગત કોનું ઋણી છે? એક, જે ગરીબ છે તેનું કે એક, જે શ્રીમંત છે તેનું?

સાચું અર્થશાસ્ત્ર ઘડતા સિદ્ધાંતો રસ્કિનને મતે આ છે... કોઈપણ ખરું અર્થશાસ્ત્ર ગૃહજીવનના કાયદાઓમાંથી નીપજતું શાસ્ત્ર છે. એના કાયદાઓના અનુશાસનને કડક બનાવો. એના નિરૂપણને સરળ બનાવો અને તેના કાર્યક્ષેત્રને ઉદાર બનાવો. બગાડ અને દુર્વ્યય અટકાવો તથા અર્થહીન આગ્રહ કે ગ્રંથિ સેવો નહીં. પૈસો વધુ પેદા કરવાની ખેવના રાખો નહીં પણ તેનો પૂરેપૂરો સાર્થક ઉપયોગ કેમ થાય તે માટે જાગ્રત રહો. એક પાસે હોય તે બીજા પાસે હોવું જોઈએ એમ બનવાનું શક્ય નથી. જે કંઈ વાપરીએ છીએ તેનો કણેકણ અમોલા માનવજીવનની ક્ષણક્ષણ વડે નિર્માણ પામ્યો છે. તેનો વપરાશ એટલે તેટલા ભાગ પૂરતા માનવ જીવનનો જ વપરાશ, તેનો જ ઉપભોગ અને તેનો જ વ્યય. તે જો આપણી સામે રહેલા આ માનવજીવનને બચાવવા, સાચવવા કે સમૃદ્ધ કરવાના હેતુમાં કામ લાગે તેમ હોય તો તે વપરાશ-ઉપભોગ યોગ્ય છે. પણ તેવા કોઈ હેતુમાં તે વપરાશ-ઉપભોગ જો કામ લાગતાં ન હોય તો તેવા વપરાશ-ઉપભોગને પરિણામે એમાં સમાયેલ માનવજીવન માટે સર્જાય છે યા તો ગૂંગળામણ યા તો વિનાશ.

સમાજને સર્વોદયનો સિદ્ધાંત શીખવતા ઋષિ રસ્કિનનો અંતિમ સંદેશ એમના ભાષાપ્રભુત્વનું ઉત્તમ દૃષ્ટાંત બની રહ્યું છેઃ 'આંખ આડે આવી ગયેલાં આવાં પડળ હિંમતપૂર્વક દૂર કરો. ખુલ્લી આંખ રાખી પ્રકાશની સન્મુખ જુઓ. શરીર પરની મરણ-પછેડીના કફનનો કટકો દૂર કરી દો. આંખને આંસુથી ધોઈને આંખનું તેજ સતેજ કરો. પ્રભુ ઈશુએ કહ્યું છે તેમ 'સૌને સૌના ભાગનો રોટલાનો ટુકડો મળી ન રહે અને સૌથી નબળામાં નબળાને તેનો ભાગ મળે નહીં ત્યાં સુધી તને કે તેને શાંતિ મળે નહીં...'

આજીવન મૂલ્યોની અખંડ ઉપાસના કરનાર રસ્કિને પોતાના સિદ્ધાંતોને સમજનાર ને ઝીલનાર વ્યક્તિની અપેક્ષા કરતાં ૧૮૬૧માં ઉચ્ચારેલું, 'શાંતિના નીરવ આહ્‌લાદને સમર્પિત ધ્યેયવાળા, આત્મગૌરવની કાંતિ વડે ઓપતા, આત્મસંયમની સર્વોપરી સંપત્તિમાં પરમ સમૃદ્ધિ માનનારા, ભારે મોટી ધનસંપત્તિઓના ખજાનાઓ પાછળ નહીં ભટકનારા પણ ચિત્તની નિર્મળ શાંતિના અખંડ આનંદની ખોજમાં રાચનારા, આલીશાન સંપત્તિઓની ભવ્યતાની ઝંખના નહીં સેવનારા પણ સરળ સાદગી ભરેલી જીવનની તરેહવાર રોજિંદી વિવિધતાઓના આનંદમાં પ્રસન્ન રહેનારા, જગતને જીતીને મળતી મહાનતા મળે કે નહીં તે

ઈશ્વરને આધીન છોડીને પોતે તો કેવળ તેના આ જગતમાં જીવન જીવવા મળેલ જિંદગીને પ્રભુનું વરદાન સમજીને તેના આનંદમાં મગ્ન રહેનારા, એવા, સ્વયં પોતાના જીવન વડે જગતને ઉદાહરણરૂપ બની રહેનારા લોકોની આજે આપણને ખાસ જરૂર છે.' જેની સાર્થકતા મહાત્મા ગાંધી દ્વારા સિદ્ધ થઈ ને આ પુસ્તકની ઉત્તમ ફલશ્રુતિ રસ્કિનને સાંપડી.

આ પુસ્તકને ગુજરાતીના મૂર્ધન્ય સર્જક મનુભાઈએ એક જ વાક્યમાં ઉત્તમ અર્ઘ્ય આપતાં નોંધ્યું, 'જે લાખ દેતાં ન મળે તેવાં પુસ્તકોમાં અનટુ ધિસ લાસ્ટ અક્ષયપાત્ર છે.' ને અર્થશાસ્ત્રના પ્રકાંડ પંડિત ડો. દાંતવાલાએ રસ્કિનને અંજલિ આપતા ઉચિત વચનો ઉચ્ચારતાં જણાવ્યું તેમ, 'અહિંસા, ઉપભોગ-જરૂરિયાત પર મર્યાદા અને વિકાસથી થતા લાભમાં સામાજિક સહભાગિતા જેવાં મૂલ્ય એ અનટુ ધિસ લાસ્ટની વિચારધારાનો પાયો છે. આ વિચારધારા વડે વહેલાં કે મોડા, કદાચ મોડા મોડા પણ માનવજાતિ અવશ્ય સમજશે કે ટેક્નૉલૉજીમાં ગમે તેટલી પ્રગતિ થાય, તેમ છતાં અનટુ ધિસ લાસ્ટનો કોઈ વિકલ્પ નથી.'

આ પુસ્તકનો સુરુચિપૂર્ણ અનુવાદ આપીને પ્રો. ચિત્તરંજન વોરાએ ગુજરાતી સાહિત્યને ચરણે આ અમૂલ્ય કૃતિ ધરવાનો યશ મેળવ્યો છે. જેને કારણે આવી ઉતમ કૃતિ સૌને સુલભ બની છે.

(કચ્છ યુનિવર્સિટી ,ભુજના કુલપતિ તરીકે પણ ચાર્જ સંભાળનાર ડો. દર્શના ધોળકિયા ગુજરાતી ભાષા ભવનના પ્રાધ્યાપક અને અધ્યક્ષ છે. અનેક પુસ્તકો દ્વારા તેઓએ ગુજરાતી સર્જકોના જીવનથી આપણને પરિચિત કરાવ્યા છે.

દર્શના ધોળકિયા, પેરિસ બેકરી પાસે, મિન્ટ રોડ, ભુજ - કચ્છ)

(અનટુ ધિસ લાસ્ટ, જૉન રસ્કિન, ભાષાંતર અને સમજૂતી ચિતરંજન વોરા, નવજીવન પ્રકાશન, પુનઃમુદ્રણ ૨૦૧૮, કિંમત રુ. ૧૭૦)

વિનોબાજી સર્વોદયના બે નિયમો બહુ સ્પષ્ટ ભાષામાં સમજાવે છે.

એક સાદી વાત આપણે સમજી લેવાની જરૂર છે તો સહુનું હિત સાધી શકાશે. દરેક વ્યક્તિ બીજાની ચિંતા રાખે, સાથે સાથે એ પોતાની ચિંતા એવી રીતે ન રાખે કે જેથી બીજાને તકલીફ થાય. હકીકતમાં આ સર્વોદય છે.

સર્વોદયનો આ બહુ જ સરળ અને સ્પષ્ટ અર્થ છે અને તેના દ્વારા એ પ્રેરણા મળે છે કે, 'અમે અન્યની કમાઈનું ખાઈશું નહીં, પોતાનો ભાર બીજા ઉપર નાખીશું નહીં.' આપણે આપણી કમાઈનું તો ખાવાનું છે પરંતુ જો આપણે અન્યનું ધન કોઈ પણ રીતે લઈ લઈશું તો એ અન્ય પોતાની કમાઈનું કેવી રીતે ખાઈ શકશે? પોતાની કમાણી અથવા કમાઈનો અર્થ શું છે ખબર છે? પ્રત્યક્ષ પેદાઈશ, પોતે ઉપાર્જિત કરેલું અથવા પોતે પેદા કરેલું.

આ બે નિયમો જો આપણે અપનાવી લઈએ તો સર્વોદય સમાજનો પ્રચાર દુનિયાભરમાં બહુ સરળતાથી કરી લઈશું. (૧) પ્રત્યેક વ્યક્તિ અન્યની ચિંતા કરશે. (૨) એ પોતાની ચિંતા એવી રીતે કરશે કે જેથી તેનો ભાર બીજા ઉપર ન આવે, બીજાને એ તકલીફદાયક ન હોય.

## ૨૬. સંસ્થામાં સર્વોદય : બ્રહ્મવિદ્યા મંદિર : એક અભિનવ પ્રયોગ

જ્યોત્સ્ના

ભારતના મહારાષ્ટ્ર રાજ્યમાં વર્ધા. વર્ધાથી દસ કિ.મી. દૂર ધામ નદી કિનારે પવનાર ગામ. નદીના સામે કિનારે નાનકડી એવી ટેકરી પર બ્રહ્મવિદ્યા મંદિર. આ સ્થાનને વિનોબાજીએ ભારતનું મધ્યબિંદુ અને વિશ્વનું કેન્દ્ર કહ્યું છે. જ્યાંથી વિચારોનો ગંગા પ્રવાહ અને પ્રેમના ઝરણાં વહ્યા કરે છે.

ગાંધીજીએ બહેનોને ચાર દીવાલોમાંથી બહાર કાઢી. સમાજસેવાના કામમાં અને સત્યાગ્રહના કામમાં જોડી. દારૂની દુકાનો પર પિકેટિંગ માટે મોકલી. જેનો તે વખતના સમાજ પર સારો એવો પ્રભાવ પડ્યો. વિનોબાજીએ બહેનોને બ્રહ્મવિદ્યાના ક્ષેત્રમાં પ્રવેશ કરાવ્યો. સ્ત્રીઓને અધ્યાત્મના ક્ષેત્રમાં પ્રતિષ્ઠા અપાવી.

વિનોબાજીની ભૂદાનયાત્રા રાજસ્થાનમાં ચાલી રહી હતી. ભૂદાનયાત્રામાં કાર્યરત બહેનોમાંથી કેટલીક બહેનોએ સાધનામય જીવન જીવવાની માંગણી કરી. વિનોબાજીની ભૂદાનયાત્રાનો પડાવ રાજસ્થાનના 'કાંશીકા વાસ' નામના ગામમાં હતો. ૨૫ માર્ચ, ૧૯૫૯ના દિવસે બ્રહ્મવિદ્યા મંદિરનો પ્રારંભ કર્યો ને બહેનોને માટે બ્રહ્મવિદ્યા મંદિર, પવનારની રચના કરી. સાધક બહેનો આશ્રમમાં અને વિનોબાજી પદયાત્રામાં કૂર્મ દૃષ્ટિએ પત્રો દ્વારા બહેનોને માર્ગદર્શન આપતા રહ્યા. પરમધામ આશ્રમ જે ભાઈઓનું સાધના સ્થાન હતું તે બહેનો માટે બ્રહ્મવિદ્યા મંદિર બન્યું.

બ્રહ્મવિદ્યા મંદિર વિનોબાજીની પ્રતિભામાંથી નીકળેલો અનોખો વિચાર છે. તેની અનોખી પાંચ નિષ્ઠાઓ છે - બ્રહ્મચર્ય, સ્વાધ્યાય, ભક્તિ, શ્રમ અને સામૂહિક સાધના.

**(૧) બ્રહ્મચર્યઃ**

બ્રહ્મચર્ય આપણા દેશની વસ્તુ છે. જેનો આધાર વેદ, ઉપનિષદ, ગીતા, યોગસૂત્ર, બ્રહ્મસૂત્ર, સંતોનાં વચનો, ગુરુવાણીમાં મળે છે અને આ જમાનાનાં મહાપુરુષોનાં જીવનમાં પણ મળે છે. બ્રહ્મચર્ય વેદોથી માંડીને આજ સુધી આપણી સંસ્કૃતિનો ખાસ શબ્દ છે. બ્રહ્મચર્યની બરાબરી કરવાવાળો શબ્દ કે તેનો યોગ્ય અનુવાદ ઠીક બીજી ભાષામાં જોવા નથી મળતો.

આ જમાનામાં સ્વામી દયાનંદ અને વિવેકાનંદે બ્રહ્મચર્યને ખૂબ મહત્ત્વ આપ્યું. ગાંધીજી ગૃહસ્થી હતા પણ તેમણે બ્રહ્મચર્યવ્રતનું પાલન કર્યું ને અનેકોને પ્રેરણા આપી. બ્રહ્મચર્યનો અર્થ છે- વિશાળ ધ્યેય, પરમેશ્વરનો સાક્ષાત્કાર કરવો. જ્યારે કોઈ વિશાળ ધ્યેય સામે હોય છે ત્યારે આચરણ સહેલું બની જાય છે. બ્રહ્મરૂપ પરમ ધ્યેય તેના માટે આચરણ, તેના માટે વાણી, કૃતિ, ચિત્ત પર સંયમ અને તે વિશાળ ધ્યેય માટે ચિત્તની શક્તિઓનો ઉપયોગ કરવો એનું નામ બ્રહ્મચર્ય.

બીજી વાત બ્રહ્મચર્ય માટે, તેની રક્ષા માટે એકાંગી પ્રયત્ન થશે, તો બ્રહ્મચર્ય સધાશે નહીં. બ્રહ્મચર્ય સંપૂર્ણ જીવનને માટે છે. એટલે એક ઇન્દ્રિય નહીં પણ બધી ઇન્દ્રિયોનો સંયમ જરૂરી. જીવનની બધી કૃતિમાં -ખાવા-પીવામાં, બોલવામાં, રહન-સહનમાં, નિદ્રામાં સંયમની જરૂર છે. એટલે કે સર્વે ઇન્દ્રિયોનો સંયમ. સારાંશ સતત સાવધાનીપૂર્વકનો જીવન વ્યવહાર.

બ્રહ્મચર્યની સાધના એટલે સ્ત્રીત્વ, પુરુષત્વ ભાવથી જુદી આત્મતત્ત્વની સાધના. પોતામાં સ્ત્રી અને પુરુષના ગુણોનો વિકાસ કરવાની સાધના. એક જ વ્યક્તિમાં પિતૃત્વ અને માતૃત્વ સંપૂર્ણપણે વિકસિત થાય, તે બ્રહ્મચર્ય.

ભારતીય સભ્યતાનો પાયો સંયમમાં છે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોમાં આવે છે કે જેણે પોતાની ઇન્દ્રિયો, મન પર કાબૂ રાખ્યો છે તેની પ્રજ્ઞા સ્થિર છે. માત્ર ધર્મશાસ્ત્ર જ નહીં પણ રાજનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર એ પણ કહ્યું છે કે પ્રજાની મુખ્ય શક્તિ ઇન્દ્રિયનિગ્રહમાં છે. આ કૌટિલ્યે પણ લખ્યું છે, સમાજને ઉપર ઊઠાવવામાં સંયમ મહત્ત્વનું પાસું છે.

બ્રહ્મચર્ય માનસિક વિષય છે. મનમાં આ વાત આવી જાય કે ઈશ્વરનાં પુત્રો છીએ અને તેમાં આનંદ પ્રાપ્ત કરવો છે. તો બીજી તરફ આપણું ધ્યાન જ જશે નહીં. તો બ્રહ્મચર્ય સ્વાભાવિક, સહજ થઈ જશે. જેમ સૂર્ય સ્વાભાવિક રૂપે ઊગે છે, પ્રકાશ ફેલાય છે, તેમ બ્રહ્મચર્ય આત્માનો સ્વભાવ છે.

બ્રહ્મચર્યની નિષ્ઠા બ્રહ્મવિદ્યા મંદિરની પ્રથમ નિષ્ઠા છે. તેની સાથે એકાદશ વ્રત તો ખરાં જ અને બારમું વ્રત બાબાએ ઉમેર્યું છે, તે છે અનિંદા વ્રત. અધ્યાત્મ જીવનમાં વ્રત પાલન એ આવશ્યક નિષ્ઠા છે.

**(૨) ભક્તિઃ**

બ્રહ્મવિદ્યા એ પૂર્ણ શબ્દ છે. એને ખોલીએ તો કેટલીક બાબતો સામે આવે. પહેલી વસ્તુ ભક્તિ છે. સાધકો માટે ભક્તિથી ચડિયાતો બીજો કોઈ આધાર નથી. અદ્વૈતના હિમાયતી શંકરાચાર્યએ પણ 'भक्तिरेव गरीयसी' ભક્તિ જ શ્રેષ્ઠ સાધન છે તે માન્ય કર્યું છે.

યોગશાસ્ત્રએ પણ ભક્તિને સ્વીકારી છે. ભક્તિની વ્યાખ્યા આચાર્યએ ભલે स्वरूपानुसंधान કરી છે. પરમેશ્વર જ આપણું સ્વરૂપ છે. તેના અનુસંધાન વગર ભક્તિનું કોઈ મહત્ત્વ જ નથી. બ્રહ્મવિદ્યા મંદિરનું વાતાવરણ ભક્તિસભર રહેવું જોઈએ. અહીં ભરત-રામ, શિવ-શંકર, રામ-કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, હનુમાન, ગંગાજી વગેરેની કુલ ૩૨ મૂર્તિઓ છે. તે અહીંની ભૂમિમાંથી ખેતી કરતાં ખોદતાં મળેલી છે. તેના સાન્નિધ્યમાં બધી પ્રવૃત્તિ ચાલે, તે નીરખી રહી છે તેનું ભાન રહે તે ભક્તિ.

ભક્તિમાં સેવા અગત્યની વસ્તુ છે. ઈશ્વર સર્વત્ર છે, બધામાં છે. જે વ્યક્તિ, પશુ, પક્ષી, વૃક્ષ સામે છે, તેની સેવા એટલે ઈશ્વરની સેવા થઈ તેવી ચિત્તની સ્થિતિ બની રહે તે ભક્તિ. માનવદેહ સેવા યંત્ર છે. અતિથિની સેવા તે 'अतिथि देवो भव'ના રૂપે થાય.

સમાજ માટે પોતાનો અહંકાર છોડવો તે મુક્તિ છે, ત્યાગ છે, ભક્તિ છે અને સંન્યાસ પણ છે. અહીં બ્રહ્મવિદ્યા મંદિરમાં ભક્તિને ચિત્તશુદ્ધિનું સાધન ગણવામાં આવે છે. ભક્તિમાં નામ-સ્મરણ, ઉપાસના, પ્રાર્થનાનું વિશેષ મહત્ત્વ છે. તેનાથી ચિત્તશુદ્ધિ થાય છે. નામસ્મરણથી હૃદય પ્રેમમય બને છે. તેથી વિકારો દૂર થાય છે, પ્રભુ પ્રગટે છે.

ભક્તિમાર્ગમાં ભાવનાનું વિશેષ સ્થાન છે. ભક્તિમાર્ગ ભાવનાત્મક છે. આવી ભક્તિ આત્મભાવમાં વૃદ્ધિ કરે છે. કારણ કે ભક્તિ સમજે છે કે બધું જ ભગવાનનું રૂપ છે.

ભક્તની ભૂમિકા એ છે કે તે સુખ-દુઃખને ભગવાનની કૃપા જ માને છે. હરિપ્રસાદ સમજી સ્વીકારે છે. એટલે મનની સમતા સહજ થઈ જાય છે.

ભક્તિ માર્ગ સરળ છે એનો અર્થ એ નથી કે તેમાં કશું કરવાનું કે સહન કરવાનું નથી. વાસ્તવમાં તો તેમાં વધારે ત્યાગ કરવાનો અને સહન કરવાનું થાય છે. પણ તેનું ભાન નથી રહેતું. ભક્તિમાં કષ્ટ પણ આનંદનો એક ભાગ બની જાય છે.

આજ વિજ્ઞાન યુગમાં દાસ્યભક્તિનો જમાનો ગયો અને સખ્યભક્તિનો જમાનો આવ્યો છે. સખ્યભક્તિ, મિત્ર ભાવથી પરસ્પર સહયોગી ભક્તિ. બ્રહ્મવિદ્યા મંદિરમાં સાધકો મિત્રભાવે, પરસ્પર ખુલ્લી ચર્ચા કરી સામૂહિક નિર્ણય લઈ બધા સાથે મળી તેનો અમલ કરે તેનું નામ સખ્ય ભક્તિ. ઈશ્વર સાથે પણ મિત્રનો સંબંધ એટલે પ્રેમનો સંબંધ.

**ગુણ વિકાસ જ ભક્તિ**

ઈશ્વરનું ધ્યાન. ઈશ્વરની ભક્તિ ગુણ વિકાસ દ્વારા કરવાની હોય છે. ઈશ્વર મંગળ ગુણ નિધાન છે. એ મંગળ ગુણોને ગ્રહણ કરીને એટલે ભગવાનની નજીક જઈ શકાય.

ગુણોનો વિકાસ કરી ઈશ્વરના ગુણો સાથે એકરૂપતા સાધવી તે ભક્તિ. ભક્તિ માટે નમ્રતા, સત્યનિષ્ઠા, પ્રેમ જરૂરી છે. ભક્તિ પનપે તેની સાધના બ્રહ્મવિદ્યા મંદિરમાં ચાલી રહી છે.

**(૩) સ્વાધ્યાયઃ**

આત્મપરીક્ષણ, નામ-સ્મરણ, સત્સંગ, સૃષ્ટિ-સંપર્ક આધ્યાત્મિક ગ્રંથોનું પરિશીલન તથા સામાજિક પ્રવાહોનું તટસ્થ અધ્યયન, અવલોકન આ બધાં સ્વાધ્યાયનાં અંગો છે. સ્વાધ્યાય એટલે પોતાનું અધ્યયન, પોતાનું પરીક્ષણ કરવું, પોતાને ઓળખવું કે, 'હું કોણ છું, મારે ક્યાં જવું છે, તે કેટલું દૂર છે, તે માટે શું કરવું જોઈએ' વગેરે. આ તેનો મુખ્ય અર્થ છે. તેની મદદમાં નામ-સ્મરણ આવે છે. તેના પર અપાર શ્રદ્ધા હોવી ઘટે. અંતઃશુદ્ધિ માટે તેનાથી ચડિયાતું કોઈ સાધન નથી.

મહાવાક્યોનું ચિંતન કરવું જોઈએ. નામ છે મહાવાક્ય, પણ આકાર નાના છે.अहं ब्रह्मास्मि, तत्वमसि, अयमात्मा ब्रह्म, प्रज्ञानाम ब्रह्म ચાર મહાવાક્યોના ચિંતનથી પણ સ્વાધ્યાય થાય. વેદ-વેદાંત, બ્રહ્મસૂત્ર, ગીતા વગેરે આધ્યાત્મિક ગ્રંથોનું અધ્યયન પણ સ્વાધ્યાયમાં સમાયેલ છે. વૈજ્ઞાનિક શક્તિ જે કામ કરી રહી છે તેનું અધ્યયન પણ સ્વાધ્યાયની અંતર્ગત આવી જાય છે.

જ્ઞાન-દાતા અંદર બેઠો છે. નિષ્કામ સેવા કરતા રહીશું, બધામાં અંતર્યામીનું રૂપ જોવાની કોશિશ કરીશું તો ધીરે-ધીરે મોહનાં પડ ખૂલી જશે ત્યારે શાસ્ત્રોના અર્થ પણ ખુલશે.

આત્મસ્વરૂપનું મનન-ચિંતન સ્વાધ્યાય છે. અરીસો બનાવવાવાળો જુદી દૃષ્ટિથી અરીસાને જુએ છે. અરીસામાં કોઈ ખામી હોય તો ઠીક કરે છે. તે છે અધ્યયન. પછી તે અધ્યયન રૂપી અરીસામાં પોતાને જોવો, દોષ દેખાય તો તેને દૂર કરી ચિત્ત શુદ્ધ કરી લેવું, તેને સ્વાધ્યાય કહે છે. આપણા દોષોને દૂર કરવા ગ્રંથ રૂપી અરીસાનો ઉપયોગ કરવો જોઈએ. તેનાથી આપણી શક્તિનું ભાન થાય છે.

ઉપનિષદ કહે છે यदयपि एनत शुष्काय स्थाणवे ब्रूयात, जायेरन एव अस्मिन शाखाः प्रशेहेयुः पलाशानीति- જો આ રહસ્ય કોઈ એકાદ સૂકા ઠૂંઠાને પણ કહેવામાં આવે તો તેમાં શાખા ફૂટશે, પાન કોળશે છે. સ્વાધ્યાયની એટલી તાકાત છે, જો આપણે હાંસલ કરી શકીએ.

વિનોબાજીની કલ્પના છે કે બ્રહ્મવિદ્યા મંદિરમાંથી આત્મજ્ઞાની ઉમાઓ નીકળે. એવી ગાર્ગીઓ તૈયાર થાય જેના પ્રશ્નોના જવાબ દેવામાં યાજ્ઞવલ્ક્ય પણ હાર માને. આત્માના બળ પર બહેનો નિર્ભર બને, શંકરાચાર્ય જેવી આજના યુગ રૂપ શાસ્ત્રકાર બને.

**(૪) શ્રમ નિષ્ઠાઃ**

વિનોબાજીએ શ્રમનિષ્ઠાને ખાસ મહત્ત્વની માની છે. બ્રહ્મવિદ્યા મંદિરમાં રોજબરોજના જીવનમાં તેને વણી લેવામાં આવી છે.

પ્રાચીન સમયમાં બ્રહ્મવિદ્યા બે મોરચે લડી છે. પહેલાં, અરણ્યમાં પછી રણક્ષેત્રમાં. આજના યુગમાં લોકો ભૂખે મરે છે તો મજૂરીના ક્ષેત્રમાં તેને લડવાનું છે.

ભારતની બ્રહ્મવિદ્યાનું ઉદ્‌ગમસ્થાન ઉપનિષદ માનવામાં આવે છે, જે જંગલમાં કહેવામાં આવ્યાં છે. બાદમાં બ્રહ્મવિદ્યા રણભૂમિમાં કહેવામાં આવી. ઉપનિષદનું વિકસિત રૂપ ગીતા છે. જે શ્રીકૃષ્ણએ અર્જુનને રણક્ષેત્રમાં કહી.

આજ અણુયુગમાં યુદ્ધ કરવું તે મૂર્ખતા સાબિત થશે. આજે શ્રમની અવગણનાનું જ પરિણામ છે કે અન્નની ઊણપ છે, ભૂખમરો છે. તેથી બ્રહ્મવિદ્યાએ મહેનતના ક્ષેત્રમાં ઉતરવાનું છે.

ગાંધી-વિનોબાજીએ શરીરશ્રમને આધ્યાત્મિક જીવન માટે અનિવાર્ય ગણ્યો છે. બ્રહ્મવિદ્યા મંદિરમાં ઉત્પાદક પરિશ્રમનું પોતાનું ખાસ મહત્ત્વ ગણવામાં આવ્યું છે. મહેનતની ઉપાસના કોઈપણ વ્યક્તિને સમાજના સૌથી છેવાડાના માણસ સાથે જોડે છે.

વિનોબાજીએ પરમધામ આશ્રમમાં ઋષિખેતી,

કાંચનમુક્તિ જેવાં અનેક કર્મો અને તેને બ્રહ્મની ઉપાસના સાથે જોડ્યાં જેથી તે કર્મ વિકર્મ બને અને અકર્મની ભૂમિકાએ પહોંચાડે. શરીરશ્રમ સમાજ નિષ્ઠાપૂર્વક નહીં કરે તો સર્વોદય સમાજનું નિર્માણ નહીં થઈ શકે. શ્રમ આધારિત જીવનશૈલી એટલે સ્વાવલંબન, પરસ્પરાવલંબન અને આત્માઅવલંબનની સાધના બ્રહ્મવિદ્યા મંદિરમાં આ નિષ્ઠા દ્વારા સમાજાભિમુખ સાધનનું સ્વરૂપ સ્થાપિત કર્યું. વિનોબાજી જગતને મિથ્યા નહીં પણ સ્ફૂર્તિમય કહે છે. જ્યાં સર્વોદયનો વિચાર સાકાર થઈ શકે.

આજે પણ અમારું જીવન શ્રમ આધારિત ચાલે છે. ખેતી, ગૌશાળા, શાકભાજીની ખેતી, મૈત્રી પ્રકાશન, સાહિત્ય વેચાણ વગેરે કામોમાં આશ્રમવાસીઓ પ્રવૃત્ત રહે છે. તે બધાં કામોનું મૂલ્ય સમાન ગણવામાં આવે છે. લેખ લખનાર, હિસાબ કરનાર, ખેતીમાં મહેનત કરનાર સૌને કલાકના હિસાબે સમાન મહેનતાણું મળે છે. ફળ- ઝાડની માવજત, શાકભાજીની ખેતી ઋષિખેતીથી કરીએ છીએ. ટ્રેક્ટર-બળદ વગેરેનો ઉપયોગ નથી કરતા. કીટનાશક દવા કે રાસાયણિક ખાતરનો ઉપયોગ નથી કરતા. કોરોના કાળમાં અમે ૩૦ લોકો અમારા દૂધ-દહીં શાકભાજીથી વગર મુશ્કેલીએ રહ્યા.

આશ્રમમાં શ્રમ કરવાવાળા શ્રમિક નહીં પણ શ્રમણ હોય છે. આશ્રમની સફાઈ, રસોઈ, ગૃહકાર્ય વગેરે કામો પણ આશ્રમના ભાઈ-બહેનો મળીને જાતે જ કરે છે. નિયમિત રૂપે ૬૨ વર્ષોથી આ કાર્યો ચાલી રહ્યાં છે. વિનોબાજીએ સફાઈ માટે સૂત્ર આપ્યું છે - સત્ય, સ્વચ્છ, સુંદર અને પવિત્ર. આપણી અંદર-બહારની સફાઈ માટે આ સૂત્ર ધ્યાનમાં રાખવાથી આપણે ક્યાં છીએ તેનો ખ્યાલ આવે છે.

**(૫) સામૂહિક સાધનાઃ**

વિનોબાજીનો અધ્યાત્મના ક્ષેત્રમાં મળેલો મૌલિક વિચાર સામૂહિક સાધનાનો છે. આશ્રમમાં સામૂહિક સાધનાનો પ્રયોગ મુખ્ય ચીજ છે. એક માતાનાં બાળકો, એક ગુરુના શિષ્યો, એક વિચારના વાહક, એક પરમેશ્વરનાં બાળકો, એક બ્રહ્મના આકારો -આ રીતે ઉત્તરોત્તર ભૂમિકાઓમાં અનેક પ્રકારની એકતા થાય છે સમૂહજીવન સાધનાને કેન્દ્રમાં રાખી જીવાય.

સામૂહિક સાધનાનો આરંભ જ મોક્ષ એટલે અહમમુક્તિથી થાય છે. આવડી મોટી વસ્તુ હાંસલ કરવા માટે પૂર્ણ શક્તિ લગાવી પડે. મારો વિકાસ, મારું યોગદાન, મારી ગતિવિધિ, મારી ખેતી, મારો વિચાર, આ બધો મારો ભાવ દૂર કરીને તો સામૂહિક સાધનાનો પ્રારંભ થાય. મારી ઉન્નતિ જેને લોકો આધ્યાત્મિક નામ દે છે, તેનો આત્માની સાથે સંબંધ જ નથી. આત્મા તો વ્યાપક છે. એટલે હુંપણું, મારાપણું આ બધાને ધામ નદીમાં પધરાવી બ્રહ્મ વિદ્યામંદિરમાં પ્રવેશ કરો. જેમ, સંન્યાસી બનતા પહેલાં પોતાની ઉત્તર ક્રિયા કરી બધા સંબંધો કાપી નાંખવાના હોય છે. સંન્યાસ એટલે તોડવું, છોડવું, છૂટી જવું. બ્રહ્મવિદ્યા મંદિર છે સંન્યાસત્વનો સામૂહિક પ્રયોગ કરવાનું સ્થાન.

'હું'ને આપણામાં ઓગાળવાનું, પછી આપણો લય પરમાત્મામાં કરવાનો છે. જેમ ગાયત્રી મંત્રમાં માંગ કરી છે -'અમારી બુદ્ધિને પ્રેરણા દો. હો અગ્નિદેવ, તું અમને કલ્યાણ માર્ગ પર લઈ જા.' એકલા પ્રાર્થના સમૂહ માટે કરે છે, તેમ હવેના યુગમાં પૂરો સમૂહ સાથે મળીને સાધના કરે તો એક વિશેષ શક્તિ પ્રગટ થાય.

અહીં વ્યક્તિગત સાધના અને સામૂહિક સાધના બંને સાથે ચાલશે. એક હદ સુધી કામ, ક્રોધ વગેરે વિકારોને જીત્યા છે, તે જ સામૂહિક સાધના સારી રીતે કરી શકે.

પરસ્પર પ્રેમ અને વિશ્વાસ અને આદર હોય, જેમ શરીરના અવયવોમાં હોય છે. પ્રત્યેક અવયવની પોતાની શક્તિ છે પણ પ્રત્યેક અવયવ જાણે છે કે હું શરીરનું એક અંગ છું. તેમ જ સમૂહની પોતાની શક્તિ હશે અને તે સમૂહનો અંગ હશે. અવયવ કહેવાથી તે ટુકડા બનતા નથી, પણ પૂર્ણ છે. તેમ બધા પૂર્ણ છે અને બધા મળી સામૂહિક પ્રયત્ન કરે તો પરિપૂર્ણ બની જાય. આ આત્માની દૃષ્ટિ છે.

વ્યક્તિગત જીવનને વ્યવસ્થિત કરવામાં સમૂહજીવન મદદરૂપ થાય છે. શરત છે મનથી મુક્ત ચિત્ત બનાવવાનું છે. સામૂહિક પ્રાર્થનાથી વ્યક્તિગત જીવન વ્યવસ્થિત બને છે. તે આપણા સૌનો અનુભવ છે.

સામૂહિક ધ્યાનથી સામૂહિક ચિત્તને શાંતિ મળે છે, સત્સંગતિનો લાભ મળે છે. સામૂહિક સાધના માટે સામૂહિક ધ્યાન છે. આમ આ પાંચ નિષ્ઠા બ્રહ્મવિદ્યા મંદિરની અનિવાર્યતા છે.

કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ, ધ્યાનયોગ વગેરે બ્રહ્મવિદ્યા ઉપાસનાના મહત્ત્વનાં પાસાં છે. અહીંની દિનચર્યામાં તેનો સમાવેશ છે.

જેમ ત્રણ વખત દિવસમાં સંધ્યાવંદના કરતા હોય છે, પાંચ વખત નમાઝ પઢાતી હોય છે, તેમ અહીં દિવસમાં ત્રણ વખત પ્રાર્થના થાય છે. સવારે સાડા ચારે ઈશાવાસ્ય ઉપનિષદ, નામમાળા, એકાદશ વ્રત અને ગીતાઈનો પાઠ. ૧૦ઃ૩૦ વાગે વિષ્ણુ સહસ્રનામ અને સાંજે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વગેરે પ્રાર્થના હોય, ૫ઃ૩૦ વેદ-ઉપનિષદના વર્ગો ચાલે, સંત સાહિત્યનું અનુશીલન ચાલે, પ્રસંગોપાત પ્રવચન, અધ્યયન આદિ ચાલે.

કર્ણાટક, ઓરિસ્સા, બંગાળ, બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, પંજાબ, ગુજરાત, મહારાષ્ટ્ર અને જાપાનની બહેનો આશ્રમવાસી છે. વિવિધ ભાષા, ખાન-પાન, રહેણી-કરણી, આદતો માન્યતાઓની વિવિધતામાં એકતાના દર્શન અહીં જોવા મળે છે.

આશ્રમના દરવાજા પર કોઈ ચોકીદાર નથી. એકાદશી વ્રત પાલન રક્ષક છે. બાબા કુટિમાં બાબાનો ફોટો કે મૂર્તિ નથી. બાબા કહેતા, 'અહીંથી વિચાર અને પ્રેમ પ્રસારિત થતા રહે.' એટલે સમાધિ પર 'ગીતાઈ' અને રામ હરિ સાત અક્ષરો લખેલા છે. જેમાં સંદેશો છે ગાતા રહો, ગીતાઈને રટતા રહો રામ હરિ. 'હૃદયમાં રામ, મુખમાં નામ અને હાથમાં કામ' અહીંની સાધના છે. સવારે ઊઠી સંકલ્પ કરવાનો, દિવસે સાધના અને રાત્રે પ્રભુ સમર્પણ. સંકલ્પ, સાધના અને સમર્પણ.

અહીં રસ્તાઓનાં પારમાર્થિક નામ છે. પ્રજ્ઞાપથ, કર્મપથ, જ્ઞાનપથ, ત્યાગપથ, ધ્યાનપથ, સામ્યપથ વગેરે. ક્યાં સફાઈ કરો છો? જ્ઞાનપથ પર. ક્યાં જાઓ છો? પ્રજ્ઞાપથ પર. આમ નામનાં અર્થ સાથે ગુણોનો જાપ ને ઈશ્વરનું સંધાન રહે છે. જાગૃત મન રહે છે. સાવધાની વધે છે.

અહીં સમાધિસ્થ વૃક્ષો પણ છે જેનો સંતોને અનુભવ થતો રહે છે.

અધ્યાત્મના ક્ષેત્રમાં કોઈ નાના મોટાનો ભેદ ન હોય. આશ્રમમાં પણ સમાનતાનો વ્યવહાર છે. કોઈ ભણેલા-અભણનો ભેદ નહીં. બધા સમાન, નેવું વર્ષથી મોટી ઉંમરના, સારું ભણેલા, અનુભવી તો ક્યારેય શાળાએ ન ગયેલા; બધા સમાન, બધાનો બધા માટે સમાન વિશ્વાસ, આદર, પ્રેમ. અહીં પૂર્ણ વ્યક્તિસ્વાતંત્ર્ય છે અને સમૂહને પૂર્ણ સમર્પણ.

વ્યવહારમાં તો પ્રમુખ મંત્રી હશે ને? ના, અહીં મુખ્ય-ગૌણ જ નથી. વ્યવસ્થા પૂરા સમૂહના નિર્ણય પર ચાલે છે. આ માટે સામૂહિક સભાનું ખાસ યોગદાન છે. અઠવાડિયે એક-બે વખત સામૂહિક સભા મળે. જેમાં સર્વ સંમતિથી નિર્ણય લેવાય. બધા પાસે વીટો પાવર હોય. આજની ૪૯ વિરુદ્ધ ૫૧ની લોકશાહી નહીં. સાચા સ્વરૂપે લોકશાહીનો અમલ થાય. કોઈ એક વ્યક્તિને વાત ન સમજાય, સ્વીકાર થાય ત્યાં સુધી કામ હાથ પર ન લેવાય. સર્વસંમતિનો પ્રભાવ એટલો કે જીવન વિકાસમાં બાધક એકાંગી નિર્ણય ન લેવાય. સાથે મળી મનથી ઉપર ઊઠવામાં સહયોગ રહે.

અહીંથી હિન્દીમાં 'મૈત્રી પત્રિકા' પ્રકાશિત થાય છે. તેની પૂર્ણ જવાબદારી બહેનોએ ઉપાડેલી છે. લેખ લખાય, સંપાદન કરવું, છપાવવી, મોકલવી વગેરે કાર્યો બહેનો સાથે મળી ભક્તિભાવથી કરે છે.

વિનોબાજીએ એક વિચિત્ર લાગે તેવી વાત કરી છે. બ્રહ્મવિદ્યા મંદિરના પ્રયોગથી કોઈ મીરાંબાઈ, મુક્તાબાઈ

નીકળે તો તેનાથી પ્રયોગની સફળતા નહીં માપી શકાય. તેઓ સામે માત્ર એક જ લક્ષ્ય હતું- આધ્યાત્મિક સાધના. અમારી સામે બે મુખ્ય બાબતો છે - આધ્યાત્મિક સાધના અને સામૂહિક ભાવના. સામૂહિક સાધનામાં જ આધ્યાત્મિક સાધનાનો પાયો છે. વિનોબાજી સામૂહિક સાધના, સામૂહિક મુક્તિ, સામૂહિક સમાધિ એકથી એક ચડિયાતા ચિંતનબીજ આગળની પેઢી માટે મુકતા રહ્યા છે. બ્રહ્મવિદ્યા મંદિરના પ્રથમ પત્રમાં જ તેનું બીજારોપણ જોવા મળે છે. તેઓ કહેતા 'અથાતો બ્રહ્મજિજ્ઞાસા'ના નામે મેં ઘર છોડ્યું. હવે સામૂહિક સાધનાની દૃષ્ટિ એ બ્રહ્મવિદ્યા મંદિર શરૂ કરી રહ્યો છું.

સામૂહિક સાધનાનો મંત્ર છે. काल जागरणम, स्नेह साधनम, कटुक वर्जन, गुण निवेदनम् આ ચાર બાબતો જીવનમાં અમલમાં આવી જાય તો બ્રહ્મવિદ્યા સાધી શકાય.

શાંતિનો અનુભવ કરવા, પ્રેમને પામવા ને વિચારની વ્યાપકતા સમજવા જરૂરથી બ્રહ્મવિદ્યા મંદિરમાં આવી શકો

(જ્યોત્સ્નાબેન એટલે બાબાના બ્રહ્મવિદ્યા મંદિર, પવનારમાં શ્વસનાર જગતપ્રેમી વ્યક્તિત્વ. જ્યોત્સ્ના, બ્રહ્મવિદ્યા મંદિર-પવનાર )

---

પ્રકૃતિ પ્રત્યેના પરિમિત અભિગમ સામે પણ રસ્કિને અવાજ ઊઠાવેલો. ભારપૂર્વક તે તરફ ધ્યાન દોર્યું હતુંઃ 'આપણા અર્થશાસ્ત્રમાં કુદરતી પરિમાણના મૂલ્યનો સ્વીકાર કરવો જ રહ્યો, તેમ જ પ્રાકૃતિક સૌંદર્યના વિનાશને રોકવો જ રહ્યો. માણસને પૂરતું અનાજ અને પોતાનાં પશુઓ માટે ઘાસચારો મળી રહે તથા પૂરતી સ્વચ્છ હવા અને પૂરતું સ્વચ્છ પાણી મળી રહે, તે આપણે જોવું જ રહ્યું. આમ, હવાને તાજી સ્વચ્છ રાખવા, ઢોળાવની માટીનાં ધોવાણ રોકવા, છોડ-વેલની વનસ્પતિને આકરા તાપ સામે રક્ષણ આપવું અને ઝરણાંઓને જીવતાં રાખવા માટે પુષ્કળ પ્રમાણમાં વન પણ જોઈએ. ઇંગ્લેન્ડ દેશ આખો ચાહે તો પોતે મોટા એક કારખાનાનું શહેર બની જાય. પછી ભલે તેની પ્રજા પોતાનાં હવા-પ્રકાશનું બલિદાન આપીને ઘોંઘાટભર્યા ધુમાડિયા વાતાવરણમાં શ્વાસ ભરે અને હલકા પ્રકારની રહેણીકરણી વહોરી લે! આમ થવાનું આપણે રોકવું જ રહ્યું. આવી જ રીતે યાંત્રિક ખેતીના ફેલાવાથી સૌ સારાં વાનાં થઈ જશે એવા ભ્રમમાં કે મોહમાં રહેવાનીયે જરૂર નથી.'

સવાલ જીવનદૃષ્ટિનો છે, જીવનદર્શનનો છે. જીવન પ્રત્યેનો, જગત પ્રત્યેનો રસ્કિનનો અભિગમ નરવો, નિરામયને આધ્યાત્મિક હતો. તેણે કહ્યું : 'જીવન જીવવાની એક કળા છે. તે એક ખાસ નજર માગી લે છે... પ્રભુની આ સૃષ્ટિ અદ્‌ભુત છે, અને તેનો પાર કોઈ પામી શકે નહીં, એવી એની રચના છે! કોઈ એને પૂરેપૂરું જાણવા પામ્યું નથી, અને એ આશ્ચર્ય અનંત કાળ સુધી એની આજુબાજુ આમ જ અકબંધ ટકી રહેવાનું છે. માણસ માટે પોતાનું અસ્તિત્વ અચરજભર્યા કુતૂહલનો એક કોયડો જ રહેશે.'

જહોન રસ્કિન આવા એક હૃદયવાન ને વિચારવાન ચિંતક હતા. એમના વિશે ટોલ્સ્ટોયે કહ્યું છેઃ 'જવલ્લે જ જોવા મળે તેવા એ માનવી હતા. જેઓ હૃદયથી વિચારનારા હોય છે, તે પૈકીના એ વિચારક હતા.

રસ્કિન એક મહાન કળાકાર હતા. એમને મન કળાકારની ભૂમિકા દિવ્ય સત્યની અભિવ્યક્તિ કરવાની છે. સાથે સાથે એ દિવ્યતાનું સૌંદર્ય સામાજિક વ્યવસ્થામાંયે પ્રગટે તે માટે કળાકારે મથવાનું છે. આવા આશયથી પ્રેરાઈને એમણે ૧૮૬૦માં 'કોર્નહિલ' મેગેઝિનમાં ચાર નિબંધ લખ્યા, જે ૧૮૬૨માં 'અનટુ ધિસ લાસ્ટ' નામે પુસ્તકરૂપે પ્રકાશિત થયા. પોતાના આ લખાણ વિશે એમણે કહ્યુંઃ 'રજમાત્ર શંકા વગર હું કહીશ કે આજ સુધીનાં મારાં તમામ લખાણોમાં આ સૌથી વધુ ઉત્તમ છે. તેનો શબ્દેશબ્દ સાચો છે અને સવોત્કૃષ્ટ સત્યને જ તે રજૂ કરે છે. આના જેટલું પ્રસ્તુત અને સુસંગત મારા હાથે બીજું લખાયું નથી.'

## ૨૭. ગાંધી-વિનોબાનાં વિસ્તરતાં પગલાં

રમજાન હસણિયા

ગાંધીજી અને વિનોબા બે એવાં નામ કે જે સતત ચાલતાં રહ્યાં એટલે કે વિસ્તરતાં રહ્યાં ને જુદી રીતે વર્ધમાન સાબિત થયા. એનાથી પણ મોટી ને મહત્ત્વની વાત એ છે કે આ બે વિભૂતિઓએ કેટલાયને ચાલતા કર્યા એટલે કે વિસ્તરતા કર્યા ને એમ થવાથી ગાંધી-વિનોબા વિચારરૂપે સામાન્યજન સુધી પહોંચ્યા ને આ રીતે બનેલી સાંકળ ભારતને સર્વોદયની દિશામાં આગળ લઈ ગઈ. ગાંધી અને વિનોબાએ છેવાડાના માણસની દરકાર કરી ને એના ઉત્થાનમાં જ સમાજ અને દેશનું ઉત્થાન રહેલું છે એવો વિચાર સ્થાપિત કર્યો. એની એટલી બધી પ્રબળ અસર થઈ કે જેમણે ગાંધી-વિનોબા સાથે કામ કર્યું હતું તેઓને કેટલાક તો એવા પણ કે જેમણે ગાંધી આદિને પ્રત્યક્ષ જોયા પણ ન હોય તેવા લોકો પણ ગાંધીનાં કાર્યોથી પ્રભાવિત થઈ કોઈને કોઈ ખૂણાના પ્રદેશમાં પલાંઠી વાળીને બેસી ગયા. લોકકલ્યાણ માટે જીવન ખર્ચી નાખવાની તૈયારી સાથે બેઠેલા આવા લોકોએ જ ગાંધી-વિનોબાનાં કાર્યોનો વ્યાપ વિસ્તાર્યો. દક્ષિણ ગુજરાતમાં મીઠુબેન પીટીટ દ્વારા આ પ્રકારનાં કામો માટે શરૂ થતી સંસ્થાની પાયાવિધિ કરતાં ગાંધીજીએ એમને પૂછેલું કે, 'મારી પાસેથી આ ખાડો ખોદાવો છો એનો શો અર્થ થાય છે તે જાણો છો?' ત્યારે મીઠુબેન પીટીટે વળતો ઉત્તર આપેલો કે, 'હા મને ખબર છે કે મારે આમાં દટાઈ જવાનું છે.' અવતાર પુરુષોને બાદ કરતાં આટલી પ્રબળ અસર અને એ પણ સામાજિક કાર્યો કરવા સંદર્ભે ગાંધી-વિનોબા સિવાય કોઈ મહાપુરુષોની પડી હશે કે કેમ એ પ્રશ્ન છે. કોઈપણ જાતના દેખાડા વિના કોઈ એક ખૂણે નાનકડી દીવડી બની બેસી જઈ એ અંધારિયા મલકમાં પ્રકાશ પાથરવાની ભાવના સાથે કામ કરનાર આવા મૂક સેવકોના કાર્યને જોઈએ છીએ ત્યારે એમના પ્રત્યે અને એમને એ માર્ગે પ્રેરનારા પ્રત્યે સહજ ઝૂકી જવાય છે. આ સંદર્ભમાં કચ્છના અત્યંત પછાત અને અંતરિયાળ વાગડ વિસ્તારને આ રીતે અજવાળવા મથનાર શ્રી મણિભાઈ સંઘવી, એમના સાથી કાર્યકરો ને પછીથી એમનાં સંતાનોએ કરેલ મોટાં કામની નાનકડી વાત કરવાની અહીં નેમ છે.

જેમનું આ શતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે, એવા કર્મયોગી મણિભાઈ સંઘવી મૂળે વાગડની ધીંગી ધરાનું ખમીરવંતુ સંતાન. ફતેહગઢ ગામના વણિક પરિવારમાં જન્મેલા બાળક મણિલાલ અભ્યાસ અર્થે કચ્છના માંડવી બંદરે જાય છે જ્યાં એમનો ભેટો નખશીખ શિક્ષક એવા શ્રી નાનાલાલ વોરા સાથે થાય છે. મણિભાઈના જીવનઘડતરમાં એક શિક્ષક તરીકે શ્રી નાનાલાલ વોરાએ અદકેરી ભૂમિકા અદા કરી છે. મુંદ્રા ખાતે આયોજિત પ્રજાકીય પરિષદના અધિવેશનમાં યુસુફ મહેરઅલી અને અન્ય નેતાઓના આઝાદી માટેની ચળવળનાં જોશીલાં ભાષણો તેમને દેશ માટે કંઈક કરી છૂટવા માટે પ્રેરે છે, પણ પછીથી એ વિચારને કાર્યાન્વિત કરવાની તાલીમ તેમને મળે છે શ્રી માવજીભાઈ વેદ પાસેથી. બાળક મણિલાલ અને એમના મિત્રો માવજીભાઈ વેદના માર્ગદર્શન તળે સામાજિક પ્રવાહમાં પાછળ રહી ગયેલાં લોકો માટે માંડવીમાં રાત્રિવર્ગો, સફાઈ, પુસ્તકાલય, આરોગ્યસેવા આપવા જેવાં નાનાં-નાનાં કામ કરવાનું આરંભે છે. દેશદાઝમાં લાગેલું મણિલાલનું મન બીજે ક્યાંય લાગતું ન હોઈ, મેટ્રિકની પરીક્ષામાં તેઓ નાપાસ થાય છે. તેમની મનઃસ્થિતિને પામી ગયેલા મોટાભાઈ રાજપાળભાઈ તેમને

વતન ફતેહગઢમાં ખાદીના કાર્યમાં જોડાવાની વ્યવસ્થા કરી આપે છે. વાગડમાં તે સમયે ચાલતા પણ મંદ પડી ગયેલા ખાદી કંતાઈ-બુનાઈના કામને મણિલાલ પોતાની આગવી સૂઝ-બૂઝથી વિસ્તારે છે. ખાદીનું કામ એટલે ગાંધીનું કામ ને ગાંધીનું કામ એટલે દેશનું કામ એમ સમજી એમાં તેઓ ખૂંપી જાય છે. ફતેહગઢમાં દલિત પરિવારોના ઘરે ક્રાંતિકારી જૈન સાધુ મુનિશ્રી સંતબાલજીને ગોચરી વહોરવા લઈ જઈ એક બહુ મોટું પગલું ભરતાં પણ મણિલાલ અચકાતાં નથી. દલિત સમાજના વિકાસ માટે મથતાં આ મસીહાને નાતબહાર પણ કરવામાં આવે છે. અલબત્ત આવી એક પણ ઘટના તેમની જાતે જ સ્વીકારેલી કર્તવ્યનિષ્ઠાને ચલિત કરી શકતી નથી.

આઝાદી પછી પણ ગાંધીનું કામ અટકતું નથી, કેમ કે આઝાદી એ ગાંધીના સ્વપ્નનું સ્વરાજ તો બિલકુલ નહોતું. ગામડે ગામડે સાચા અર્થમાં સ્વરાજ સ્થપાય એ માટે ગાંધીના આ સેનાનીઓએ હજુ હથિયાર હેઠાં નહોતાં મૂક્યાં. કચ્છમાં સદનવાડી જેવી સંસ્થા સ્થાપવામાં જેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહેલી એવા મગનભાઈ સોની પણ કામ કરવા કોઈ ખૂણાનો પ્રદેશ શોધતાં વાગડની વરનોરા વાંઢ પર પસંદગી ઉતારે છે. મગનભાઈ અને મણિભાઈ સાથે મળીને ત્યાંના કોળી સમાજના અગ્રણી રામસિંહજી પરસોંડે આપેલા નાનકડા બે ભૂંગામાં સરદાર છાત્રાલય શરૂ કરી કામ શરૂ કરે છે. ગામને નામ અપાય છે વલ્લભપર. ગાંધીવિચારનું મૂલ્યલક્ષી શિક્ષણ તો અહીં અપાય જ છે, સાથોસાથ એક ગામડાથી શરૂ કરી એ પ્રદેશમાં ચેતન પ્રગટાવવાનો યજ્ઞ પણ જાણે આરંભાય છે. મણિભાઈ આ કાર્યની સમાંતરે ખાદીના કાર્ય માટે ગઢસીસા જઈ ત્યાં પણ કામ કરે છે. ટૂંકમાં, જ્યાં જ્યાં હાકલ પડે ત્યાં સાચા સ્વરાજ માટે કામ કરતા આ સિપાહી કામ કરવા દોડી જાય છે. વિનોબાજી કચ્છમાં પધાર્યા ત્યારે અને એ પછી પણ ભૂદાન આંદોલનમાં સક્રિય કાર્યકર તરીકે મણિલાલ સંઘવી કામ કરતા રહે છે. શ્રમજીવી તરીકે કામ કરતાં રહી દેશનું કામ કરવા મિત્રોની મદદથી વાડી ખરીદી ખેતી પણ કરે છે. ૧૯૭૮-૭૯માં તત્કાલીન સરકાર દ્વારા ચાલતી સર્વોદય યોજનાનું કામ કરવા એનાં માળખા પ્રમાણે સંસ્થાની આવશ્યકતા ઊભી થાય છે ને એમ કરતાં નીલપરની ભાગોળે શ્રી બાબુભાઈ શાહ ઝીલિયાવાળાની પ્રેરણા અને શ્રી મહેશભાઈ ભણસાળીની આર્થિક મદદથી જમીન ખરીદી સંસ્થા શરૂ કરાય છે ને નામ અપાય છે ગ્રામ સ્વરાજ સંઘ-નીલપર.

સર્વોદયનાં જે કાર્યો કરવાનાં ઉદ્દેશ્યથી સંસ્થાની સ્થાપના થયેલી તે તો સઘળા સુપેરે પાર પડે જ છે, પરંતુ સાથોસાથ અન્ય પ્રવૃત્તિઓ પણ ધીરે-ધીરે ઉમેરાતી જાય છે અને સંસ્થાનું કાર્યક્ષેત્ર વિસ્તરતું જાય છે. શિક્ષણ, પર્યાવરણ સુરક્ષા, આરોગ્યસુરક્ષા, લોકસંગઠન દ્વારા લોકશક્તિ નિર્માણ, કુદરતી અને માનવસર્જિત આફતો વખતે અસરકારક કામગીરી કરવી અને અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી સંસ્થાનું પરિસર સતત ધમધમતું રહે છે. આજે સંસ્થાની સ્થાપનાને ચાર દાયકા વીતી ચૂક્યા છે ત્યારે એનાં કામ પર એક વિહંગ દૃષ્ટિપાત કરીએ તો પણ ખ્યાલ આવે છે કે કેટલું નક્કર અને આવશ્યક કામ થઈ શક્યું છે.

સંસ્થાના નીલપર અને વલ્લભપર પરિસર પર કુલ મળીને પાંચસોએક જેટલાં વંચિત સમુદાયનાં બાળકો પ્રતિવર્ષ મૂલ્યલક્ષી શિક્ષણ મેળવે છે. કન્યા કેળવણીનું પ્રમાણ તો આ પ્રદેશમાં લગભગ નહિવત જેવું જ હતું. એને બદલે આજે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનું પ્રમાણ લગભગ સરખું થવા જઈ રહ્યું છે એ પરથી જ અહીં શિક્ષણ અને તેમાં પણ કન્યા કેળવણી માટે લેવાતી વિશેષ જહેમતનો પરિચય આપોઆપ મળી જશે. બાળકો ન કેવળ શિક્ષણ મેળવે છે પણ જીવનઘડતરના સઘળા પાઠ અહીં સહજ ભણે છે. બાળકના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેનાર આ સંસ્થાએ

વાગડના હજારો વિદ્યાર્થીઓના વ્યક્તિત્વને ઘડવાનું બહુ મોટું કામ કર્યું છે ને આજપર્યંત કરી રહી છે.

**આઝાદી એ ગાંધીના સ્વપ્નનું સ્વરાજ તો બિલકુલ નહોતું. ગામડે ગામડે સાચા અર્થમાં સ્વરાજ સ્થપાય એ માટે ગાંધીના આ સેનાનીઓએ હજુ હથિયાર હેઠાં નહોતાં મૂક્યાં.**

વાગડ એટલે રણ અને તેની નજીકનો વિસ્તાર. પાણી તો એક સમયે એનો પ્રાણપ્રશ્ન. આવા વિસ્તારમાં લોકો અને પશુપંખીની તૃષા છીપાવવા નાનાં-મોટાં તળાવ બંધાવવાં, વૃક્ષો વાવી તેનું જતન કરવું, ખેડૂતોને બિયારણ આપવાથી માંડીને તેમના દરેક પ્રશ્ને પડખે ઊભા રહેવા જેવાં બહુ નાનકડાં પણ પાયાનાં કાર્યો સંસ્થાએ કર્યાં છે ને હાલ પણ કરી રહી છે. સંસ્થાના પરિસર પર શોભતાં લીલાછમ્મ વૃક્ષો વિદ્યાર્થીઓ દ્વારા વાવવા ને ઉછેરવામાં આવ્યાં છે. કોઈ નાની મૃત બાળકીનો પરિવાર કોઈ વૃક્ષ પાસે આંસુ સારતું ઊભું હોય ને કોઈ પૂછે તો કહે કે, 'અમારી પાસે તો અમારી દીકરીની યાદગીરીરૂપે એણે વાવીને ઉછેરેલું આ વૃક્ષ જ એક નિશાની છે' ત્યારે ખ્યાલ આવે અહીં બાળકોને કેવી રીતે પ્રકૃતિ સાથે અનુબંધિત કરાય છે!

ગાંધી-વિનોબાના કાર્યની એક વિશેષતા એ પણ રહી છે કે તેમણે માણસને ઊભો કરવા હાથ તો લંબાવ્યો છે, પણ પછી એને પોતાના પગે ઊભા રહેતાં પણ શીખવ્યું છે. આ સંદર્ભમાં ગ્રામ સ્વરાજ સંઘે એક મોટું કામ લોકસંગઠન અને લોકશક્તિ નિર્માણનું કર્યું છે. વાગડની નાની નાની વાંઢો(નેસડા)માં વસતા કોળી, હરિજન અને અન્ય વંચિત સમુદાયના લોકોને લાઇટ-પાણીથી માંડીને આંગણવાડી, શાળાના લાભ મળી રહે તે માટે સંસ્થા તેમની મદદે તો આવી પણ તેમને પોતાના પ્રશ્નોના નિવારણ માટે માનસિક તૈયાર પણ કર્યા. સંસ્થાના પ્રયત્નો થકી પિસ્તાળીસ વાંઢોમાં પ્રાથમિક શાળાઓ શરૂ થઈ, બાળકો અને ગર્ભવતી માતાઓ માટે જરૂરી કામગીરી ને એવું તો ઘણું ઘણું કામ થઈ શક્યું. આ સંસ્થાનું કાર્ય પરિસરમાં ન પુરાઈ રહેતાં આમ વિસ્તરતું ચાલ્યું છે.

કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ વખતે તાત્કાલિક અને અસરકારક કામગીરી કરી લોકસેવાનું કામ કરવામાં સંસ્થા હંમેશાં અવ્વલ રહી છે. મચ્છુ હોનારતથી માંડીને, કચ્છમાં વારંવાર પડતા દુષ્કાળ, વાવાઝોડું, વિનાશક ભૂકંપ, તમિલનાડુમાં આવેલ ત્સુનામી, કાશ્મીર ભૂકંપ, બિહાર પૂર-હોનારત, નેપાળ ભૂકંપ કે તાજેતરમાં આવેલી કોરોનાની વિકટ પરિસ્થિતિ હોય; સંસ્થાએ આવી પડેલ આપદ્ ધર્મ પૂરી નિષ્ઠાથી બજાવી રાહત અને પુનર્વસનનું કામ ચુપચાપ કર્યા કર્યું છે. આ રીતે લોકોના જીવનમાં એક નવી ચેતનાનો સંચાર કરવાનું કામ સંસ્થા દ્વારા નિરંતર થયા કર્યું છે.

અન્ય સેવાકીય પ્રવૃત્તિઓમાં બારેમાસ પક્ષી-ચણ કેન્દ્ર, ઉનાળામાં છાશ-કેન્દ્ર, કૂતરાંને રોટલા, જરૂરિયાતમંદ અને અશક્ત લોકોને પ્રતિમાસ રાશનકીટ આપવી, અસાધ્ય રોગોથી પીડાતા દર્દીઓને સારવાર માટે સહાય જેવાં અનેક કામ સંસ્થા દ્વારા નિરંતર થયા કર્યાં છે. મણિભાઈ સંઘવીમાંથી 'બાપુજી'માં ફેરવાઈ ગયેલ મણિભાઈના દેહાવસાન બાદ પણ એમનું કાર્ય આગળ ધપી રહ્યું છે એનું કારણ એમનાં જ ચીલે ચાલતાં એમનાં સંતાનો, અન્ય પરિજનો અને કર્મનિષ્ઠ કાર્યકરો છે. સર્વશ્રી રમેશભાઈ સંઘવી, દિનેશભાઈ સંઘવી, મુક્તાબેન ભાવસાર, નકુલભાઈ ભાવસાર જેવાં બાપુજીના સાચા અર્થમાં વારસદારોએ પણ તેમના કાર્યને આગળ ધપાવવા પોતાનું જીવન અર્પણ કરી દીધું છે. બાપુજી સાથે અને બાપુજી પછી એમની પ્રગટાવેલી મશાલને લઈને આ મશાલચીઓ દોડ્યાં જ કર્યાં છે ને હજુ દોડી રહ્યાં છે.

હવે થોડી વાત ગ્રામ સ્વરાજ સંઘની ભગિની સંસ્થા સુશીલ ટ્રસ્ટની. મણિભાઈને જીવનભર સેવાકીય કાર્યોમાં સાથ આપનાર શ્રીમતી સુશીલાબેન સંઘવીનું કુદરતે આયખું થોડું નાનું ઘડેલું, પણ તેમના દેહવિલય પછી એમના નામે સુશીલ ટ્રસ્ટની સ્થાપના કરી સમાજ ઉપયોગી કાર્યો થકી એમને ચેતનવંતા રાખવાનું કામ એમનાં સંતાનોએ કર્યું ને એ રીતે તેઓ આજે પણ લોકહૃદયમાં ધબકી રહ્યાં છે. શ્રી રમેશભાઈ સંઘવી, મુક્તાબેન ભાવસાર આદિએ મળીને ગ્રામોત્થાનના કાર્યમાં ગ્રામ સ્વરાજ સંઘની પૂરક સંસ્થા બને એવા ઉદ્દેશ્યથી સુશીલ ટ્રસ્ટની ૧૯૯૧માં સ્થાપના કરી. કાર્યક્ષેત્ર તરીકે પસંદ કર્યો વાગડનો વણસ્પર્શ્યો ખૂણો ખડીર વિસ્તાર. ધોળાવીરા કે જે અત્યારે પુરાતન નગરી તરીકે વિખ્યાત થયું છે, તે વિસ્તાર વાગડના મુખ્ય મથક રાપરથી પણ સોએક કિલોમીટર જેટલા અંતરે. રણ અને સરહદનો આ વિસ્તાર જ્યાં કોઈ પ્રકારની પ્રાથમિક સુવિધા પણ ન મળે, એવા ખડીરમાં રતનપર મુકામે સંસ્થાનું નાનકડું પણ રૂપકડું પરિસર ઊભું થયું. રમેશભાઈ સંઘવી અને મુક્તાબેન ભાવસારે  એની પાછળ વિશેષ જહેમત લઈ અહીં વળી એક નવી દીવડી પ્રગટાવી. બહુ મોટા સંકલ્પો અને એના માટેની બહુ મોટી વ્યવસ્થાઓ ઊભી કરવાને બદલે આ સંસ્થાના સંવાહકોએ નાનું નાનું પણ નક્કર કામ કરવાનો નિર્ધાર કર્યો. ખડીર મુકામે શ્રી રામકૃષ્ણદેવ વિદ્યા સંકુલ ઊભું કરી શિક્ષણ દ્વારા નવચેતનની કેડી કંડારી. રાપરમાં બાલમંદિર શરૂ કરી આવનારી પેઢીને ઘડવાનું કોમળ કામ હાથમાં લીધું. બાળ મહિલા પુસ્તકાલય શરૂ કરી માનસઘડતરની સૂક્ષ્મ પ્રક્રિયા આરંભી. આ રીતે આદિવાસી કન્યા આશ્રમશાળા, માધ્યમિક શાળા, છાત્રાલય આદિ શરૂ કરી વિદ્યાની જ્યોત પ્રગટાવી જ્ઞાનનો પ્રકાશ રેલાવ્યો. ગાયો માટે નિરણ કેન્દ્ર, લોકો માટે આરોગ્ય કેન્દ્ર, હુન્નરશાળા આદિનો આરંભ કરી જુદી જુદી રીતે લોકસેવાનું કામ આ સંસ્થા ચૂપચાપ કરી રહી છે.

આ બધી પ્રવૃત્તિઓની સમાંતરે યુવા શિબિરો, ખેડૂત સંમેલન, મહિલા શિબિરો, શિક્ષક સજ્જતા કાર્યક્રમો, બાલોત્સવ જેવાં કાર્યક્રમો દ્વારા ચારિત્ર્ય નિર્માણનું ઝીણું કામ સહજ રીતે થયા કર્યું. ખેત તલાવડીઓ બનાવી આપી ખેડૂતોને સંસ્થા મદદરૂપ બની તો વળી નિરાશ્રિતોને ઘરનું ઘર મળી રહે એની ચિંતા પણ સંસ્થાએ સેવી. બહેનોને પગભર કરવા સિલાઈની તાલીમ પણ અપાઈ ને સિલાઈ મશીન પણ. વ્યસનમુક્તિ માટેના પ્રયત્નો નિરંતર ચાલતા રહ્યા.

સુશીલ ટ્રસ્ટની કામગીરી વિશે જાણીતા લેખિકા મીરાબેન ભટ્ટ જન્મભૂમિ પ્રવાસીના ઓગસ્ટ-૨૦૦૦ના સમાચારપત્રમાં છપાયેલ લેખમાં જે નોંધે છે તે મણિભાઈ ને એમના કાર્ય વિસ્તાર માટે ઊભી થયેલી બંને સંસ્થાઓને એક સરખું લાગુ પડે છે. તેઓ નોંધે છે કે, ‘અહીં કામ કરતા મિત્રોનો આરાધ્યદેવ ‘લોક’ છે. લોકજાગૃતિ થાય, લોકશક્તિ નિર્માણ થાય અને લોકભાગીદારી દ્વારા ધીરેધીરે ગ્રામસ્વરાજ્યનું કાઠું બંધાતુ જાય એવી દિશામાં આ મંગળ પ્રયાણ થયું છે.’ ગાંધીજીએ છેવાડાના માણસની સેવાનું માદળિયું પહેરાવીને જાણે આ લોકોને અહીં મોકલ્યા હોય એવું લાગે! ફરિસ્તાઓ આકાશથી જ ઊતરે એવું ન હોય કોઈ વ્યક્તિમાં સૂતેલો દેવદૂત જાગી ઊઠે ને એ પોતાના કાર્ય થકી લોકના મનમંદિરમાં અનાયાસ સ્થાપિત થઈ જાય એવું પણ બને! ગાંધી-વિનોબા પણ આ રીતે જ પોતાનાં કાર્યો થકી માનવહૈયે વસી ગયા છે. ભગવાન વિષ્ણુની વામન અવતારની કથામાં એમનાં ચરણનો વ્યાપ વામનમાંથી વિરાટ બને છે ને ત્રણેય લોક એમાં સમાઈ જાય છે. ગાંધી-વિનોબાની આવી કોઈ કથા નથી, પણ શું આપણે વાગડના ખૂણે ધીમી ધારે વહેતી આ કાર્યગંગાને  જોઈને એમ ન કહી શકીએ કે આ ગાંધી-વિનોબાનાં પગલાંનો જ વિસ્તાર છે!

પ્રશાંત મહેતા

**લોકભારતી સમાચાર**

- તા.૦૧થી ૦૩ દરમિયાન રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા આયોજિત ત્રિદિવસીય તાલીમ 'સ્કીલ ફોર પ્રોફેશનલ એક્સલન્સ'માં ભાગ લેવા માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાંથી શ્રી પ્રદીપભાઈ ક્યાડા અને શ્રી સરોજબહેન ચૌધરી જઈ આવ્યાં.
- તા.૦૩ના રોજ રાજ્યના નાયબ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી આર.આર. પટેલ સાહેબ ઓચિંતા જ આપણા અધ્યાપન મંદિરની મુલાકાતે આવી ગયા.
- લોકભારતીના શુભેચ્છક શ્રી સાંઈરામ દવેના નિમંત્રણથી રાજકોટ મુકામે યોજાનારા 'દિવાસ્વપ્ન' મુવીના પ્રીમિયર શૉમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી વિશાલભાઈ ભાદાણી તા.૦૩ના રોજ જઈ આવ્યા.
- તા.૦૫ના રોજ IITTE- ગાંધીનગરના M.Ed. Integrated ના પાંચેક વિદ્યાર્થીઓ લોકભારતીની શિક્ષણ પ્રણાલી સમજવા આવી ગયા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા.૦૫ના રોજ 'વિશ્વ જમીન દિવસ'ની ઉજવણી ભાવનગર મુકામે કરવામાં આવી.
- તા.૭થી ૧૧ સુધી લોકભારતી અધ્યાપન મંદિરની ૫૦મી બાલવાડી શિબિર યોજાઈ. બીજા વર્ષના વિદ્યાર્થીઓએ વિવિધ કાર્યશાળાઓમાં સરસ પૂર્વ તૈયારી કરીને કાર્યશાળાઓનું સંચાલન કર્યું. સમગ્ર શિબિર દરમ્યાન મહાવીરસિંહજી ગોહિલ, વાસુદેવભાઈ સોઢા, રમેશભાઈ પરમાર, પ્રકાશભાઈ મહીડા, કિરીટભાઈ ગોસ્વામી, બિંદુબા ઝાલા વગેરે વક્તાઓએ સર્જન, બાળવાર્તાનું શાસ્ત્ર, બાળ અભિનય ગીતો, રમત દ્વારા શિક્ષણ પર વાર્તાલાપ કર્યો. શ્રી જગદીશગિરિ ગોસાઈએ 'દિવાસ્વપ્ન' તેમ જ શ્રી અવનિબેન દવેએ 'તોતોચાન' પુસ્તકનો આસ્વાદ કરાવ્યો. બાલવાડી શિબિરનું ઉદ્‌ઘાટકીય પ્રવચન શ્રી અરુણભાઈ દવેએ અને સમાપન શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ભાવનાબહેન પાઠકે કર્યું.
- તા.૦૭ના રોજ લોકસેવા મહાવિદ્યાલય પ્રથમ વર્ષના ભાઈઓ-બહેનોની યોગ શિબિર યોજાઈ ગઈ.
- તા.૦૮થી ૨૪ના સમયગાળા દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયના બીજા અને ત્રીજા વર્ષના સેમેસ્ટર-૩ અને ૫ની અંતિમ પરીક્ષા સમયસર અને સુચારુરૂપે યોજાઈ ગઈ.
- તા.૦૮ના રોજ પીડીલાઇટના શ્રી નરેન્દ્રભાઈ પારેખ-દંપતી, પેન્ટાગૉન ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી સુનિલભાઈ અને સ્વાતિબહેન દલાલ અને તેમની સાથે અન્ય કેટલાંક અન્ય મહેમાનો લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયાં.
- તા.૧૦થી ૧૨ ત્રણ દિવસ માટે ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે ચિંતન કરનારાઓનું એક જૂથ, જે 'આનંદાલય' નામથી કાર્યરત છે, તેના ત્રીસથી વધુ સભ્યો સ્વેચ્છાએ, સ્વખર્ચે ત્રિદિવસીય શિબિરમાં લોકભારતી આવી ગયાં, જે શિબિરનું સંચાલન અને સંકલન શ્રી વિશાલભાઈ ભાદાણીએ કર્યું. લોકભારતીની શિક્ષણ પ્રણાલી અને ભાવાવરણથી સૌ અત્યંત પ્રભાવિત થઈને

ગયાં. તેઓએ માઈધાર કેન્દ્રની મુલાકાત લીધી.

- તા.૧૩ અને ૧૪ની ઉલ્કાવર્ષાનો નિદર્શનનો એક કાર્યક્રમ લોકવિજ્ઞાન કેન્દ્ર અને 'ગુજકોસ્ટ'ના આયોજન તળે બહેનો માટે અને બીજે દિવસે ભાઈઓ માટે રાત્રિના ૧૨-૩૦થી ૦૨-૧૫ દરમિયાન લાઈવ પ્રસારણ સાથે યોજવામાં આવ્યો. આ પ્રકારનો પહેલી જ વખત પ્રયોગ કરવામાં આવ્યો, જે ઘણો સફળ રહ્યો. કાર્યક્રમનું સમગ્ર સંચાલન શ્રી હસમુખભાઈ દેવમુરારિના માર્ગદર્શન તળે શ્રી ધરતીબહેન જોગરાણાએ કર્યું.
- તા.૧૪ના રોજ શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ-અમદાવાદના પ્રતિનિધિ શ્રી વિજયભાઈ કૌશલ માઈધાર મુકામે ચાલતા આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અન્વયે ચર્ચા-વિચારણા કરવા પ્રથમ લોકભારતી અને બીજે દિવસે માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.
- આગામી વાર્ષિકોત્સવને લઈને કામગીરીઓ અને જવાબદારીઓની વહેંચણી સંદર્ભે સમગ્ર લોકભારતી કાર્યકરોની એક બેઠક શ્રી અરુણભાઈની સમજણ સાથે તા.૧૭ના રોજ યોજાઈ ગઈ.
- તા.૧૭ અને ૧૮ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'ઇનપુટ ડિલર્સ કોર્સ'ના ૧૫૫ તાલીમાર્થીઓની જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની ૨ દિવસની એક્સપોઝર મુલાકાત યોજવામાં આવી.
- તા.૧૭ના રોજ શ્રી કિશોરભાઈ હિરાણી સૌની શુભેચ્છાઓ સાથે લોકસેવા મહાવિદ્યાલયમાં સંશોધન મદદનીશ તરીકે જોડાયા.
- તા.૧૭થી ૨૩ના સમયગાળા દરમિયાન લોકસેવા મહાવિદ્યાલય પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની વિશિષ્ટ મૂલ્યાંકન આધારિત પરીક્ષા યોજાઈ ગઈ.
- તા.૧૮ના રોજ લોકભારતી ટ્રસ્ટીમંડળની એક બેઠક ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદ મુકામે યોજાઈ ગઈ.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-જૂનાગઢની પી.ટી.સી. કૉલેજની તાલીમાર્થી બહેનોનો એક શૈક્ષણિક પ્રવાસ તા.૨૨ના રોજ લોકભારતી અને તા.૨૩ના માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયો. બહેનોના આ ગ્રુપને શ્રી ધરતીબહેન જોગરાણાએ રાજેન્દ્ર ટેકરી ઉપર આકાશદર્શન કરાવ્યું.
- તા.૨૩ના રોજ લોકદક્ષિણામૂર્તિના પૂર્વ સન્માનિત વિદ્યાર્થી અને વિનોબા આશ્રમ-ગોત્રીના શ્રી કપિલભાઈ શાહ લોકભારતીની મુલાકાતે આવી ગયા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૨૩ના રોજ 'કિસાન દિવસ'ની ઉજવણી ગારિયાધાર તાલુકાના વીરડી મુકામે કરવામાં આવી, જેમાં ૫૦ ખેડૂતો ઉપસ્થિત રહ્યા.
- તા.૨૪ના રોજ શ્રી ભાવનાબહેન પાઠક આગામી વાર્ષિકોત્સવના ગીતો-ભજનોની તૈયારીમાં માર્ગદર્શન આપવા આવી ગયાં.
- તા.૨૫ના રોજ 'હાર્ટફૂલનેસ' નામે આરોગ્યવર્ધક યૌગિક ક્રિયાઓ કરાવતાં શ્રી રામભાઈ ત્રિવેદીએ અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ સાથે 'સ્વસ્થ જીવન શૈલી' વિષય પર સંવાદ કર્યો.
- સરકારશ્રીની પ્રવર્તમાન નીતિઓને કારણે હવે લોકભારતીએ શિક્ષણ ક્ષેત્રમાં જો ટકી રહેવું હોય તો લોકભારતીએ પ્રાઈવેટ યુનિવર્સિટીનો દરજ્જો મેળવ્યા સિવાય અન્ય કોઈ ઉપાય નથી, તેવા અનેક શુભેચ્છકો, શિક્ષણવિદો, સલાહકારોના સ્પષ્ટ અભિપ્રાયો પછી અને લોકભારતીના ટ્રસ્ટીમંડળની બેઠકમાં આ અંગે સર્વાનુમતે નિર્ણય થયા પછી તા.૨૭મીના રોજ લોકભારતીને યુનિવર્સિટી બનાવવા માટેની અનેક પ્રકારના ડોક્યુમેન્ટ્સ સાથેની ૫૦૦ પાનાંની એક અરજી તા.૨૭ના રોજ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની

કચેરી-ગાંધીનગરમાં કરવા માટે શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી વિશાલભાઈ ભાદાણી જઈ આવ્યા.

- તા.૨૮ના રોજ ડાયેટ-ભાવનગર મુકામે યોજાયેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અનુરૂપ અભ્યાસક્રમ નિર્માણ અંગેની કાર્યશાળામાં અધ્યાપન મંદિરમાંથી શ્રી જગદીશગિરિ ગોસાઈ જોડાયા.
- લોકભારતીનો વાર્ષિકોત્સવ અને સ્વ.પૂ. નાનાભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ તા.૩૧મી ડિસેમ્બરના રોજ સંપન્ન થયો. તેમાં પ્રથમ બેઠકનો પ્રારંભ સંગીતવૃંદના શાંતિપાઠ અને ગીત-ગાનથી થયો. મહેમાનશ્રીની સ્વાગત વિધિ પછી શ્રી અરુણભાઈ દવેએ કાર્યક્રમની ભૂમિકા અને વક્તાશ્રીનો પરિચય અને આવકાર કર્યો. શ્રી કાંતિભાઈ ગોઠીએ શુભેચ્છા સંદેશાઓનું વાચન કર્યું, નિયામક શ્રી હસમુખભાઈ દેવમુરારિએ ગત બે વર્ષનું વાર્ષિક નિવેદન સચિત્ર રજૂ કર્યું. એ પછી મા.શ્રી નિરંજનભાઈ રાજયગુરુએ 'સંતવાણી અને જીવનમૂલ્યો' વિષયને કેન્દ્રમાં રાખી સંગીતમય પ્રસ્તુતિ બે વ્યાખ્યાનો દ્વારા કરી. તે પછી મુખ્ય મહેમાનશ્રીને શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણવિધિ ટ્રસ્ટીશ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી હસમુખભાઈ પટેલ દ્વારા કરવામાં આવી. આભારદર્શન ટ્રસ્ટીશ્રી હસમુખભાઈ પટેલે કર્યું. બંને બેઠકોનું સંચાલન અનુક્રમે શ્રી વિશાલભાઈ ભાદાણી અને શ્રી વિશાલભાઈ જોશીએ કર્યું. સાયં પ્રાર્થના સાથે આ કાર્યક્રમ સંપન્ન થયો. લોકભારતીની સ્વચ્છતા-સુઘડતા અને સમગ્ર વ્યવસ્થા અંગે આવેલા સૌ મહેમાનોએ સંતોષ વ્યક્ત કર્યો.
- શ્રી અરુણભાઈ દવે વાર્ષિકોત્સવ ઉજવણી અને લોકભારતી યુનિવર્સિટીની કાર્યવાહીમાં વ્યસ્ત રહ્યા. યુનિવર્સિટી સંદર્ભે તા. ૩, ૯ અને ૧૫ એમ ત્રણ વખત રાજકોટ, તા. ૧૩, ૧૪ અને ૨૬ ભાવનગર તથા તા. ૧૮ અને ૨૭ એમ બે દિવસ અમદાવાદ-ગાંધીનગર જવાનું થયું. આંબલા, મણાર અને માઈધારની ઉડતી મુલાકાતો પણ ચાલતા વિકાસ કાર્યોના સંદર્ભે થઈ. આ. શ્રી મધુકરભાઈ પારેખ સાથેની મણાર ખાતેની તા. ૧૨મીની મુલાકાત અત્યંત ફળદાયી રહી. વાર્ષિકોત્સવ તમામ દૃષ્ટિએ ગુણવત્તાસભર રહ્યો તેના સંતોષ-આનંદ તમામ થાકને ઓગાળીને ના વર્ષનો જોમ-જુસ્સો ભરતો ગયો.

**આંબલા સમાચાર**

- તા.૧૨ના રોજ આનંદ બજારનો કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૧૫ના રોજ વાલીમિટિંગ શ્રી અરુણભાઈની અધ્યક્ષતામાં યોજાઈ ગઈ.
- તા.૨૯ના રોજ વિદ્યાર્થીઓનો બોર ખાવાનો કાર્યક્રમ યોજાયો.
- ધો.૦૯ના વિદ્યાર્થીઓની વેળાવદર મુકામે શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શનથી પ્રકૃતિ શિબિર યોજાઈ ગઈ, શ્રીમતી નિમાબહેન પણ મદદમાં રહ્યાં.
- ડૉ. જયભાઈ સંઘવી ભુજ તે આંબલાના ભૂતપૂર્વ વિદ્યાર્થી (શ્રી ચેતનાબહેન-આંબલા અને લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થીના પતિદેવ), શ્રી રમેશભાઈ સંઘવી-ભુજના ભાઈ, કે જેઓ લાંબી બીમારી પછી અવસાન પામ્યા છે. ઈશ્વર તેમના દિવ્ય આત્માને શાંતિ આપે.

**મણાર સમાચાર**

- શામળદાસ કોલેજ-ભાવનગરના પ્રિન્સીપાલશ્રી ગોહિલ સાહેબ તથા તેમના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અને તેમની ટીમ સંસ્થામાં આ વર્ષનો કૉલેજ કક્ષાનો એન.એસ.એસ. કેમ્પ

ગોઠવાય તેની પૂર્વમંજૂરી અને સ્થળચકાસણી માટે સંસ્થામાં આવી ગયા.

- તા.૭ના રોજ ગ્રામ દક્ષિણા મૂર્તિ, આંબલા મુકામે યોજાયેલ વાલી સંમેલનમાં નિયામકશ્રી સુરસંગભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા.
- છાત્ર-છાત્રાઓની માંગણીને ધ્યાનમાં લઈ તા.૦૮ના રોજ સાંજના પાણી-પૂરીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.
- તા.૯ના રોજ પીડીલાઇટના શ્રી નરેન્દ્રભાઈ પારેખ, તેમનાં ધર્મપત્ની તથા 'પારલે' કંપનીના શ્રી સુનિલભાઈ દલાલ તથા તેમનાં ધર્મપત્ની સ્વાતિબહેન દલાલ અને ત્રણ અન્ય મહેમાનો તથા તેમના પરિવાર કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્ર અને સંસ્થા મુલાકાતે આવી ગયા. તે પછી ત્રીજા દિવસે શ્રી મધુકરભાઈ તેમની પૌત્રી સાથે સંસ્થાની મુલાકાતે આવી ગયા. તેમની સાથેની મિટિંગમાં શ્રી અરુણભાઈ, ડૉ.વીરેન્દ્રસિંગ તથા શ્રી સુરસંગભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા. આ મિટિંગમાં કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રની સમીક્ષા કરવામાં આવી અને તેઓએ કેટલાંક જરૂરી સૂચનો કર્યા.
- કેન્દ્રિય મંત્રી માન. શ્રી મનસુખભાઈ માંડવિયા દ્વારા સંસ્થાને ફાળવેલ આર્થિક સહાયથી વિજ્ઞાન પ્રયોગશાળાના મકાન બાંધકામનો પ્રારંભ કરવામાં આવ્યો.
- તા.૧૯ના રોજ લોકશાળાનો તમામ શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ ગ્રામપંચાયતની ચૂંટણીમાં રોકાયેલો હોવાથી ધોરણ-૧૧ તથા ૧૨ના છાત્ર-છાત્રાઓને દરિયા કિનારે ચાલતાં ચાલતાં મીઠીવીરડી સુધીનો પગપાળા સાહસ પ્રવાસ યોજવામાં આવ્યો. તેની આગેવાની શ્રી વિપુલભાઈ સરવૈયાએ સંભાળી. ધો.૯,૧૦ના છાત્ર-છાત્રાઓને ગ્રામ્યમાતા કાવ્ય(છંદગાન સહિત) અને સંસ્કૃત ભાષાની ઉત્તમ કૃતિઓથી પરિચિત થાય તે માટે 'શાકુંતલ' નાટકનો પરિચય અને વાર્તા કહેવાની જવાબદારી શ્રી સુરસંગભાઈએ સંભાળી.
- સંસ્થાના ટ્રસ્ટી શ્રી કપિલભાઈ શાહ તા.૨૦-૨૧ એમ બે દિવસ માટે મુલાકાતે આવી ગયા. તેઓએ સંસ્થાના દરેક વિભાગની મુલાકાત લીધી તથા સાંજની પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક પ્રવચન આપ્યું. કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રની પણ પ્રત્યક્ષ મુલાકાત લીધી. તથા કેન્દ્રના ઉપસ્થિત તમામ કાર્યકરો સાથે એકાદ કલાક ઉપયોગી વાતો કરી. સાંજના તેમના તરફથી સંસ્થાના પ્રત્યેક પરિવારના તમામ સભ્યો તથા વિદ્યાર્થીઓને સમૂહ ભોજન કરાવવામાં આવ્યું.
- તા.૨૨ના રોજ ગ્લોબલ કચ્છ સંસ્થાના વડા શ્રી વિશાલભાઈ ગડા તથા તેમની ટુકડી બુનિયાદી શિક્ષણમાં થતી પ્રવૃત્તિઓ અને તેની વિદ્યાર્થીઓ પર થતી હકારાત્મક અસરને પ્રત્યક્ષ સમજવા માટે સંસ્થામાં આવી ગયા. તેમણે શિક્ષકો, આચાર્ય તથા છાત્ર-છાત્રાઓ સાથે વિચાર વિનિમય કર્યો.
- દર વરસે ખાદી-ગ્રામોદ્યોગ સંસ્થા દ્વારા યોજાતા ગાંધીમેળા માટેની વિચારણા કરવા આ વરસે 'બપાડા' સંસ્થાની પસંદગી થઈ. આ ગાંધીમેળાના આયોજનની મિટિંગમાં શ્રી સુરસંગભાઈ જઈ આવ્યા. તેમાં ગ્રામદક્ષિણામૂર્તિ-મણારની પ્રવૃત્તિ દર્શાવતો એક સ્ટોલ ઊભો કરવાનું આયોજન છે.
- સૌરાષ્ટ્ર-રચનાત્મક સમિતિના શ્રી હિમ્મતભાઈ ગોડા તથા તેમના પરિવારજનો તા.૨૪ના રોજ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- અહીંના ધો-૧૧ના છાત્ર-છાત્રાઓનો એન.એસ.એસ. કેમ્પ તા.૨૭-૧૨થી તા.૨-

૦૧ સુધી જસપરા ગામે યોજાઈ ગયો. આ વખતનો વિષય હતો 'સજીવ ખેતી'. ગામની પ્રાથમિકશાળા, માધ્યમિકશાળા તેના શિક્ષકો સાથે સક્રિય રીતે જોડાયા. ગ્રામઆગેવાનો તથા ગ્રામજનોનો અભૂતપૂર્વ સહકાર મળ્યો.

- તા.૩૦ના રોજ આપણા વિદ્યામંડળના સભ્ય શ્રી નલિનભાઈ પંડિત તથા ચાંપરડા શૈક્ષણિક સંકુલના નિયામક અને યુ.કે.ના તેમના દાતાશ્રી બુનિયાદી શિક્ષણમાં હાલમાં થતી આપણી સંસ્થાની પ્રવૃતિ પ્રત્યક્ષ નીહાળવા માટે આવી ગયા. શિક્ષકો અને છાત્રો સાથે સંવાદ પણ યોજવામાં આવ્યો. સાંયપ્રાર્થનામાં શ્રી પંડિતસાહેબે છાત્ર-છાત્રાઓને સંબોધન કરી પ્રોત્સાહિત કર્યા.
- દર વરસે યોજાતા પૂ.નાનાભાઈ સ્મારક વ્યાખ્યાનમાળા તથા લોકભારતીના વાર્ષિકોત્સવમાં સંસ્થાના નિયામક સહિત સાત કાર્યકરો લોકભારતી મુકામે જઈ આવ્યા.
- ગુજરાત સરકારના રમત ગમત વિભાગ દ્વારા આયોજિત રાજય કક્ષાની ખો-ખો સ્પર્ધા સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી મુકામે યોજાઈ, તેમાં આપણી શાળાની બે વિદ્યાર્થિની બહેનો કોચશ્રી વિપુલભાઈ સરવૈયા સાથે રમવા માટે જઈ આવી. અભિનંદન પાઠવવામાં આવ્યા.

**માઈધાર સમાચાર**

- તા. ૦૬ના રોજ Indian Institute of Teacher Education Gandhinagar થી બી.એડ્.ના ૦૬ તાલીમાર્થીઓ માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.
- તા.૦૮ના રોજ પીડીલાઇટમાંથી શ્રી નરેન્દ્રભાઈ, શ્રી ભારતીબહેન અને પારલે-જી કંપનીના માલિક શ્રી સુનિલભાઈ-સ્વાતિબહેને તેમના મિત્રો સાથે માઈધાર કેન્દ્રની મુલાકાત લીધી.
- તા.૧૫ના રોજ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે શ્રી વિજયભાઈ કૌશલ આવી ગયા.
- તા.૨૩ના રોજ જૂનાગઢ ડાયટમાંથી ડી.એલ.એડ્. કોલેજના ૪૩ બહેનો આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રની મુલકાતે આવી ગયાં. તેઓએ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રની પ્રક્રિયા સમજી અને શ્રી ભાવનાબહેન પાઠક અને શ્રી પાતુભાઈ આહિર સાથે વાર્તાલાપ કર્યો.
- તા.૨૩ના રોજ શ્રી પાતુભાઈ આહિર અને શ્રી એભલભાઈ ભાલિયા શ્રી સહજાનંદ વિદ્યાલય-બપાડા ખાતે ગાંધી મેળાની આયોજન બેઠકમાં જઈ આવ્યા.
- તા.૨૫ના રોજ સાહસદોડનો કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં સરપંચશ્રીએ લીલી ઝંડી ફરકાવી દોડનું પ્રસ્થાન કરાવ્યું. દોડ ૫.૫ કિ.મી. ભદ્રાવળ નંબર-૧ ખોડિયાર માતાજીના મંદિર સુધી ગોઠવવામાં આવી હતી. આજુબાજુનાં ત્રણ ગામના સરપંચશ્રીઓએ તેમ જ ભદ્રાવળનંબર-૧ના આચાર્યશ્રી આપાભાઈ અભિવાદન કાર્યક્રમમાં હાજર રહ્યા.
- તા.૨૯ના રોજ રાજસ્થાન(જોધપુર)થી વિમલ વડેરા સ્મૃતિ પરમાર્થ ટ્રસ્ટ(મૂળ પાલીતાણા જૈન)ના દાતાશ્રીએ માઈધાર કેન્દ્રની મુલાકાત લીધી અને તેમણે દરેક બહેનોને ટી-શર્ટ, બાળકોને બિસ્કીટ અને કેમ્પસમાં પીવાના પાણીના પરબ માટે સહાય કરી.
- લોકભારતીના પૂર્વ કાર્યકર શ્રી નાનાલાલભાઈ વન્દ્રા માઈધાર કેન્દ્રમાં ૧૫ દિવસ રહી ગયા.
- તા.૨૮ના રોજ શ્રી ભાવનાબહેન પાઠક ભાવનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આયોજિત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પરની કાર્યશાળામાં જઈ આવ્યાં.
- માઈધાર કેન્દ્રના કાર્યકરો લોકભારતી વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં જઈ આવ્યાં.

# સર્વોદયની જીવનલક્ષી કેળવણી આપતું માર્ગદર્શક માળખું






To.

**From :**


**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक** : ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक** : सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री** : डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-